


# વિદિશા

ભોળાભાઈ પટેલ

આર. આર. શેઠની કંપની, અમદાવાદ

# વિદિશા

ભોળાભાઈ પટેલ

આર. આર. શેઠની કંપની, અમદાવાદ

## પ્રકાશન માહિતી

'Vidisha', Peresonal Essays by Bholabhai Patel

@ ભોળાભાઈ પટેલ, ૧૯૮૦

પ્રથમ આવૃત્તિ: ૧૯૮૦

પુનર્મુદ્રણો: ૧૯૮૨, ૧૯૮૬, ૧૯૯૨, ૨૦૦૩

રૂ. ૧૧૦.૦૦

પ્રકાશક: આર. આર. શેઠની કંપની, અમદાવાદ

મુદ્રક: હરિઓમ પ્રિન્ટરી

# Contents


’એકત્ર’નો ગ્રંથ-ગુલાલ 1

પરિચય iv

અર્પણ vi

નિવેદન vii

પાંચમી આવૃત્તિ પ્રસંગે ix

વિદિશા 11

ભુવનેશ્વર 24

માંડુ 38

ઇમ્ફાલ 54

જેસલમેર 68

ચિલિકા 84

બ્રહ્મા 95

ખજુરાહો 121

કાશી 142
રામેશ્વરમ્ 160
તેષાં દિક્ષુ 172
પરિશિષ્ટ 179

# 'એકત્ર'નો ગ્રંથ-ગુલાલ

આપણી મધુર ગુજરાતી ભાષા અને એના મનભાવન સાહિત્ય માટેનાં સ્નેહ-પ્રેમ-મમતા અને ગૌરવથી પ્રેરાઈને 'એકત્ર' પરિવારે સાહિત્યનાં ઉત્તમ ને રસપ્રદ પુસ્તકોને, વીજાણુ માધ્યમથી, સૌ વાચકો ને મુક્તપણે પહોંચાડવાનો સંકલ્પ કરેલો છે.

આજ સુધીમાં અમે જે જે પુસ્તકો અમારા આ ઈ-બુકના માધ્યમથી પ્રકાશિત કરેલાં છે એ સર્વ આપ

www.ekatrafoundation.org

તથા

https://ekatra.pressbooks.pub

પરથી વાંચી શકશો.

## અમારો દષ્ટિકોણ:

હા, પુસ્તકો સૌને અમારે પહોંચાડવાં છે – પણ દષ્ટિપૂર્વક. અમારો ‘વેચવાનો’ આશય નથી, ‘વહેંચવાનો’ જ છે, એ ખરું; પરંતુ એટલું પૂરતું નથી. અમારે ઉત્તમ વસ્તુ સરસ રીતે પહોંચાડવી છે.

આ રીતે –

* પુસ્તકોની પસંદગી ‘ઉત્તમ-અને-રસપ્રદ’ના ધોરણે કરીએ છીએ: એટલે કે રસપૂર્વક વાંચી શકાય એવાં ઉત્તમ પુસ્તકો અમે, ચાખીચાખીને, સૌ સામે મૂકવા માગીએ છીએ.

* પુસ્તકનો આરંભ થશે એના મૂળ કવરપેજથી; પછી હશે તેના લેખકનો પૂરા કદનો ફોટોગ્રાફ; એ પછી હશે એક ખાસ મહત્ત્વની બાબત – લેખક પરિચય અને પુસ્તક પરિચય (ટૂંકમા) અને પછી હશે પુસ્તકનું શીર્ષક અને પ્રકાશન વિગતો. ત્યાર બાદ આપ સૌ પુસ્તકમાં પ્રવેશ કરશો.

– અર્થાત્, લેખકનો તથા પુસ્તકનો પ્રથમ પરિચય કરીને લેખક અને પુસ્તક સાથે હસ્તધૂનન કરીને આપ પુસ્તકમાં પ્રવેશશો.

**તો, આવો. આપનું સ્વાગત છે ગમતાના ગુલાલથી.**

*


Ekatra Foundation is grateful to the author for allowing distribution of this book as ebook at no charge. Readers are not permitted to modify content or use it commercially without written permission from author and publisher. Readers can purchase original book form the publisher. Ekatra Foundation is a USA registered not for profit organization with objective to preserve Gujarati literature and increase its audience through digitization. For more information, Please visit:

www.ekatrafoundation.org and
https://ekatra.pressbooks.pub.

***

# પરિચય

## સર્જક-પરિચય



ભોળાભાઈ પટેલ (જ. ૭ ઑગસ્ટ ૧૯૩૪ – અવ. ૨૦ મે ૨૦૧૨)

સાહિત્યકાર ભોળાભાઈ એટલે વિવેચક અનુવાદક નિબંધકાર. એના મૂળમાં

અભ્યાસીની જિજ્ઞાસા-વૃત્તિ અને સર્જકનું વિસ્મય એકસરખાં છે. હિંદીના અધ્યાપક, ગુજરાતીના લેખક. પ્રૉફેસર થયા પછી પણ ભણતા ગયા –અંગ્રેજીમાં એમ.એ., ભાષાવિજ્ઞાનમાં ડિપ્લોમા કર્યું. સંસ્કૃત-બંગાળી-અસમિયા-ઓડિયા-ફ્રેન્ચ ભાષાઓ શીખ્યા. નવલકથા-નાટક-કવિતા-વિવેચનનાં પુસ્તકોના અનુવાદો કર્યા. વિવેચન-સંપાદનના મહત્ત્વના ગ્રંથો આપ્યા. પણ પ્રવાસરસિક ભોળાભાઈના સર્જનાત્મક નિબંધોમાં એમનું તાજગીભર્યું કુતૂહલ ને અખૂટ અભ્યાસવૃત્તિ એકસાથે ખીલી ઊઠયાં.

સાહિત્ય પરિષદના સામયિક ‘પરબ’નું ઘણાં વર્ષ સંપાદન કર્યું. અગ્રણી સાહિત્યસંસ્થાઓ સાથે સંકળાયેલા રહ્યા.

ભોળાભાઈ પટેલ એટલે તાજગીભર્યું સાતત્ય – પ્રવાસમાં, અભ્યાસમાં, લેખનમાં અખૂટ રસવાળો વિહાર.

*

## ‘વિદિશા’

વિદિશા – પ્રવાસ-સાહિત્યના ૧૧ નિબંધોનું આ પુસ્તક વર્તમાનકાળની આંગળી ઝાલીને ભૂતકાળમાં પણ વિહાર કરાવે છે. એ વિહાર સૌંદર્ય-વિહાર છે. આજના મધ્યપ્રદેશના વિદિશા શહેરમાં ફરતા ભોળાભાઈ કવિ કાલિદાસના ‘મેઘદૂત’ કાવ્યની રસિક નગરી વિદિશાને આંખ સામે ખડી કરે છે. તો, ‘ખજૂરાહો’ નિબંધમાં, શિલ્પોની મોહક અંગભંગીઓને જીવતી કરે છે ને એ રતિશિલ્પોમાં પ્રફુલ્લ સૌંદર્યનો અનુભવ કરાવે છે. આ નિબંધોની ભાષામાં ને સ્થળો જોવાની લેખકની રસિક દૃષ્ટિમાં એક રોમૅન્ટિક લહર છે – પણ એ મસ્તી છીછરી નથી પણ ઘુંટાયેલી છે એટલે સૌંદર્યનો સાચો બોધ કરાવે છે. એથી, તે જ્યાં જ્યાં જઈ આવ્યા છે ત્યાં જવા માટે આપણા મનને અધીરું કરે છે. તો, જલદી પ્રવેશીએ એમના રસ-વિશ્વમાં –

**આ પુસ્તકના લેખકનો અને પુસ્તકનો પરિચય રમણ સોનીનાં છે એ માટે અમે તેમનાં આભારી છીએ.**

# અર્પણ

અનિલા દલાલને...

# નિવેદન

શ્રી નિરંજન ભગતે 'સાહિત્ય' ત્રૈમાસિક માટે નિબંધ લખવાનું મારે માટે અનિવાર્ય ન બનાવ્યું હોત તો કદાચ આ પુસ્તક હયાતીમાં ન આવ્યું હોત.

પહેલો નિબંધ 'વિદિશા' સાંભળી જઈ શ્રી નિરંજન ભગતની સાથે જ શ્રી ચંદ્રકાન્ત શેઠે આનંદ વ્યક્ત કર્યો, 'સાહિત્ય'માં છપાયા પછી અનેક મિત્રોએ. સ્વાતિબહેનના પરીક્ષણમાંથી પણ એ ઉત્તીર્ણ થયો. શ્રી રઘુવીરે એક આખી શ્રેણી રચવા સૂચન કર્યું.

'સાહિત્ય'માં જેમજેમ આ નિબંધો છપાતા ગયા, તેમતેમ અનેક સાહિત્યકાર મિત્રોએ અને જીવનનાં અન્ય વિવિધ ક્ષેત્રોમાં રહેલા મિત્રો અને મુરબ્બીઓએ પત્ર દ્વારા કે ક્વચિત્ વાતચીતમાં પોતાની પ્રસન્નતા (ક્વચિત્ કોઈ નિબંધ પરત્વે અપ્રસન્નતાય) વ્યક્ત કરી છે.

શ્રી ઉમાશંકર જોશી અને શ્રી હરિવલ્લભ ભાયાણીએ નિબંધોની રચનારીતિને પ્રભાવિત કરી છે. શ્રી ભગતભાઈ શેઠે 'સાહિત્ય'ના ચાર અંક પ્રગટ થયા કે તરત આ નિબંધો પુસ્તક રૂપે પ્રકટ કરવાની તત્પરતા દાખવી. અન્ય બે સંસ્થાઓએ પણ એવી તત્પરતા બતાવેલી.

આ નિબંધોમાં મુખ્ય સંવેદના ભ્રમણની છે. એ ભ્રમણ કરવામાં ક્યારેક એકાકી હતો, ક્યારેક મિત્રવૃન્દ સહ. આ નિબંધોમાં એ સહપ્રવાસી સાથીઓનુંય કર્તુત્વ છે.

નતમસ્તકે સૌના ઋણનો સ્વીકાર કરું છું.

'ચિલિકા' નિબંધ સંસ્કૃતિમાં છપાયો હતો. 'કાશી' અને 'તેષાં દિક્ષું:' સિવાયના

બાકીના આઠ ‘સાહિત્ય’ના આઠ અંકોમાં છપાયેલા છે. નિબંધોમાં અહીં ક્યાંક થોડો ફેરફાર કર્યો છે.

એ પણ એક સુયોગ છે કે ‘વિદિશા’ના અંગત ઋણસ્વીકારની આ પંક્તિઓ ‘ચરથ ભિકખવે’–નો આદેશ જે ભૂમિ પરથી ગૌતમ બુદ્ધે આપ્યો હતો, તે સારનાથની પવિત્ર ભૂમિ પર લખવાની ઇચ્છા થઈ આવી.

**ભોળાભાઈ પટેલ**

મૃગદાવસારનાથ-વારાણસી૨૬-૧-૧૯૮૦

# પાંચમી આવૃત્તિ પ્રસંગે

'વિદિશા'ની પાંચમી આવૃત્તિ છપાઈ રહી છે, એ પ્રસંગે એક લેખક તરીકે પ્રસન્નતા અનુભવું છું. દેશવિદેશના ગુજરાતી સહૃદય વાચકોએ 'વિદિશા'નું ઉષ્માથી સ્વાગત કર્યું છે. કોઈ દંપતીએ તો પોતાના સંતાનનું નામ વિદિશા રાખી એ પુસ્તક માટેનો પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો છે. એવા પણ મિત્રો છે જેમણે વિદિશાની વેત્રવતીના પ્રવાહમાં પગ બોળી 'વિદિશા'નો પાઠ કર્યો છે. ખજુરાહોની પોતાની સફર પ્રસંગે 'વિદિશા'નાં 'ખજુરાહો' નિબંધની આંગળી પકડીને ત્યાંના શિલ્પસ્થાપત્યને બારીકાઈથી જોયાં છે, જોકે એવી કશી ગાઈડ બુક બનવાનો 'વિદિશા'નો ઉપક્રમ નથી જ નથી. 'માંડુ' વાંચી મારાં છાત્રો ત્યાં પહોંચી ગયેલાં! એનાં વાચકો એમ દેશ ખૂંદવા નીકળી પડે એવોય એક ઉદ્દેશ એના લેખકનો ખરો, સહૃદય વાચકોની ચેતનામાં 'હેથા નય, હેથા નય'નો અશાંત ઉદ્વેગ જાગે એમ ઇચ્છા કરું.

'વિદિશા' પછી ભ્રમણ-નિબંધનાં બીજાં મારાં પુસ્તકો પ્રગટ થયાં છે, પણ 'વિદિશા'એ પોતાની અનન્યતા જાળવી રાખી છે. 'વિદિશા'નાં પ્રવાસો જે પ્રસન્ન મનઃસ્થિતિમાં થયા છે, એવી મનની અવસ્થા સદા ક્યાં ટકતી હોય છે? સહપ્રવાસી મિત્રોનો આત્મીય ઉલ્લાસ એમાં ભળી ગયો છે.

'વિદિશા'નો હિન્દી અનુવાદ દિલ્હીના રાધાકૃષ્ણ પ્રકાશને પ્રગટ કરી સમગ્ર દેશમાં ભાવકોને તે પહોંચતી કરી. 'ખજુરાહો' નિબંધ ખજુરાહોની સહસ્ત્રાબ્દી પ્રસંગે ભારતીય જ્ઞાનપીઠે પ્રગટ કરેલ 'ખજુરાહો કી પ્રતિધ્વનિયાઁ' એ નામે હિન્દી અને પછી અંગ્રેજી પુસ્તકોમાં સ્થાન પામ્યો છે.

## પાંચમી આવૃત્તિ પ્રસંગે

'વિદિશા'ની પ્રથમ આવૃત્તિમાં રહી ગયેલી અશુદ્ધિઓ દૂર કરીને (સ્વ) બાલુભાઈ પારેખે અત્યંત મમતાપૂર્વક પુનર્મુદ્રણ માટે પરિશુદ્ધ વાચના તૈયાર કરી આપી હતી, તેનું કૃતજ્ઞભાવે સ્મરણ કરું છું.

આ પાંચમી આવૃત્તિમાં કેટલાક સહૃદયોના પ્રતિભાવ આપવાની ઇચ્છા કરી છે. એ સૌ ભાવકોનો પણ આભાર માનું છું.

આશા રાખું છું કે 'વિદિશા' વ્યક્તિમાત્રની ચેતનામાં પડેલી રઝળપાટની વૃત્તિને આહ્‌વાન આપતી રહેશે.

**ભોળાભાઈ પટેલ**

૩૦ ઑગસ્ટ, ૨૦૦૨, નગીનદાસ પારેખ જન્મદિન

# વિદિશા

> ચુલ તાર કબેકાર અંધકાર વિદિશાર નિશા.
>
> – જીવનાનંદ દાસ

નામમાં ઘણું બધું હોય છે. ઉજ્જયિની કે શ્રાવસ્તી કરતાં વિદિશા નામ વધારે ગમે છે. જોકે આ બધી પ્રાચીન નગરીઓનાં નામ સાંભળતાં જ મન ચંચલ બની ઊઠે છે અને ઇતિહાસ-ભૂગોળના સીમાડા ઓળંગી ઊડવા માંડે છે – નદીઓની પેલે પાર, પહાડોની પેલે પાર, શતાબ્દીઓની પેલે પાર. કંઈ કેટલીયે વાર મન આ બડી નગરીઓના રાજમાર્ગ પર કે સાંકડી શેરીઓમાં ભમતું રહે છે, કંઈ કેટલાંય નામની આસપાસ સ્વપ્નજાળ ગૂંથતું રહે છે – કાલિદાસ કે ભવભૂતિ જેવા કવિની આંગળી પકડીને.

એક આધુનિક કવિ જીવનાનંદ દાસે જ્યારે તેમની કાવ્યનાયિકા વનલતા સેનના મોઢાને શ્રાવસ્તીનું શિલ્પ કહ્યું ત્યારે શ્રાવસ્તીના આજે હયાત નહીં એવા કોઈ મંદિરની શિલ્પખચિત સૃષ્ટિમાંથી એક નમણો, પાષાણમાં કંડારી કાઢવામાં આવેલો છતાંય નમણો ચહેરો ઊપસી આવ્યો. પણ પછી મન વિદિશાની રાત્રિના અંધકારમાં લીંપાતું ગયું, કેમ કે કવિએ કહ્યું કે વનલતા સેનના કેશ તો હતા વિદિશાની રાત્રિના જુગ-જુગ-જૂના અંધકાર જેવા!

અંધકાર જેવા કેશ – વિદિશા નગરીની રાત્રિના અંધકાર જેવા કેશ. શું અંધકારનું પોત સ્થળકાળ બદલાતાં આછું ઘટ્ટ થતું હશે કે કવિ વિદિશાની રાત્રિના અંધકારની વાત કરે! કવિ કાલિદાસે સૂચિભેદ્ય અંધકારની વાત કરી છે, પણ તે તો ઉજ્જયિનીના મેઘલી રાતના અંધકારની, અને એ અંધકારમાંય તે અભિસારિકાઓ પ્રિયતમને મળવા નીકળી

પડતી હતી. આ વિદિશાના અંધકારને તો સદીઓ વીતી ગઈ છે અને એ અંધકાર જેવા કેશની વાત સાંભળતાં કેશ ને અંધકાર અને વનલતા ને વિદિશા, બધું એકાકાર થઈ જાય છે…

*

'યદિ આપ વિદિશા નહીં જાતે હૈં તો' – સાંચીસ્તુપની ટેકરીની તળેટીના માર્ગ પર એક બોર્ડ હતું, તેમાં લખ્યું હતું કે અહીં આટલે આવ્યા પછી અહીંથી વિદિશા નહીં જાઓ તો આટલું આટલું જોવાનું ચૂકશો. એ સૂચિ તો ઠીક પણ એમાં એવું નહોતું લખ્યું કે વિદિશા નહીં જાઓ તો વિદિશા જોવાનું ચૂકી જશો – અમારે તે વિદિશા જોવું હતું.

*

'વિદિશા આ ગયા–' એક કસબાની ભાગોળમાં બસ ઊભી રહી, તડકામાં ધૂળ ઊડી રહી. ધૂળમિશ્રિત તડકામાં અમે પગ મૂક્યા. આ વિદિશાનગરી. 'કબેકાર અંધકાર' ક્યાં અને શરદનો ઉજજવલ તડકો ક્યાં! આમતેમ ફરીને જોયું – બસસ્ટૅન્ડ જેવું બસસ્ટૅન્ડ. બસસ્ટૅન્ડ પર હોય તેવી હોટેલ, થોડાં પેસેન્જરો, ત્રણચાર નવરા માણસો, થોડી ઘોડાગાડીઓ, બસો અને બસ જે રસ્તા પર અમને ઉતારી ગઈ તે દૂર દૂર જતો રસ્તો – નરપતિ પથ – રાજમાર્ગ. હું દિશાહારા બની વિદિશા ઢૂંઢતો હતો – પ્રથિત વિદિશા. કાલિદાસના યક્ષે મેઘને રસ્તો બતાવતાં બતાવતાં કહ્યું હતું. 'તેષાં દિક્ષુ પ્રથિતવિદિશા…' દશાર્ણની રાજધાની વિદિશા હતી. ભિલસાના બસસ્ટૅન્ડ પર વિદિશા ક્યાં? વિદિશામાંથી ભિલસા થઈ ગયું હતું અને હવે થોડાં વર્ષોથી ભિલસામાંથી વિદિશા થઈ ગયું છે. ભાયાણીસાહેબનો વ્યુત્પત્તિવિદ્ તો કહેશે ના, ભિલસાને વિદિશા સાથે સંબંધ નથી. મૂળ નામ તો હશે ભ્રાજિલસ્વામી, તેમાંથી થયું ભાઇલ્લસાંઈ, તેમાંથી થયું ભાઇલ્લસા, અને તેમાંથી થયું ભિલસા! ભલે તેમ હશે. મારે તો મૂળ વિદિશા જોઈએ. કદાચ અત્યારના ગામની ઉગમણે જે ખંડિયરો છે, તે પ્રાચીન વિદિશાનાં હોય. એ વિસ્તાર બેસ નદી પરથી બેસનગર નામથી જાણીતો છે. પણ સમગ્ર વિસ્તાર વિદિશા ગણાય એવું મારું પક્ષપાતી મન કહે છે.

અર્વાચીન વિદિશાના બસસ્ટૅન્ડ પર બપોરના તડકામાં આમતેમ ફરી આખરે હોટેલના બાંકડા પર નિરાંતે બેઠેલા એક-બે સજ્જનોને પૂછ્યું – 'ક્યા દેખનેકા હૈ યહાં?' અમારી સામે કુતૂહલથી જોયા પછી એકે કહ્યું, 'વૈસે યહાં તો કુછ નહીં હૈ દેખને

જૈસા. લેકિન નદીકે ઉસ પાર બાબાકા ખંભા હૈ ઔર ગુફાએં હૈં ઉદયગિરિકી. દૂર હૈ. ઘોડાગાડીસે જાના હોગા.'

ત્રણચાર ઘોડાગાડીઓ પડી હતી. એક સારા ઘોડાવાળી ઘોડાગાડી પસંદ કરીએ તો ઠીક. પણ ઘોડાગાડીઓ અને ઘોડાગાડીવાળા બધે સરખા. દેશની વિવિધતામાં એકતાનો અનુભવ કરાવે. પણ અમે જે ઘોડાગાડી પસંદ કરી તેનો હાંકનાર તો ભારે મોટો અશ્વવિદ્યાવિદ હોય તેમ વાતો કરતો હતો, કેમ કે એનો ઘોડો અટકી અટકી ગતિ કરવા લાગ્યો ત્યારે અમારામાંના એકે એ ઘોડા વિષે જરા ઘસાતું કહ્યું હતું. અમને એવું લાગ્યું કે કદાચ હમણાં બાહુકરૂપે રહેલા છદ્મવેશી નળરાજા જેવું જાદૂ તો નહીં કરી બેસે! હમણાં ઘોડાના કાનમાં મંત્ર ફૂંકશે અને પછી તો પલકમાં જોજનના જોજન... પણ એવું કશું ન બન્યું અને અશ્વ એ જ ગતિએ ચાલતો રહ્યો – વિદિશાના – ભિલસાના લાંબા પણ સાંકડા માર્ગ પર.

આ માર્ગ પર જરૂર એક વાર પવનવેગી રથો દોડતા હશે. એક સમયમાં દશાર્ણની રાજધાની હતી વિદિશા. દિગન્તમાં એની કીર્તિ ફેલાયેલી હતી, હૈહયવંશી રાજાઓના સમયમાં વિદિશા વૈભવમાં આળોટતી. અહીંની પાણીદાર તલવારોથી મૌર્યોએ પોતાનો રાજ્યવિસ્તાર સાધ્યો હતો. ચંડ અશોકની એક રાણી વિદિશાની હતી, જેને લીધે પછી પ્રિયદર્શી અશોકે નજીકમાં આવેલી સાંચીની ટેકરી પર સ્તુપ બંધાવ્યો હતો. વિદિશામાં શ્રી અને સમૃદ્ધિ હતી, વીરતા હતી અને રસિકતા હતી. અહીં કવિ કાલિદાસનો અગ્નિમિત્ર માલવિકાની છબિ જોઈ એના પ્રેમમાં પડી ગયો હતો. અહીં આસપાસ ક્યાંક અગ્નિમિત્રનું ઉપવન હશે.

રામગિરિથી ઊપડેલો કાલિદાસનો મેઘ લાંબી ફાળો ભરતો, માળવાનાં તરતનાં ખેડેલાં ખેતરોમાં 'મોતી પેરતો', આમ્રકૂટ અને તે પછી વિન્ધ્યનાં ચરણોમાં પથરાયેલી રેવા પાર કરી આ દશાર્ણ પ્રદેશ પર થઈ ઊડ્યો હશે. વિન્ધ્યની આ તરફની ભૂમિ જ એવી હતી કે ઉતાવળે જતાં મેઘની ચાલ પણ મંદ પડી જાય. એને કંઈ ને કંઈ બહાને ખોટી થવાનું મન થાય, અને તેમાં વળી પાછાં કેવડા ફૂટતાં પીળી વાડોથી શોભતા બગીચાવાળાં દશાર્ણનાં ગામ આવે, વળી પાછાં એ ગામના સીમાડા પરનાં વૃક્ષો પંખીઓના માળા બાંધવાની પ્રવૃત્તિનો આરંભ થતાં કલબલાટથી ગુંજતાં હોય; અને એ સીમાડા જાંબુ પાકવાથી શ્યામ દેખાતા હોય – ત્યારે તો અહીં માનસરોવર જતા હંસો પણ કેટલુંક રહી પડતા. પણ આ ભિલસામાં અમે રહી શકીએ તેમ નહોતા. રસ્તાની

આસપાસ નાનીમોટી દુકાનો, બપોરની વેળા હોવાને લીધે હશે કદાચ, સુસ્ત હતી. એક વેળા આ વિદિશા વ્યાપારનું કેન્દ્ર હતું. આખા દેશમાં જતા રસ્તા અહીં મળતા. ઉત્તર-પૂર્વમાંથી આપણી આ તરફ આવનારને વિદિશા થઈને આવવું પડતું અને આપણે ત્યાંથી ઉત્તરમાં કે પૂર્વમાં જવું હોય તો વિદિશા આવે.

માર્ગનો ઢોળાવ શરૂ થતાં ઘોડાગાડી આસ્ફાલન સાથે વેગવતી બની. અમારાં શરીર પણ ઊછળી રહ્યાં હતાં, અને હજી ઢાળની સમાપ્તિ આવે તે પહેલાં તો સ્નિગ્ધ તડકામાં નદીનાં વારિ વહી જતાં હતાં. આ જ તો પેલી વેત્રવતી – બેતવા.

વેત્રવતીમાંથી બેતવા અને હવે પાછી બેતવામાંથી વેત્રવતી બની છે. વેત્રવતી એટલે નેતરની સોટીવાળી એવો એક અર્થ થાય. વેત્રવતીને કિનારે કદાચ નેતર ઘણું ઊગતું હશે. ગમેતેમ, પણ વેત્રવતી કહો ત્યારે એ નામ સાથે જુદો ઇતિહાસ જાગે, બેતવા કહે ત્યારે જુદો. બુંદેલખંડનો બહુ ઇતિહાસ બેતવાની આસપાસ રચાયો છે, પણ વેત્રવતી તો કાલિદાસની ને! કાલિદાસ આ દશાર્ણ તરફના એટલે કે પૂર્વ માળવાના કોઈ ગામના હોવા જોઈએ – કદાચ આજનો છત્તીસગઢનો વિસ્તાર. કોઈ બહાને આ પ્રદેશની વાત કરવાની મળી જાય તો તક ક્યાં ચૂક્યા છે? અહીંની નાનામાં નાની નદી સાથે એમને નેહ છે, એની બધી ખાસિયતો જાણે પાછા. વળી કાલિદાસને મન તો નદી એટલે નારી! વેત્રવતીના ભ્રૂભંગની એમને ખબર છે!

બે કિનારા વચ્ચે થઈને વેત્રવતી વહી રહી છે, નગરનું નારીવૃંદ વેત્રવતીના ઘાટ ઉપર છે, કોઈ પ્રક્ષાલનરત, કોઈ સ્નાનનિરત. આથમણી કોરથી વહેતી આવે છે વેત્રવતી. વચ્ચે વચ્ચે શિલાઓએ માથું ઊંચકયું છે. રેવાની જેમ આ પણ ઉપલવિષમા છે કે?

ઘોડાગાડીમાંથી ઊતરી, દોડીને અમે વેત્રવતીને કિનારે પહોંચી ગયા. ઘોડાગાડીમાં બેસીને નદી પાર કરી શકાત. પુલ પરથી નહીં, પાણીમાં થઈ. એક આડબંધ છે, તેના પર થઈ જવાનું. પાણી બંધને પાર કરી વહી રહ્યાં હતાં. ક્યાંક ઘૂંટણસમાં, ક્યાંક ઢીંચણસમાં. આડબંધ એટલે પથ્થરો ગોઠવી દીધેલા એટલું. એટલે પાણી પથ્થરો સાથે અફળાઈ નિનાદ જગવી વહેતું રહેતું. નદી પર એક પુલ હતો. ઠેરઠેર તૂટી ગયો હતો. તેનું સમારકામ ચાલતું હતું. સિમેન્ટનું પ્રવાહી તૈયાર કરતા યંત્રના અવાજ સાથે વેત્રવતીનો કલનાદ વિસંવાદી લાગતો હતો. ઘોડાગાડીવાળો ખાલી ઘોડાગાડી લઈ સામે પાર ચાલ્યો. અમે નદી મધ્યે ઢીંચણપૂર પાણીમાં ઊભા રહી ગયા.

વેત્રવતીની ચંચલ લહરીઓમાંથી એક અંજલિ ભરી જળ ઓઠે લઈ આવ્યો. લબ્ધમ્

ફલમ્. શીતલ મધુર પાણી. પણ વિદિશા પર થઈને ઊડતાં મેઘને તો કાલિદાસના યક્ષે કેવી ભારે લાલચ આપી હતી! યક્ષે મેઘને કહ્યું હતું કે પહેલાં તો બહુ જાણીતી એવી વિદિશા નગરી એ તરફ આવશે અને પછી જ્યારે તું ત્યાં પહોંચીશ ત્યારે તને તારી જે રસિકતા છે, તેને અનુરૂપ ફલોપલબ્ધિ તરત જ થશે :

તેષાં દિક્ષુ પ્રથિતવિદિશાલક્ષણાં રાજધાનીગત્વા સદ્યઃ ફલમવિકલં કામુકત્વસ્ય લબ્ધ્વા ।તીરોપાન્તસ્તનિતસુભગં પાસ્યસિસ્વાદુ યસ્મા-ત્સભ્રૂભંગં મુખમિવ પયો વેત્રવત્યાશ્ચલોર્મિ ॥

તો મેઘને પીવા મળવાનું હતું મીઠા અધરરસ જેવું આ વેત્રવતીનું વારિ, પણ એટલી સાદી રીતે વાત કરે તો કાલિદાસ શાના? ભ્રૂભંગથી જાણે નાયિકાનો નિષેધ સૂચવાય છે અને નિષેધની મુદ્રાવાળા મુખને ચૂમવામાં એક વિશેષ મધુરતા હોવાનો કવિ સંકેત કરે છે. કવિને પણ કોઈ ‘સંભ્રૂભંગ વેત્રવતી’ની મુખમુદ્રા સ્મરી આવી હશે. વિદિશા પર થઈને જતો મેઘ ઝૂકી આવ્યો હશે વેત્રવતી પર.

પ્રવાહ વચ્ચે ડોક કાઢીને ઊપસી આવેલી શિલા પર બેસી જલસ્પર્શ માણી રહ્યો. ચટુલ શફરીઓનું ઉદ્વર્તન પણ જોતો હતો. કેટલીય શતાબ્દીઓથી આ નગરીને આમ જ આ નદી ભીંજવી રહી છે. કાલિદાસ પણ એમનાં શૈશવકાળે કે કિશોરકાળે વેત્રવતીની ક્રોડે કંઈ કેટલુંયે સુખ પામ્યા હશે. આજે પણ વેત્રવતીનો કિનારો ગાજી રહ્યો છે. સ્ત્રીઓનો કલકોલાહલ છે, પણ એ બધી કામગરી સ્ત્રીઓ છે. નહીંતર આપણને પણ આ પરિસરનું વર્ણન કરતાં કાદંબરીકાર બાણની જેમ આવી કોઈ પંક્તિ સુઝત-

મજ્જન્માલવવિલાસિનીકુચતટાસ્ફાલનજર્જરિતોર્મિમાલયા વેત્રવત્યાપરિગતા વિદિશાભિધાન રાજધાન્યાસીત્...

‘બાબુજી, ચલિયે દેર હો જાયગી–’ સામે કાંઠેથી ઘોડાગાડીવાળાનો અવાજ નદીનાં કલકલમાં સંભળાયો. ઢોળાવે ચઢાવી ઘોડાગાડી ઊભી રાખી, નીચે ઊતરી તે અમને બોલાવતો હતો. વેત્રવતીનો સંગ છોડવો ગમતો નહોતો. આમેય આવું વહેતું પાણી મન આકુલ કરી મૂકે છે. ‘નદી દેખી કરે સ્નાન’ જેવું વલણ મારું પણ કંઈક છે. કપડાં અને દેહ વેત્રવતીની શિલાસ્ફાલનજર્જરિત ઊર્મિમાલાથી ભીંજાયાં હતાં તે સ્નાનવિધિ થઈ જ ગઈ હતી. સામે કિનારે પગ મૂકતાં જ ભીના પગે માટી ચોંટી ગઈ. ઢાળ ચઢી રથારૂઢ થયા અને વિદિશાની આથમણી કોરે આવેલા ઉદયગિરિના માર્ગ પર ઘોડાના ડાબલા સંભળાવા માંડ્યા.

ઉદયગિરિ અનેક સ્થળે હોય છે. ભુવનેશ્વર પાસે આવેલી ઉદયગિરિ ખંડગિરિની ગુફાઓ પણ અત્યંત પ્રાચીન છે. સાપુતારાના આપણા ગિરિમથક પર પણ એક ઊંચી ટેકરીને 'ઉદયગિરિ' એવું નામ આપી દેવામાં આવ્યું છે. વિદિશામાં પણ ઉદયગિરિ. ઉદયગિરિના માર્ગે જતાં ડાબી બાજુએ વેત્રવતીને કાંઠે કારખાનાની એક ચીમની જોઈ. આ કારખાનાની કાલિદાસે ક્યાંથી કલ્પના કરી હોય? કાલિદાસના સમયમાં તો અગ્નિમિત્રનું કે એવા કોઈ રાજવીનું પ્રમદવન પણ હોય. એમાં હોય બકુલાવલિકા, ચતુરિકા, મદનિકા, નિપુણિકા કે માલવિકા. પણ ભલા આ કારખાનામાં તો એ બધાં ક્યાંથી હોય? એ આખો પરિવેશ પલટાઈ ગયો છે.

રવીન્દ્રનાથ 'સેકાલ'માં સ્મરે છે તેમ, 'એ સમય હતો જ્યારે કોઈ નિપુણિકા કે માલવિકાના ચરણપ્રહારથી અશોક ખીલી ઊઠતો, તેમના મુખની મદિરાથી બકુલ પ્રફુલ્લી રહેતું. એ સમય હતો જ્યારે તેઓના હાથમાં લીલાકમલ રહેતું, અલકમાં કુંદકળી અને કાનમાં શિરીષ શોભતાં. કાળા કેશમાં તેઓ લાલ જાસૂદનું ફૂલ ભરાવતી અને સીમંતમાં દામણીને સ્થાને કદંબ. તેઓ બધી અષાઢ આવતાં દૂર દેશાવર ગયેલા પ્રિયની એકીટશે રાહ જોતી અને બેઠી બેઠી પૂજાના એક એક પુષ્પથી પ્રિયવિરહના દિવસો ગણતી. વહાલી સારિકાને પ્રિયતમનું નામ શિખવાડતી, કંકણના રણકારથી મોરને નચાવતી, સારસીને કમળકળીઓ ખવડાવતી, નાના આંબાના ક્યારામાં જળ સીંચતી... નથી, નથી, એ સમય હવે નથી. ચાલ્યો ગયો એ સમય અને ચાલી ગઈ છે એ સમયની સાથે જ નિપુણિકા, ચતુરિકા અને માલવિકાની મંડળી.'

એકાએક આંચકા સાથે ઘોડાગાડી ઊભી રહી, એટલું જ નહીં પાછી જવા લાગી. ઘોડો અડિયલ બની ગયો હતો અને પાછા પગે ચાલવાનો ઉપક્રમ કરતો હતો. ત્યાં ચાબુક વીંઝતા ઘોડાગાડીવાળાની વાગ્ધારા શરૂ થઈ – 'અજી સા'બ, આપ નહીં જાનતે...યહ ઘોડા...' અને પછી એ ઘોડા વિશે અને સમસ્ત વિદિશાના ઘોડા-ચિકિત્સક તરીકેના પોતાના અનુભવ વિશે ડચકારાઓ વચ્ચે એવી રીતે વાત કરતો હતો કે એવું થાય કે સૂર્યના પેલા સપ્ત અશ્વોમાંથી એક જે 'ક્યાંથી અહીં આવી પડ્યો' – એના સારથિ અરુણ સાથે! અમારે ઊતરી જવું પડયું. એય તે ઠીક થયું. વેત્રવતીની ઉપાન્ત્ય ભૂમિનો સ્પર્શ થયો. આજુબાજુ સમતલ હરિયાળાં ખેતરો હતાં, અને જરા દૂર આથમણી તરફ ઊપસી આવેલી એક પહાડી એ જ ઉદયગિરિ.

આ ઉદયગિરિ તે કાલિદાસે જેને 'નીચૈઃ' નામ આપ્યું છે, તે તો નહીં હોય? યક્ષે

મેઘને વેત્રવતીનું અધરરસ-શું વારિ પીધા પછી વિદિશાના પરિસરમાં આવેલાં નીચૈઃ પહાડ પર વિશ્રામ લેવાની ભલામણ કરી હતી. :

નીચૈરાખ્યં ગિરિમધિવસેસ્તત્ર વિશ્રામહેતોસ્ત્વત્સંપર્કાત્પુલકિતમિવ પ્રૌઢપુષ્પૈઃ કદમ્બૈઃ |યઃ પણ્યસ્ત્રીરતિપરિમલોદ્ગારિભિનગિરાણાંઉદ્દામાનિ પ્રથયતિ શિલાવેશ્મભિર્યૌવનાનિ ||

'આ જાઈએ સા'બ, બૈઠ જાઈએ.' ઘોડાને સ્થિર કરી ઘોડાગાડીવાળાએ આદેશ આપ્યો. અશ્વના કાનમાં કશોક મંત્ર ફૂંક્યો હતો કે શું – વેગથી દોડી રહ્યો હતો. ઘડીભર તો રથમાં બેઠો હોઉં એવું મને લાગ્યું... કદાચ હમણાં જ આ સારથિ 'આયુષ્યમાન' કહી મને આગળ દોડી રહેલા કોઈ વનહરણની વાત તો નહીં કહી બેસે, મારી પાસે ધનુષબાણ ક્યાં હતાં? કૅમેરા હતો – એમાં ઝડપી શકાય તો શકાય. પણ, શાનો સારથિ અને શાનું હરણ? ઘોડાગાડી ઊભી રહી હતી – સામે હવે ઊંચી લાગતી પહાડીની છાયામાં.

જો આ જ કાલિદાસકથિત નીચૈઃ ગિરિ હોય, તો અહીં વિદિશાનું ઉદ્દામ યૌવન નિર્બંધ બની હેલે ચઢતું હશે. કાલિદાસે એટલે તો આ ગિરિ વિશે વ્યાજસ્તુતિ કરી છે. આજે તો આ ગિરિ પર એકેય કદંબ દેખાયું નહિ, કાલિદાસના સમયમાં અવશ્ય આખું કદંબવન હશે અને કાલિદાસ અવશ્ય કોઈ પહેલી વર્ષાના સમયે આ ગિરિના સાન્નિધ્યમાં આવી પહોંચ્યા હશે, નહીંતર એ કહી ન શક્યા હોત કે મેઘના સંપર્કથી ખીલી ઊઠતાં કદંબને લીધે આખો પહાડ રોમાંચનું મૂર્તરૂપ બની જતો હશે. સંસ્કૃત કવિતામાં કદંબ રોમાંચનું પ્રતીક છે. આ કદંબ ખીલે તો વર્ષાની ઝાપટથી અને યક્ષનો આ મેઘ આ કદંબછાયા ગિરિ પર પહોંચે તે પહેલાં મેઘભીનો પવન તો પહોંચી ગયો હોવો જોઈએ અને મેઘનો સંપર્ક થતાં તો આખો પહાડ સાક્ષાત્ રોમાંચમાત્ર!

અને આ પહાડ સાથે કાલિદાસે જરાય ઓછી રોમાંચક નહીં એવી પ્રશસ્તિ જોડી દીધી છે. એ ભમતારામની નજર અતંદ્ર રીતે બધું જ પકડે છે અને પ્રસ્તુત કરે છે. અને આવી વાત તો એ ચૂકે જ શેના? વાત એમ છે કે આ પહાડીની જે ગુફાઓ છે – કાલિદાસે એને માટે સરલ શબ્દ વાપર્યો છે : શિલાવેશ્મ, સાદી ભાષામાં પથ્થરનું ઘર અર્થાત્ ગુફા, એને ઘાટઘૂટ આપવામાં આવ્યાં હશે જરૂર – તેમાંથી પરિમલ વહી આવે છે. શાનો પરિમલ? 'શતદલ પદ્મનો પરિમલ' નહિ, પણ વિલાસિની પણ્યાંગનાઓના શરીરેથી રતિશ્રમજનિત પ્રસ્વેદનો પરિમલ છે આ! વિદિશાના રંગરસિયા યુવાનો માટે

આ શિલાવેશ્મો પણ્યાંગનાઓ સાથે વિહાર કરવાનું સ્થાન ગણાતું હશે. કાલિદાસના સમયમાં જ વિદિશા વિલાસી નગરી બની ગઈ હશે. આ બધી વિલાસગુહાઓ હશે. કાલિદાસનો યક્ષ કામીજન છે અને મેઘ સાથે સંદેશો મોકલતી વખતે તો વિરહી પણ. એના મનમાં આવાં દૃશ્યો ઊભરાય તે સ્વાભાવિક છે. પોતે તો અસ્તંગમિતમહિમા હતો, એટલે જઈ શકે તેમ નહોતો, પણ મેઘને કંઈ નહીં તો છેવટે આ પહાડી પર વિશ્રામ લેવાનું કહેવાનું ફરમાવ્યા વિના રહી શક્યો નહીં!

અહીં વિશ્રામ તો અમારો ઘોડાગાડીવાળો કરવાનો હતો. બોલ્યો, 'આપ દેખ આઈએ સા'બ, તબ તક હમ ઉધર આરામ કરતે હૈં, ઘોડા ભી થકા હૈ, આરામ ઉસે ભી મિલેગા.' અમે પહાડ ભણી જોયું. ગુફાઓ હતી. એ જ શું પેલાં શિલાવેશ્મ? એમાં સંભવ છે કે શિલ્પીઓએ પોતાની સૌંદર્ય-ચેતના મૂર્ત કરી હોય, વિલાસચેતનાની પડછે પડછે.

બરાબર બપોરની વેળા હતી. શિલાવેશ્મમાં ઠંડક મેળવવાની ઇચ્છા થાય. પણ દક્ષિણ દિશા તરફથી ગુફાઓ જોતાં જોતાં ઉપર ચઢી ઉત્તર તરફથી ઊતરવાનું હતું. એક સાંકડી કેડી પર દક્ષિણ તરફ થોડું ચાલ્યા. એક નાનકડી વસ્તી આવી. વસ્તી એટલે માર્ગની બે બાજુએ માટીનાં સ્વચ્છ ઝૂપડાંની હાર. એમાં રહેનાર તો દરિદ્ર અને દૂબળાં હતાં. પ્રવાસીઓ તરફ કૌતુકભરી નજર ફરતી જતી. બાજુમાં એક તળાવડી કોઈ જળવેલથી છવાઈ હતી, પાણીની નહીં, લીલાં પાંદડાંની તરલ સપાટી. આસપાસ વૃક્ષોની ગીચતાને લીધે કુંજ જેવું બની ગયું હતું, પણ અમારે તે દિશામાં ત્યાં ખુલ્લા તડકામાં વીખરાયેલા પથ્થરો પાર કરીને જવાનું હતું

એક ઊંચી શિલાની બખોલમાં, કહો કે નાનકડા શિલાવેશ્મમાં પુરાતત્ત્વખાતાનો આવાસ હતો. અમે ઉપર ચઢીએ તે પહેલાં બાજુની ગુફા તરફ જવાનું પહેરાવાળાએ સૂચન કર્યું. ગુફા અવશ્ય પ્રાચીન હશે, કાલિદાસથીયે. વરાહ વિષ્ણુના દશ અવતારોમાંનો એક છે, એની પ્રતીતિ ગુફામાં મહાવરાહનું ભવ્ય શિલ્પ જોતાં થઈ. નજર એકદમ અભિભૂત થઈ ગઈ એ શિલ્પ જોતાં. આ હજી હમણાં ધરિત્રીને ઉદ્ધારીને ઊભા છે ભગવાન વરાહ. જાણે ઉદ્ધારની એ 'ક્ષણ' અહીં કંડારાઈ ગઈ છે શિલ્પમાં. ભગવાનનો જમણો પગ સ્થાણુ જેમ ખોડાયેલો છે, જેના પર જમણો હાથ ટેકવેલો છે. ડાબો પગ ઢીંચણમાંથી કાટખૂણે વાળ્યો છે, જેના પર શક્તિઅવધારણા માટે ડાબો હાથ દઢપણે મૂક્યો છે. વિશાળ છાતી વધુ વિશાળ બની આવી છે. વરાહમુખે રસાતલમાંથી ખેંચી કાઢેલી ધરિત્રી જાણે કમનીયતાથી ઝૂલી રહી છે. સદ્યોદ્ધૃતા. ધરિત્રીની

અંગબંધુરતા શ્લથ અને શિથિલ છતાં એક પરમ સમાશ્વાસનનો ભાવ પ્રકટે છે. એકીસાથે ભવ્ય અને લલિતનો અનુભવ! ગુફામાં બીજાં નાનાં શિલ્પોની શ્રેણીઓ પણ હતી, પણ મહાવરાહ ચિત્તમાં જડાઈ ગયા. બીજી ગુફાઓમાંનાં શિલ્પોને શતાબ્દીઓનો ઘસારો લાગ્યો હતો. કેટલીક મૂર્તિઓની રમણીય બંધુર રેખાઓ (કૉન્ટુર્સ) પવને સપાટ કરી દીધી લાગી. થોડી વાર પછી તો અમે એ નીચૈઃ ગિરિની પીઠ પર ચાલતા હતા.

પીળા તડકામાં પીળું ઘાસ આંખને અળખામણું લાગતું હતું, તેમ છતાં અહીં વિજનતાનું સૌન્દર્ય હતું. વિદિશાના વૈભવકાળે નગરના પરિસરમાં હોવાને લીધે આ લગભગ વિહારધામ કે ઉજાણી- સ્થળ પણ હોય. ત્યારે અહીં યુવાની ચંચલ બની જતી હશે. આજે છે સુકાઈ રહેલું ઘાસ, ઝાડ, ઝાડે લટકતી પર્ણહીન વેલીઓ. અહીં આવતા-જતા યાત્રીઓના ચાલવાથી કેડી પડી છે એટલું. તેના પર ચાલતાં કપડાંમાં ક્યાંક કાંટા ભરાઈ જાય છે. જરા ઊંચાઈ પર આવતાં જોયું તો ‘ઉદાર રમણીય પૃથ્વી’નો અનુભવ થયો. દૂરથી વહી આવતી વેત્રવતીનો સર્પિલ પ્રવાહ તડકામાં ચળકતો હતો, આ બાજુ ઉત્તરે બેસ નદી વહી જતી હતી. સાભ્રમતી જેવી વાંકીચૂકી વહેતી હતી. આ પહાડ સિવાય આસપાસ તો હરિયાળી હતી. આંખને ગમતું હતું. અહીં જો કદંબની કુંજો હોત તો આમેય મોડું થતું હોવા છતાં વિશ્રાંતિ લેત.

કોઈને કોઈ પૂછવાપણું નહોતું, કેમ કે કોઈ નહોતું. પણ એક કઠિયારા જેવો માણસ જણાયો. તેને પૂછયું પછી તો – તો તેણે એક પથ્થરની નાવ બતાવી. દસ ફૂટ જેટલી લાંબી નાવ હતી કોરેલી. આ નાવડી પાણીમાં તરતી હશે? કદાચ એ કશુંક પાષાણપાત્ર પણ હોય. પછી તો આવું એક મોટું પાષાણપાત્ર લાંબું નહીં, પણ ગોળ સાંચીની પહાડી પર પણ જોયું. થયું આ નાવ, અહીં આ પહાડી પર ક્યાંથી આવી હશે? આજુબાજુ અનેક કોતરાયેલા શિલાખંડ પડ્યા હતા. કદાચ કોઈ મોટા શિલ્પસંકુલનો એ ભાગ હોય.

એમ જ હતું. બાજુમાં એક મંદિર વેરાયેલું પડયું હતું. પથ્થરોની આસપાસ ઘાસ ઊગી આવ્યું હતું. પથ્થરો ઢંકાઈ ગયા હતા. પુરાતત્ત્વખાતાની એ રક્ષિત ઇમારત (!) હતી. એ ગુપ્તકાલીન મંદિરના અવશેષો હતા. મંદિરકલાની શરૂઆતનાં મંદિરોમાંનું આ હશે. આ બધું જોતાં ઉદાસ કેમ થઈ જવાય છે? વેરાયેલા પથ્થરોને નજર વૃથા સાંધવાનો પ્રયત્ન કરે છે. મંદિર ઊભું થતું નથી.

આ ગિરિ જ્યાં યૌવન હેલે ચઢતું હતું, ત્યાં ધર્મ-ધજા પણ ફરકતી હતી! કાલિદાસે એની વાત કેમ નહીં કરી હોય? આખો ગિરિ જ્યારે કદંબોથી છવાયેલો હશે ત્યારે આ

મંદિર પણ કેવું શોભતું હશે – એવો વિચાર ન આવે એવું ન બને – જાણે અહીં ભમ્યા કરીએ. કદાચ છે ને ભૂતકાળ સજીવન થાય.

ભૂતકાળમાં ઊભા રહીને સામ્પ્રતને જોતા હતા અમે. 'બધું બદલાઈ ગયું છે,' 'બધું બદલાઈ ગયું છે'નો બોધ રહી રહીને જાગતો હતો. આ પહાડી ઉપરથી આસપાસ તો બધું રમણીય લાગતું હતું. પેલા કારખાનાની ચીમની સુધ્ધાં, અને છતાં મનમાં વિષાદ જાગી જતો હતો. હવે ઉત્તર તરફને છેડે આવ્યા હતા. પુરાતત્ત્વખાતા તરફથી પ્રવાસીઓને માટે બાંધેલા, ખુલ્લી ઓસરીવાળા ઓરડાની આસપાસ કાગળ ઊડતા હતા, કોઈ પ્રવાસી જૂથે નાસ્તો કર્યાના સંકેતો હતા. મને નદી પાસે જવાનું મન થતું હતું, પણ આ બાજુ નીચે ઊતરતાં પગથિયાં તરફ વળ્યાં અને ધીમે ધીમે નીચે ઊતરી ગયા.

ફરી પહાડીની છાયામાં હતા. ભવ્ય અતીતની છાયામાં હતા. અહીં આસપાસ ગજબની નિર્જનતા અનુભવાય છે. નિર્જનતાનો ભંગ ઘોડાગાડીવાળાની વાગ્ધારાથી થયો. પાછા ફરતી વખતે ઘોડાની ગતિમાં વેગ આવ્યો હતો. કાલિદાસ તો રથમાં બેસીને આવ્યા હશે. શાકુન્તલના પ્રથમ અંકમાં રથની ગતિનું જે વર્ણન છે કે વિક્રમોર્વશીયમના પ્રથમ અંકમાં આકાશગામી પુરુરવાના રથની ગતિનું જે વર્ણન છે, તે રથી કવિના અનુભવનું વર્ણન છે. તે રથોની તુલનામાં અમારા આ વાહનનાં ચારે બાજુ ઢળતાં ચરચર અવાજ કરતાં પૈડાં અને સામે કોઈ બીજી ઘોડાગાડી મળતાં અટકી જતો અશ્વ ક્યાં? કાલિદાસને પુરુરવા તો કહી શકે કે રથની આ ગતિથી આગળ ગયેલા ગરુડને પણ પકડી શકાય – અનેન રથવેગેન પૂર્વપ્રસ્થિતં વૈનતેયમપ્યાસાદયેયમ્ – પણ અમારા વાહનને તો કોઈ પણ ગતિથી ચાલનાર સાથ આપી શકે! જોકે પુરુરવાની તો આકાશમાં ગતિ હતી, અમે તો ડામરની સડક પર હતા એટલે માફ.

અમે વિદિશા ભણી આવતા હતા. 'બાબાકા ખંભા' જોવાનું હતું. એક કાચા માર્ગ પર ઘોડાગાડી ચાલી અને એક ઊંચા સ્તંભના પરિસરમાં આવીને ઊભી રહી ગઈ. 'યહ "બાબાકા ખંભા" હૈ, દેખ આઈયે, વૈસે ઉસમેં કુછ દેખને જૈસા નહીં હૈ!' આસપાસ એ જ નિર્જનતા. પણ આ વેળા એક આશ્વાસન હતું. બે સ્વચ્છ નાનાં માટીનાં ઘર હતાં. આંગણામાં ઊટકેલું, ચળકતું પીતળનું બેડું હતું. અને એક શ્યામા (રંગમાં, કાલિદાસીય અર્થમાં નહીં) આંગણામાં બેઠી હતી, દૂબળી નિસ્તેજ કાયા, બાજુમાં નાગડું બાળક. 'તૃષા શમાવવાં' જઈને પાણી માગ્યું. બહુ હરખભેર સ્વચ્છ પાત્રમાં બહાર રાખેલા બેડામાંથી પાણી આપ્યું. પાણી પીધું. અસવર્ણ જાતિનાં ઘર હશે.

સ્તંભની પેલી બાજુથી બેસ નદીની પાતળી ધારા વહી જતી હતી. આસપાસ કેટલાંક વૃક્ષો હતાં. 'બાબાકા ખંભા!' અમે પુરાતત્ત્વ- ખાતાની તખતી જોઈ – અરે, આ તો ઇતિહાસપ્રસિદ્ધ હેલિઓદોરસનો સ્તંભ હતો! એના પરનો અભિલેખ અતિ મહત્ત્વનો ગણાય છે. વિદિશાના ગત વૈભવ અને વિક્રમનું આ જ્વલંત ઉદાહરણ છે. હેલિઓદોરસ યવન (ગ્રીક) રાજદૂત હતો. તક્ષશિલાનાં ગ્રીક રાજા આન્તલિકિત પાસેથી તે સમ્રાટ ભાગભદ્રના દરબારમાં મૈત્રીશુભેચ્છાના પ્રતીક રૂપે અનેક ભેટ-સોગાદો લઈને આવ્યો હતો, અને અહીં આવ્યા પછી વૈષ્ણવધર્મ અંગીકાર કરી 'ભાગવત' બન્યો હતો. વિદિશાના વિષ્ણુમંદિરમાં એણે ગરુડધ્વજ સ્થાપિત કર્યો. તે જ આ હેલિઓ- દોરસનો સ્તંભ – બાબાકા ખંભા. એક ચોતરા પર આજે તો એકમાત્ર આ સ્તંભ ઊભો રહ્યો છે – સદીઓનાં ટાઢતડકા ને વૃષ્ટિને સહન કરતો. બાજુમાંથી બેસ નદી વહી જાય છે, જે આગળ જતાં નજીકમાં બેતવા – વેત્રવતી સાથે ભળી જાય છે.

આ સ્તંભ પર બ્રાહ્મીલિપિમાં કોતરાયેલો લેખ છે, જે વિદિશાના ગૌરવની આજે પણ સ્થાપના કરે છે. ઈ.સ. પૂર્વેની બીજી સદીની આ વાત છે! કાલિદાસે તો તે પછી. તેમણે જરૂર હેલિઓદોરસનો ગરુડસ્તંભ જોયો હશે. લેખ, સંસ્કૃતની છાંટવાળી પ્રાકૃતમાં છે – દેવદેવસે વાસુદેવસ ગરુડધ્વજે અયં કારિતે ઈઅ હેલિઓદોરસેણ. ભાગવતેન... એમ શરૂ થાય છે. પુરાતત્ત્વખાતાએ નાગરી લિપિમાં એ શિલાલેખ પ્રવાસીઓના લાભાર્થે ગરુડધ્વજના ઇતિહાસ સાથે પતરાંની તખ્તી પર ઉતરાવ્યો છે. મહારાજ આન્તલિકિત, સમ્રાટ ભાગભદ્ર, પરમ ભાગવત હેલિઓદોરસ – ઈ.સ. પૂર્વની બીજી સદીની વિદિશા – મન ખોવાઈ ગયું. અહીં પરમ શાંતિ છે. હેલિઓદોરસે બધું કોતરાવ્યા પછી સ્વર્ગમાં લઈ જનારાં ત્રણ અમૃતપદોની વાત કોતરાવી છે – ત્રિનિ અમૃતપદાનિ (સુ) અનુઠિતાનિ નિયંતિ (સ્વર્ગ). તે ત્રણ અમૃતપદો છે દમ, ત્યાગ અને અપ્રમાદ. આ હેલિઓદોરસનું વૈષ્ણવ રૂપ! એનો ગરુડધ્વજ 'બાબાકા ખંભા' બની ગયો છે. અહીંથી થોડે દૂર બેસ–વેત્રવતીનો સંગમ છે. બેસ નદીને લીધે બેસનગરને નામે પણ આ સ્થળ ઓળખાય છે. થોડે દૂર જૂના નગરનાં હાડ પડેલાં છે.

સંગમ જોયા વિના કેમ ચાલે? વેત્રવતીને કિનારે ફરી ઘોડાગાડી ઊભી રહી. ઘોડાગાડી ફરીથી ઢીંચણસમાં પાણીમાંથી પસાર થઈ સામે કિનારે જશે. અમે વેત્રવતીને કિનારે કિનારે ચાલ્યા. આ બાજુ વેત્રવતીનો પટ ખાલી હતો, તેનાં વહેણને સામી દિશાએ વાળવામાં આવ્યું હતું. એટલે પથરાળ પટમાં ચાલતાં ચાલતાં સંગમ ભણી ગયા – આ

ગંગાયમુનાનો સંગમ તો નહોતો કે કાલિદાસના રામની જેમ વૈદેહીને, બતાવી શકાય – પશ્યાનવદ્યાંગિ વિભાતિ ગંગા ભિન્નપ્રવાહા યમુનાતરંગૈઃ. હજી તો વેત્રવતીનો પ્રવાહ હતો, ત્યાં જ અમને કહેવામાં આવ્યું કે આ બધી જગ્યા સંગમસ્થળ કહેવાય છે, અને સંગમસ્થળ હોય ત્યાં સ્મશાન ન હોય એવું બને? નદીપૂજક દેશમાં શીઘ્ર મોક્ષની આનાથી બીજી કઈ સુવિધા હોય! અને સ્મશાન હોય ત્યાં શંકર તો હોય જ, નદીસંગમ, શંકર, સ્મશાન...

એક પુરાણા પુલ પરથી નદી પાર કરી સામે પહોંચ્યા, જ્યાં અશ્વપતિ રાહ જોતો હતો. પણ મને વેત્રવતીનાં વારિ ફરી બોલાવતાં હતાં. બીજી બાજુ વિદિશાની વિદાય પણ લેવાની હતી, સમય થવા આવ્યો હતો. વિદિશાથી સાંચી પાછા ગાડીમાં જવું હતું. સૂર્યાસ્ત સાંચીના સાન્નિધ્યમાં નિહાળવો હતો. પણ વેત્રવતીના ચંચલ તરંગો... 'આવું છું' કહી દોડી ફરી પ્રવાહમધ્યે જઈ ઊભો રહ્યો, પેલા આડબંધ પર સ્તો. પછી ધીમે ધીમે કેટલીક શિલાઓ પર પગ મૂકી મૂકી આગળ વધી પ્રવાહની ગતિ અનુભવી, પગ લટકાવી શિલા પર બેસી, નીચા નમી ખોબો ભરી પાણી પીધું – સભ્રૂભંગ મુખમિવ પયઃ વેત્રવત્યાઃ ચલોર્મિ.... કવિ કાલિદાસે અજાણ્યા યાત્રી તરીકે ક્યારેક આમ જ પાણી પીધું હશે. 'કાલિદાસની વેત્રવતી, વિદાય!' એમ મનોમન બોલી, વેત્રવતીનાં પાણી ઉછાળતો કિનારે આવી ગયો.

ફરીથી ભિલસા – વિદિશાના લાંબા સાંકડા માર્ગ પર, નાનાં નીચાં ઘરોની હાર વચ્ચેથી અને પછી સાઇકલ રિપૅરિંગ વર્ક્સ, પ્રોવિઝન સ્ટોર્સ, કપડે કી દુકાન, બર્તનોં કી દુકાન વગેરે વટાવતી ઘોડાગાડી દોડી રહી હતી. આ માર્ગેથી ક્યારેક મહારાજ ભાગભદ્રની સવારી નીકળી હશે. ક્યારેક મહારાજ શૂદ્રકની તો ક્યારેક અગ્નિમિત્રની. તેમનાં સૈન્યો કૂચ કરતાં પસાર થયાં હશે. કવિ કાલિદાસને આવી જ કોઈ નગરીના રાજમાર્ગ પર અંધારી રાતે મશાલના અજવાળામાં આજુબાજુનાં અટ્ટાલયો જોઈ 'દીપશિખેવરાત્રૌ'ની પ્રસિદ્ધ ઉપમા સૂઝી હશે...

વિદિશા નગરીની રાત્રિના અંધકાર જેવા કેશ – કવિ જીવનાનંદ દાસે તો અવશ્ય એ પ્રથિતવિદિશાની કલ્પના કરીને જ પછી એના અંધકારની કલ્પના કરી હશે. ક્યાં બાંગલાદેશના નાટોરની વનલતા સેન અને ક્યાં વિદિશાનો સદીઓ જૂનો અંધકાર! અહીં પંખીના માળા જેવી આંખો ઊંચી કરીને કુશળ પૂછતી વનલતા તો ક્યાંથી હોય?

અહીં તો હશે દીર્ઘ નેત્રોના તીક્ષ્ણ કટાક્ષપાત કરતી નાગરિકાઓ કે પછી પણ્યાંગનાઓ. વિદિશા વિલાસી નગરી...

'વિલાસપુર આ ગયા ક્યા?' હું ચમક્યો. ઘોડાગાડીવાળો સામેથી આવતી બીજી ઘોડાગાડીના હાંકનારને પૂછતો હતો. 'નહીં.' – સામેથી ઉત્તર મળ્યો અને ફરીથી ઘોડાની ગતિ વધારવા તેનો ચાબુક ઊંચક્યો. ઊછળતી ઘોડાગાડી રેલવે સ્ટેશન નજીક આવતી હોય એવો પરિસર આવ્યો. 'વિલાસપુર આ ગયા હૈ?' તેણે ફરી પૂછ્યું. 'નહીં, અભી નહીં આયા.' વિલાસપુર એક્સ્પ્રેસની વાત હતી.

બિલકુલ સ્ટેશન. મારી વિદિશાને તેની સાથે કોઈ અનુબંધ નહોતો. ટિકિટ-ઑફિસ, સ્ટેશન માસ્તરની ઑફિસ, વેઈટિંગ રૂમ, પ્લૅટફૉર્મ, ગાડીઓના આવવાજવાના સમયનો ચાર્ટ, પાટાની દૂર સુધી દોડતી સમાંતરતાઓ, સિગ્નલોની જાળ... તેષાં દિક્ષુ પ્રથિતવિદિશા – ના. એ આ નહીં, છતાં અત્યારે હું તેના જ રાજમાર્ગો પર વેત્રવતીને તીરે, નીચૈઃ ગિરિ પર ફરતો હતો. 'વિલાસપુર આ ગયા!' સામેથી ગાડી આવી હતી. એનો વેગ કાલિદાસના રથ કરતાં વધારે જ હશે.

વિદિશાના પાદરમાંથી વિલાસપુર એક્સપ્રેસ જતો હતો. મારું 'અસંસ્તુતિ મન.' પાછળ ઘસડાતું હતું...

તે પછી વિદિશા ગયો છું, ક્યારેક શતાબ્દીઓ પૂર્વેની કોઈ રાત્રિના અંધકારમાં, ક્યારેક હમણાંની વીતી શરદના કોઈ. ઊજ્જવલ તડકામાં; કવિ કાલિદાસ સંગાથી રહ્યાં છે.

*

# ભુવનેશ્વર

પહેલી વાર જ્યારે ભુવનેશ્વર પહોંચ્યો ત્યારે સાંજ પડવા આવી હતી. રાત્રે ત્યાંથી ગાડી પકડી કલકત્તા પહોંચી જવાનું હતું – એટલે ઝટપટ ભુવનેશ્વર જોઈ લેવાનું હતું – અને ભુવનેશ્વર જોવાનું એટલે ત્યાંનાં મંદિરો જોઈ લેવાનાં. લિંગરાજનું જ મંદિર જોવામાં વખત વીતી ગયો અને પછી એ શાંત માર્ગો પર ચાલતાં ચાલતાં સ્ટેશને પહોંચ્યો. લિંગરાજના મંદિરની શિલ્પખચિત ઊંચાઈ અને સંધ્યાઆરતીના ઘંટનાદ ચિત્તમાં જડાઈ ગયેલા.

નવા ભુવનેશ્વરમાં જવા સ્ટેશનને અંડોળીને જવાનું હતું. બંધાતું જતું હતું. મિત્રો માર્કેટમાંથી કશુંક ખરીદવા ગયા ત્યારે હું માર્ગની એક બાજુએ ઊતરતા અંધારામાં ઊભો રહ્યો. આછા આછા લે-વેચના કોલાહલમાં કોઈનો સતત આખ્યાન-પાઠ સંભળાતો હતો, ભાષા સમજાઈ નહોતી – પણ પાઠની સુરીલી એકતાનતા તેનો પ્રભાવ મૂકી ગઈ. કદાચ ઓડિયા રામાયણનો પાઠ હોય. રસ્તામાં આવતાં મોટાં મોટાં સરકારી સાઇનબોર્ડ જોયાં હતાં – ઓડિયા લિપિમાં. લિપિ ઉકેલીને એમાં જે લખ્યું હતું તેનો મર્મ પામવાની ઉત્કટ અભિલાષા જાગી ઊઠી – આ જો વાંચી શકાય! દરેક અક્ષર જાણે છત્રી ઓઢીને ઊભો ન હોય! દેવનાગરી લિપિનું જ એક રૂપ છે, પણ દ્રાવિડી અસર લાગે. બંગાળી અને અસમિયાની એક જ લિપિ છે – ર, બ વગેરે બાદ કરતાં. પણ આ તો તદ્દન જુદી લાગે છે. છત્રી નીચેથી ક્યાંક દેવનાગરી વર્ણ પરખાય; પણ પછી એક વાતચીતમાં ડૉ. પ્રબોધ પંડિત પાસેથી જાણવા મળેલું કે એ લિપિ જે જુદી પડે છે તેનું કારણ છે તાડપત્રો પરનું લેખન. અણીદાર કલમથી તાડપત્ર પર કોતરકામની જેમ લખવા જતાં કલમ જો ડાબેથી જમણી તરફ જાય તો તાડપત્ર ફાટવાની વધારે દહેશત

રહે, એટલે ત્યાં લખાતી વખતે અક્ષર જમણી બાજુએથી ઊપડી ડાબી બાજુએ ગતિ કરે છે. પ્રત્યેક અક્ષરની આ ગતિ, બાકી, લીટી તો આપણી બધી ભાષાઓની જેમ, ડાબેથી જ જમણે જાય. આ લિપિ વાંચી શકાય તો આ સાઇનબોર્ડ ઉકેલી શકાય, તો આ રામાયણ વાંચી શકાય. ભુવનેશ્વર સ્ટેશનના બુકસ્ટૉલ પરથી ઓડિયા ભાષા શીખવાની એક ચોપડી પણ ખરીદી. ગાડી આવતાં વાર થયેલી એટલે ભુવનેશ્વર પ્લૅટફૉર્મ પર ખૂબ ખૂબ બેસી રહ્યા. પછી તો ગાડીની ચિક્કાર ભરતી સાથે ભુવનેશ્વર નામ જોડાઈ ગયું હતું.

પછી ઓડિયા ભાષા શીખવાનું શરૂ કર્યું હતું. આપણી બધી ભારતીય આર્યભાષાઓ બહુ જ ઓછા પ્રયત્ને કામચલાઉપણે તો શીખી જ શકાય. લિપિ ઉકેલતાં શીખો તો પોણા ભાગનું કામ તો થઈ જાય. પછી થોડું વ્યાકરણ. બાકી આપણે જાણીએ છીએ કે એક ભાષાને આત્મસાત્ કરવી ઘણું દોહ્યલું છે. નવી ભાષા શીખવાનો એક વિશિષ્ટ અનુભવ હોય છે – એક એક વર્ણને ઓળખવો તે એક એક ચહેરાને ઓળખવા જેવું લાગે છે – અને પછી વાક્ય વાંચતાં – પરિચ્છેદ વાંચતાં અર્થનું આકલન થવા માંડે એટલે કોઈ નવી ભૂમિ પર ચાલતાં હોઈએ એવું લાગે!

રાધાનાથ રાયનું પ્રસિદ્ધ કાવ્ય ‘ચિલિકા’ સૌ પ્રથમ મૂળ ઓડિયામાં વાંચ્યું – હિન્દી અનુવાદની મદદથી અને ઉત્સાહમાં તે વિશે એક લેખ પણ લખી નાખ્યો! ઓડિશા સાથે એક રાગાત્મકતા બંધાઈ ગઈ.

બીજી વાર ભુવનેશ્વર ચારેક અઠવાડિયાં રોકાવાનું હતું.

જૂના અને નવા ભુવનેશ્વરમાં ખૂબ ખૂબ ભમવાનું થયું. ઓડિયા ભાષા સાંભળવાનો, ભાંગીતૂટી બોલવાનો, તે ભાષામાંથી થોડાક અનુવાદ કરવાનો અવસર મળ્યો, અને છેલ્લે જતાં જતાં પ્રસિદ્ધ સાહિત્યકાર ગોપીનાથ મહાન્તીની મુલાકાત લેવાનો લહાવો પણ. ભુવનેશ્વરનું પોતાનું આકર્ષણ પણ કંઈ ઓછું નથી, તેમાંય પુરાણા ભુવનેશ્વરનું. નવું ભુવનેશ્વર તો નવું છે. નવી સડકો, નવી ઇમારતો, કંઈક નવા લોકો. યોજનાબદ્ધ રીતે વસાવેલું રાજધાનીનું નગર છે. પણ આ રીતે વસેલાં નગરોમાં નગરનો અસલી પ્રાણ હોતો નથી. નગર તો વસતું વસતું જાય – પણ આ તો નકશા-હુકમ નગર ઘણી વાર તો નિષ્પ્રાણ લાગે – લોકો બધાંય એકસરખાં લાગે – સરકારી નોકરીઓ કરતા અને સરકારી નોકરો પર નભતા નવા નગરમાં પુરાણાં ઝાડ ક્યાંથી હોય! એટલે તો ચંડીગઢ જેવું ચંડીગઢ – આટલું અદ્યતન, જેમાં એક એક ઇમારત એટલે સ્થાપત્યકલાનો એક એક નમૂનો! લા કર્બુઝિયેનું સાકાર સ્વપ્ન! – પણ ‘ડેડ’ લાગે! આપણા ગાંધીનગરમાં

જતાં એવો જ અનુભવ થાય – એવો જ અનુભવ નવા ભુવનેશ્વરનો. એના કરતાં પડોશનું વ્યાપાર અને સંસ્કૃતિનું કેન્દ્ર કટક ધબકતું લાગે. એના પર કંઈક રાગ થાય. નવું ભુવનેશ્વર હવે ધીમે ધીમે જૂનું થતું જાય છે. એને થોડું જીવંત બનાવે છે રસ્તા પરની નાની નાની ઘાસની હોટેલો. ગામડેથી હટાણું કરવા આવેલા લોકો અને જૂના ભુવનેશ્વરની જાત્રાએ આવેલા અને કુતૂહલથી રાજધાનીના માર્ગો પર ચાલતાં જાત્રાળુઓ.

આ રાજધાની ભુવનેશ્વરના વિધાનગૃહમાં આજના ઓડિશાનો ઇતિહાસ ભલે રચાતો હશે, પણ અસલ ભુવનેશ્વર તો ઉમાશંકર જોશીનો શબ્દ વાપરીને કહીએ – ઓડિશાની 'હૃદયધાની' રહ્યું હશે. તેની આસપાસ શતાબ્દીઓનો ઇતિહાસ રચાયો છે. એકાદ જમાનામાં 'એકામ્રેકાનન'કે 'સ્વર્ણાદ્રિ' તરીકે ઓળખાતા આ નગરના પરિસરમાં ઈ.સ. પૂર્વેની લગભગ ત્રીજી સદીથી ઈ.સ.ની સોળમી સદીનો ભૂતકાળ સચવાયો છે. એને ઘણા ઉઝરડા જરૂર પડ્યા છે. કહેવાય છે અહીં સાત હજાર મંદિરો હતાં! દેવતાઓનું જ નગર કહો. આજેય અહીં શતાધિક મંદિરો ઊભાં છે. ક્યાંક ચાર-પાંચ મંદિરોનું સંકુલ છે, ક્યાંક એક એક છૂટુંછવાયું છે. ખજુરાહોનાં મંદિરો તો તે પછી જોયાં, પણ લગભગ બન્નેને સાથે રાખીને જોઈ શકાય. કેટલાંક મંદિર તો જનવસ્તીથી દૂર ખેતરમાં કોઈ એકાકી ઘટાદાર ઝાડની જેમ ઊગી આવેલાં લાગે. આ વિસ્તારમાં ફરતા હોઈએ તો કોઈક ને કોઈક મંદિર તમારું ધ્યાન ખેંચે અને જેમ દક્ષિણનાં મંદિરનાં ગોપુર તમારી નજરને ટેકવી રહે છે દૂર દૂરથી, તેમ આ મંદિરો પણ. એ બધાં ગોપુર જેટલાં ઊંચાં જરૂર નથી.

રવીન્દ્રનાથ કહે છે તેમ 'આ શતાધિક દેવાલયોમાંનાં ઘણાંખરાંમાં તો આજે સંધ્યારતીનો દીપ પ્રકટાવાતો નથી, શંખઘંટ નીરવ થઈ ગયા છે, કોતરેલા પથ્થર ખંડિત થઈને ધૂળમાં અટવાઈ રહ્યા છે. એ બધાં તે વેળાના અજ્ઞાત યુગની ભાષાના ભારે લદાઈને ઊભાં છે.'

એક રવિવારે સવારે એકલો નીકળી પડ્યો – નવી રાજધાની ભુવનેશ્વરમાંથી મંદિરોના નગર – પ્રાચીન ભુવનેશ્વરમાં. રિક્ષાવાળો રિક્ષા ચલાવ્યે જતો હતો અને હું ક્યાં ક્યાં મુખ્ય મંદિર છે તેના વિચાર-વિકલ્પ કર્યે જતો હતો. ત્યાં આવ્યું સરોવર. વસ્તી અને મંદિરોની વચ્ચે. મણિનગર તરફ જતા હોઈએ અને એકદમ કાંકરિયા આવી જાય તેમ. એનું નામ બિંદુસરોવર, એ બિંદુસાગર પણ કહેવાય છે. તેના જળમાં સર્વે તીર્થોનાં

જળ લાવવામાં આવેલાં છે. સરોવરની પૂર્વ બાજુએ રિક્ષા ચાલતી ગઈ અને આવીને ઊભી રહી એક વિરાટ મંદિરના પ્રવેશદ્વારે.

આ લિંગરાજ મંદિર. વર્ષો પહેલાં આવ્યો હતો. એ વેળા ઊતરતી સાંજ હતી. આજે સવાર છે. સૂર્યનો નરમ તડકો પથરાતો જતો હતો, મંદિરની લાંબી ધજા હવામાં એટલે દૂર સુધી લહેરાતી હતી કે આકાશમાં વહેતી નદીના વળાંકનો આભાસ આવી જાય. આપણા દ્વારકાધીશની ધજા એટલી લાંબી હોય છે. જગન્નાથજીના મંદિરની ધજા પણ એટલી જ લાંબી.

મંદિરમાં પ્રવેશદ્વારે જ એક પંડાની અવગણના કરવી રહી. વિશાળ પ્રાંગણમાં આવી ઊભો. નજર ઊંચે જઈ ક્ષણાર્ધમાં આખા મંદિરને વ્યાપી વળી, અભિભૂત થઈ ગઈ. આ જ 'ભુ વ ને શ્વ ર.'

આ મંદિર અગિયારમી સદીમાં રાજા યયાતિ કેસરીએ બંધાવેલું છે, કલિંગ શૈલીનું ગણાય છે. વિમાન, જગમોહન, નટમંદિર અને ભોગમંડપ – લંબાઈમાં એવા ચાર વિભાગ પડે છે, જેમાં નટમંદિર અને ભોગમંડપ પછી ઉમેરાયેલાં છે. મંદિરનો મુખ્ય ભાગ વિમાન એકદમ સીધો ઊંચો જાય છે. નજર શિખર ઉપરના આમલક પરના કલશ પરથી સીધી આકાશ ભણી ગઈ. આકાશમાં શ્વેત વાદળ તરતાં હતાં!

મંદિરનું સ્થાપત્ય ભવ્ય, ઊર્જિતનો અનુભવ કરાવે છે, એનાં શિલ્પ લલિતનો. કહો કે સમગ્ર મંદિર શિલ્પખચિત છે. એકેય પ્રસ્તરખંડ એવો ન લાગે જેના પર કોઈ મુલાયમ ભાત ન ઊપસી હોય! અહીં દેવયોનિ છે, મનુષ્યયોનિ છે, પશુ-પક્ષી છે – સમગ્ર મનુષ્યસંસાર છે. આ દેવદ્વારે સમગ્ર જીવનનો સ્વીકાર છે – અને આ આપણાં લગભગ બધાં પ્રાચીન દેવાલયની રીતિ છે.

સૌથી વધારે આજના યુગમાં આશ્ચર્ય ઉપજાવનાર વાત હોય તો તે આ મંદિરનાં મિથુન યુગલ શિલ્પોની. મોઢેરાનું સૂર્યમંદિર હોય કે કોણાર્કનું, ખજુરાહોનાં મંદિરો હોય કે ભુવનેશ્વરનાં, અનેક યુગલ વિભિન્ન પ્રેમાભિનયમાં જોવા મળે. શો જીવનનો આનંદ છલકાતો લાગે છે! પયોધરનમ્ર નાયિકાઓને બાહુમાં ભરતાં નાયકના ચહેરા પર પણ સ્નિગ્ધ પ્રસન્નતા છે! નાયિકાના ચહેરા પર પણ પ્રાપ્તિની, ઉપલબ્ધિની સ્મિતરેખા ઝલકતી લાગે. કલાકારને જાણે કોઈ કુંઠા નથી, મુક્તતા છે! કામ અને અધ્યાત્મનો આ સંવાદ ભારતીય મંદિરોમાં જ જોવા મળે!

ઉત્તર દિશામાં થોડાં પગથિયાં ઉપર ચઢીને જોયું – પાર્વતીની અનુપમ મૂર્તિ. જોયા જ

કરીએ. કુમારસંભવના પ્રથમ સર્ગમાં કાલિદાસે જે પાર્વતીનું વર્ણન કર્યું છે તે એક કન્યાનું છે. એ કન્યા યુવતી બને, એનાં અંગઉપાંગ જરા વધારે ભરાવદાર, નેય બને – તેવી એ મૂર્તિ. પાર્વતીનું સુપુષ્ટ વક્ષમંડલ અને એના પરનું બારીક તનવસ્ત્ર સુંદર ભાત સાથે તરી આવતાં હતાં. કટિમેખલા અને અધોવસ્ત્ર પણ. ભક્તિભાવ કરતાં સૌન્દર્યભાવ વધારે જગાડે છે આ શિલ્પ. એના હાથ – અરે! ખંડિત, આપણી નજર ક્ષણેક નંદવાઈ જાય પણ પછી તરત જ હવામાં એ હાથ અને હથેલીઓ કલ્પી રહે.

દક્ષિણમાં મદુરાઈમાં આ જ પાર્વતીને મીનાક્ષી મંદિરમાં મીનાક્ષી રૂપે જોઈ હતી. મીનાક્ષી જરા ઠીંગણી!, પણ આ પાર્વતી એટલે જાણે પૂર્ણ નારીત્વ!

સમગ્ર મંદિરને જોઈ બહાર નીકળતાં ફરી એક વાર એ પાવંતીને જોઈ બહાર આવ્યો – જાણે બીજા લોકમાંથી. પથ્થર-લોકમાંથી – ના, કોઈ સૌન્દર્યલોકમાંથી. આ ભુવનેશ્વરના મંદિરને પહેલી વાર જોતાં રવીન્દ્રનાથને કોઈ નવું પુસ્તક વાંચવાનો અનુભવ થયો હતો. એમને લાગ્યું હતું કે એ પથ્થરોની અંદર કંઈક કથા રહેલી છે અને એ કથા અનેક શતાબ્દીઓથી સ્તંભિત થઈ ગયેલી હોવાને કારણે, મૂક બની ગઈ હોવાને કારણે વધારે સ્પર્શી જાય છે. કવિગુરુએ સાચે જ કહ્યું કે આ મંદિર તે પથ્થરમાં રચેલો મંત્ર છે, એમાં હૃદયની વાત દૃષ્ટિગોચર થઈને આકાશને વ્યાપી લઈને જાણે ઊભી છે.

આ પથ્થરમાં વ્યક્ત થયેલા મંત્રને – આ પ્રસ્તરભાષાને ઉકેલી શકાય તો!

તડકો ચઢવા માંડ્યો હતો. પગપાળા જ કેટલાંક મહત્ત્વનાં મંદિરોમાં જવું હતું. પુરાણા ભુવનેશ્વરના સાંકડા માર્ગો પર હું ચાલતો હતો. ફરીથી બિંદુસાગર આવ્યું, પણ બિંદુસાગરમાં સ્નાન કરવાની શ્રદ્ધા નહોતી. બિંદુસાગરની વચ્ચે આવેલા જલમંદિરે પણ ન ગયો. હું આગળ ચાલ્યો. આસપાસ ખુલ્લો વિસ્તાર આવતાં ક્યાંક ને ક્યાંક મંદિર ડોકિયાં કરી જતું હોય. અહીં વૃક્ષો પણ એટલાં જ છે, પણ વટવૃક્ષની પ્રચુરતા.

નાનકડું મુકતેશ્વર મંદિર. અહીં કશી ભીડ ન મળે – માત્ર થોડીક અવરજવર. ખુલ્લા પ્રાંગણમાં શાન્ત નિર્જનતા વ્યાપ્ત હતી. મુકતેશ્વર નવમી સદીનું મંદિર છે. એક સવાઁગ સંપૂર્ણ ઊર્મિગીત જાણે! આમ તો પાંત્રીસ જ ફૂટ ઊંચું છે, પણ તોરણદ્વારથી માંડી એનું સમગ્ર વિધાન આંખને ઠારે છે. પ્રવેશદ્વાર – તોરણ શિલ્પસ્થાપત્યનો નમૂનો છે. મંદિરની દીવાલો પર નાગકન્યાઓની શ્રેણીઓ કોતરેલી છે. અર્ધાંગ નારીનું, અર્ધાંગ નાગણનું. માથે છત્ર પાંચ કે સાત ફણાઓનું.

મુક્તેશ્વરની બાજુમાં કેદારેશ્વર છે. અહીં એક જળભરપૂર વાવડી હતી. લોકો સ્નાન

કરતા હતા. નાહવાની ઇચ્છાને રોકી મંદિર ભણી વળ્યો. અહીં અનેક પ્રાચીન મૂર્તિઓ છે, પણ તેમાં એક યોનિસ્ત્રાવની મૂર્તિ, જે વિશેષ પૂજા પામતી હતી, નવાઈ જગાડી રહી. આખું મંદિર વૃક્ષોની ઘટામાં છે.

અહીંથી જરા દૂર હતું પરશુરામેશ્વર મંદિર. કદાચ ભુવનેશ્વરનાં મંદિરોમાં સૌથી જૂનું ગણાય છે – સાતમી સદીનું. ત્રિરથ ગર્ભગૃહ- વાળું આ મંદિર કલિંગ શૈલીનો એક પ્રાચીન અવશેષ છે. અહીં કૈલાસ ઉઠાવતા રાવણનું શિલ્પ છે. પણ ઈલોરામાં આ વિશેનું જે શિલ્પ છે, તે તો અનન્ય! આ બધાં મંદિરોનો આખો વિસ્તાર 'સિદ્ધારણ્ય' નામે ઓળખાય છે.

તડકો આકરો થતો જતો હતો. એક ઝાડની છાયામાં થોડી વાર વિશ્રાન્તિ લીધી. ઘાસની હોટેલમાં ચા પીધી અને પછી રાજા-રાણી મંદિર જોવા ચાલ્યો. દૂર હતું. આ મંદિર. એમાંય રસ્તો ભૂલ્યો, એક જણને પૂછતાં અવળે મારગે ચઢાવી દીધો. વળી રસ્તો મળ્યો. સામે કોઈ મળ્યું તેને પૂછ્યું – રાજારાણી મંદિરે આ બાજુ કે? કહે – હા. અમે ત્યાંથી આવીએ છીએ. બંધ છે અને કશું જોવા જેવું પણ નથી. આવું જ થતું હોય છે. શું જોવાનું છે? એમાં શું જોવાનું છે? – એમ ઘણી વાર સાંભળીએ છીએ પ્રવાસીઓને મોઢેય. પણ શું જોવા નીકળો છો તો પછી? – એવો પ્રતિ–પ્રશ્ન પૂછવાનું મન થઈ જાય છે. હું મનોમન હસી આગળ ચાલ્યો. ખુલ્લાં ખેતરો. વચ્ચે કોટ વિનાનું એક મંદિર. રાજારાણીનું જ મંદિરને? ઓડિયામાં પરિચયલેખ જોયો – ઉતારી લીધો –

એકાદશ શતાબ્દીર પ્રથમ ભાગ પ્રતિષ્ઠિત રાજારાની દેઉલ. ભાસ્કર્યર ચમત્કારિતા ઓ કુરુકાર્યર બહુતલા પ્રાયઃ સુપરિચિત. એહાર શિખરદેહ મૂળમંદિર સદશ્ય ક્ષુદ્ર ક્ષુદ્ર મંદિરે સુંદર સન્નિવેશયોગ્ય. પ્રાચિન ઉત્કલીય મંદિરમાનંક મધ્યરે એહા અદ્વિતીય.

– આ ઓડિયા ભાષા – લગભગ સમજાય. અનુવાદની જરૂર છે?

ધીમે ધીમે મંદિર પાસે આવ્યો. બંધ જ હતું. પણ જે જોવાનું હતું તે બહારથી જ હતું. શાલભંજિકાઓની અહીં મોહક મૂર્તિઓ છે. અલસભાવ દર્શાવતી, કદંબડાળને પકડીને ઊભેલી આ મૂર્તિઓની અંગબંધુરતા જાણે નિમંત્રી રહે છે! એક અલસકન્યાનું મસ્તક તૂટી ગયેલું છે – નજીકના ભૂતકાળમાં જ ખંડિત થયું લાગે છે, મનથી સાંધી રહ્યો, કલ્પી રહ્યો 'એના હોઠ પરની સ્મિતરેખા, વ્યથા સાથે. અલસકન્યાનું કબંધ!

સ્તબ્ધ બપોર. કોઈ અજાણ્યા પંખીનો સતત કર્ણપ્રિય અવાજ આવતો હતો, બાજુમાં વિશ્રબ્ધ કપોતયુગલ પ્રેમનિરત હતું. આકાશ અભ્રછાયું હતું. અહીં હું એકાકી હતો –

ના, અલસકન્યાઓ – શાલભંજિકાઓ હતી. હમણાં નહીં બોલે કે? સ્મિત તો કરી રહી છે!

મંદિરને એક આંટો મારી તેના બંધ ઉંબર નજીક બેઠો. અંદરથી વિચિત્ર વાસ આવતી હતી; વિચિત્ર પણ પરિચિત – બધાં પ્રાચીન અંધારિયાં મંદિર કે બધી ગુફાઓમાંથી આવી જ વાસ આવતી હોય છે. ફરીથી અલસકન્યાઓ જોઈ – પેલી છિન્નમસ્તકાને ખાસ. ખુલ્લાં ખેતરો વચ્ચે ખુલ્લું મંદિર, દૂર દૂર સુધી ખુલ્લો વિસ્તાર હતો, ત્યાં દૂર હજુ એક બીજું મંદિર આમંત્રણ આપતું ઊભું હતું – તેથીય દૂર બીજું – પણ ના હવે બસ. અનેક મનોહર મૂર્તિઓની મુદ્રાઓ મનમાં અંકિત થઈ ગઈ હતી...

આ સૌન્દર્યલોકના સાન્નિધ્યમાં મન 'પર્યુત્યસુક' બની ગયું હતું, બપોરના વિજન તડકામાં હું મુખ્ય સડકે આવી વાહનની રાહ જોવા લાગ્યો

નવી રાજધાની ભુવનેશ્વરના ઉત્તર છેડે ઉત્કલ યુનિવર્સિટી આવેલી છે. ભુવનેશ્વરના આ યુનિવર્સિટી વિસ્તારને 'વાણીવિહાર' જેવું રૂપાળું નામ આપવામાં આવ્યું છે. ભુવનેશ્વરમાં અમારા આવાસ–નિવાસનો પ્રબંધ યુનિવર્સિટી વિસ્તારની એક કૉલેજ હોસ્ટેલમાં હોવાથી એ તરફ અવારનવાર જવાનું થતું. એક વખતે યુનિવર્સિટી ગ્રંથાલયની મુલાકાત લીધી. યુનિવર્સિટીની એ ઊંચામાં ઊંચી ઇમારત છે, મદદનીશ ગ્રંથપાલે બહુ પ્રેમથી ગ્રંથાલયમાં ફેરવ્યા. અમે છેક ઉપર ગયા.

એક બાજુ પૂર્વમાં કટક શહેર જતો રસ્તો છે, તે તરફની નાની પર્વતમાળા દેખાવા લાગી. જરાં આથમણી તરફ પ્રસિદ્ધ ઉદયગિરિ- ખંડગિરિ દેખાયા, અને નવા-જૂના નગરને વીંધીને છેક દક્ષિણ તરફ ધવલગિરિ યાને ધૌલી – અશોકના શિલાલેખથી ખ્યાત ધૌલી. નવા ભુવનેશ્વરની આધુનિક ઇમારતો અને પુરાણા ભુવનેશ્વરનાં મંદિરો-હરિયાળાં ખેતરો-જળાશયો અને કાઠજુડી નદીનો વિશાળ પટ – આ બધું એકસામટું નજરમાં સમાયું. ઉદયગિરિ – ખંડગિરિ જવાનો રસ્તો તો આ 'વાણીવિહાર' આગળ થઈને જ જાય છે.

એ કલકત્તા-કટક-વિઝાગાપટ્ટનમનો રાષ્ટ્રીય ધોરી માર્ગ છે. સાંજે વરસાદ પડી ગયા પછી ચળકતા તડકામાં એ માર્ગ પર ચાલવા નીકળ્યો. ઊંચાં વૃક્ષો વચ્ચે અસ્ત થતા સૂર્યે રંગોની મોહક સૃષ્ટિ રચી હતી. એક બાજુ એક ઇમારત હતી, તેય આ રંગોની આભામાં સુંદર લાગતી હતી. હવામાં ભીનાશ હતી. રંગરેખાઓ બદલાતી જતી હતી અને મન એ હાઈવે પર થઈ વિઝાગાપટ્ટનમની સડકો પર પહોંચી જતું હતું – એક અજાણ્યું શહેર.

એવાં અજાણ્યાં શહેરોમાં આવી સાંજે એક હળવા વિષાદ સાથે એકાકી ભમવાનું ગમે. રસ્તાની એક ધારે બેસી ગયો. ઘડીભર તો એવું થયું કે હમણાં જ ઘેરથી થલતેજના રસ્તે ફરવા નીકળ્યો છું. આવી ઘણી સાંજ થલતેજની ટેકરી ભણી ચાલતાં અનુભવી છે. પણ ના, થલતેજથી તો બે હજાર કિલોમીટર દૂર છું એકાએક દૂરથી એક રેકર્ડના સૂર વહી આવ્યા : 'મૌસમ હૈ આશિકાના...' 'પાકિઝા'નાં ગીતોની રેકર્ડ કોઈએ મૂકી હતી. જેવો હું ઊભો થઈ ચાલવા જાઉં છું કે 'ચલતે ચલતે' ગીત શરૂ થયું અને મારા પગ થંભી ગયા... હું ક્યાં હતો!

ગાઢ થતાં જતાં અંધકારમાં હું માર્ગ કાપી રહ્યો, કાલે હવે આ માર્ગે ઉદયગિરિ-ખંડગિરિ જઈશ એવા વિચાર સાથે. ઇતિહાસમાં ભણ્યા હતા – રાજે ખારવેલનો અહીં શિલાલેખ છે. બે હજાર વર્ષ પહેલાંની વાત.

સવારે મેઘભીનું આકાશ હતું. સૂર્યોદય જોવાનો પ્રશ્ન નહોતો. હવામાં ભાર વરતાતો હતો. હું ઉદયગિરિ-ખંડગિરિના પ્રાંગણમાં આવી પહોંચ્યો હતો. 'ગિરિ' સંજ્ઞા ભ્રામક છે. કારણ ઉદયગિરિ લગભગ એકસોદસ ફૂટ ઊંચો છે, ખંડગિરિ લગભગ એકસોતેત્રીસ ફૂટ. બંને પાસે પાસે જ છે. ખંડગિરિ પર વૃક્ષોનું ગાઢ છત્ર છે. નાનું એવું જંગલ જ જોઈ લો. વૃક્ષોની ઘટા નીચે જરા ઝૂકીને ચાલતાં એવું લાગ્યું કે કોઈ સ્વપ્નનગરીમાં ચાલી રહ્યો છું. ખંડગિરિ પર જૈન ગુફાઓ છે. બૌદ્ધ ગુફાઓ પણ છે. જૈન ગુફાઓનો સમયગાળો. ઈ.સ. પૂર્વેની પહેલી સદીથી ઈ.સ.ની દસમી સદી સુધીનો છે. જૈન સાધુઓને રહેવાને માટે આ ગુફાઓ બનાવાઈ હતી. માણસ ઊભો ઊભો માંડ જઈ શકે તેટલી ઊંચાઈ ધરાવતા આ ગુફાશ્રયો એકાંત માટે આદર્શ પરિસરની મધ્યમાં છે. જોકે અહીં પાસે કોઈ નદી નથી! જળાશયો છે. નામ પણ કેવાં – આકાશગંગા, રાધાકુંડ, ગુપ્તગંગા, શ્યામકુંડ! આસપાસના વિસ્તારનું દર્શન મુગ્ધકર છે. અહીંથી દૂર ઉત્તરમાં લિંગરાજનું મંદિર અને ધૌલીનો બૌદ્ધ સ્તૂપ દેખાય છે. એક સમયે અહીં નજીકમાં જ કલિંગની રાજધાની હોવાનું અનુમાન છે.

ઉદયગિરિની પહેલી જ ગુફા સ્વર્ગપુરીની છે. ત્યાંથી રાણી ગુંફા (ગુફા નહીં, ગુંફા કહે છે) અને ગણેશ ગુંફા તરફ જવાય છે. રાણી ગુંફા સામે એક ઝાડની છાયામાં ચોતરા પર બેસી પંખીઓના અવાજ સાથે શિલ્પીઓનાં ટાંકણાંનો અવાજ સાંભળી રહ્યો. તડકો હવે નીકળી આવ્યો હતો. આ બધી ગુફાઓ અજંતા-ઈલોરાની ગુફાઓનું સ્મરણ કરાવતી હતી. જોકે અહીં આ 'ગુંફા'ઓને કાળનો ઘસારો ઘણો વધારે લાગ્યો

છે. એક પછી એક બધી 'ગુંફાઓ' જોઈ. 'હાથી ગુંફા'નું મહત્ત્વ, રાજા ખારવેલના શિલાલેખને લીધે સવિશેષ છે. શિલાલેખ ખારવેલની જ નહીં, તે સમયના કલિંગ રાજ્યની ગૌરવગાથા સમાન છે.

'ગુંફા'ના મુખદ્વારે શિલાલેખ છે. ઈ.સ. પૂર્વેની પહેલી સદીનો મનાય છે. પ્રાકૃતને મળતી આવતી પાલિ ભાષામાં અને બ્રાહ્મી લિપિમાં આ લેખ છે. પુરાતત્ત્વખાતાએ દેવનાગરી રૂપાંતર આપ્યું છે – નમો અરહંતાનં – નમો સવસિધાનં. ઐરેણ મહારાજેન મહામેઘવાહનેન ચેતિરાજવંસધનેન પસથ – સુભ – લેખનેન ચતુરલુઠણ – ગુણ – ઉળિતેન કલિંગાધિપતિના સિરિ – ખારવેલેન... એમ શરૂ થાય છે. પછી ખારવેલના જીવનની મુખ્ય ઘટનાઓના ઉલ્લેખો છે. પહેલાં પંદર વર્ષ કુમાર તરીકે ક્રીડામાં ગાળ્યાં, પછી નવ વર્ષ યુવરાજ તરીકે કર્તવ્યો બજાવ્યાં. પછી ચોવીસ વર્ષ થતાં રાજા તરીકે અભિષેક. પછી અભિષેકના પહેલે વર્ષે આમ કર્યું, બીજે વર્ષે આમ કર્યું – અહીં ચઢાઈ કરી અને ત્યાં ત્રાસ આપ્યો – પછી તેરમે વર્ષે કુમારીપવિત (ઉદયગિરિ) પર અર્હતો માટે ગુહાશ્રય કરાવ્યા... વગેરે. ખારવેલ જૈન હતો. આ 'ખારવેલ' નામ પણ પ્રાચ્યવિદ્યાવિદોની કંડૂયનવૃત્તિને ઉશ્કેરી છે!

બપોરની સ્તબ્ધતામાં તમરાંના અવાજ આવતા હતા. થોડો વરસાદ વરસી ગયો હતો, એની ભીનાશ હતી.

ધૌલી જવાને દિવસે બપોર પછી વરસાદ તૂટી પડ્યો. અહીંનો વરસાદ પણ કમાલ છે, પડે એટલે તૂટી પડે. મ્યુઝિયમમાં હતો ત્યારે જ દક્ષિણપશ્ચિમ દિશામાં મેદૂર મેઘ ઝળુંબ્યા હતા, તે વરસી પડ્યા. ખાસ્સી વાર બસ સ્ટેન્ડ પર ઊભો રહ્યો. એક વાર તો વિચાર્યું હવે નથી જવું, પણ પછી થયું કોણ જાણે ક્યારે ફરી અવાશે? પણ પછી વરસાદ ધીમો પડ્યો. એક સ્થાનિક મિત્ર સાથે ધૌલી ઊપડી ગયો. આમ તો ધૌલી ભુવનેશ્વરના પરિપાર્શ્વમાં જ ગણાય – પાંચેક માઈલ હશે. વાતાવરણ ભીનું હતું, પણ સાંજ મનમાં વસી ગઈ. થોડી વારમાં રસ્તો નગર બહાર – જગન્નાથપુરી જવાનો જ રસ્તો. અહીં કીચડ બહુ ન થાય. લાલ માટી ભીની થાય એટલે વધારે ગમે. જતાં જતાં નદી આવી. નામ પૂછ્યું તો કહે 'દયા' નદી.

ધૌલી એટલે અશોકનાં હૃદય-પરિવર્તનનું સ્થાન. અહીં જ એક મહાસંહાર પછી તેના હૃદયમાં કરુણાનો ઉદ્રેક થયો હતો – દયાભાવ જાગ્યો હતો. એટલે નદીનું નામ 'દયા'. પણ આવા દૂરના સંબંધે પણ સાર્થક થતું હોય તોયે ગમ્યું નહીં. અહીં કેટલીક નદીઓનાં

સરસ નામ છે – સુવર્ણરેખા, મહેન્દ્રતનયા વગેરે. કટક જતાં આવતી કાઠજુડીનું નામ પણ ગમ્યું. પણ 'દયા' કહેતાં નદીનું કોઈ ચિત્ર, એની કોઈ લાક્ષણિકતા ન જાગે.

આકાશમાં વાદળ દોડી જતાં હતાં, ઝરમર ઝરમર વરસતાં. એકાએક ધૌલીની – ધવલગિરિની તળેટીમાં આવી ઊભતાં અદ્ભુત દૃશ્ય બંધાઈ ગયું. આ બાજુ પહાડી પર સ્તુપ, પેલી બાજુ દૂર પાણીની સાંકળ રચતાં તળાવ, તળાવને કિનારે, વચ્ચે ઊંચાં નાળિયેરી જેવાં વૃક્ષોની સ્તબ્ધ હાર – આથમણે દયા નદીનો નમનીય વળાંક, કોઈ નારીની વળેલી નમનીય દેહલતા જેવો, ઉપર મંદિર – પેગોડા, પણે દૂર ચાલી જતી સડક, વરસતા વરસાદની ઝરમર વચ્ચે મોરની ભીની ગહેક. આકાશમાં ઊડતી બલાકા – ક્ષણમાં આ બધું બંધાઈ-સંધાઈ ગયું ચેતના સાથે.

ભીને રસ્તે ધીમે ધીમે ઉપર ચઢ્યા. ઉપરથી ચારે બાજુ રમણીય લાગતું હતું. આ ક્ષણે જ આવું લાગી શકત. દેવદર્શન કરી ઉઘાડે પગે સ્તૂપ ભણી. આ સ્તૂપ નવો જ બંધાવેલો છે. જપાનના ભાવિકોની આ શ્રદ્ધાંજલિ છે. સ્તુપ એટલે તો પ્રદક્ષિણા હોય જ.

પ્રદક્ષિણા કરતાં જ નદીએ સાદ પાડ્યો. અહીંથી જરા દૂર હતી, પણ મારે તો જવું હતું. સાથી અમારાં પગરખાં લેવા ગયો. એ નીચે ઊતરીને ઊભો રહેશે – હું નદીથી સીધો ત્યાં જઈશ, ટૂંકે રસ્તે, ખુલ્લે પગે નદી તરફ લગભગ ધસ્યો. ઝાડઝાંખરાં અને કાંટા-કાંકરાનો માર્ગ – સામે નદી, પણ અહીં નજીક, ત્યાં દૂર! ટેકરી ઊતરી રસ્તા ઉપર આવ્યો. કાચો રસ્તો. રસ્તાની બાજુ કેટલીય સદીઓ જૂનું એક મંદિર છે. મંદિર આંબાવડનાં ઝાડની ઘટાઓમાં જાણે ઢંકાઈ જતું હતું. ત્યાંથી જાણે અંધકાર બહાર નીકળી બધે ફેલાવાની તૈયારી ન કરતો હોય! મંદિરમાં ન જતાં નદી ભણી જ ગયો. નદીમાં ઊતર્યો શરૂઆતનો પિચ્છલ તટ વટાવી રેતાળ પટમાં થઈ પાણીના પ્રવાહ સુધી પહોંચ્યો. સાંજની સ્તબ્ધતામાં પાણી ધીરે ધીરે વહી જતું હતું. આખો પટ સૂમસામ હતો. એક નદી હતી અને એક હું. પાણીમાં નમ્યો, આંખે લગાડ્યું. માથે ચઢાવ્યું. દયા નામ નહોતું ગમ્યું, પણ ભગવાન બુદ્ધનું સ્મરણ થઈ આવ્યું હતું – આ એમની જ કરુણા વહી રહી છે!

પટમાં જરા ઊભો રહ્યો. સ્તૂપ ઘણે ઊંચે લાગતો હતો. હવે મારે જલદી જવું જોઈએ. બુદ્ધની 'કરુણા' જોઈ, પણ અશોકની કરુણા! ધૌલીનો પેલો શિલાલેખ – 'દેવાન પિયસ વચનેન – દેવાનાં પ્રિયસ્ય વચનેન'થી શરૂ થતો શિલાલેખ. શિલાલેખ પાસે જઈને ઊભો

રહ્યો. પણ માત્ર શિલા જ જોઈ, કોતરાયેલો લેખ નહીં. અંધારું થઈ જવા આવ્યું હતું. અહીં એક સમય કેવો જીવંત હશે! હું વાતાવરણ શ્વસી રહ્યો.

'વૃક્ષોમાં સર્ સર્ પવન પસાર થતો હતો, આકાશમાં એક પંખી ઊડી જતું હતું – પાછાં જતાં રસ્તે ભાગ્યે જ કશું બોલ્યાં હોઈશું. અહીં ફરી દયા નદીને પુલ પરથી આમંત્રી ચાલ્યા. દૂર નગરના દીવા દેખાયા.

ઓડિયા, અસમિયા અને બંગાળી – ભારતના પૂર્વાંચલની આ ત્રણ ભાષાઓ પ્રમાણમાં એકબીજાની નિકટ હોવા છતાં પારસ્પરિક પાર્થક્ય પણ ઘણું છે. ઉચ્ચારણની રીતે ત્રણ ભાષાઓ જુદી છે. બંગાળી અને અસમિયા કોઈ બોલતું હોય તો આપણાથી જલદી ન પકડાય – પણ ઓડિયા જલદીથી અનુસરાય. તેમાંય વ્યાખ્યાન કે રેડિયો પરના સમાચાર સાંભળતા હોઈએ તો લગભગ સમજાય. સંસ્કૃતની જેમ દરેક વર્ણ ભાર સાથે ઉચ્ચારાય, અંત્ય, વર્ણ પણ. આપણે ભુવનેશ્વર કહીએ, એ બોલશે ભુ-બ-ને-સ્વ-ર. ઓડિયામાં 'ળ'ની પ્રચુરતા છે. બંગાળી અને અસમિયામાં તો 'ળ' છે જ નહીં. તે ભાષાભાષી લોકો માટે તેનો ઉચ્ચાર પણ મુશ્કેલ. ઓડિયામાં તો સંસ્કૃત તત્સમ શબ્દોમાં પણ 'લ'ને બદલે 'ળ' ઉચ્ચારાય.

ઓડિયાનો મારો પરિચય થોડાંક કાવ્યો પૂરતો અને ગોપીનાથ મહાન્તીની નવલકથા 'અમૃતર સંતાન' પૂરતો સીમિત. પણ વચ્ચે એક વખતે કટક જઈને નવા ઓડિયા કાવ્યસંગ્રહ લઈ આવ્યો હતો. મોટે ભાગે તે અદ્યતન કવિઓના સંગ્રહો હતા. સરસ નામ હતાં સંગ્રહોનાં – સમુદ્રસ્નાન, પવનર ઘર, અનેક કોઠરી, પ્રથમ પુરુષ, મધ્યમપદલોપી, વિષાદ એક ઋતુ, શબ્દર આકાશ – અને સરસ હતાં કાવ્યો. બધાં સંપૂર્ણ ન સમજાય – પણ અસ્ફુટ સમજણનો પણ એક આનંદ હોય છે. હું કોઈ એક મિત્રને પકડું – કવિતા એની પાસે વંચાવું. ગુજરાતી, ઓડિયા કવિતાની અમારી ચર્ચાઓ ચાલે – બંગાળી કવિતાની ચર્ચા પણ. એક દિવસ એક અસમિયા સાથીએ અસમિયા કવિતાઓ વાંચી.

મને થયું આપણા કવિઓ ઘણા સમાંતર જાય છે, છંદ અને ભાષાના પ્રશ્નો પરત્વે અને અન્ય અભિવ્યક્તિના પ્રશ્નો પરત્વે ઘણી બધી સહિયારી ખોજ લાગે. ઓડિયા કવિતાનાં હું ભાષાંતર કરું અને ત્યાંના મિત્રો આગળ વાંચું ત્યારે કહે કે અમને સમજાય છે! ભુવનેશ્વરમાં ઘણાં કવિઓ રહે છે, અને બાજુના શહેર કટકમાં પણ. પણ ખબર મોડી પડી, કવિમિત્રોને મળવા જવાનું ન બન્યું. પણ પ્રસિદ્ધ નવલકથાકાર ગોપીનાથ મહાંતીને મળવાનું થયું. અમારા સેમિનારમાં તે કોંધ-બોલી વિશે બોલવા આવ્યા હતા.

મારે શિરે એમનો આભાર માનવાનું આવ્યું. મેં થોડા શબ્દોમાં એમની પ્રસિદ્ધ નવલકથા 'અમૃતર સંતાન'ની વિશિષ્ટતાઓની વાત કરી, તેઓ પ્રસન્ન હતા. એમને ઘેર જવાનું નિમંત્રણ આપ્યું.

ગોપીનાથ મહાન્તી અંગ્રેજી સાહિત્યના વિદ્યાર્થી, પણ વ્યવસાય- જીવનના આરંભમાં જ ઓડિશાના કોરાપુટ જિલ્લાના ઊંચા પહાડોના નિબિડ જંગલમાં રહેતી કોંધ આદિવાસી પ્રજા વચ્ચે કામ કરવાનું આવ્યું. હતા તો સરકારી અધિકારી પણ એમનામાં રહેલા સર્જકે તેમને પ્રજા સાથે સમરસ કરી દીધા! "અમૃતર સંતાન' નવલકથા તેમને કોંધ-જીવનમાંથી મળેલી.

આ જ વર્ષે તેમને તેમની નવલકથા 'માટી મટાળ' (રસાળ ધરતી) માટે જ્ઞાનપીઠ ઍવૉર્ડ મળેલો, એટલે ગોપીનાથ મહાન્તીનું નામ ઓડિશા બહાર પણ જાણીતું થયેલું

એક આષાઢી સાંજે તેમના ઘેર પહોંચી ગયો. ત્રણ બંગાળી મિત્રો સાથે હતા. દરવાજો ખોલી કમ્પાઉન્ડમાં પ્રવેશતાં જ ચંપાનાં ફૂલોની ભીની મહેક. ઓસરીનાં પગથિયાં ચઢતાં ક્ષણેક ખમચાઈને ઊભા રહી ગયા. ત્યાં અંદરથી એમણે અમને જોયા – 'આસન્તુ આસન્તુ' એવા ઉમળકાભેર શબ્દોથી અમારું સ્વાગત કરી તેમના અભ્યાસખંડમાં લઈ ગયા.

બે કલાકની અમારી મુલાકાતમાં આ પ્રસિદ્ધ સાહિત્યકારની સુજનતાનો તો પરિચય થયો જ. તેમની સર્જનપ્રવૃત્તિનો પણ દિશાદોર મળ્યો. લેખક તરીકેની પોતાની કારકિર્દીની શરૂઆત કેવી રીતે થઈ – કેવી રીતે 'અમૃતર સંતાન' જેવી નવલકથા લખાઈ – કેવી રીતે જ્ઞાનપીઠ ઍવૉર્ડ વિજેતા કૃતિ 'માટી મટાળ' લખાઈ – આ બધાંની વાત એ સહજભાવે – 'ડુ યુ સ્મોક?' પ્રશ્ન કરી, અમે માથું ધુણાવતાં, સિગારેટ સળગાવી – કરતા ગયા. તેમણે કહ્યું –

'માટી મટાળ'માં મારા આખા જીવનનો અનુભવ છે. આ નવલકથાએ મારાં દસ વર્ષ લીધાં છે – ૧૯૫૧થી ૧૯૬૧. મારા ઘણા ખ્યાલો તેમાં ગુંથાયેલા છે. તેમાં એક ખ્યાલ તે છે સંસ્કૃતિનો, આપણી સંસ્કૃતિનો. વૈદિક સંસ્કૃતિથી શરૂ કરી આજ સુધીની. શું જૂની સંસ્કૃતિ આજે છે? હા, સરળ, ગ્રામજીવનમાં છે...'

મેં પૂછ્યું : 'માટી મટાળ'નું પ્રેરકબળ – એની ભૂમિકા? તો કહે –

"મેં 'માટી મટાળ' લખવાનું શરૂ કર્યું ૧૯૫૧માં. હું જન્મ્યો હતો ૧૯૧૪માં. સાડત્રીસ વર્ષો દરમ્યાન ઓડિશાની ભૂમિ લગભગ ખૂંદી વળ્યો હતો, રાજમાર્ગે નહીં, નાને રસ્તે,

પગે ચાલીને, હોડીઓ માં – બહુ નજીકથી લોકોને જોયા છે. દરિયાકિનારેથી પહાડનાં શિખરો સુધી વસતા લોકોને. 'માટી મટાળ'માં દરિયાકિનારાની પૃષ્ઠભૂમિ છે…"

તે વખતે પણ શ્રી મહાન્તી બીજી એક નવલકથા પર કામ કરતા હતા. તે વિશે તેમણે વાત કરી. એ નવલકથા સાથે પોતાની આત્મકથા લખવાનું પણ ચાલતું હતું…

તેમની મુલાકાત ભુવનેશ્વરની એક મધુર સ્મૃતિ બની ગઈ છે. ઓડિશાની જીવંત સંસ્કૃતિના એ પ્રતિનિધિ સર્જક હતા. એમની વાતચીતમાં ઓડિશાની ભૂમિની મહેક અનુભવાય. શ્રી મહાન્તી ત્યાંના તરુણ સર્જકોમાં પણ બહુ પ્રિય છે. સૌ આદરથી એમનું નામ લે. ભુવનેશ્વર નિવાસના આખરી દિવસોમાં ત્યાંના તરુણ વાર્તાકાર ડો. કૃષ્ણપ્રસાદ મિશ્રને મળવાનું થયેલું. તેઓ 'માનસ' નામે એક સચિત્ર ઓડિયા માસિકના સંપાદક છે. તેમણે તેમનો વાર્તાસંગ્રહ 'ભૃગુસંહિતા' મને આપ્યો. ખોલીને જોઉં છું તો સંગ્રહ અર્પણ કર્યો હતો ગોપીનાથ મહાન્તીને. એક પરિચ્છેદમાં પ્રશસ્તિ લખીને છેવટે લખ્યું હતું – 'મું આપણંકુ નમસ્કાર કરુછિ ઓ શ્રદ્ધા ઓ સમ્માનર સહિત "ભૃગુસંહિતા"કુ સમર્પણ કરુછિ.' તેમણે મહાન્તી વિશે ઘણી બધી વાતો કરી, 'એ જૂનાનવા સૌ લેખકોમાં બહુ પ્રિય છે.' એ તેમણે ન કહ્યું હોત તોપણ ગોપીનાથ મહાન્તી સાથેની અમારી ટૂંકી મુલાકાતથી એનું અનુમાન કરી શકાયું હોત. એવા સૌજન્યમૂર્તિ સાહિત્યકારને મળી ભુવનેશ્વરના એક વધારે તીર્થદર્શનનું પુણ્ય પામ્યો.

ભુવનેશ્વરમાં રહ્યો તે દરમ્યાન ઓડિયા ભાષા સાંભળવાની બહુ મઝા આવી. અનેક મુખે ઓડિયા સાંભળી – વિદ્વાનોથી માંડી રસ્તા પર જતા સામાન્ય માનવીના મુખેથી. ઝૂંપડી-હોટેલવાળો તો મિત્ર બની ગયો હતો. ઓડિયામાં જ અમારી જોડે બોલે, પાછો અમને સમજાવેય ખરો! ઓડિયા ભાષા ગમી ગઈ. તેની સાથે ભલે અલ્પકાલીન, પણ મહોબતનો નાતો બંધાઈ ગયો હતો.

ભુવનેશ્વર છોડતાં પહેલાં ફરી એક વાર જૂના ભુવનેશ્વરનાં મંદિરો જોઈ આવ્યો. આ વેળાએ સાંજ પસંદ કરી હતી. ત્રિપુરાના એક બંગાળીભાષી મિત્ર શ્રી પ્રભાસ સાથે હતા. ફરીથી બિન્દુસાગર, લિંગરાજનું ભવ્ય મંદિર, પાર્વતીની મનોહર મૂર્તિ, રાજારાણી મંદિર… રાજારાણી મંદિરના પ્રાંગણમાં સાંજ પડી ગઈ હતી, ધીમે ધીમે અંધારામાં આ એકાકી મંદિરનું છાયાચિત્ર જ દેખાયા કર્યું…

ભુવનેશ્વરથી જે દિવસે નીકળવાનું હતું તે દિવસે આકાશ ઘનઘોર હતું. દિવસે પણ

અંધારપટ. પછી તો ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. સાંજે જ્યારે નીકળ્યો ત્યારે વરસાદે કૃપા કરી હતી, જોકે હજી સડકો ભીની હતી. હું પણ...

*

# માંડુ

કોણ, જો હું પોકાર કરી ઊઠું, સાંભળશે મને…?
– રાઈનેર મારિયા રિલ્કે

માંડુ – માંડવગઢ બોલતાં મનમાં એક રોમૅન્ટિક ઉદ્વેગ જાગે છે. સરોવર, સંગીત અને સ્વપ્નનું નગર માંડુ. સૈકાઓ થયાં સરોવર જર્જરિત થતી જતી મહેલાતોનાં ખંડિત પડછાયા ઝીલ્યા કરે છે. એ મહેલાતોમાંથી એક વેળા ગુંજી ઊઠેલી સંગીતની મધુર સુરાવલિઓ સૈકાઓ થયા હજીય જાણે આસપાસ ઘૂમરાયા કરે છે અને ધીરે ધીરે દૂર દૂરના સ્વપ્નલોકની એક માયાવી કુહેલિકા આપણા પર સંમોહનની એક જાળ પાથરી દે છે!

ચાંદનીમાં ચાંદની બનીને રૂપમતી ઊભી છે, એક ઊંચી ઇમારતની નિર્જન છત પર હળું હળું પવનમાં એના વેદનાવિધુર કંઠમાંથી નીકળતી પ્રલંબિત પ્રકંપિત સ્વરલહરીઓ નીચે નિમાડના હરિયાળા મેદાનમાં વિલીન થઈ જાય છે…

મંન ચાહત હૈ મિલન કો, મુખ દેખન કો નૈન,શ્રવન સુચાહત હૈ સુન્યો, પ્રિય! તવ મીઠે બૈન.

તુમ બિન જિયરા દુખત હૈ, માંગત હૈ સુખરાજરૂપમતિ દુખિયા ભઈ, બિના બહાદુર બાઝ.

પહાડના ઢોળાવવાળાં એક માર્ગ પર સ્તબ્ધતા પથરાયેલી છે, દૂર ઉપર આકાશમાં બીજનો ચંદ્ર છે, નીચે સરોવરનો એક છેડો દેખાય છે. બે અશ્વારોહી ઝાંખા થતા જતા વૃક્ષ પાસે ઊભા છે. અશ્વો એટલા એકબીજાની અડોઅડ છે, એક અશ્વારોહી બીજાને ખભે એક હાથ મૂકી, બીજા હાથની તર્જનીથી આ સૌન્દર્યલોકનું જાણે દર્શાન કરાવે છે.

આ અશ્વારોહીઓ છે બાઝ બહાદુર અને રૂપમતી. માંડુ કહેતાં રાજપૂત કલમનું આ ચિત્ર સજીવ બની જાય છે, આંખમાં અલપઝલપ અંજાઈ જાય છે. બાઝ, રૂપમતી, માંડુ અભિન્ન છે.

વર્ષો પહેલાં ચૂનીલાલ વર્ધમાન શાહની નવલકથા વાંચી હતી – 'રૂપમતી.' તારુણ્યના એ દિવસોમાં બાઝ બહાદુર અને રૂપમતીના શુદ્ધ પ્રેમ (પ્લેટૉનિક લવ)ની આ કથા ખૂબ અસર કરી ગઈ હતી. રૂપમતી અને બાઝ સંગીતને તાંતણે બંધાયાં હતાં. ઉસ્તાદો અને તવાયફોની મદીલી ગાયકીમાં મગ્ન બાઝ વૈષ્ણવ કન્યાના સાત્ત્વિક સ્વર પર વારી ગયો અને એ કિશોરી કન્યાને પણ શાહજાદા બાઝીદમાં મનનો મીત દેખાયો. રૂપમતી સુંદર ગાતી હતી. એટલું જ નહીં, કવિતા પણ જોડતી હતી. બાઝને એણે સંદેશો મોકલ્યો હતો :

કમલન કો રવિ એક હૈ, રવિ કો કમલ અનેક;હમસે તુમકો બહુત હૈં તુમસે તુમ મોહિ એક.

અને બાઝ રૂપમતીને પોતાના હરમમાં લઈ આવ્યો હતો. એની સાથે શાદી કરવા ઇચ્છયું. પણ રૂપમતીએ ના કહી. શુદ્ધ પ્રેમની આંચમાં બંને ભૂજાતાં રહ્યાં. બાઝ અને રૂપમતીની વાત દેશદેશાવરમાં પહોંચી ગઈ હતી. માલવાની જાહોજલાલી હતી. સુલતાને-માલવાની દુનિયા શિકાર, સંગીત અને રૂપમતીમાં સીમિત થઈ ગઈ હતી. અકબરના સેનાપતિ અહમદખાને માંડુને ઘેરી લીધું. બાઝ લડ્યો, હાર્યો અને નાસી છૂટયો. માંડુ પર, બાઝના હરમ પર અહમદખાનનો અધિકાર થયો. એની નજર હતી રૂપમતી પર. રૂપમતીએ ત્રણ દિવસની મહેતલ માગી. મળી. ત્રીજે દિવસે ફૂલ-શય્યામાં અહમદખાન રૂપમતીના મૃત દેહને વૃથા ઢંઢોળી રહ્યો હતો! કથા દિવસો સુધી મનમાં રહી.

અમદાવાદમાં પછી 'રૂપમતી' નાટક જોયું, જૂના પ્રેમાભાઈ હૉલમાં. ભવ્ય સેટિંગ્ઝ. એ નાટકની રંગસજ્જા, એનું સંગીત હજી સ્મરણમાં છે. પછી આવી હતી ફિલ્મ 'રાની રૂપમતી.' સંગીત મઢ્યા એ ચિત્રનું એક ગીત એ દિવસોમાં અમે બહુ ગણગણતા –

આ લૌટકે આ જા મેરે મિત, તુઝે મેરે ગીત બુલાતે હૈંમેરા સૂના પડા હૈ સંગીત, તુઝે મેરે ગીત બુલાતે હૈ..

એક વાર રૂપમતી બાઝની પ્રતીક્ષા કરતી ગાય છે, માંડુની ઊંચી અટારીએથી. એ જ ગીત પછી બાઝ ગાય છે, રૂપમતીના આત્મવિસર્જન પછી. એક વાર લતા અને એક

વાર મુકેશને કંઠે ગવાયેલું આ ગીત આજે પણ જ્યારે રેડિયો પર આવે છે ત્યારે મર્મમાં એક વેદના, ફરકી જાય છે.

બાઝ-રૂપમતીની આ પ્રણયકથા સાથે માંડુનું એક કલ્પનાચિત્ર રચાયું હતું. તે પછી આજના માંડુનું એક દસ્તાવેજી ચિત્ર જોયું. રંગના સ્તર પર સ્તર ચઢતા જતા હતા. માંડું જવાનું આકર્ષણ વધતું ચાલ્યું.

અને પછી બન્યું એવું કે રિલ્કેના દુઈનો દુર્ગમાંથી રૂપમતીના મંડપ દુર્ગ – માંડુ પહોંચી જવાયું. દાહોદમાં રિલ્કેની જન્મશતાબ્દી નિમિત્તે ત્રણ દિવસનો પરિસંવાદ હતો. ઉમાશંકર આવ્યા હતા – તાજેતરમાં અસમ-નાગાલૅન્ડનો પ્રવાસ કરી. સુરેશ જોષી હતા. ત્રણ દિવસ રિલ્કેમય હતા. તેમાં એક વિચાર દાહોદથી માંડુ જવાનો આવ્યો. એક વહેલી સવારે જ્યારે માંડુ જવા ધારાનગરી (ધારા)ની બસ પકડી ત્યારે રિલ્કે અને રૂપમતી બેમાં મન પરોવાયેલું હતું. સાગરકિનારાની ઊંચી ભેખડો પર ઊભેલો દુઈનો કિલ્લો અને વિંધ્યાચળને છેક છેવાડે આવેલો માંડુનો કિલ્લો જાણે પાસે પાસે ઊભા હતા.

દિવાળી પછીના દિવસો હતા. રસ્તાની બન્ને ધારે ખેતરો આંખને ઠારતાં હતાં. બપોર થતાં સુધીમાં તો ધારાનગરીમાં આવી પહોંચ્યા. માલવપતિ મુંજના પ્રતાપી નામ સાથે જોડાયેલી એ નગરી હવે માત્ર ધાર તરીકે ઓળખાય છે. જિલ્લાનું મુખ્ય મથક. આમેય વર્ષો સુધી માલવાનું કેન્દ્ર રહેલું. રાજા ભોજનું પણ આ નગર. અહીં હતી તેની પ્રસિદ્ધ પાઠશાળા અને સરસ્વતીની પેલી પ્રસિદ્ધ મૂર્તિ! આજે તે મૂર્તિ તો લંડનમાં છે અને પાઠશાળાની મસ્જિદ થઈ ગઈ છે. કિશોરાવસ્થામાં વાંચેલી ભોજ અને કાલિદાસને નામે ચઢેલી કવિતાવિનોદની અનેક કથાઓ યાદ આવી, પરંતુ માંડુની બસમાં બેસતાં જ મન બાઝ બહાદુર, રૂમપતી અને માંડવગઢના ખ્યાલોમાં ડૂબવા લાગ્યું.

બસ ઢોળાવ ચઢતી હતી. વિન્ધ્યાચળનો આ પ્રદેશ. રમણીય બંધુર ભૂમિ, જંગલોથી છવાયેલી. એક જમાનામાં અહીં સિંહોની ડણક સંભળાતી. આજે પણ અનેક હિંસ્ર પ્રાણીઓનું આશ્રયસ્થાન છે. બાઝ આ જંગલોમાં શિકારે નીકળતો હશે ને? આ વિન્ધ્ય જ્યાં પૂરો થાય છે તે દક્ષિણ-પશ્ચિમના છેડે માંડું વસેલું છે. એ રીતે એ વ્યૂહાત્મક મહત્ત્વ ધરાવી રહે છે. બપોર હતી, પણ ઠંડક હતી. વાંકીચૂકી જતી બસમાંથી જર્જરિત કિલ્લાના કાંગરાં દેખાયા અને બસ પહાડને ખુલ્લા પ્રદેશમાંથી એક જર્જરિત દરવાજે થઈ કિલ્લેબંધી નગરમાં પ્રવેશી. માંડુનો આ દિલ્હી દરવાજો. આપણે અમદાવાદમાં પણ દિલ્હી દરવાજો છે જ ને! મને લાગે છે કે ઘણા કિલ્લાઓને આવા 'દિલ્હી દરવાજા' હશે

– દિલ્હી અભિમુખ હોય એટલે દિલ્હી દરવાજા. એક વેળા સમ્રાટ અકબરની સવારી પણ દિલ્હી દરવાજેથી અમદાવાદ નગરમાં પ્રવેશી હશે. આજે તો હવે દરવાજામાં થઈને પ્રવેશવાની બંધી છે, દરવાજાની બન્ને બાજુએથી પ્રવેશ છે.

માંડુનો આ દિલ્હી દરવાજો હજી ખરી રહ્યો છે, તેને અડીને હતી ખરતી જતી કોટની રાંગ.. પછી આવ્યો આલમગીર દરવાજો અને તે પછી ભંગી દરવાજો! નામ સાંભળતાં આશ્ચર્ય થયું. પણ પછી ખબર પડી કે આ નગરની કિલ્લેબંધી ટાણે આ દરવાજો બન્યો ત્યાં એક ભંગીનું બલિદાન આપવામાં આવ્યું હતું! એવી માન્યતા હતી કે નરબલિથી કિલ્લો કે ઇમારત ચિરકાળ ટકે. કિલ્લો તો લગભગ ટક્યો ન ટક્યો થઈ ગયો છે; 'ભંગી દરવાજા' નામ ટકી ગયું છે. સહસ્ત્રલિંગ તળાવમાં પણ કહે છે કે પાણી થતું નહોતું અને પછી મયાનું બલિદાન આપવામાં આવ્યું હતું. રાજાબાદશાહોની કીર્તિકથાઓની ઓથે આવી કેટલીય કલંકકથાઓ દટાયેલી હશે!

બસમાંથી એક અદ્યતન ઇમારત દેખાઈ, ટૂરિસ્ટ લૉજ, થોડી વારમાં બસ જરા જીર્ણ વસ્તીવાળા ગામના એક નાનકડા હાટબજાર પાસે પણ નજરને ઠારતી એક પ્રાચીન ભવ્ય ઇમારતના પરિસરમાં આવીને ઊભી રહી. આ માંડુ!

આ માંડુ એક વખતે આબાદ નગર હતું. એનું એક નામ હતું 'શાદિયાબાદ' – આનંદ નગર. એની પ્રાકૃતિક સુષમા વચ્ચે આજે 'શાદ'નો અનુભવ એટલો થતો નથી જેટલો એક 'ગમ'નો અનુભવ થાય છે, એક હળવી બેચેની થાય છે. આ અલસ બપોરે અહીં કેટલાક ફૅશનેબલ ટૂરિસ્ટોની અવરજવર હતી – બધા જાણે ઉતાવળમાં હોય નહીં એમ વ્યસ્તભાવે ફરતા દેખાતા હતા. અમે ગ્રામપંચાયતની ધર્મશાળા જોઈ. 'ધર્મશાળા' જ હતી. ત્યાં રહેવું ગમે તેવું નહોતું. કાકાસાહેબે આવી ધર્મશાળાઓ વિશે જે વિધાન કરેલું કે કુદરતી હાજત કુદરત પર છોડી દેવામાં આવે છે – તે અહીં પણ લાગુ પડતું હતું.

થોડું ચાલ્યા પછી એક જૈન ધર્મશાળા હતી. જૂની રીતિની હતી, પણ વિશાળ અને વ્યવસ્થિત હતી. અમદાવાદનાં છીએ એવી ખબર પડતાં વૃદ્ધ મુનીમજી ગુજરાતીમાં બોલવા લાગ્યા. તેમણે ઝટપટ અમારાં નામ રજિસ્ટરમાં લખી સામાન લઈ આવવા કહ્યું. એટલામાં ત્યાંનો સ્થાનિક કારકુન આવી લાગ્યો. અમારા દેખતાં વૃદ્ધ મુનીમજીને હિન્દીમાં દબડાવવા લાગ્યો. સામાન લેકર આ જાય, બાદમેં હીં નામ લિખના ચાહિયે – વગેરે. અમે મુનીમજી વતી માફી માગી સામાન લઈ આવ્યા. ધર્મશાળામાં જ એક

સરસ વાવડી હતી – જાતે પાણી ખેંચી લેવાનું. આંબલીનું જૂનું ખખડધજ ઝાડ અત્યારે કાતરાથી ભરેલું હતું. બાજુમાં દેરાસર હતું. અમે જ માત્ર યાત્રિકો હતા. ગમી ગયું.

અધ્વખેદ થોડી વારમાં દૂર કરી અમે બહાર નીકળી પડ્યાં. અમારે માંડુનાં બધાં સ્થળો જોઈ લેવાં હતાં. પણ આ કંઈ નાનું 'નગર' થોડું હતું! વિંધ્યની લગભગ બે હજાર ફૂટ ઊંચી છેવાડી પહાડી પર માંડું વસેલું છે. તે પૂર્વ-પશ્ચિમ લગભગ પાંચેક માઈલ હશે. ઉત્તર- દક્ષિણ પણ લગભગ તેટલું જ. અહીં એકમાત્ર ઉપલબ્ધ સાધન ટેમ્પોરિક્ષા છે, જેનાથી આ બધાં સ્થળોએ જઈ શકાય. બસસ્ટૅન્ડ પાસેથી આ ટેમ્પો મળતો હતો. ત્યાં પહોંચીએ એટલામાં એક ફાંકડા જુવાને સલામ કરી કહ્યું – 'ગાઇડ ચાહિયે સા'બ? હમ માંડુ કા પૂરા ઇતિહાસ બતાયેંગે... આપ ચાહેં તો અંગ્રેજી મેં, આપ ચાહેં તો હિન્દી મેં,'

ઢળતો પહોર હતો. એક જોરદાર ઘરઘરાટી સાથે ટેમ્પો ચાલુ થયો અને તેની સાથે જ ગાઈડની અસ્ખલિત વાગ્ધારા. વચ્ચે વચ્ચે ઉર્દૂ શેર પણ ફટકારતો જતો હતો, પણ એની નોંધ કરવાનું ચૂકતો ન હતો કે શાયરી અમને ગમે છે કે નહીં. ટેમ્પો વાંકાચૂકા રસ્તે થઈ દક્ષિણ દિશા તરફ જઈ રહ્યો હતો. ગાઇડ માંડવગઢની – શાદિયાબાદની પુરાણી જાહોજલાલીની વાત કરતો જતો હતો. અરે, અહીં રસ્તાની બંને બાજુ તો ક્યાંય કોઈ ઘર નથી! ખેતરો ખેડાઈ રહ્યાં છે અને વચ્ચે વચ્ચે ખંડિયેરો ઊભાં છે, પણ માણસ-વસતી ક્યાં? પાણીભર્યાં છીછરાં સરોવર છે – લીલાંછમ ઝાડ છે.

હા, એક વખતે માંડવગઢની રોનક હતી. અહીં લાખેક કુટુંબો રહેતાં હતાં (ગાઇડ કહેતો જતો હતો). કોઈ નવો માણસ અહીં વસવાને ઇરાદે આવે તેને દરેક કુટુંબ તરફથી એક ઈંટ આપવામાં આવતી અને એક સોનામહોર. એકીસાથે તેની પાસે લાખ ઈંટો થઈ જતી, જેનાથી તે ઘર બાંધતો અને લાખ સોનામહોરો થઈ જતી, જેનાથી તે ધંધે વળગતો!

ગમી જાય તેવી તેની વાત હતી, ભલે ગળે ઊતરી જાય તેવી ન હોય. અમે આજુબાજુ જોતા હતા. ક્યાંય કોઈ ઈંટ દેખાતી નહોતી. ક્યાં ગઈ હશે બધી? આ ખેતરો નીચે, ગાઢ વનરાજીઓના મૂળમાં દટાઈને પડી હશે? જે કેટલાંક ખંડિયેરો દેખાતાં હતાં તે તો શાહી ઘરાનાઓ સાથે જોડાયેલાં હતાં. સામાન્ય માણસનું ઘર એકેય નહીં? ગયાં ક્યાં એ બધાં ઘર?

ઇતિહાસ તો માંડુનું પગેરું છેક છઠ્ઠી સદી સુધી લઈ જાય છે. તે વખતના એક અભિલેખમાં મંડપદુર્ગ નામથી તેનો ઉલ્લેખ થયો છે. મધ્યકાળના ફારસી

ઇતિહાસકારોની તવારીખમાં પછીથી પ્રચલિત થયેલું માંડવ નામ મળે છે. તેમાંથી થઈ ગયું માંડુ. કોઈ વળી કહે મંડુ. દસમી સદીમાં માળવા પર પરમારોનું શાસન હતું. તેમની રાજધાની હતી. ઉજ્જૈન, પછીથી ધારાનગરી – ધાર. પરમાર રાજવીઓમાં મુંજ અને ભોજનો પ્રતાપ દૂર સુધી વિસ્તર્યો હતો. મુંજના નામનું તો તળાવ છે માંડુમાં, જે માંડુ સાથે મુંજનો સંબંધ સ્થાપી આપે છે અને આમેય માંડુ તેની રાજધાની ધારાનગરીથી દૂર તો વીસ-બાવીસ માઈલ જ ને! અને ભોજનીય સરસ્વતી અર્થાત્ વાગ્દેવીની એક પ્રતિમા માંડુમાંથી મળી આવેલી છે. તે પછી બારમી સદીમાં તો માંડુ માળવાની રાજધાનીનું ગૌરવ પામે છે.

તેરમી સદીના અંત ભાગમાં માંડુ મુસલમાનોના હાથમાં ગયું. એક નવી અફઘાન સભ્યતાના સંપર્કમાં આવ્યું. પણ જે બાદશાહે માંડુની કિલ્લેબંધીની શરૂઆત કરી તેને અનેક ઇમારતોથી સજાવ્યું તે તો હોશંગશાહ. પંદરમી સદીની શરૂઆતનાં વર્ષોમાં તેણે અહીં રાજ્ય કર્યું. પછી આવ્યો મહેમુદશાહ. આ બંને બાદશાહો જેટલા ઇમારતો બંધાવવાના શોખીન હતા તેટલા લડાઈઓ લડવાના પણ. તે પછી ગ્યાસુદ્દીન. આ ભલો ધાર્મિક રાજા શરાબને અડકતો સુધ્ધાં નહોતો પણ તેના જનાનખાનામાં પંદર હજાર સુંદરીઓ હતી! આ ધાર્મિક પિતાને ઝેર આપી પુત્ર નસિરુદ્દીન ગાદીએ આવ્યો.

શેરશાહે માંડુ જીત્યા પછી શુજાઅતખાન નામના સરદારને ત્યાંનો સૂબો બનાવ્યો. તેણે સુજાઉસપુરની સ્થાપના કરી ત્યાં પોતાને સ્વતંત્ર રાજા જાહેર કર્યો. તેના અવસાન પછી સંગીતપ્રિય બાઝ બહાદુરે ફરી માંડવની રંગીલી રોનક પાછી લાવવાનો પ્રયત્ન કર્યો. તેનું નામ માળવાના ગામેગામમાં ગુંજતું થયું અને આજે પણ લોકગીતોમાં પડઘાય છે, બાઝ બહાદુર અને રૂપમતી...

'યહ હે રૂપમતી કા મહલ...' અમે જોયું. છેક ઊંચે ઉત્તર-દક્ષિણ બે છત્રીઓવાળી અનેક વાર ચિત્રોમાં જોયેલી રૂપમતીની છત્રી તરીકે ઓળખાતી ઇમારત હતી. 'યહાઁ રૂપમતી હરરોજ નર્મદા મૈયા કે દર્શન કરને કે લિયે આતી થી' ટેમ્પો આસ્તે થયો.

'ક્યાં યહાઁસે નર્મદા દિખાઈ પડતી હૈ?'

'હાઁ, હાઁ મૈં દિખાઊંગા આપકો – પહલે ઉસકી દાસ્તાન સુન લીજિયે.'

ટેમ્પોમાંથી ઊતરી, અમે નીચે ઊભા. આસપાસની નિસર્ગશોભા આંખને ગમે તેવી હતી. ગાઇડે રૂપમતીની વાત શરૂ કરી. બાઝ કેવી રીતે એ વૈષ્ણવ કન્યાને માંડુમાં લાવ્યો

– કેવી રીતે રૂપમતી દરરોજ અહીં નર્મદામૈયાનાં દર્શન કરવા આવતી વગેરે વાત કર્યા પછી તેણે કહ્યું, 'બાઝ બહાદુર રૂપમતી કો અપની બહન માનતે થે.'

ખોટી વાત. ગાઇડ આમ કેમ કહેતો હતો? બાઝ અને રૂપમતીના પ્રેમની વાતો તો ઇતિહાસ-પ્રસિદ્ધ છે. અનેક ચિત્રકારોનાં ચિત્રો તેની સાખ પૂરે છે. એક ચિત્ર છે મુગલ ચિત્રકાર ગોરધનનું. ચિત્ર નીચે ફારસીમાં લખ્યું છે – 'બાઝ બહાદુર વ રૂપવતી દર દારૂલ ખિલાફહ મન્દુ દાદ એશ વે તરબ દન્દી' – 'પાટનગર માંડુમાં મોજમજા માણી રહેલાં બાઝ બહાદુર અને રૂપમતી.' રૂપમતી બાઝને પ્રેમ કરતી હતી – બેહદ પ્રેમ. બાઝ અને રૂપ બે દેહ એક પ્રાણ હતાં. રૂપની આ પંક્તિઓ કહે જ છે :

પ્રીતમ હમ તુમ એક હૈં, કહત સુનન કો દોય,મનસે મનકો તોલિયે, દો મન કભી ન હોય.

(હમણાં એક પુસ્તક જોયું, અંગ્રેજીમાં. એનું નામ છે 'ધ લેડી ઑફ ધ લોટસ – એ સ્ટ્રેન્જ ટેઇલ ઑફ ફેઈથફુલનેસ.' આ 'લેડી ઑફ ધ લોટસ' – 'પદ્મિની' નારી તે બીજું કોઈ નહીં, રૂપમતી છે. એલ. એમ. ક્રમ્પ નામના અંગ્રેજે એક ફારસી લેખક અહમદ ઉલ ઉમેરીએ લખેલી 'શહીદે વફા' કિતાબ પરથી અંગ્રેજીમાં રૂપાંતર કર્યું છે. આ ફારસી લેખક અકબરનો સમકાલીન હતો અને એણે બાઝ અને રૂપમતીના એક અંતેવાસી સરદાર સુલેમાનને મોઢે સાંભળેલી ઘટનાઓ પરથી ૧૫૫૯માં એ કથા લખેલી. ક્રેમ્પે એ કથાના અનુવાદ ઉપરાંત રૂપમતીરચિત ગણાતી કવિતાઓનો અનુવાદ આપ્યો છે. રૂપમતીની એ કવિતાઓ પણ ગાઢ માનવીય પ્રેમની વાત કહી જાય છે. ક્રમ્પે છાપેલા એક ચિત્રમાં ચિત્રકાર સાંવલાએ રૂપમતીને એક હાથમાં હોઠની પાસે પ્યાલી અને એક હાથમાં દર્પણ (ચુ સાગર બર લબ વ આઈના બર દસ્ત) લઈ તેને શણગારતી સ્ત્રીના ઘૂંટણ પાસે બેઠેલી બતાવી છે. વૈભવ-વિલાસની આ મુદ્રા છે.

રૂપમતી રાની રૂપમતી કહેવાય છે. ગુજરાત અને માળવામાં બાદશાહોની બેગમોને રાની – રાણી કહેવામાં આવતી અને એ રીતે રાની રૂપમતી કહેતાં બાઝ સાથે તેનાં લગ્ન થયાનું નકારી શકાતું નથી. જોકે કેટલાક ઇતિહાસકાર રૂપમતીને માત્ર બાઝ બહાદુરની ગાયિકા તરીકે ઓળખાવે છે અને કેટલાક એને 'પાતુર' (ગણિકા) કહેવા પ્રેરાયા છે. ગમે તેમ બન્ને વચ્ચે ઐહિક પ્રેમનો સંબંધ હતો. રૂપમતીના હૃદયોદ્ગાર જેવી તેની કાવ્યપંક્તિઓ પ્રકટપણે આ બધું કહી જાય છે.

ગાઇડની વાતનો અમે વિરોધ કર્યો, તો તે જાણે ઘવાયો હોય એમ લાગ્યું. 'નહીં સા'બ

બાઝ બહાદુર રૂપમતી કો બિલકુલ અપની બહન કી તરહ હી રખતા થા…' પણ પછી રૂપમતીની નજાકત વગેરેનું કલ્પનારસિત ચિત્રણ અનેક શેરોની મદદથી તે કરતો રહ્યો.

ઇમારતનાં બે મજલા છે અને ઉપર છત પર છત્રીઓ છે. દક્ષિણ તરફના એક સાંકડે દરવાજેથી પ્રવેશવાનું હતું. દરવાજો શાનો? એક માણસ માંડ જઈ શકે એટલો સાંકડો માર્ગ હતો, જેનું બન્ને બાજુનું પ્લાસ્ટર ઊખડી ગયું હતું. ગાઇડ ત્યાં ઊભો રહી ગયો. કમર પર હાથ રાખી શાયરીના અંદાઝમાં કહેવા લાગ્યો, ‘યહ દેખિયે સા'બ કિતના સઁકરા રાસ્તા હૈ? જબ યહ પલસ્તર ભી હોગા તો ઔર ભી સઁકરા હોગા. રૂપમતી ઇતની પતલી થી કિ બિના અપને જિસ્મ કો ઇધરઉધર કિયે સીધે હી સીડિયાં ચઢ જાતી થી. વહ તો રાની થી (?) રાની – હમારી તરહ શરીર કો ઇધર-ઉધર કર જૈસે તૈસે કેસે જાતી? અબ આપ સોચિયે. કિતની પતલી હોગી વહ.' અને એમ કહી તેણે ફરી પાછો એક શેર સંભળાવ્યો. રસ્તો સાંકડો હતો. અમારે જરા આડાઅવળાં થઈ પ્રવેશ કરવો પડ્યો. ઉપર છત ઉપર આવીને ઊભા – અદ્‌ભુત દર્શન!

વિંધ્યનો આ છેડો જ છે. અહીંથી એકદમ સીધું છેક બે હજાર ફૂટ નીચે નિમાડ પથરાઈને પડયું છે. થાળી જેવું સપાટ હરિયાળું નિમાડ. અહીં પહાડની ધારેધાર કોટની રાંગ છે. ભાગ્યે જ કોઈ શત્રુ આ દિશાએથી હુમલો કરવાનું સાહસ કરી શકે. અહીં દરરોજ રૂપમતી આવતી હશે. નર્મદા મૈયાનાં દર્શન કરતી હશે. અમે દૂર દક્ષિણમાં નજર દોડાવી, તડકાની ઝાંય ટાળવાં નેત્રપલ્લવી કરી જોયું પણ ક્યાંય નર્મદા દેખાતી નહોતી. ‘નર્મદા કહાઁ હૈ?' અધીરાઈથી ગાઇડને પૂછ્યું, ‘દિખાતા હૂઁ સા'બ, દિખાતા હૂઁ – અભી. પહલે આપ સબ યહાઁ દેખ લીજિયે.' ઉત્તર તરફની છત્રી તરફ લઈ જઈ તેણે ત્યાંથી જરા નીચે વૃક્ષોના ઝુંડમાં દેખાતી બીજી ઇમારત બતાવી કહ્યું, ‘વો હે બાઝ બહાદુર કા મહલ.' દૂરથી એ ઇમારત જાણે મૂંગીમૂંગી બોલાવતી હતી. ‘કભી કભી ચાંદની રાતમેં રૂપમતી યહાઁ ગાયા કરતી થી, બાઝ બહાદુર ઉસ મહલ કી છત પર બેઠ કર સુના કરતે થે.' ગાઇડ બોલતો જતો હતો. નજર સામે બધું પલટાઈ ગયું. નિર્જન ચાંદની રાત છે. એક સૂર ધીરે ધીરે ઊઠતો ગયો :

કઠિણ ચઢિબો પ્રેમ તરુ, ડાલી બીન ખજૂર,ચઢૈ તો પાવૈ મિષ્ટ ફલ, પડૈ તો ચકના ચૂર.

રૂપમતીના શબ્દ… બાઝ બહાદુર અને રૂપમતીને ‘મિષ્ટ ફલ' મળ્યું હતું કે પછી ‘ચકના ચૂર'…?

'અબ આઈએ સા'બ. નર્મદા મૈયા કે દર્શન કીજિયે.' આતુર બની અમે ગાઇડે બતાવેલી દિશા ભણી નિમાડનાં મેદાનોમાં આંખ ઝીણી કરી જોઈ રહ્યા. 'વો દિખાઈ નહીં પડતી – પતલી સફેદ લકીર? વો હી નર્મદા હૈ.' અમને કંઈ જ દેખાતું નહોતું. વળતાં પૂછ્યું, 'આપકો દિખાઈ પડતી હૈ? સચ કહના.' હવે જરા હસીને ગાઇડ બોલ્યો, 'નહીં સા'બ, મુઝે ભી નહીં દિખાઈ પડતી. ઉસકે લિયે શ્રદ્ધા ચાહિયે – રૂપમતી તો ભક્ત થી નર્મદા મૈયા કી. ફિર ઉસકો તો મૈયા દર્શન દેગી હી.'

નર્મદાના અ-દર્શનથી જરા વ્યથિત થઈ અમે નીચે ઊતર્યા અને બાઝ બહાદુરના મહેલ ભણી વળ્યા. શરૂમાં જ આવે છે પાકા બાંધેલા ઓવારાવાળું સ્વચ્છ પાણીનું તળાવ. એ રેવાકુંડ. કહેવાય છે કે જ્યારે બાઝ બહાદુરે રૂપમતીને માંડુમાં લઈ જવાની ઇચ્છા કરી હતી, ત્યારે રૂપમતીએ સંભળાવી દીધું હતું કે જ્યાં સુધી ત્યાં ઊંચે માંડવગઢમાં રેવાનાં પાણી ના વહે ત્યાં સુધી મારું ત્યાં આવવું કેવું? પણ તે રાત્રે નર્મદા મૈયાએ રૂપમતીને સપનામાં દર્શન દીધાં અને કહ્યું કે માંડુમાં હું ઝરણારૂપે પ્રકટ થઈશ. એ ઝરણું મારા નામથી જ ઓળખાશે. તે આ રેવાકુંડ. સ્થિર સ્વચ્છ પાણી. પાણી સુધી જવાનાં પગથિયાં હતાં. આ તળાવમાંથી બાઝના મહેલમાં પાણી લઈ જવાની વ્યવસ્થા હતી.

બધાય મુસલમાન બાદશાહો પાણીના આશિક હતા. ગમે ત્યાંથી પાણીની નહેર વહેવડાવી મહેલના હમામ સુધી તો લઈ આવતા. લાલ કિલ્લો હોય, આગ્રાનો કિલ્લો હોય કે આ માંડુનો. બાઝનો મહેલ ટેકરીના ઢોળાવ પર છે. ગાઇડે જળવહનની તે વખતની કરામતની વાત કરી. બાઝના મહેલના વિશાળ ખંડો છે, ઓરડાઓ છે, વચ્ચે ખુલ્લો ચોક છે, જેમાં નાનકડો સુંદર કુંડ છે. પાણીથી ભરેલો હતો. શાંત જળમાં વાદળછાયા આકાશનું પ્રતિબંબ પડતું હતું. અમે ઝૂકીને જોયું – અમારા ચહેરા પ્રતિબિંબિત થયા. જરા નીચે નમી હથેલીમાં પાણી લેતાં પાણીની સ્થિર સપાટી કંપી ઊઠી. તેની સાથે આકાશ કંપવા લાગ્યું – અમે પણ.

ઉપર ખુલ્લી છત પર ગયાં. 'દેખિયે સા'બ, યહ બારહદરી હૈ, ફિલમવાલે યહાઁ ફિલ્મ કે વાસ્તે આતે હૈં.' સુંદર સ્થળ હતું. ટેકરીના નીચે વૃક્ષની ઘટા હતી. એકાએક પોપટનું એક મોટું ટોળું ઊડતું ઊડતું આવ્યું. બાજુના વૃક્ષની ડાળે થોડો કલબલાટ કરી ઊડી ગયું. અહીંથી રૂપમતીની છત્રી કાવ્યાત્મક લાગતી હતી. આ બંને ઇમારતો એકબીજાને તાકી રહી છે. અહીં વચ્ચે હવે અવકાશ છે, કોઈ તારામૈત્રક રચાતાં

નથી. પણ પગથિયાં ઊતરતાં ઊતરતાં અહીંની હવા જાણે પીછો કરતી હતી, ક્ષુધિત પાષાણોની હવા.

ઘર્રર્રર્ર... અવાજ સાથે શરૂ થયેલા ટેમ્પોએ વર્તમાનમાં લાવી દીધા. વાંકેચૂંકે રસ્તે ફરી પાછો ટેમ્પો દોડવા લાગ્યો. ફરી એક જલવિસ્તાર આવ્યો. આ હતું સાગરતળાવ. અહીં પ્રાકૃતિક સુષમા મુગ્ધકર હતી. 'દાઈ કા મહલ'ની ઇમારત સામે હતી. વચ્ચે ગુલાબની વાડી હતી. ખોબા જેવડાં ગુલાબ લલચાવતાં હતાં. પ્રવેશબંધી લખેલી હતી. ત્યાં એક પથ્થર પાસે ઊભા રહી ગાઇડે જોરથી બૂમ પાડી – 'રૂપમતી...' અને ક્ષણેકમાં દૂરથી પડઘા પર પડઘા આવ્યા 'મતી... મતી...' પછી તો અમને બહુ મઝા પડી. એકબીજાનાં નામ લઈને પુકારવા લાગ્યા, ઘોષ-પ્રતિઘોષની સૃષ્ટિ!

તળાવ કમળવેલથી છવાયેલું હતું, પાણી લગભગ સ્થિર. દૂર સુધી વિસ્તરેલાં આછાં નીરમાં જળપંખીઓ અસંખ્ય હતાં. ટેમ્પો ત્યાંથી અમને મુખ્ય રસ્તાથી ફંટાતા એક બીજા માર્ગે લઈ ગયો. નીલકંઠ મહાદેવની જગા. અહીંથી માંડુની પહાડીનો એક સુંદર 'વ્યૂ' જોવા મળે છે. એક નાનકડું ઝરણું મહાદેવના મંદિરમાં થઈને વહી આવતું હતું. અકબરે આ સ્થળની મુલાકાત લીધી હતી. અહીં થોડું થોભ્યા ન થોભ્યા ત્યાં ફરી ઊપડ્યા. જે સ્થળેથી ટેમ્પો ઊપડ્યો હતો ત્યાં આવીને ઊભો રહ્યો, માંડુના હાટબજાર પાસે.

'યહ હૈ જામી મસ્જિદ..." અમે તેનાં પગથિયાં ચઢવા માંડ્યા. વિશાળ મહેરાબોવાળા ભવ્ય દરવાજામાંથી ઊંચો ગોળ ગુંબજ વટાવી અંદર પ્રવેશતાં જ તેની ધાકમાં અવાક્ થઈ જવાય; 'હોશંગશાહને બનવાના શુરૂ કિયા થા, મુહમ્મદ ખિલજીને ઉસે પૂરા કિયા થા.' મસ્જિદની રચનામાં સાદગીયુક્ત સંયમ હતો. દમાસ્કસની પ્રસિદ્ધ મસ્જિદના નમૂના પરથી આ મસ્જિદ બનાવવામાં આવેલી કહેવાય છે. ઇસ્લામી સ્થાપત્યમાંથી ભૌમિતિક સૌંદર્ય અનન્ય રીતે નિષ્પન્ન થતું હોય છે. ભારતમાં અફઘાન સ્થાપત્યનો આ વિરલ નમૂનો છે. હિંદુ સ્થાપત્યની પણ તેના પર અસર છે. મસ્જિદની વચ્ચે ખુલ્લું પ્રાંગણ છે અને ફરતે સપ્રમાણ કમાનોવાળા ગુંબજોની રચના છે. માંડુનાં રંગીન ખંડિયેરોમાં લગભગ સચવાયેલી આ સાદી ભવ્ય મસ્જિદનો પ્રભાવ કંઈક ઔર જ છે.

'ઔર યહ હૈ અશરફી મહલ.' જામી મસ્જિદની વાત કરતાં ગાઇડમાં જે અદબ હતી તે પાછી અશરફી મહેલની વાત કરતાં ચાલી ગઈ. એ માંડુના રંગીલા સુલતાનોના જનાનખાનાની વાતે ચડ્યો હતો. જામી મસ્જિદની સામે એક વિરાટ ખંડિયેર ઊભું હતું. આ અશરફી મહેલ ખરેખર તો મદરેસા હતી, મુહમ્મદશાહે બંધાવેલી. તે પછી મેવાડ

જીતવાની યાદમાં તેણે અહીં ચિતોડમાં છે તેવો ઊંચો વિજયસ્તંભ બનાવ્યો હતો અને બાદશાહે ખુદ પોતાને માટે ‘આરામગાહ’ તૈયાર કરાવી હતી. આજે હજી ખંડિયેરોના ઢગલા વચ્ચે પીળા આરસથી જડેલી બાદશાહની કબરો છે. ખાસ ઈરાનના કારીગરોને બોલાવવામાં આવ્યા હતા. ગાઇડની વાગ્મિતા વધતી જતી હતી. અમે પૂછ્યું, ‘લેકિન ઇસકા નામ અશરફી મહલ ક્યોં હૈ?’

ઇમારતમાં પ્રવેશવાનાં પગથિયાં પાસે તે ઊભો રહી ગયો. જામી મસ્જિદની જેમ અહીં પણ ખાસ્સાં પગથિયાં હતાં. બે પગથિયાં વચ્ચે અંતર ઓછું હતું પણ પગથિયાંની પહોળાઈ ઘણી. સામાન્ય રીતે એક પગથિયે બબ્બે પગલાં મૂકતાં ચડવું પડે. ‘દેખિયે!’ કહીને ગાઇડ ઊભો હતો ત્યાંથી સવેગ એક એક પગથિયે, એક એક પગ મૂકતો ઉપર ચઢી ગયો અને તેવી જ રીતે ઊતરી, અમારી પાસે હાંફતો ઊભો રહ્યો. હાંફ શમે તે પહેલાં તેણે બોલવાનું શરૂ કર્યું. અહીંના બાદશાહોનાં હરમ અનેક સુન્દરીઓથી ભર્યાં ભર્યાં રહેતાં. ખાવું-પીવું, મોજમજા – એ જ જીવન. ખાઈ-પીને ઘણીખરી સુન્દરીઓ જાડી થઈ જતી, તેમની ખૂબસૂરતી ચાલી જતી. એટલે બાદશાહે આવાં પગથિયાંની રચના કરી એક એવો દસ્તૂર બનાવ્યો હતો કે જનાનખાનાની જે કોઈ સુન્દરી એક એક ડગલે એક એક પગથિયું ચડી જાય તેને તે જેટલાં પગથિયાં ચઢે તેટલી અશરફી આપવી. આમ બે વાર ચડે-ઊતરે એટલે સારી એવી કસરત થઈ જાય એવું હતું – એ તો અમે જ્યારે એ રીતે ચઢવાનો પ્રયત્ન કર્યો ત્યારે ખબર પડી!

મદરેસા પણ ખંડેર છે, વિજ્યસ્તંભનું નામનિશાન નથી. કદાચ તેની વધારે પડતી ઊંચાઈને કારણે જ એ તૂટી પડ્યો હશે. મુહમ્મદશાહનો મકબરો પણ તૂટુંતૂટું હાલતમાં છે. એક સમયે આ અશરફી મહેલનો ઊંચો ગુંબજ, જામી મસ્જિદનો ગુંબજ અને પાસે આવેલા હોશંગશાહના મકબરાનો ગુંબજ એક અદ્ભુત ‘સ્કાય લાઈન’ રચતા હશે. એક એક પગથિયે એક એક પગલું મૂકીને ઊતરવાનો ઉપક્રમ પણ અમે કરી જોયો – અને એકસાથે અનેક સુંદરીઓને સૌન્દર્યની સ્પર્ધા સાથે સાથે આ પગથિયાં પર ચડઊતરની સ્પર્ધામાં પ્રસ્વેદનાં નાજુક બિંદુઓ લૂછતી કલ્પવામાંય સરી પડ્યા.

હોશંગશાહનો મકબરો પણ સાદગીભર્યો છતાં ભવ્યતાનો અનુભવ કરાવે છે. શિલ્પીઓએ મકબરાની મહેરાબોમાં, જાળીઓમાં ભૌમિતિક સૌન્દર્ય પ્રકટાવ્યું છે. જાળીઓમાંથી જોઈએ તેટલો જ પ્રકાશ ચળાઈને અંદર આવે છે – જાણે આરામગાહમાં સૂતેલા સમ્રાટની અદબ ન જાળવતો હોય! ગાઇડે એક અભિલેખ તરફ આંગળી

ચીંધી કહ્યું કે તાજમહાલના એક મુખ્ય સ્થપતિ ઉસ્તાદ હમીદે શાહજહાંના કહેવાથી તાજમહાલ બનાવતાં પહેલાં આ મકબરાની ડિઝાઇન જોવા ખાસ મુલાકાત લીધી હતી, તેનો તેમાં ઉલ્લેખ છે.

આ ભવ્ય મકબરો જોયા પછી ટેમ્પો ઉત્તર દિશામાં દોડ્યો. થોડીવારમાં જ આજુબાજુનો ઝાડીઝાંખરાંવાળો રસ્તો વટાવી ખંડિયેરની એક વસાહત વચ્ચે આવી તે ઊભો રહ્યો. સાંજ પડવા આવી હતી. આ બાજુ ઉગમણે તળાવ હતું, પેલી મેર આથમણે તળાવ હતું. તળાવનાં પાણીની સપાટી સ્થિર હતી. ક્યાંક કોઈ જળપંખીની થાપ જરા હલાવી જતી. તળાવની ધારે ઇમારતો હતી, જર્જરિત – ક્યાંક તો માત્ર દીવાલો હતી. દીવાલો પર ઊંચું ઘાસ ઊગી આવ્યું હતું. વર્ષાઋતુ હમણાં જ ગઈ હતી છતાં ઘાસ પીળું પડવા માંડયું હતું.

ગાઇડ હવે અધીરો બન્યો હતો. અમે આસપાસ આમતેમ જોતાં અતીતનાં ખંડિયેરોની આબોહવામાં ખોવાતા જતા હતા. થોડી વાર માટે જાણે સમય થંભી ગયો હતો, 'ચલિયે; દેખિયે – યહ હૈ 'હિંડોલા મહલ.' જાણે કે મહેલ, મકબરા અને મસ્જિદની જ આ નગરી ન હોય! શું આ ત્રણ 'મ'કાર સિવાય બીજું કશું અહીં નથી કે? ત્રણેની કેવી તો સહોપસ્થિતિ છે! મહેલમાં રંગરેલી, મસ્જિદમાં ઇબાદત અને પછી છેવટે મકબરામાં કયામત સુધીની પ્રતીક્ષા...દર્શકની ભાવસ્થિતિ પણ બદલાતી જાય.

હિંડોલા મહલ જમીન સાથે બરાબર દોસ્તી કરી ઊભો છે. હિંડોલા જેમ ઢળતી દીવાલોની જાડાઈ છ છ ફૂટ જેટલી છે. ઉપર ચડવાનો એક માર્ગ એવો છે કે રાજરાણીઓ સીધેસીધી પાલખીમાં કે ઘોડેસવાર થઈને ઉપરને મજલે પહોંચી જાય. ગાઇડે તો કહ્યું, 'ઈસ રાસ્તે કો "હાથી ચઢાઓ", કહતે હૈં. બેગમેં હાથી પર બૈઠે બૈઠે હી ઉપર જાતી થીં....' રૂપમતીય હાથી પર બેસીને આ મહેલમાં આવી હશે ને? હિંડોલા મહેલમાં બધું ભારે ભારે, વજનદાર લાગે છે. જોકે ઉપર હવે છત કે છાપરું નથી, પણ પાંચ સૈકાઓથી ઊભેલો આ મહેલ આજે પણ અડીખમ લાગ્યો.

હિંડોલા મહેલની આથમણે અનેક જર્જરિત ઇમારતો સાંજના તડકામાં સુંદર લાગતી હતી. ખંડિયેરોનું પણ એક અનોખું સૌંદર્ય હોય છે. બલકે એમ કહો કે ખંડિયેરોનું દર્શન એક જુદી જ સૌંદર્યાનુભૂતિ જગવે છે. ઘણી વાર તો ખંડિયેર એક પૂર્ણ ઇમારત કરતાં આપણી કલ્પનાને વધારે ઉત્તેજિત કરે છે. દર્શકની સૌંદર્યદષ્ટિ ખંડિયેરોમાંથી એક અખંડ ઇમારત ચણી લેવા જાણે સક્રિય બને છે.

આ જે તળાવ છે તે મુંજ તળાવ છે. તેના આ એક કાંઠે ખંડિયેરોના ઢગલા પડયા છે. એક વખતની ભવ્ય મહેલાતો ઈંટરોડાંના ઢગલામાત્ર છે. તેમાંય ક્યાંક કોક વસ્તુ પેલી ભવ્યતાનો આછોપાતળો ખ્યાલ આપી જાય. 'યહ હૈ ચંપાબાવડી. ઇસ કે પાની કી સુગંધ ચંપા કે ફૂલ જૈસી હોતી થી...' આપણા ભમ્મરિયા કૂવા જેવી રચનાનો પ્રકાર હતો. નીચે તહખાનામાં ઓરડાઓ તળાવના પાણી પરથી આવતી પવનની લહેરોથી ઠંડા રહેતા. ત્યાં નીચેથી સીધા મુંજ તળાવને કાંઠે જઈ શકાતું.

મુંજ તળાવની ઉત્તર-પશ્ચિમ ભણી અમે ઊભા હતા. આથમણે હજી એક ઇમારત બોલાવતી હતી એકલવાયી, જર્જરિત, ત્યજાયેલી. આ બાજુ મુંજ તળાવમાં પ્રતિબિંબિત થતી અહીંની સૌથી મોટી ઇમારત ઊભી હતી.

'યહ જહાજ મહલ હૈ...' ગાઇડ એનો રંગીન રોમાંચક ઇતિહાસ શેરોશાયરીમાં ગૂંથતો જઈ રજૂ કરતો જતો હતો. માંડુની રંગીન દાસ્તાનોનો એ જાણે હજી જીવંત દસ્તાવેજ લાગતો હતો. જહાજ મહલ નામ ખરેખર સાર્થક બને છે, કેમ કે ઉગમણે કપૂર તળાવ અને આથમણે મુંજ તળાવ – આ બન્નેની વચ્ચે ઊભો છે આ મહેલ, જાણે કે વચ્ચે તરતો ન હોય! ગ્યાસુદ્દીનનો આ રંગમહેલ, પેલો જેના જનાનખાનામાં પંદર હજાર સુંદરીઓ હતી તે ગ્યાસુદ્દીન, શરાબને ન અડકનાર, ધાર્મિક વૃત્તિનો ગ્યાસુદ્દીન! ગાઇડની જીભ પર સરસ્વતી આવી ગઈ હતી. ગ્યાસુદ્દીનનો જ્યારે દરબાર ભરાતો ત્યારે તેની જમણી બાજુએ પાંચસો પુરુષવેશમાં સજજ સુંદર તુર્કી રમણીઓ અને ડાબી બાજુએ પાંચસો ઍબિસીનિયન રમણીઓ તહેનાતમાં ખડી રહેતી! અને છતાં રાજકારણ તે 'સ્વસ્થ ચિત્તે' ચલાવતો.

માંડુમાં જ્યારે જહાંગીર આવેલો ત્યારે તેણે નૂરજહાં સાથે આ મહેલમાં ઉતારો લીધેલો. જહાંગીરનામાં (અંગ્રેજીમાં 'મૅમ્વાર ઑફ જહાંગીર')માં માંડુમાં નૂરજહાંએ યોજેલી ભવ્ય મિજલસનું જહાંગીરે વર્ણન કર્યું છે (જહાંગીરના જેવી સૌન્દર્યપારખું નજરને વર્ષાઋતુમાં શોભી ઊઠતા માંડુ જેવું બીજું સુંદર સ્થળ ક્યાંય નહોતું દેખાયું.); 'તે દિવસે સાંજ પડતાં જ તળાવો અને મહેલની ચોપાસ દીવાઓ ઝળહળી ઊઠયા હતા. પાણીમાં એ દીવાઓ એવી રીતે પ્રતિબિંબિત થતા હતા કે જાણે સમગ્ર તળાવની જળસપાટી એક જ્વાળાઓનું મેદાન ન હોય... ભવ્ય મનોરંજન ગોઠવાયું અને શરાબની તો એવી મહેફિલ જામી..."

જહાજ મહેલ આ બધી રંગરેલીઓનો સાક્ષી છે. વૃદ્ધ પિતા ગ્યાસુદ્દીનને ઝેર આપી

નસિરુદ્દીન ગાદીએ આવ્યો. તેણે આ આખા વિસ્તારમાં પુરુષોને આવવાની બંધી ફરમાવેલી. એક વેળા પીધેલી હાલતમાં જળક્રીડા કરતાં તે ડૂબી ગયો ત્યારે તેની સાથેની સુંદરીઓએ તેને બહાર ખેંચી કાઢ્યો. પછી જ્યારે તેને ભાન આવ્યું ત્યારે જે સુંદરીઓએ તેને બચાવ્યો હતો તેમની કતલ કરાવી દીધી. પછી જ્યારે તે બીજી વખત ડૂબ્યો ત્યારે ડૂબી જ ગયો. કોઈએ બચાવ્યો નહીં.

થોડો કાળ વીત્યે અહીં બાઝ બહાદુર અને રૂપમતીની સંગીતની મહેફિલો જામતી હશે. કપૂર તળાવમાંથી કપૂરની સુગંધ – કદાચ અંગરાગ લગાડતી સુંદરીઓના સ્નાનને કારણે – આવ્યા કરતી હશે. કદાચ અહીં જ કોઈ એક ખંડમાં રૂપમતી વિષપાન કરી ફૂલશય્યામાં પોઢી ગઈ હશે. રૂપમતીના આખરી કહેવાતા શબ્દો યાદ આવ્યા :

પ્રીત મીત કે દિન ગયે, ગયે બહાદુર બાઝ,અબ ઉન પર જિયા જાત હૈ, યહાઁ કહાઁ હૈ કાજ.

આથમતી સાંજે આ જહાજ મહેલનો સંમોહનકારી પ્રભાવ પડતો હતો – એની આ રંગીન ઐતિહાસિક પૃષ્ઠભૂમિ તેમાં નવું પરિમાણ ઉમેરતી હતી. જહાજ મહેલનાં પૂર્વ દિશાનાં વિશાળ પગથિયાં છેક ઉપરની છત તરફ દોરી જાય છે. મુંજ તળાવમાં જહાજ મહેલ પ્રતિબિંબિત થતો હતો અને કોઈ પંખી જળસપાટીને હલાવી જતું ત્યારે હાલકડોલક થતો હતો. જહાજ મહેલને આથમણે ઝરૂખેથી અમે સૂર્યાસ્ત જોઈ રહ્યા. લાલ ઝાંયમાં બધું રસાતું જતું હતું. પેલી તરફ હિંડોલા મહેલ, ત્યાં દૂર પાણીને અડકીને ઊભેલી પેલી જર્જરિત ઇમારત, મુંજ તળાવ – બધું સ્તબ્ધ બનતું જતું હતું. ધીરે ધીરે સૂરજ ડૂબ્યો. માત્ર લાલ ટશરો રહી ગઈ.

હમણાં શું જહાજ મહેલના ખંડેખંડમાં દીવાઓ પ્રકટી ઊઠશે, તળાવની જળસપાટી આગ આગ થઈ જશે...ના કશુંય નહીં થાય. હવે જ્યારે પ્રવાસીઓના છેલ્લાં પદરવ શાન્ત થઈ જશે ત્યારે અહીં સૂનકાર ઊતરશે. અમે દબાતે પગલે પગથિયાં ઊતરી ગયાં. ટેમ્પો જ્યાંથી ઊપડ્યો હતો ફરી ત્યાં આવી પહોંચ્યો. માંડુનું હાટબજાર. હાટડીઓમાં દીવા બળતા હતા. ‘સલામ’ કહી ગાઇડે ઝૂકીને સલામ કરી.

જૈન ધર્મશાળામાં જૂના આંબલીના ઝાડ ઉપર દેખાતો ચંદ્ર શીળી પ્રભા વિસ્તારતો હતો. એક વેળાના ઝળહળતા અતીતના જીર્ણ સાન્નિધ્યની તીવ્ર ઉત્તેજના પછી હવે અહીં શાંતિ અનુભવાતી હતી.

બીજે દિવસે આખી સવાર, બપોર અને સાંજ માંડુના આ જર્જરિત મહેલો,

મકબરાઓ અને મસ્જિદોમાં આથડ્યા કર્યું. રૂપમતીની છત્રીએ ચઢી દૂર દૂર નિમાડનાં મેદાનોમાં નર્મદાની રેખ જોવા મથ્યા, બાઝ બહાદુરના મહેલના સ્વચ્છ કુંડને પગથિયે બેસી પોતાનાં પ્રતિબિંબ જોયાં, મહેલની છત પર બેસી અધૂરાં ગીતની અધૂરી પંક્તિઓ ગણગણી, મહેલને ઓતરાદે દરવાજે ઊડતાં પોપટનાં લીલાં ઝુંડ જોયાં, રેવાકુંડમાં પગ ઝબોળી સ્તબ્ધ પાણીને ઝબકાવ્યાં, ઈકો પૉઇંટ પર પ્રલંબિત સ્વરે એકબીજાનાં નામ બોલી પડઘા સુણ્યા, નગરમાંથી બનેલાં ખેતરોમાં ખેડતા ખેડૂતો સાથે વાતો કરી, ઢોર ચરાવતા છોકરાઓના હાથમાંથી ગોફણ લઈ, કાંકરા ફેંકી પાસેના જળાશયનાં પંખીઓ ઉડાડ્યાં, ગુલાબના ક્યારાઓમાં વિશ્રામ કર્યો અને આમ ભટકી ભટકીને સાંજ પાડી દીધી.

સાંજે ફરી જહાજ મહેલને ઝરૂખે આથમતા સૂરજને માંડુનાં ખંડિયેરો પર લાલ કિરણો ફેંકતો જોયો. આ સૂરજ તો કાલે ઊગશેય ખરો; પણ આ નગરનો આફતાબ તો ક્યારનોય આથમી ચૂક્યો છે. નગરના અધિદેવતાનો વાસ નગરમાંથી ઊઠી ગયો છે.

દિવસ-રાતની આ સંધિ વેળાએ આ ખંડિયેરો સંમોહન પાથરતાં જતાં હતાં. હમણાં જાણે આ ક્ષુધિત પાષાણોમાંથી એક પ્રેતસૃષ્ટિ વહી આવશે. આ કપૂર તળાવના ભાંગેલા ઓવારા પર, આ બાકોરા જેવા મહેલના ઝરૂખા પર, આ જર્જરિત મહેલને ઓરડે ઓરડે તેની રાત્રિરમણા શરૂ થઈ જશે. કોઈ અવગતિક જીવ પોકાર કરી ઊઠશે… (કોણ સાંભળશે?)

ના. હવે અહીં વધારે નહીં ઉભાય. હવે જવું જોઈએ. ઉપર ઊગેલો અર્ધચંદ્ર જાણે સંકેત હતો. જહાજ મહેલનાં પગથિયાં ઊતરી રસ્તે ચાલવા લાગ્યા. ચાલીને જવાનું હતું. છેલ્લે પાછળ નજર કરી લીધી, પછી ચાલ્યા. ધીમે ધીમે અમારા ઝાંખા પડછાયા દેખાવા લાગ્યા. તબેલી મહેલને વટાવી એક જૂના દરવાજાની બહાર નીકળ્યા ત્યાં સુધીમાં તો પડછાયા સ્પષ્ટપણે અમારી સાથે ચાલતા દેખાયા. કારતકની સાતમ કે આઠમ હશે. સ્વચ્છ આકાશમાં ફરી ચંદ્ર ભણી નજર ગઈ.

અર્ધચંદ્રલોકમાં બધું 'મિસ્ટીરિયસ' બની જતું લાગ્યું. હજુ તો પેલી મહેલાતોના પરિસરમાં જ હતા. પુરાણી ઇમારતની અડોઅડ ઊભેલા પુરાણા ઝાડ પરથી કોઈ રહ્યોસહ્યો પ્રેતાત્મા હમણાં ઊતરી પણ આવે. ક્યાંક ઠોકર વાગતી ત્યારે લાગતું કે અમે ચાલી રહ્યા છીએ. ચાંદનીનો પ્રભાવ વિસ્તરતો ગયો. પણ હવે અમે પેલા પરિસરની

બહાર આવી ગયા હતા. થોડાંક ઘર આવ્યાં. ઘર. ઘરોમાં દીવાનું અજવાળું હતું. માણસોનો આછો આછો રવ હતો. હાશ.

*

# ઇમ્ફાલ

સવારના કુમળા તડકામાં સર્પિણી પહાડી નદીઓ જરા આંખમાં ચમકી ક્યાંક વળાંકમાં કે ક્યાંક ઊંડાઈએ ખોવાઈ જાય છે. ક્યાંક ગોરાડુ મેદાન, પણ વધારે તો ગાઢ અને ઘેરાં લીલાં જંગલોથી છવાયેલી પર્વત-શ્રેણીઓ પસાર થાય છે. નક્કી, આ જ જંગલોમાં પુરુષોપમ ચિત્રાંગદા શિકારે નીકળતી હશે. આ જ જંગલોમાં પોતાના દ્વાદશવર્ષવ્યાપી રઝળપાટમાં પુરુષોત્તમસખા અર્જુન અહીં આવી ચડ્યો હશે – કોણ જાણે કયે માર્ગેથી, ક્યાંનો ક્યાં ભમતો ભમતો. હોમરના ગ્રીક નાયક ઑડિસિયસની જેમ વ્યાસના અર્જુનને પગેય ભમરો હતો. સતત બસ ભમવું. ભમી શકાય એની જેમ બસ અકુતોભય નિર્દ્વન્દ્વ! ચિત્રાંગદા મળે ન મળે.

પર્વતોની વચ્ચેથી આછું ધુમ્મસ ઉપર આવી રહ્યું છે. આ વળી પાછી સંતાકૂકડી રમતી જલરેખા વહી જાય. કવિતા લખવાનું મન થઈ જાય છે. અરે! આ પર્વતની લગોલગ પસાર થઈ રહ્યાં છીએ. કેટલો નજીક લાગે છે હરિતજંઘા એ પર્વત! હવે નીચે પથરાયું છે વિસ્તીર્ણ મેદાન. ‘ઉદાર રમણીય’ ભૂમિ નિકટ લાગતી જાય છે. ધાન કાપી લીધા પછી અવશિષ્ટ સૂકા ખડથી આછાં પીળાં ખેતરો; વચ્ચે અચ્છોદ સરવરિયાં, વૃક્ષોનાં હરિયાળાં છત્ર, તડકામાં ચમકતાં પતરાનાં છાપરાં, એકબીજાને કાપતા દોડતા માર્ગ અને હવે નીચે આખું આ નગર. ઇમ્ફાલ. મણિપુરની રાજધાની.

ફૅબ્યુલસ, એગ્ઝૉટિક, એન્ચાન્ટિંગ, ફૅસિનેટિંગ, બિવીચિંગ આવા બધા અંગ્રેજી શબ્દોથી જેની લગોલગ જઈ શકાય એવી લાગણી ઝબકી ગઈ. આ જ મણિપુર, લોકકથાઓનો કામરૂ દેશ, આ ત્રિયારાજ્યમાં કોઈ અજાણ્યો પુરુષ એક વાર આવ્યો

પછી એનું અહીંથી પાછા જવું દોહ્યલું. એક આછા ધક્કા સાથે ભૂમિસ્પર્શ થયો. માથું ધુણાવી હું મારે સ્થાને ઊભો થવાની તૈયારી કરવા લાગ્યો.

કલ્પના કરી કરીને જ વાસ્તવને અવાસ્તવિક કરી દેતાં હોઈએ છીએ. નહીંતર, જમીન જેવી જમીન ઉપર હું ઊભો હતો. આસપાસ મારા જેવા જ ઉતારુઓ તડકામાં ઊભા ઊભા સામાન આવે તેની રાહ જોતા હતા, તારની વાડ પાસે. અપરિચિત આસપાસને જોતી નજરમાંથી મુગ્ધતા ખંખેરી નાખી. ત્યાં ગઈ કાલના અગરતલાથી સિલ્ચર સુધીના સહપ્રવાસી આજે પણ દેખાયા. પૂરા પશ્ચિમી પરિધાનથી સજ્જ, ચોપડીમાં મોં નાખીને ઊભા હતા. લાગ્યું, આ પહેલાં અહીં અનેક વાર આવ્યા હશે. અહીંના પરિચિત હશે. પહેલી વાર આવનારનો ચહેરો અછાનો ભાગ્યે જ રહે. મેં તેમની સાથે વાત શરૂ કરી. વિજ્ઞાનના વિષયના ડૉક્ટર હતા. ડૉ. જગન્નાથ, ડિફેન્સ રિસર્ચમાં કામ કરેલું, પછી એક વિજ્ઞાન કૉલેજના આચાર્યપદે. હવે અહીં મણિપુરના પહાડોના આદિવાસી વિસ્તારમાં શિક્ષણ માટે એક આશ્રમ સ્થાપી સ્થાયી થવાના છે. આ વેષભૂષા અને આ મિશન! કદાચ અહીંના ખ્રિસ્તી મિશનરીઓના પ્રત્યુત્તરરૂપે એ દયાનંદના આર્યસમાજની ભૂમિકામાં કશુંક કરવા ઇચ્છતા હતા એમ લાગ્યું. થોડી વારમાં તો અહીંની ઘણી માહિતી આપી. અતડા અને અબોલ લાગેલા આ સજ્જન ઘણા મળતાવડા નીકળ્યા. ઇમ્ફાલની ટૂરિસ્ટ હોટેલમાં મને ઉતારી ગયા અને એના વ્યવસ્થાપકને મારી સંભાળ લેવાની ખાસ ભલામણ કરતા ગયા.

શહેરમાં પ્રવેશતાં જ લાગ્યું કે આ પણ એક શહેર જેવું શહેર છે. અને તે બહુ મોટું પણ નહીં. એકંદરે શાન્ત. આમ તો ઉમાશંકરભાઈની આંખે તે થોડું જોયું પણ હતું. હું તો અહીં કોઈને ઓળખું નહીં એટલે તેમણે જ અહીંના કળાસાહિત્ય ક્ષેત્રના અગ્રણી શ્રી નીલકાંત સિંઘ સાથે થોડા દિવસ પહેલાં જ પરિચય કરાવ્યો હતો. વળી અહીંના એક બીજા કવિ ડૉ. બાબુ સિંઘને પણ તેમણે પત્ર લખ્યો હતો. હોટેલમાંથી નીલકાંત સિંઘની ભાળ મેળવવા ડાન્સ અકાદમીમાં ફોન જોડ્યો, પણ કોઈએ ઉપાડ્યો નહીં, એટલે વિચાર્યું કે નગરચર્યા કરતાં કરતાં જ ડાન્સ અકાદમીએ પહોંચી જાઉં.

પાઓના બજારથી પગરિક્ષા કરી લીધી. સવારના દસ વાગ્યાનો સુમાર. જોઉં છું તો માર્ગ પર પુરુષો કરતાં સ્ત્રીઓની અવરજવર વધારે. પીઠે અને સ્કંધદેશે પથરાયેલા ખુલ્લા શ્યામ ચિક્કણ કેશની સન્નિધિમાં ગોરાં ગોરાં મોટાં મુખડાં. ઊજળાં રંગબેરંગી વસ્ત્રોમાં આવૃત. કાશ્મીરની સ્ત્રીઓ ગોરી ખરી, પણ તેમના ગોરા રંગમાં ફિક્કાશ

લાગે જ્યારે અહીં ઈષત્ તામ્ર દીપ્તિ. આ નારીઓમાં ચિત્રાંગદાનાં લક્ષણ ક્યાં શોધવાં? અર્જુન મણિપુર (મહાભારતના મણલૂર)માં આવ્યો ત્યારે આમ જ રસ્તે નીકળ્યો હશે અને એણે તો ત્યારે રાજદુહિતા ચારુદર્શના ચિત્રાંગદાને – દદર્શ પુરે તસ્મિન્ વિચરન્તી યદેચ્છયા – સ્વેચ્છયા નગરમાં ભમતી જોઈ હતી ને!

ખબરે ન પડી ને ડાન્સ અકાદમીનું મકાન આવી ગયું. પણ નીલકાંત સિંઘ ન મળે. બપોરના બે પછી કદાચ આવે. મારા આગમન અને આવાસ વિશે ત્યાં ચિઠ્ઠી મૂકી ફરી રસ્તા પર આવી ગયો. પૂર્વયોજના વિના જ હવે અહીં ભમવાનું હતું. વિચાર્યું ઉમાશંકરભાઈને પગલે પગલે ફરું તો! તો મોઈરાંગ અને ચુડાચાંદપુર જઈ આવવું જોઈએ. બસ-સ્ટૅન્ડે આવ્યો ત્યારે એક બસ પાસે કંડક્ટર જોરથી બોલતો હતો – મોઇરાંગ, ચુડાચાંદપુર...તરત આપણે તો બેસી ગયા.

ઇમ્ફાલ વટાવી બસ બહાર નીકળી. ચારે બાજુ ખેતર. ડાંગર કપાઈ ગઈ હતી. પશ્ચિમ તરફના ઉત્તર-દક્ષિણ, પડેલા પહાડની ઉપત્યકામાં બસ દક્ષિણ તરફ દોડી રહી હતી, બિલકુલ ‘દેશી’ બસ, બસમાં સ્ત્રીઓની સંખ્યા ભરપૂર. એક કન્યા મારી પાસેની થોડી જગ્યા પર દબાઈને સંકોચરહિત બેસી પડી. રસ્તે જતાં જોયું, નાનાં ગામને પાદર નાનાં તળાવ આવે. તળાવ-કાંઠે સ્ત્રીઓ કપડાં ધોતી હોય, નહાતી હોય. ત્યાં આ દૃશ્ય બહુ સાધારણ લાગ્યું. મને રવીન્દ્રનાથની રૂપસી ચિત્રાંગદા યાદ આવી, અલબત્ત અર્જુને એને ‘નિર્જન’ સરોવરતટે જોઈ હતી. બોલી ઊઠ્યો હતો :

કાહારે હેરિલામ! આહા!સે કિ સત્ય, સે કિ માયા,સે કિ કાયા,સે કિ સુવર્ણકિરણે રંજિત છાયા!

નિર્જન સરોવરતટ, રૂપસી ચિત્રા. અર્જુનને પછી વ્રત-તપ બધું મિથ્યા ભાસ્યું હતું. પણ મને તો વારે વારે ઊછળતી, પછડાતી બસ કલ્પનાલોકમાંથી પાછી લાવતી હતી. મૃત્યુલોકમાં, જ્યાં માયા કે છાયાનો પ્રશ્ન નહોતો. સહજ સાધારણતા હતી.

બપોરના સમયે પણ ખુશનુમા હવા હતી, નાનાં સ્થળોએ સ્ટૉપ કરતી કરતી બસે રમણીય ચઢાવ ચઢવા માંડ્યો. રમણીયતા આંખને ગમે, ચારે બાજુ પહાડ. ચુડાચાંદપુર આવી ગયું હતું. પહાડના ઢોળાવ પર વસેલું હતું. એકમાત્ર ઊભી સડક દક્ષિણ તરફ જતી હતી. અહીંથી મિઝોરમ તરફ જવાય. બપોરે સડક પર આછી અવરજવર હતી. રંગીન પરિધાનમાં ઊજળી, સ્વસ્થ મિઝો કન્યાઓ જોવી ગમતી હતી. થોડી વારમાં તો આખા ગામની પ્રદક્ષિણા કરી લીધી. મણિપુરના દક્ષિણ છેવાડાનું આ ગામ. અજાણ્યા

અને એકાકી યાત્રી તરીકે ભમવાનો પણ એક આનંદ હતો. એટલામાં જોયું – એક બસ આવીને ઊભી. ઇમ્ફાલ તરફ જતી હતી. બેસી ગયો અને રસ્તે મોઇરાંગ ઊતરી ગયો.

ચાની વેળા થઈ ગઈ હતી. ગામના આ ગોંદરે સડકની બાજુમાં એક ઝૂંપડી-હોટેલ હતી. એક બાઈ માણસ તે ચલાવતી હતી. તરડાયેલા પાયાવાળી લાકડાની પાટલી પર બેસી બે જણ ચા પીતા હતા. હું તો પગ લંબાવી નીચેની સ્વચ્છ જમીન પર જ બેસી ગયો. પેલાઓમાંથી આ જોઈ એક જણ ઊભો થવા ગયો અને મને ઉપર બેસવા કહ્યું. મેં કહ્યું – બરાબર છે. પછી મને પૂછ્યું – ક્યાંથી આવો છે? કેમ આવવું થયું? મેં કહ્યું – દૂર આથમણે છેડેથી આવું છું તમારો મુલક જોવા. પૂછનાર ખૂબ રાજી થયા. એ શિક્ષક હતા. એ પણ એક સિંઘ હતા. મોઇરાંગ વિશેનો આખો ઇતિહાસ સપ્રેમ બોલી ગયા. તેમાં ખંબા-થોઈબીની વાત કરવાનું ના ભૂલ્યા.

ખંબા-થોઈબી, ઉમાશંકરભાઈએ ‘ઈશાન ભારત’માં એ વિશે વાત કરી જ છે. મોઇરાંગની જ નહીં, સમગ્ર મણિપુરમાં અતિપ્રિય જનજનમાં વ્યાપ્ત પ્રણયકથા છે. એ પ્રણયકથાની ઘટનાભૂમિ આ મોઇરાંગ. ખંબા-થોઈબીનું નૃત્ય મણિપુરનું અતિ પ્રસિદ્ધ નૃત્ય છે. અનેક કવિઓએ પણ એની જુદે જુદે રૂપે રચના કરી છે. શ્રી સિંઘે મને લોકતાક સરોવરની ભવ્યતા અને સુંદરતા જોવા સેન્દ્રા હિલ સુધી જવા કહ્યું. તેમણે એક રિક્ષાવાળાને બોલાવી ભાવતાલ નક્કી કરી મને ત્યાં લઈ જવા કહ્યું, ‘હું આટલામાં જ હોઈશ, કંઈ મુશ્કેલી પડે તો કહેજો.’

પવન સામી દિશામાં હતો અને રસ્તો લગભગ ઊખડી ગયેલો. થોડી વારમાં તો લોકતાક સરોવરનો વિસ્તાર શરૂ થઈ ગયો. સામે ઊંચી ટેકરી દેખાતી હતી તે સેન્દ્રા હિલ. સડકની એક બાજુના સરોવર ભાગમાં પાણી હતું, બીજી બાજુએ પાણી સુકાઈ ગયું હતું. સામે માછીમાર સ્ત્રીઓ મળી. માથે ટોપલી, ખભે માછલાં પકડવાની જાળ. વચ્ચે પ્રવાસીઓનું એક સ્ટેશનવૅગન ખોટકાઈ પડ્યું હતું. પહાડીની તળેટીમાં રિક્ષા ઊભી રહી. સૂસવાતા વાયરામાં જેમ જેમ હું ઢાળ ચઢતો ગયો તેમ તેમ સરોવર ખૂલતું ગયું. દૂર દૂર સુધી વિસ્તરેલાં વારિ. એમ કહી શકાય કે સરોવરની વચ્ચે સેન્દ્રા હિલ છે. ચોમાસામાં તો બધું ભરાઈ જતું હશે. ઇમ્ફાલની ભાગોળે વહેતી ઇમ્ફાલ નામે જે નદી, એ તે આ સરોવરને આવીને મળે છે અને પાછી આ સરોવરમાંથી બહાર નીકળી આગળ વહે છે કાશ્મીરની જેલમ વુલર સરોવરને મળી, વુલરમાંથી બહાર નીકળે છે તેમ. આ ટેકરી સરસ મઝાની છે. અહીં ઉપર ગેસ્ટહાઉસ છે અને તેથી જરા ઊંચે વ્યૂપૉઈન્ટ છે.

પવનમાં મારાં વસ્ત્રો અને વાળ ઊડતાં હતાં. વ્યૂપોઈન્ટથી ચારે તરફ હું જોતો હતો. થોડીવાર ઊભા રહી આસપાસની મનોરમતા આંખમાં ભરી લઈ ઢાળ ઊતરી ગયો.

મોઇરાંગમાં ઇન્ડિયન નૅશનલ આર્મીનું એક સ્મારક છે. સુભાષચંદ્રની સેના અહીં સુધી આવી હતી અને અહીં તિરંગો ફરક્યો હતો. ત્યાં જઈ આવ્યો. મોઈરાંગ ગામમાં જવાની ઇચ્છા હતી, પણ હવે ઇમ્ફાલ જતી છેલ્લી બસ પકડવી જોઈએ. નહીંતર મોઇરાંગમાં જ રાત રહેવું પડે, અને એ ઉતાવળમાં ખંબા-થોઈબીનું થાનક જોવાનું ચૂકી જવાયું

સૂરજ આથમવાને ટાણે તો ઇમ્ફાલની સડક પર એકાકી ચાલી રહ્યો હતો. એમ તો હજી સાડા પાંચ ભાગ્યે જ થયા હશે. ઇમ્ફાલની પશ્ચિમે આવેલા પહાડ પર લાલ ટશરો હતી. આવે ટાણે અજાણી ભોમકા પર એકાકી ભમનારની એક વિશેષ મનઃસ્થિતિ હોય છે. અહીં જાણે કોઈ ઓળખતું નથી. તમે છો કે નથી તેની કોઈને નોંધ નથી. ગોલ્ડસ્મિથના યાત્રિકની જેમ – 'રિમોટ, અનફ્રેન્ડેડ મેલંકલી, સ્લો.' ના, સાવ એવો તો મૂડ નથી, 'મૅલંકલી' તો નહીં જ. તેમ છતાં – 'ઘર તજી ભમું હું દૂર! સ્વજનહીન ઉર ભરાઈ આવે...'

આમ હું જતો હતો અને ત્યાં એક પાટિયું જોયું – મણિપુરી સાહિત્ય પરિષદ. મણિપુરી તિબેટી-બર્મી ભાષાપરિવારની ભાષા છે, પણ લખાય છે બંગાળી લિપિમાં.

અહીં જેવો પરિષદના કાર્યાલયમાં પ્રવેશ કરું છું તો સામે નીલકાંત સિંઘ. તેમની સાથે વાત પૂરી કરું તે પહેલાં ધસમસતાં આવી કોઈ પૂછી રહ્યું – 'તમે તો શ્રી પટેલ નહીં?' એ ડૉ. બાબુ સિંઘ હતા. આ આકસ્મિક મિલન આનંદપ્રદ બની રહ્યું. ઇમ્ફાલમાં તે દિવસોમાં ઑલ મણિપુર ડ્રામા-ફેસ્ટિવલ ચાલતો હતો. રોજ એક નાટક ભજવાતું. આજે બારમો દિવસ હતો. ડૉ. બાબુ સિંઘે સ્ટેટ કલા અકાદમીના સેક્રેટરી શ્રી મણિહાર સિંઘ પર પત્ર લખી આપ્યો અને સાત વાગ્યે એરિયન થિયેટર પર પહોંચી જવા કહ્યું.

આજે બધું અચાનક અણધાર્યું બનતું જતું હતું. સવારમાં જ મારા 'ચાન્સિસ' સારા નહોતા છતાં છેક છેલ્લે સિલ્ચરથી ઇમ્ફાલની વિમાની ટિકિટ અચાનક ઓ.કે. થઈ. અચાનક મળ્યા ડૉ. જગન્નાથ. અચાનક જ ગયો ચુડાચાંદપુર અને મોઇરાંગ, અને અચાનક જ આવી ચઢ્યો મણિપુર સાહિત્ય પરિષદની ઑફિસે. મને તો અહીં ઑફિસ છે તેનીય ખબર નહોતી. અહીં અચાનક મળી ગયા શ્રી નીલકાંત સિંઘ અને શ્રી બાબુ

સિંઘ અને અચાનક જ ગોઠવાઈ ગયું મણિપુરના નાટયોત્સવમાં સમ્મિલિત થવાનું. કવિ અજ્ઞેયની પંક્તિઓ યાદ આવતી હતી. :

ચલો ખોલ દો નાવચુપચાપજિધર બહતી હૈબહને દો.

આજે જાણે નાવ છુટ્ટી મૂકી દીધી હતી, પણ તે બરાબર દિશામાં જતી લાગી, અને અણધાર્યાનો એક જે આનંદ, તે તો હતો જ.

હોટેલથી ચાલતો ચાલતો જ એરિયન થિયેટરને રસ્તે ચાલ્યો. લાઇટ જતી રહેવાથી રસ્તા પર અંધારું હતું. ત્યાં જોયું ટમટમતા દીવાઓને અજવાળે પગથી પર ભરાયેલું નાનકડું હાટબજાર. અંધારામાં તે કાવ્યાત્મક લાગતું હતું. એક પુલ ઓળંગી થિયેટર પહોંચ્યો. લાઇટ ન હોવાને કારણે નાટક શરૂ થવામાં વિલંબ થાય તેમ હતું. ઑફિસમાં પેટ્રોમેક્સના અજવાળે કલા અકાદમીના સેક્રેટરી- આસિ. સેક્રેટરી મળ્યા. કહે, તમારી રાહ જોતા હતા. અહીં મારા આવવા વિશે દિલ્હીથી સાહિત્ય અકાદમીનો પત્ર હતો. આમ અણધારી મુલાકાત થઈ જવાથી એ પણ અત્યંત રાજી થયા, વિશેષ તો આ નાટયોત્સવમાં હું હાજર રહ્યો તેથી

શ્રી મણિહાર સિંઘે આ ડ્રામા-ફેસ્ટિવલની વાત કરી. આ ફેસ્ટિવલમાં આખા મણિપુરની નાટકમંડળીઓ ભાગ લે છે. આ વખતે અઢાર મંડળીઓ ભાગ લઈ રહી છે. (આખા મણિપુર રાજ્યની વસ્તી અમદાવાદ કરતાં અડધી જ.) ફેબ્રુઆરીની ૨૧મીથી આ ફેસ્ટિવલ શરૂ થયો છે, માર્ચની ૧૩મી સુધી ચાલશે. ૧૪મીથી શરૂ થશે બૅલે મહોત્સવ. મને કહે – તમે થોડું રોકાઈ જાઓ. હોળીના દિવસ સુધી તો ખાસ. મણિપુર નૃત્યો એટલે શું, મણિપુરના ઉત્સવ એટલે શું – એ તમને ખ્યાલમાં આવી જશે. હોળીને અઠવાડિયાની વાર હતી. હોળી વખતે આખું મણિપુર નાચતું હોય છે, રંગ ઉડાડતું હોય છે. પ્રસિદ્ધ મણિપુરી નૃત્ય રાસલીલાનાં મોહક દશ્યો ઠેર ઠેર દેખાય છે. મણિપુરી રાસલીલાનું નૃત્ય – રવીન્દ્રનાથે મણિપુરની સીમાઓમાંથી તેને બહાર કાઢી વિશ્વપ્રતિષ્ઠા અપાવી હતી. મને ઝવેરી બહેનો યાદ આવી. અમદાવાદમાં તેમનાં આ રાસલીલાનાં નૃત્ય જોયાનું સ્મરણ છે. અઠવાડિયા પછી અહીં આવવાનું થયું હોત તો રંગ રહી જાત.

આજના નાટકનું નામ હતું ‘ઇંગાલૈ.’ નાટકમાં એવી વાત આવે છે, શ્રી મણિહાર સિંઘે મને કહ્યું, કે મણિપુરનો એક રાજકુમાર એક આઓ નાગા સરદારને ત્યાં છૂપા વેશે જાય છે, સરદારે રાજકુમારના પિતાનું માથું કાપીને પોતાને ત્યાં રાખ્યું હતું તે લઈ આવવા. તે પકડાઈ જાય છે. બીજા નાગાઓ તેને મારી નાખવા તત્પર છે, પણ સરદાર ના પાડે છે.

સરદારની છોકરી ઇંગાલૈ તેના પ્રેમમાં પડે છે. રાજકુમાર તેની સાથે લગ્ન કરવાનું વચન આપી, પિતાના સંતાડી રાખેલા મસ્તક સાથે ઇંગાલૈને લઈને પોતાના રાજ્યમાં ભાગી છૂટે છે. પણ પુરોહિતો રાજકુમારને નાગકન્યા સાથે લગ્ન કરવાની ના પાડે છે. રાજકુમાર ગાદી છોડવા તૈયાર થાય છે, પણ છેવટે ઇંગાલૈ, જે એક દેવીનો અવતાર હતી તે અલોપ થઈ જાય છે.

પરદો ઊપડ્યો. એક નાગાપ્રદેશમાં. નાગભૂમિનું આબેહૂબ એગ્ઝૉટિક દૃશ્ય. ઢોલ, ચિચિયારીઓ વચ્ચે પૂજાવિધિ અને પછી નાગાનૃત્યની રમઝટ વચ્ચે અધમૂઈ સ્થિતિમાં બાંધેલી હાલતમાં લઈ આવતા રાજકુમારનો પ્રવેશ. સરદારની કૃપાથી જીવતા રહેવા પામેલા રાજકુમારને ઇંગાલૈ જનાન્તિકે કહેતી જાય છે, 'તું એક જંગલી આખલા જેવો છે, એકલો એકલો રઝળે છે. હવે હું તને મારા ઘરમાં બાંધી રાખીશ.' સુંદર અભિનય, નાટક પરંપરાગત લાગે. આપણી જૂની ધંધાદારી રંગભૂમિ જેવી પરદાની સીનસીનરી પણ હતી. મણિપુરી ભાષા સાંભળવાનો આનંદ હતો, કશું સમજાય નહીં – અને એટલે પ્રસંગના અનુલક્ષમાં શું અર્થ હશે તેનું અનુમાન કરવાની મઝા આવે. ઇંગાલૈનું એક રુદનગીત તો ન સમજાવા છતાં હૃદય-સોંસરું ઊતરી જતું લાગ્યું. અંતમાં જતાં નાટક મેલોડ્રામૅટિક પણ લાગે. નાટક પૂરું થતાં રંગમંચ પર જઈને દિગ્દર્શક અને અભિનેતાઓને મળ્યો. અભિનંદન આપ્યા, ઇંગાલૈનો પાઠ કરનાર કુ. સનાહની દેવીને નમસ્કાર કર્યા. હજી એક દિવસ હું ઇમ્ફાલ રોકાવાનો હતો. મને આવતી કાલે પણ નાટક જોવાનું આગ્રહભર્યું નિમંત્રણ મળ્યું. મોડી રાત સુધી નાગાનૃત્ય અને ઇંગાલૈનો વિલાપ પીછો કરતાં રહ્યાં.

બીજે દિવસે સવારે હું સ્ટેટ કલા અકાદમીની ઑફિસે જવા નીકળ્યો. ઑફિસ, શાળા-કૉલેજનો સમય. લોકોની અવરજવર વધી ગઈ હતી, યાંત્રિક વાહનો કરતાં પગરિક્ષાઓ અને સાઇકલો વધારે હતી. એવું લાગે કે ઇમ્ફાલ સાઇકલ પર વધારે ચાલે છે. ઘરમાં બે- ત્રણ સાઇકલ તો હોય જ. પાણીમાં હોડી સરતી હોય તેમ સડક પર સ્નિગ્ધ રીતે સરકી જતી. સાઇકલ પર મણિપુરી કન્યાઓને રંગબેરંગી વસ્ત્રોમાં જોવી એક વિરલ અનુભવ હતો. હું તો જોતો જ રહ્યો. ઇમ્ફાલ રંગઘેલું લાગે. રંગો પણ ઘેરા અને એકદમ કૉન્ટ્રાસ્ટ રચતા. ત્રણ કન્યાઓ સાથે જતી હોય તો ઓછામાં ઓછા દસબાર રંગ આંખમાં અંજાઈ જાય. એક 'ફનેક'માં જ અનેક રંગપટ્ટીઓ દેખાય. ફનેક કમર નીચે પહેરવાનું વસ્ત્ર. કમરે સુંદર રીતે એક બાજુ કલાત્મક ગાંઠ ઉપસાવીને

પહેરેલું હોય. તેના વિવિધ રંગ, કલાત્મક બોર્ડર હોય. મોટે ભાગે તો હાથશાળ ઉપર જાતે જ વણી લીધું હોય. ફનેક ઉપર 'કુરિત્' – બ્લાઉઝ કહી શકાય – એનો રંગ વળી ફનેક સાથે કૉન્ટ્રાસ્ટમાં હોય. ઘણી કન્યાઓએ ફનેક અને કુરિત્ ઉપર 'ઇન્નફિ' એટલે નયનરમ્ય ચાદર નાખેલી હોય. ફેનેક, કુરિત્ અને ઈન્નફિ – એટલે રંગરંગ વાદળિયાંની ઝલક. આ રંગો વચ્ચેથી ગોરાં બદન ઝલકતાં હોય, ખુલ્લા કાળા કેશ બરડા પર વીખરાયેલા હોય – બહુ જ ઓછી સ્ત્રીઓના કેશ ગૂંથેલા જોયા. ઘડીભર તો કાળી ડામરની સડક વહેતી નદી બની ગઈ અને આ કન્યાઓ તેમાં વહી જતી રંગીન જલપંખિણીઓ! આંખોમાં રંગનાં કંઈ કેટલાંય વલયો બિંબિત થતાં ગયા :

આહ! સે કિ સત્ય, સે કિ માયા...સે કિ સુવર્ણકિરણે રંજિત છાયા

સમય થંભી ગયો કે પછી કોઈએ જાદુઈ છડી ફેરવીને મને સ્તબ્ધ, સ્થિર કરી દીધો હતો! આ તો કામરૂદેશ.

આમ તો કામરૂ, કામરૂપ અસમ પ્રદેશને માટે પ્રયોજાય છે. અસમમાં કામરૂપ જિલ્લો પણ છે અને ત્યાંની કામાખ્યા દેવી સંદર્ભે એવી આખ્યાયિકા પણ છે. મને તો કામરૂદેશ એટલે આ મણિપુર જ યાદ આવે છે. મણિપુરમાં ઘણે ક્ષેત્રે પુરુષો જ છે, છતાં નારીના મુક્ત દરજ્જાને લીધે ત્રિયા રાજ્યની છાપ ઊઠતી હશે. આમેય ભારતીય ઇતિહાસની મુખ્ય ધારાથી, સાંસ્કૃતિક, સામાજિક કે ધાર્મિક, મણિપુરની ધારા અલગ છે. ભલે મણિપુરીઓને કોઈ અર્જુનના વંશજ કહે, કેમ કે અર્જુને ચિત્રાંગદાના પિતાની શરત અનુસાર ચિત્રાંગદાને અને તેનાથી થયેલા પુત્ર બભ્રુવાહનને ત્યાં જ રહેવા દીધાં હતાં. મહાભારતના અશ્વમેધપર્વમાં અર્જુનને એ જ બભ્રુવાહનને હાથે ક્ષણમૃત્યુનો અનુભવ થાય છે. પણ મણિપુરવાસીઓના ચહેરા મૉંગોલિયન લાગે છે. પ્રસિદ્ધ ભાષાતત્ત્વવિદ્ સુનીતિકુમાર ચેટરજી તેમને, એટલે, કિરાત જાતિના ગણે છે. એકલા મણિપુરની જ નહીં, સમગ્ર અસમ પ્રદેશની – પૂર્વોત્તરની સંસ્કૃતિને તેમની જેમ કિરાત સંસ્કૃતિ ગણવાના પક્ષના કવિ, નવકાન્ત ગુવાહાટીમાં મળ્યા હતા.

મણિપુરની ચારે તરફ પર્વતો છે. પર્વતો પર જુદી જુદી ટોળીની આદિવાસી પ્રજાઓ વસતી આવી છે. નાગ, કુકી, મિઝો. ખીણમાં ઇમ્ફાલ વસેલું છે. ખીણના વાસીઓ "મૈતેઈ" તરીકે ઓળખાય છે. પર્વતવાસીઓ અને ખીણવાસીઓના સંઘર્ષો પણ જાણીતા છે. 'ઇંગાલૈ' નાટકમાં એવા એક સંઘર્ષ અને સમન્વયની વાત છે. આજે મણિપુરની દક્ષિણ સીમા મિઝોરમને અડકે છે, ઉત્તર સીમા નાગાલૅન્ડને અડકે છે. જરા

પૂર્વમાં છે બર્મા. બર્માનો પણ ઘણો પ્રભાવ છે મણિપુર પર. આ ભાતીગળ સંસ્કૃતિ ધરાવતા મુલકની વાત કરીએ ત્યારે ઘણી વાર ઘણી વિરોધી સ્થિતિઓ દેખાય. એક બાજુ ભારતીય ઇતિહાસની મુખ્ય પ્રવાહની અલગ ભાષા, સંસ્કૃતિ, સમાજ અને બીજી બાજુ વૈષ્ણવ ભક્તિધારા. તે એટલે સુધી કે કીર્તન તો બંગાળીમાં જ થાય, મણિપુરીમાં નહીં. અઢારમી સદીમાં વૈષ્ણવ ધર્મ ત્યાં વ્યાપક બન્યો. ઇમ્ફાલ તો ગોવિંદજીનું થાનક. રાજર્ષિ ભાગ્યચંદ્રે કેવી રીતે આ ગોવિંદજીની સ્થાપના કરી કે ગોવિંદજીએ ભાગ્યચંદ્ર દ્વારા પોતાની સ્થાપના કરાવી તેની રસિક દંતકથા છે. રાજર્ષિના સમયથી રાસલીલા નૃત્યનો આરંભ થયો અને હોળીનો ઉત્સવ સૌથી મોટો તહેવાર બન્યો. ચૈતન્ય મહાપ્રભુના જન્મ સાથે એ સંકળાયેલો છે. અનેક સ્ત્રી-પુરુષોને લાંબાં વૈષ્ણવ તિલકો સાથે જોઈ શકો.

અને તેમ છતાં મણિપુરના બુદ્ધિજીવીઓ માટે આજે એક જાતની ‘આઇડેન્ટિટી ક્રાઇસિસ’ છે. તેમને લાગે છે કે ભારતીય સાંસ્કૃતિક પરંપરા સાથે તેમનો સંબંધ સહજ સ્વાભાવિક નથી, અને આપણેય ભારતવર્ષનો ઇતિહાસ જ્યારે ભણીએ છીએ ત્યારે ઈ.સ.ના પહેલાં સૈકાથી ચાલતા આવેલા આ રાજ્ય વિશે ક્યાંય કશું ભણીએ છીએ? હજુ હમણાં સુધી ભારતવર્ષનો ઇતિહાસ એટલે ઉત્તર ભારતનો ઇતિહાસ હતો. હવે દક્ષિણનો સમાવેશ થયો છે. પણ આ ઉત્તર-પૂર્વનો? કદાચ અંગ્રેજોએ મણિપુરને ન જીતી લીધું હોત તો એને ભારતના એક ભાગ તરીકે ગણવાની વાર લાગી હોત. મણિપુરમાં વૈષ્ણવ ભક્તિધારાએ ઘણું મોટું કામ કર્યું છે તેમ છતાં અળગાપણાની આ લાગણી ત્યાંના મિત્રોની વાતચીતમાં ક્વચિત્ ઊપસી આવતી. કોહિમામાં મને પ્રો. કુમારે તો પૂછયું પણ હતું કે તમે ત્યાંનાં લોકોની આંખમાં તમારા પ્રત્યેનો એક જાતની ઉદાસીનતાનો ભાવ વાંચી શકેલા?

વળી સમગ્ર મણિપુરની સંસ્કૃતિની વાત કરવી હોય તો ત્યાંથી વિભિન્ન આદિવાસી પ્રજાઓની પોતીકી જીવનરીતિની વાત ઉમેરવી જોઈએ. નાનીમોટી આવી ઓગણત્રીસ જેટલી આદિવાસી જાતિઓ છે. તેમાંની કેટલીકનો તો ઇમ્ફાલ જેવા શહેર સાથે સંપર્ક જોવા મળે. મણિપુરીઓ વચ્ચે નાગ કે મિઝો કુકી દેખાઈ જાય. આ જાતિઓમાં આધુનિકીકરણની પ્રક્રિયા ઝડપથી થઈ રહી છે. તેમ છતાં તેમના પરંપરાગત ઉત્સવો અને નૃત્યો હજી જીવંત સ્થિતિમાં છે. મણિપુરનાં લાઈ હરાઓબા નૃત્ય, ખંબાથોઈબી નૃત્ય, રાસલીલા નૃત્યની સાથે કાબુઈ નાગા નૃત્ય, માઓ મરામ નૃત્ય, તાંખુલ નાગા

નૃત્ય, થડૌ કુકી નૃત્ય આદિ આદિવાસી પ્રજાનાં નૃત્યોની એક આગવી રીતિ છે, જેમાં આદિવાસી પ્રજાની આદિમતાની મહેક મળી રહે. ગુજરાત-મધ્ય પ્રદેશના આદિવાસીઓનાં નૃત્યોમાં પણ એક બળવાન દેહલય જોવા મળે જ છે ને!

જોતો, વિચારતો, ચાલતો, હું સ્ટેટ કલા અકાદમીમાં પહોંચ્યો. અકાદમી મણિપુરી અને અંગ્રેજીમાં અહીંનાં સાહિત્ય-સંસ્કૃતિ વિશે પ્રકાશનો કરે છે. અંગ્રેજીમાં એક ત્રિમાસિક (ક્વાર્ટર્લી જર્નલ) પ્રગટ કરે છે, જેમાં મણિપુરી સાહિત્ય વિશેનાં લેખ અને કવિતા, નાટક, કથા આદિના અંગ્રેજી અનુવાદ હોય છે. તેમણે મને કેટલાક અંક આપ્યા. મને યાદ આવ્યું કે કેરલ સાહિત્ય અકાદમી પણ અંગ્રેજીમાં 'મલયાલમ લિટરરી સરવે' નામનું ત્રૈમાસિક કાઢે છે. ઓડિયા સાહિત્ય વિશે ત્રિમાસિક 'ભુવનેશ્વર રિવ્યૂ' નીકળતું. ગુજરાતી સાહિત્ય વિશે અંગ્રેજીમાં એક ત્રૈમાસિક કે અર્ધવાર્ષિક ન કાઢી શકાય? વિભિન્ન ભારતીય ભાષાઓના એકત્રિત મંચ પર પ્રમાણપુરઃસરનું આપણું પ્રતિનિધિત્વ આપણે કરી શકતા નથી. શ્રી મણિહાર સિંઘે તેમનાં બીજાં પ્રકાશનો પણ મને આપ્યાં.

ત્યાંથી ડાન્સ અકાદમીમાં આવ્યો. કિશોર-કિશોરીઓ પ્રાંગણમાં વૃક્ષોની છાયામાં કે ઓસરીમાં બેસી કોઈ ગાતાં હતાં કે નૃત્યની મુદ્રાઓ એકબીજાને બતાવતાં હતાં. તેમની પરીક્ષાઓ ચાલતી હતી, તેની આ પૂર્વતૈયારીઓ હતી. પ્રાંગણમાં રંગબેરંગી પતંગિયાં ઊડતાં હોય એવું લાગે. શ્રી નીલકાંત સિંઘ અહીં મળ્યા. સંસ્થાનાં આચાર્યા રાજકુમારી વિનોદિની દેવીએ સંસ્થા બતાવી. એમણે કહ્યું – થોડા દિવસ રોકાઓ તો બતાવીએ કે મણિપુરી નૃત્ય એટલે શું?

બપોરનાં અહીંના એક અકાદમી પુરસ્કાર વિજેતા કવિને મળવા જવું હતું. સમરેન્દ્ર તેમનું નામ. શિક્ષણ વિભાગમાં અધિકારી છે. શ્રી નીલકાંત સિંઘની સાથે જ નીકળ્યો. તેમને પણ એ તરફ જવું હતું. ઊંચાં વૃક્ષો અને પુરાણી નહેરને કાંઠે અમે જતા હતા. પુરાણા ઇમ્ફાલ ફરતે પાણીની નહેર હતી. આમ તો તે પુરાઈ ગઈ હતી પણ થોડાં વર્ષો પૂર્વે અહીં આવેલા એક ગવર્નરશ્રીએ ફરીથી નહેરમાં પાણી વહેવડાવ્યાં. શ્રી સિંઘ ઇમ્ફાલનો ઈતિહાસ કહી રહ્યા હતા. રસ્તામાં એક બોર્ડ ઉપર ઇમ્ફાલથી મોરેહનું અંતર બતાવ્યું હતું. કહે – આ બર્મા રોડ. આ માર્ગે ચાલ્યા જાઓ એટલે બર્માની સરહદ આવે. હજી તો હું ત્યાં હતો અને મન તો બર્માની સરહદે ભટકતું હતું!

શ્રી સિંઘ ઊતરી ગયા. હું આગળ ચાલ્યો. ઇમ્ફાલ નદી આવી, તેનો પુલ પાર કરીને

પેલી મેર ગયો. પણ ત્યાં શિક્ષણ વિભાગ જડ્યો નહીં. ફરી પુલ પર આવ્યો. નદીકિનારે એક ઊંચું ભીમકાય પુરાણવૃક્ષ કપાઈ રહ્યું હતું. વૃક્ષ કપાતું હું જોઈ શકતો નથી. એક વૃક્ષ કપાઈ જાય પછી એ ખાલી પડેલો અવકાશ ખાવા ધાય છે, જે રોજબરોજના પરિચયનું એ વૃક્ષ હોય. આ વૃક્ષ તો કંઈકેટલાંય વર્ષોથી આ નદીમાં પોતાનો પડછાયો જોતું ઊભું હશે – કાલે એ નહીં હોય.

કવિ સમરેન્દ્ર પહેલી નજરે તો કવિ ન લાગે. ઑફિસમાં જઈને મેં કહ્યું કે મારે શ્રી સમરેન્દ્રસિંહને મળવું છે, તો એક દુર્બળ સરકારી મુખમુદ્રા ધરાવતી વ્યક્તિ આગળ આવી, અને મને બાજુની રૂમમાં લઈ ગઈ. એ જ સમરેન્દ્ર. કહે – શું કામ છે? તેમને મન કે હું કોઈ ઑફિસના કામકાજે આવ્યો છું. મેં કહ્યું – હું તો 'કવિ' સમરેન્દ્રને મળવા આવ્યો છું. પછી તો ધીમે ધીમે કવિ ઊઘડતા ગયા. તેમના કાવ્યસંગ્રહ 'મમાંફ્લેકાય થમ્બાલ શાતલે' (કમળ ખીલ્યું છે પેલી મેરને ગામ)ને અકાદમી પુરસ્કાર મળેલો. રૉમૅન્ટિક લાગતું શીર્ષક એક લોકગીતની પંક્તિ છે, પણ એ શીર્ષક કવિતા વ્યંગ્યાત્મક – સેટિરિકલ છે એમ કવિએ કહ્યું. આ કવિ અને વ્યંગ્ય?

(અહીં અમદાવાદ આવ્યા પછી મણિપુરી સ્ટેટ અકાદમીના એક ક્વાર્ટર્લી જર્નલમાં આ કાવ્યનો અંગ્રેજી અનુવાદ વાંચ્યો :

'પેલી મેરને ગામ એક કમળ ખીલ્યું છે. તેની આસપાસ ભમરા ગુંજારવ કરે છે. મણિપુરની સુવર્ણભૂમિ એક અજાયબ ભૂમિ બની ગઈ છે. છ લાખ મૈતેઈ બધા કામધંધે વળગી ગયા છે. જમણવારોના ભપકા ભવ્ય જલસા તેમણે છોડી દીધા છે. તેમના દીકરાના કર્ણવેધ પ્રસંગે હવે તેઓ માઈક્રોફોન લગાડતા નથી. કંટ્રાટીએ પોતાનો ઇરાદો બદલ્યો છે. કોઈ પણ રીતે આ પુલ બચાવવો જોઈએ. ઇજનેરે પણ પોતાનો ઇરાદો બદલ્યો છે. કોઈ પણ રીતે આપણા દેશને બચાવવો જોઈએ. આ મૈતેઈ દાક્તર જુઓ. હસતે મોંએ દર્દીની સેવા કરી રહ્યા છે. શિક્ષકે ફરીથી શિક્ષણકાર્યમાં મન પરોવ્યું છે. વિદ્યાર્થીઓ હવે પરીક્ષામાં ચોરી નથી કરતા અને શિક્ષક પર આક્રમણ પણ નથી કરતા...'

– આ તો જે સ્થિતિ હોવી જોઈએ તેની કલ્પના છે. અત્યારે તો તેથી ઊલટી સ્થિતિ જ પ્રવર્તમાન છે. આ દિવાસ્વપ્નમાં જ વ્યંગ રહેલો છે!)

અહીંથી મારે જવું હતું ટૂરિસ્ટ ઑફિસમાં. કવિએ ઑફિસની બહાર આવી માર્ગ બતાવ્યો. હું ટૂરિસ્ટ ઑફિસમાં પહોંચું તે પહેલાં સાઇકલ લઈને દોડતા આવ્યા. 'મેં

તમને "ટૂરિસ્ટ ઑફિસ" એવું બોર્ડ લગાવેલું જોવાનું કહેલું. પછી યાદ આવ્યું "ટૂરિસ્ટ ઇમ્ફર્મેશન સેન્ટર" એવું નામ છે. તમે ભુલાવામાં પડશો ધારી પાછળ દોડ્યો.' મને આ કવિ માટે માન થયું. પછી તો મને ત્યાંથી સાઇકલ સાથે ચાલતા ચાલતા સ્ત્રીઓના બજાર – લક્ષ્મીબજાર તરફ પણ માર્ગ બતાવી ગયા. કહે – 'બાર્ગેઈન કરજો.' સાઇકલ પર બેસી પાછા જતા એ દુર્બળ કવિને હું જોઈ રહ્યો.

લક્ષ્મીબજાર સ્ત્રીઓથી સંચાલિત છે. હારબંધ હાટ છે. મોટે ભાગે પ્રૌઢ વયની વૈષ્ણવ સ્ત્રીઓ દુકાન ચલાવતી હોય છે. બપોરે શરૂ થાય. સાંજે હાટ ઊઠી જાય. હાથવણાટનાં વસ્ત્ર, હસ્તઉદ્યોગની ચીજો અને રોજના વપરાશની વસ્તુઓ – મત્સ્ય શાકાદિ મળે. બજારમાં આંટા લગાવ્યા પછી હાથવણાટનું વસ્ત્ર ખરીદવાનું વિચાર્યું. મેં એક સ્થળે પસંદગીનું વસ્ત્ર બતાવી ભાવ પૂછ્યો. સંકેતથી, હસીને તે મહિલાએ પાંચેય આંગળીઓ ત્રણ વાર ઊંચકી, અર્થાત્ પંદર રૂપિયા. મેં પાંચેય આંગળીઓ બે વાર ઊંચકી. તેણે માથું હલાવ્યું, પાંચેય આંગળીઓ બે વાર ઊંચકી, પછી માત્ર ત્રણ આંગળીઓ. મેં આંગળીઓથી અગિયાર સૂચવ્યા. પછી તેણે બાર સૂચવ્યા. ત્યાં બાજુની દુકાનદાર મહિલા ખડખડાટ હસી પડી, હું ચકિત બની જોઈ રહ્યો. આપણી મજાક હતી, બીજું શું! જેની પાસેથી વસ્ત્ર લેતો હતો તેના હોઠ પર પણ આછું સ્મિત હતું. ભલે, હસો. મેં બાર રૂપિયામાં વસ્ત્ર ખરીદ્યું. પણ છેતરાયો હોઈશ એવું હજીય લાગે છે.

ઇમ્ફાલની વૉર સેમિટરી તરફ જવા નીકળ્યો, રસ્તે કેસૂડો ખીલી ઊઠયો હતો. નગર બહાર આવતાં જ ઇમ્ફાલની સુંદર સિચ્યુએશનનો ખ્યાલ આવ્યો. દક્ષિણ સિવાયની દિશામાં રમ્ય લાગતા પહાડ ઊભા હતા. અહીં નિર્જનતા હતી. પવનમાં જાણે વિલાપ કરતાં ઊંચા વાંસની વાડ વટાવી કબ્રસ્તાનમાં પ્રવેશ કર્યો. દરવાજે લખ્યું હતું : ઇમ્ફાલ વૉર સેમિટરી : ૧૯૩૯-૧૯૪૫. બીજા વિશ્વયુદ્ધ વેળાએ અહીં હણાયેલા પરદેશી સૈનિકોના અવશેષો પર હારબંધ એકસરખી કબરો છે. કબરો પરનાં એ મૃત સૈનિકોનાં નામ, તેમની વય અને મૃત્યુલેખ વાંચતા જઈએ અને પગ પર મણિકા મૂક્યાનો અનુભવ થાય. કોઈની વય ૨૪, કોઈની ૨૫ અને કોઈની તો માત્ર ૧૯. મોટે ભાગે ૧૯થી ૩૦ વર્ષના. એમની કબરો પરના મૃત્યુલેખોય હૃદયવિદારક –

– 'તમારી પત્ની તમને અહર્નિશ યાદ કરે છે.'– 'ફરીથી મળીશું આપણે, વહાલા.'— 'અનંત આરામમાં.'– 'અમારા વહાલસોયાની ભંડારાયેલી સ્મૃતિઓ.'– 'છેલ્લી સલામ બોલ્યા વિના જ ઈશ્વરના સામ્રાજ્યમાં ચાલ્યા ગયા'– 'વિશ્વને માટે તે એક

જ હતો, પણ મારે માટે તો તે જ આખું વિશ્વ હતો.'– 'હળવે ચાલો, મારો વહાલો અહીં સૂતો છે.'

હા, હળવેકથી ચાલીશ. સાંજના તડકામાં અને ક્યાંક વૃક્ષોની લાંબી થતી જતી છાયાઓમાં કબરો ચૂપ છે. વસંત છે, છતાં પાંદડાં હજી ખરી રહ્યાં છે. ધીમે પગલે હું પાછો વળી ગયો.

ફરી મુખ્ય સડક ઉપર, અહીંથી હવે ગોવિંદજીને મંદિરે જઈને શાતા વળશે. ગોવિંદજીનું મંદિર એટલે મણિપુરનું હૃદયકેન્દ્ર, સૂર્યાસ્તની આરતી વેળાએ પહોંચવું જોઈએ. પુરાણા ઇમ્ફાલને રસ્તે રિક્ષા ઉત્તર-દક્ષિણ માર્ગે જતી હતી. સુંદર સાંજ હતી. સૂરજ લાલ થતો જતો હતો. ગોવિંદજીનું મંદિર ઠીક ઠીક દૂર હતું. ધીરે ધીરે ઓછી અવરજવરનો માર્ગ શરૂ થયો. એક વિશાળ ખુલ્લી જગ્યા આવી. આ ગોવિંદજીનું પ્રવેશદ્વાર.

જેવો મંદિરમાં પ્રવેશું છું કે સંધ્યાઆરતીના ઘંટ બજી ઊઠ્યા. મનમાં, દેહે રોમાંચ વ્યાપી ગયો. મંદિરમાં જરાય ભીડ ન મળે. મને નાથદ્વારામાં ભીસી નાખતી ભીડ વચ્ચે શ્રીનાથજીની અલપઝલપ ઝાંખી કરી હતી તે યાદ આવ્યું. આ શ્રીનાથજીનું બીજું રૂપ ગોવિંદજી. પુરીમાં તેમનાં જગન્નાથ રૂપને જોયું હતું, દ્વારકામાં વળી એમનું દ્વારિકાધીશનું રૂપ. ગોવિંદજીના મંદિરની અડોઅડ વિશાળ મંડપ હતો. ત્યાં શાંતસ્વરે મૃદંગસહ કીર્તન થઈ રહ્યું હતું. આપોઆપ પ્રાર્થના થઈ જાય એવું વાતાવરણ હતું. સાંજ ઢળી. હું ઉતારે પહોંચી ગયો. આજે પણ નાટક જોવાનું હતું.

આજનું નાટક ઐતિહાસિક હતું. મણિપુર પર બર્મીઓનાં આક્રમણ અને અત્યાચારની ઘટનાઓ તેના કેન્દ્રમાં હતી. નાટકનું નામ હતું 'ચહિ તપેત્ ખુન્તાકપા' (પાયમાલીનાં સાત વર્ષ). નાટકમાં ત્રાસનાં ઘણાં દશ્યો હતાં. સીનસીનરીનો ઉપયોગ પણ હતો. ભજવણી સારી હતી. બન્ને દિવસનાં નાટકોમાં ત્રણ ત્રણ કલાક મણિપુરી સાંભળવા મળી. ભાષા સમજાય નહીં, ભાવ સમજાય. ભાષાનું માધુર્ય અનુભવાય.

વહેલી સવારે જાગી ગયો. આજે કોહિમા પહોંચવું જ જોઈએ. શ્રી કિશોર જાદવનો ટ્રંકકૉલ હતો. તેમણે ત્યાં 'થિંકર્સ ફૉરમ'ને ઉપક્રમે સાંજે ચાર વાગ્યે વાર્તાલાપ ગોઠવ્યો હતો. હોટેલના મૅનેજરે બસની ટિકિટ લાવી આપવાની જવાબદારી લીધી હતી, પણ તે ટિકિટ મેળવી શક્યા નહોતા. સવારે નાગાલૅન્ડ રોડવેઝના ડેપો પર ગયો, એક પણ સીટ ન મળે. ત્યાંથી પછી ચાર કિલોમીટર જેટલા અંતરે મણિપુર રોડવેઝના ડેપો પર ગયો.

અહીં બસમાં જગ્યા મળે તેવી આશા આપવામાં આવી હતી. મારી જેમ અનેક યાત્રીઓ રાહ જોતા હતા, તેમાં પ્રસન્ન રમતિયાળ આદિવાસી કન્યાઓને જોઈ આનંદ થતો હતો. કેટલી મુક્ત અકુંઠિત લાગતી હતી! મારી શોલ્ડરબૅગની ચેન ખુલ્લી હતી, તે જોઈ એકે આવીને બંધ કરવાનો પ્રયત્ન કર્યો, ક્લિપ ખસી, પણ ચેન વસાઈ નહીં. એટલે તે હસી રહી અને સાથે તેની સખીઓ પણ. મેં આભાર માની કહ્યું – એ ખુલ્લી જ રહે છે. એ ફરી હસી રહી.

થોડી વારે તપાસ કરતાં ખબર પડી કે બસ તો અહીંથી નીકળી ગઈ છે. ગામને છેડે નાગાલૅન્ડ રોડવેઝના પાસેના સ્ટૉપ પર જાઓ તો કદાચ મળે. પ્રસન્ન મન ખિન્ન થઈ ગયું. હવે? પણ એકાએક મનોમન એક નિર્ણય થયો – ચાલો, હવે શું થાય છે તે જોઈએ. કેવી રીતે કોહિમા પહોંચાય છે તે જોવાની મજા આવશે.

ચલો ખોલ દો નાવ…

હું મારી પ્રવૃત્તિઓનો તટસ્થ નિરીક્ષક બની ગયો. વ્યગ્રતા ચાલી ગઈ. બસ તો મળવાની નહોતી. કેમ કે છેલ્લામાં છેલ્લી બસ, જે સવારે આઠ વાગ્યે ઊપડે છે, તે ઊપડી ગઈ હતી.

એક ટ્રકવાળાને પૂછ્યું. ટ્રક દિમાપુર જતી હતી; કોહિમા થઈને. ડ્રાઇવરની કૅબિનમાં મને અને એક બીજા દિમાપુર જવા ઇચ્છતા બંગાળી સજ્જનને જગ્યા મળી ગઈ. ઇમ્ફાલનું પાદર વટાવતાં જ અતિ રમણીય વાંકોચૂકો પહાડી માર્ગ શરૂ થઈ ગયો.

*

# જેસલમેર

સ્ટાઉબ આઉફ સ્ટાઉબ ઉન્ટર સ્ટાઉબધૂળમાં ધૂળ ઉપર ધૂળ.
– એરિખ ક્રીડ.

જેસલમેરનો રંગ ઊંટનો રંગ છે. 'ઊંટ એ રણનું વહાણ છે' – એવું વાક્ય જૂની પાઠમાળામાં આવતું. ત્યારે વહાણની, દરિયાની કે રણની કોઈ કલ્પના ન હતી. ઊંટ જોયું હતું. પછી દરિયો જોયો, વહાણ પણ જોયું. પછી જ્યારે જેસલમેરના અફાટ રણવિસ્તારમાં ડામરની પાકી સડક પર દોડતી બસમાં બેઠાંબેઠાં આવતાં-જતાં ઊંટ જોયાં ત્યારે રૂપક બરાબર ઇન્દ્રિયગ્રાહ્ય બન્યું. જ્યારે આવા પાકા રસ્તા નહીં હોય, યાતાયાતનાં યાંત્રિક વાહનો નહીં હોય ત્યારે આ વિસ્તારની આરપાર લઈ જનાર ઊંટ જ હશે. આ મરુભૂમિ અનંત જલરાશિવાળા સાગર જેવી છે. જેસલમેરને જોતાં એવું થયું કે જાણે કોઈ વિરાટ ઊંટ પગ વાળી, ડોકનેય પીઠ ભણી વાળી લઈ બેસી પડયું છે તે બેસી પડ્યું છે – ઉજજડ ઊષર મરુભોમમાં. ધૂળની ડમરીઓ ચઢે છે અને એ ઊંટનો રંગ અને ધૂળનો રંગ એક થઈ ગયો છે.

જોધપુરથી જેસલમેર જતો માર્ગ જ મરુભૂમિનો અનુભવ કરાવી રહે છે. જોધપુરથી નીકળી રાત પ્રાચીન ઓશિયામાં રહેવાનું હતું, તે રસ્તામાં જ ભૂલા પડ્યા. રાત તો નીકળ્યા ત્યારે જ થઈ ગઈ હતી. બસમાંથી નીચે ઊતરી જ્યાં જોઈએ ત્યાં રેતના ઢૂવા અને ચીલા જ ચીલા. ભૂલા પડેલાઓના કેટલાક તો ચીલા. હવે? ઓશિયા દૂર તો ન હતું, પાછા જઈએ તો જોધપુર પણ દૂર ન હતું. ડિસેમ્બરની ઠંડીમાં આ રેતમાં પગ મૂકતાં બરફ પર ચાલવા જેવું લાગે. છેવટે માર્ગ મળ્યો.

ઓશિયા વિધ્વસ્ત નગર છે. ચારે બાજુએ રેત-રેત. રેતની વચ્ચે ગામ. ગામની

ભાગોળે મંદિરોનાં ખંડિયેરો – પડું પડું હાલતમાં તરછોડાયેલાં, ત્યજાયેલાં. અહીંનાં મંદિરોના સ્તંભોથી કુતુબની દિલ્હીની મસ્જિદ બની છે. ગામમાં જૈન મંદિરો હજી સચવાયાં છે, પણ જીર્ણોદ્ધારની પ્રક્રિયા તેમની 'પ્રાચીનતા'નોયે ઉદ્ધાર કરી દેશે. ઓશિયાથી જેસલમેરનો માર્ગ એટલે આક્ષિતિજ મરુભોમ. કાંટાળી ઝાડી, આંકડા અને આવળ-બાવળ.

એકાએક હરણ જોયું – અહીં હરણ? પછી તો હરણનાં ઝુંડનાં ઝુંડ જોયાં – વિસ્મયથી અમને જોતાં. રણભૂમિમાં હરણ, હવે મૃગતૃષ્ણાનો સંદર્ભસહિત અર્થ સમજાયો. અહીં પ્રવાસીઓને ઉનાળામાં ઝાંઝવાનાં જળ દેખાય છે. એકાએક પાણી દેખાય, હરિયાળી ભૂમિ દેખાય...થોડીવાર પછી કંઈ ના મળે. હરણ એવું જુએ એટલે ખરેખર જળ માનીને દોડે...દોડે...દોડે. દોડીને તરસે મરી જાય. સંસારીનું સુખ એટલે તો મૃગતૃષ્ણા જેવું કહ્યું છે કે ઝાંઝવાનાં નીર જેવું – ભ્રામક – કહ્યું છે ને! અને વળી જેસલમેર પાસેના જ રણવિસ્તારમાં મોટા કદનાં શાગુણા નામનાં પક્ષીઓ છે, તેમની જાતિ હવે તો વિલોપ પામવાની સ્થિતિમાં છે. સરકારે તેના શિકારની મનાઈ ફરમાવી છે, પણ એ દિવસોમાં સાઉદી એરેબિયાના શાહજાદાઓ એ પંખીનો શિકાર કરવા મરુભોમમાં વાયુ-અનુકૂલિત મોટર-ગાડીઓમાં આવીને પડાવ નાખી પડ્યા હતા. રસ્તાની ધારે ક્યાંક આછી-પાતળી વસ્તીવાળું ગામ આવી જાય. ક્યાંક ખેતરવાડી. રામદેવ પીરનું રણુંજા આવ્યું ત્યારે સાંજ પડવા આવી હતી. બધાની ઇચ્છા તો હતી કે સૂરજ આથમ્યા પહેલાં જેસલમેર પહોંચી જઈએ.

પણ બસ ધીમી પડી બાજુમાં જઈ ઊભી રહી ગઈ. પંકચર. દિવસ પણ ધાર્યા કરતાં જલ્દી ઢળી ગયો, હવે? અંધારા સાથે ટાઢ ઊતરતી જતી હતી. બહાર રસ્તા પર અમે ઊભા હતા. આસપાસ ચોપાસ ખુલ્લી મરુભોમ. તેમાં અમારા હોવાનો કોઈ મેળ સ્થપાતો ન હતો. અમારા અવાજો અહીં અજનબી હતા. પછી તો થોડાઘણા વરસાદના છાંટાથી ઊગેલું અને જાણે ઊગ્યા પહેલાં જ સુકાઈ ગયેલું કાંટાળું ઘાસ અમે સળગાવ્યું. દૂર દૂર સુધી આગની લાલ જ્યોતની આભા ફેલાઈ. ત્યાં ઉપર જોયું. ઝગારા મારતું હીરેમઢ્યું આકાશ. આકાશગંગા બરાબર દૂધગંગા લાગતી હતી. દૂધગંગામાં હંસ તરતો હતો. તેને એક કાંઠે દશરથ, બીજે કાંઠે કાવડ સાથે શ્રવણ. આ બાજુ ઉત્તરે ધ્રુવ અને દક્ષિણે અગસ્ત્ય દેખાતા હતા. મૃગ દોડતાં દોડતાં ઊભું રહી ગયું હતું. પછી તો જેસલમેરમાં

છેક મધરાતે પ્રવેશ થયો અમારો. નગરની વચ્ચોવચ આવેલા મહાવીરભવનમાં શ્રમિત યાત્રિકોની ભારે ભીડ વચ્ચે ઊંઘી ગયા.

વહેલી સવારમાં ટાઢમાં ધ્રૂજતી મુલ્લાંની બાંગથી જાગી જવાયું. વહેલા પરવારવું જોઈશે. ભીડમાં પછી પત્તો નહીં ખાય. શીતલ જલથી સ્નાન કરતાં ક્ષણેક તો દેહભાવ જતો રહ્યો હતો. થોડી વાર પછી ટાઢ ઉડાડતો સૂરજ ઊગ્યો. અમે જેસલમેર ગામમાં હતા, જે ગઢની તળેટીમાં વસેલું છે. ગામમાંથી ગઢ ઉપર પહેલાં જવું એવું વિચાર્યું હતું.

મહાવીરભવનની બહાર આવ્યા. ભવનની જ હારમાં મોટી મોટી ઇમારતો ઊભી હતી. આગળ સાંકડી શેરી હતી. તડકામાં એ ઇમારતો શોભી ઊઠી હતી, શોભી ઊઠ્યાં હતા ઝરૂખા અને બારીઓ. તો એ તો પટુવાઓની – પટવાઓની પ્રસિદ્ધ હવેલીઓ હતી. એક-બે નહીં, પાંચ પાંચ હવેલીઓ છ છ માળ ઊંચી! આગળથી નખશિખ કોરણીવાળી. લાગ્યું તડકાથી એ નહીં, પણ તડકો એમનાથી શોભતો હતો.

અહીં આખી રાત અમારી બાજુમાં જ હવેલીઓ સૂતી હતી એની ખબર નહીં. અત્યારે તો બહારથી નજર કરી લઈ દુર્ગ ભણી ચાલ્યા. જેમ જેમ એ સાંકડા પથ્થરિયા માર્ગો પરથી પસાર થયા તેમ તેમ નવાઈ પામતા ગયા. એક એક ઘર ફરીને જોવું પડશે કે શું? જેમ ઘરમાત્રને દ્વાર હોય, તેમ ઘરમાત્રને કોરણીવાળો ઝરૂખો હોય કે બારી હોય. કોઈ જૂની ઇમારત હોય તો ફરી ફરીને જોવાય, પણ કોઈના ઘર સામે ટીકી ટીકીને જોવાય? ન જોવાય તોય જોવાઈ જાય. આમ તો આખું નગર જોવું પડશે. કોઈએ કહ્યું હતું કે આખું જેસલમેર જ એક મ્યુઝિયમ જાણે!

સાંકડી ગલીઓ અને બજાર વટાવી ગઢની તળેટીએ પહોંચી ગયા. પ્રસિદ્ધ જૈસાણ દુર્ગ સામે હતો. એક સમયમાં તો તે એટલો દુર્ગમ હતો કે એમ કહેવાતું :

ઘોડા કીજે કાઠ કા પિંડ કીજે પાષાણબખ્તર કીજે લોહ કા તબ દેખો જૈસાણ.

સામાન્ય ઘોડાનું તો ગજું જ નહીં, લાકડાનો ઘોડો જોઈએ જે થાકે જ નહીં અને ચાલીને જવું હોય તો પગની પિંડીઓને બદલે પથ્થર જોઈએ. શરીરની રક્ષા માટે લોઢાનું બખ્તર જોઈએ – આ સજ્જતા હોય તો જૈસાણના આ કિલ્લા લગી પહોંચાય. દુર્ગમ દુર્ગ આજે કેટલો સુ-ગમ બની ગયો છે.

કર્નલ ટોડે જેસલમેરના આ કિલ્લા વિશે એક કિંવદન્તી નોંધી છે. એક વાર દ્વાપરયુગમાં શ્રીકૃષ્ણ અને અર્જુન કોઈ એક મોટા યજ્ઞમાં હાજરી આપવા અહીં આવેલા. શ્રીકૃષ્ણે અર્જુનને કહેલું – મારા વંશજો અહીં આ ત્રિકુટાચલ પર દુર્ગ બનાવશે. અર્જુને

ત્યાંના ખારા પાણી વિશે ફરિયાદ કરી તો કૃષ્ણે ખડક પર સુદર્શન ચક્રનો ઘા કર્યો અને ખળ ખળ કરતું મીઠું પાણી વહી રહ્યું.

જે પર્વત પર આજે દુર્ગ છે, તે ત્રિકુટાચલ છે. જે મહારાવલે આ દુર્ગ બનાવ્યો અને જેમણે અહીં રાજ્ય કર્યું તે બધા પોતાને યદુવંશી કહેવડાવે છે. શ્રીકૃષ્ણના વંશજો તરીકે તેઓ ગર્વ ધરાવે છે. તેઓ બધા ભાટી રાજપૂતો તરીકે ઓળખાય છે. જેસલમેરની પાસે જ લોદ્રવા કરીને સ્થળ છે. તે અહીંની પ્રાચીન રાજધાની હતી, પણ પછી કોઈ સંતના કહેવાથી મહારાવલ જૈસલે અહીં બારમી સદીમાં આ દુર્ગ બનાવ્યો.

અલ્લાઉદ્દીને મહારાવલ જૈસલના પુત્ર પાસેથી જેસલમેરનો આ દુર્ગ આંચકી લીધો હતો, પછી સુલતાનની કૃપાથી પાછો મેળવ્યો. તે પછી તો હમણાં સુધી અનેક રાવલો આવ્યા અને ગયા. અનેક લડાઈઓ હાર્યા અને જીત્યા. આજેય ગઢ ઉપરના બંધ મહેલો પર યદુવંશી રાવલોનો ધ્વજ ઊડે છે. ગઢ ફરતી ત્રણ ત્રણ દીવાલો છે, સાપણની જેમ 'બલ ખાતી.' ગઢને નવ્વાણું બુરજો છે. બુરજે બુરજે ઝરૂખા છે. ગઢ ચઢવા માંડીએ એટલે ભૂતકાળ સામો આવે પણ આંખો મેળવીએ ન મેળવીએ ત્યાં બાજુમાંથી પસાર થઈ જાય, વર્તમાન સાથે રહે. દીવાલ પર મોટા કાળા અક્ષરે લખાણ જોવા મળે – 'બુખાર કૈસા ભી હો મલેરિયા હો સકતા હૈ. ખૂન કી જાંચ કરા કે કુનૈન કી ગોલિયાં મુફ્ત મેં લેં.' જમાને જમાને અહીં ઓછું 'ખૂન' રેડાયું હતું! પણ આજે તો લોહીમાં મલેરિયાનાં જંતુઓનો ભય છે. આ ત્રિકુટાચલ પર જરા આગળ જતાં ત્રિકોણની સંજ્ઞા સાથે સૂક્તિ છે : 'અગલા બચ્ચા અભી નહીં, તીન કે બાદ કભી નહીં.' મહારાવલ જૈસાણે આ લખવા દુર્ગ બનાવ્યો હતો! એટલે તો ભૂતકાળ મોં સંતાડતો ફરે છે.

મોટા દરવાજા આવ્યા, એક પછી એક. સૂરજપોલ, ગણેશપોલ, હવાપોલ. કબૂતરો ઊડતાં જણાય. આગળ જતાં જમણી બાજુની દીવાલો ઢગલો થઈ ગયેલી દેખાય, અને પરદેશી પ્રવાસીઓ આ માર્ગમાં ભેટી જાય. એ જ્યાં જોતા હતા ત્યાં નજર ગઈ, ગજ મહેલના પ્રસિદ્ધ ઝરૂખા પર તેમની નજર હતી. અમારી નજર ઝરૂખે બેસી નીચે જોવા લાગી.

એક ખુલ્લા ચોકમાં આવીને ઊભા રહેતાં રાજવી ઇમારતો ધ્યાન ખેંચી રહી. રંગ મહેલ, સર્વોત્તમ વિલાસ, ગજ વિલાસ, જનાના મહેલ, મોતી મહેલ. અહીંના મહારાવલોએ સમય સમય પર બંધાવેલાં ભવનોનાં બંધ ઝરૂખા, બારીઓ પર ધૂળ જામી પડી છે. ગજ વિલાસના ઝરૂખાઓની હાર આંખને મોહિત કરે છે. બારીક

કોતરકામ, વેલબુટ્ટાની જાળીઓ ઇસ્લામી શિલ્પશૈલીની અસર બતાવે છે. જનાના મહેલની ઘણીખરી બારીઓ 'પરફોરેટેડ' છે પથ્થરમાં, અલબત્ત સુંદર નકશીદાર ભાતમાં. તેમાંથી હવા-અજવાળું અંદર જાય.

અહીં ચોકમાં જ એક ઊંચો ઓટલો છે. ઓટલા પર આજેય આરસપહાણનું આસન છે. દશેરાના દિવસે અહીં દરબાર ભરાતો. અહીં આ ઓટલે ચઢવાનાં જે પગથિયાં છે, તે સતીઓનાં પગથિયાં ગણાય છે. અહીં જૌહરની જ્વાલાઓ એકાધિક વાર પ્રગટી હતી. અહીં આ મહેલના મુખ્ય બારણે એ સતીઓના હાથના થાપા છે. અહીં તલવારોની તાલી બજી હશે. તોખારો હણહણી ઊઠ્યા હશે. ભાટચારણોની બિરદાવલીઓએ માટીમાંથી મર્દ ઊભા કર્યા હશે. ડિંગલ ભાષાનાં ઝડઝમકવાળાં કવિત્તોમાં એવું જોમ છે. આ સમય પણ વીરગાથા કાળનો છે જ્યારે પ્રેમ અને શૌર્ય એ બે મહાન મૂલ્યો હતાં, જીવનમાં અને કવિતામાં પણ.

આ સમયમાં એવી નાયિકાઓ હતી, જે કહી શકે કે 'ભલું થયું કે મારો કંથ યુદ્ધમાં હણાયો. એ ભાગીને જો ઘેર આવ્યો હોત તો સખીઓને શું મોઢું બતાવત?' કે પછી 'હે પ્રિય, ખડગથી સાધેલું જ્યાં આપણને મળે તે દેશમાં જઈએ, યુદ્ધના દુકાળથી આપણે તો ભાંગી પડયાં, યુદ્ધ વિના આપણે અહીં નહીં વળીએ.'

અને પ્રેમ પણ એવો જ. પતિ તો પરદેશ હોય – પછી વિરહિણીઓના વિરહની વાત કેટકેટલી રીતે કહેવાય છે! આ ઝરૂખેથી દૂર દિગન્તમાં રાહ જોતી એ બેસી રહેતી હશે. કોઈ એક ચિત્ર યાદ આવે છે – જેમાં ભાલે, પત્ર બાંધીને એક અસવાર દોડતાં જતાં ઝરૂખે ઊભેલી તરુણીને પત્ર પહોંચાડે છે. સામંતયુગીન કવિતાની, કલાની એક અલાયદી ખુશબો છે.

અહીં જેસલમેરમાં એની કવિતાઓની કલાઓની પડખે જ જૈન મુનિવરો જ્ઞાનવૈરાગ્યની રચનાઓમાં, રચનાઓની પ્રતિલિપિઓમાં અને એમના સંગ્રહ અને એમની સુરક્ષામાં રત હશે. અહીં યુદ્ધ, કવિતા, કલા, ધર્મ બધાં સમાંતરે ચાલતાં રહ્યાં છે.

જેસલમેરમાં અહીં આટલે દૂર રાજસ્થાનને પણ છેક છેવાડે આવ્યા પછીયે એવું લાગ્યું નહીં કે ગુજરાતની બહાર છીએ. ગુજરાતી ભાષા જ સંભળાય. ગુજરાતી યાત્રીઓ જ્યાં ત્યાં જોવા મળે, વિશેષ કરીને જૈન. જેસલમેર જૈનોને માટે મોટી જાત્રા ગણાય. અહીં દુર્ગ પર સાતઆઠ જૈનમંદિરો છે. નીચે વસેલા નગરમાં પણ ઘણાં

જૈનમંદિરો છે. જેસલમેરને આબાદ કરનાર ઓસવાલ જૈનોએ પોતાની ધાર્મિકતાને મંદિરો બંધાવીને પ્રગટવા દીધી હતી.

મોટા ચોકમાંના રાજપ્રાસાદો તો નિર્જન છે, પણ આ જૈનમંદિરો જનાકીર્ણ, ના જૈનાકીર્ણ છે. અહીં આવ્યા પછી કોઈ જૈન આવી ઠંડીમાંય સ્નાનાદિ કરી પૂજા કર્યા વિના ન રહે. મંદિરોના માર્ગ પૂજાવસ્ત્રોથી મંડિત, હાથમાં પૂજાસામગ્રીથી સજ્જિત જૈન નરનારીઓથી ઊભરાતા હતા. સાંકડા દરવાજામાંથી માંડ ચિંતામણિ પાર્શ્વનાથના મંદિરમાં પ્રવેશ કર્યો. શિલ્પખચિત તોરણ તરત ધ્યાન ખેંચે. પંદરમી સદીમાં એનું નિર્માણ થયેલું છે. અહીંની મૂર્તિકલા સુંદર ખરી પણ એટલી બધી નહીં. મંદિરને ‘નવતોરણિયા’ મંદિર પણ કહે છે, કેમ કે અંદર મંડપમાં પ્રવેશતાં જ ‘નવ તોરણ’ છે. છત પર સોનેરી કલમનું ચિત્રકામ છે.

મંદિરમાં આરતી માટે ‘ઘી’ બોલાતું હતું. અહીં ઘી પાંચ રૂપિયે મણ હતું. જૈનસમાજ અને જૈનસસ્વભાવની લાક્ષણિકતા આ ઘી બોલવાની પ્રથા પ્રકટ કરે છે. નાનપણમાં મારા ગામના જૈન દેરાસરની પૂજા માટે ઘી બોલાતાં સાંભળી મને ગભરામણ થઈ હતી કે આરતી માટે પંદર મણ ઘી બોલનાર એટલું ઘી આ નાના ગામમાં લાવશે ક્યાંથી? કેટલા પૈસા પડશે? પછી ખબર પડી કે એક મણ ઘી બોલો એટલે દોઢ રૂપિયો ગણવાનો.

મને રસ હતો સંભવનાથનું મંદિર જોવાનો. જેસલમેરના જ્ઞાનભંડારો વિશે સાંભળી સાંભળીને કેવી કેવી કલ્પનાઓ થતી હતી! એ જ્ઞાનભંડારો આ મંદિરમાં છે. આ દેશની કેટલી જ્ઞાનસમૃદ્ધિ, કેટલી કલા સમૃદ્ધિ ઇસ્લામના અસહિષ્ણુ સ્વભાવે નષ્ટ કરી દીધી છે. નાલંદાનું ગ્રંથાલય કેટલા દિવસ બળતું રહેલું! કેટકેટલાં કલ્પનાશીલ ચિત્ત, કેટકેટલાં ચિંતનશીલ ચિત્ત, કેટકેટલી સદીઓનાં આ બધાં સંચિત ‘ચિત્ત’ — ગ્રંથરૂપે — અક્ષરરૂપે હતાં તે રાખ થઈ ગયાં — રાખ. કેટકેટલાં કારીગરો — શિલ્પીઓ — સ્થપતિઓની કલાસૃષ્ટિ રસ્તા પરનાં રઝળતાં પહાણ બની ગઈ. ક્યારેક બહુ વ્યથા જાગે છે.

જેસલમેરના ભંડારો સચવાયા, બચી ગયા તે બચી ગયા. જ્ઞાનભંડારોની વાત સાંભળતાં મન કલ્પનાવિહારે ચઢી જાય. પુસ્તકોની દુનિયામાં બહુ નાનપણથી ખોવાઈ જવાનું ગમ્યું છે. આ તો હસ્તલિખિત ગ્રંથો, અમદાવાદમાં આવ્યા પછી હસ્તલિખિત પોથીઓ જોવા મળેલી. કેવો રોમાંચ થયેલો! પછી તો ઘણી જોઈ, પણ એવી પોથીઓ જોતાં હજીય રોમાંચ થાય છે. ડૉ. ભાયાણી જેવા વિદ્વાનોને કાચ લઈને એવી પોથીઓ

વાંચતા જોવાનો પણ રોમાંચક અનુભવ છે. અમદાવાદમાં એલ. ડી, ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડોલૉજીમાં વારે વારે જવાનું અસાત આકર્ષણ રહે છે, તે ત્યાંના હસ્તલિખિત ગ્રંથોના સંગ્રહને લીધે હશે! પણ આ શું? સંભવનાથજીના મંદિરની બાજુની બારીએથી જ્ઞાનભંડાર તરફ જતાં કેટલી ભીડ! યાત્રીઓનું આ આકર્ષણ જોઈ આનંદ થયો. જ્ઞાનભંડાર ઊઘડવાને વાર હતી, એટલામાં એક જર્મન વિદ્વાન દેખાયા. દિલ્હીથી આવેલા. એ તો અવાક્ થઈ ગયેલા ભીડ જોઈને. ભીડને વીંધીને એક અવાજ આવ્યો – 'જિનભદ્રસૂરિ જ્ઞાનભંડાર ખોલવા માટે ઘી મણ એક.' જોતજોતામાં તો ત્રણસો મણ ઉપરાંત ઘી બોલાયું – અને એક શરીરેય સુખી જણાતાં જૈન ગૃહસ્થે જ્ઞાનભંડારનાં દ્વાર ખોલ્યાં. સાંકડા માર્ગે નીચે ઊતરવાનું – ગૂંગળાઈ જવાય એવી સ્થિતિ. કલકત્તાના કાલિમંદિર પછી, આ એવો બીજો અનુભવ. મહાપરાણે નીચે ઊતર્યા. ૪' × ૧૦'નો ખંડ. થોડાંક કાચનાં કબાટમાં પોથીઓનાં પાનાં, થોડીક પન્નામઢી, મૂર્તિઓ અને મૂલ્યવાન આભૂષણો – ત્યાં થઈને ખરેખરા ભંડારમાં જવાય. પણ તે તો બંધ જ, અગાઉથી પરવાનગી જોઈએ. તો આ ભીડ શાની? જ્ઞાનભંડાર પણ પૂજાની દૃષ્ટિએ પૂજાતા હતા. પેલો જર્મન પણ નિરાશ થઈને બહાર નીકળી આવ્યો હતો. મને યાદ આવ્યાં કર્નલ ટોડ, ડૉ. બુહલર, ડૉ. યાકોબી, મુનિ જિનવિજયજી, મુનિ પુણ્યવિજયજી. આ બધા જો ના હોત તો, અને આજ સુધીમાં આમ જ પૂજાવિધિ ચાલી હોત તો બધી જ પોથીઓ ધૂળમાં ધૂળ બની ગઈ હોત. પછી શીતલનાથનું, ઋષભદેવનું અને ચંદ્રપ્રભુ સ્વામીનું મંદિર જોઈ ફરી ચોકમાં જઈ ઊભો. મારા સહયાત્રીઓ પૂજાવિધિમાં પ્રવૃત્ત હતા.

ગઢમાં લોકોનાંય ઘર હતાં. ઘણાંખરાં જીર્ણ હાલતમાં છે. ગજપ્રાસાદની સામેની કનવર પાડાની કેટલીક હવેલીઓ બંધ છે. પણ એક હવેલીના પ્રવેશદ્વારે પથ્થરમાં કેવું ભરતકામ છે! 'મયૂર' અહીંની ભાતોમાં સૌથી પ્રિય મોટિફ છે. ચાલતો ચાલતો પૂર્વ ભણી ગઢની રાંગે ગયો. સામાન્ય માણસોનાં સામાન્ય ઘર. બધું વેરાન વેરાન લાગે. ક્યાંય ઝાડ ના દેખાય. અહીં ક્યાંય લીલો રંગ નથી, એક રંગ છે પીળો.

ચોક વચ્ચે ભૂતકાળને સૂંઘતો ફરી થોડી વાર ઊભો રહ્યો. ધૂળ, ધૂળની ગંધ. રાજવીઓના આ મહેલો બંધ જ છે. પ્રવાસીઓ માટે પણ ખુલ્લા નથી. અંગત માલિકીના ગણાય છે. યદુવંશીનો ધ્વજ હજી તે મહેલો પર ઊડ્યા કરે છે, અને મહેલોમાં બંધ બારીઓમાં થઈનેય પ્રવેશી જતી ધૂળ જામતી જાય છે. ધૂળમાં ધૂળ ઉપર ધૂળ. ભૂતકાળ

ધૂળમાં રજોટાયા કરે છે. જોધપુરનો મહરાનગઢ પ્રવાસીઓ માટે ખુલ્લો રાખી આવકનું સાધન પણ ઊભું કરાયું છે. જોધપુરના મેહરાનગઢના શીશમહલ, દીપકમહલ, ચંદનમહલ, ફૂલમહલ તમે જોઈ શકો છો. ત્યાંય મોતીમહેલ હતો. બારી-ઝરૂખા જોધપુર-જેસલમેરના મહેલોના એકસરખા લાગે. જેસલમેરના મોતીમહેલ પર એક સૂત્ર દેખાયું – જ્ઞાનાર્થ આઈએ, સેવાર્થ જાઈએ.' મહેલમાં બેસે છે અધ્યાપનશાળા. એક વખતે જે નાચગાનનો મહેલ હતો ત્યાં આજે પ્રશિક્ષણનું કેન્દ્ર છે. ખંડિયેર હાલતમાં છે. છત પર, તૂટેલી દીવાલો પર ઘાસ ઊગી સુકાઈ ગયું છે. છતમાં બાકોરાં પડ્યાં છે. દીવાલો પરનાં ચિત્રોના રંગ ઊપટી ગયા છે. મોતીમહેલની ઉપરની છત પરથી ગઢમાં ઠેર ઠેર ધસી પડેલાં ઘર દેખાય છે. મકાનો પથ્થરોના ઢગલા થઈ ગયા છે. આ પીળા પથ્થરો એક ઉદાસી જગાવે છે. 'ચિલ્લીલ્લી...' સમડી બોલી ઊઠી! બોલ નહીં, સમડી બોલ નહીં 'હાય ચિલ, તુમિ આર કેંદો નાકો...' તારા આ ક્રંદનમાં 'ભૂત રૂવે ભેંકાર.'

મોતીમહેલની નીચે ઊતરી ઓતરાદો ચાલ્યો. મહાવીર સ્વામીનું મંદિર આવ્યું. પણ તે પહેલાં એક ઘર, ઝરૂખો જોયા જ કરો. ત્યાંથી ગઢની ઓતરાદી રાંગે જઈ પહોંચ્યો, બુરજ પર જેસલમેર ગામ ભણી તોપ ગોઠવાયેલી છે. હજી. તડકામાં પીળા પથ્થરોનું નગર નીચે તગતગે છે. પીળી પીળી દીવાલો ઉપર પીળી પીળી છતો. એક ઝાંખી લઈને હું પાછો વળી ગયો. અહીં ફરી આવવું પડશે, પૂજામાંથી પરવારેલા સહયાત્રીઓ સાથે. બપોરના અમે ગઢ ઊતરી ગયા.

બપોરે મહાવીરભવનમાં આવતાં પટવાઓની હવેલીઓના ઝૂલતા ઝરૂખા નજરોને બોલાવતા રહ્યા હતા. હવે એ હવેલીઓમાં પ્રવેશ. આ ય તો ઘર જ, રહેવા માટેનાં. આગળ-પાછળ રાજમહાલયો જેવાં પ્રાંગણો નહીં, દીવાલો નહીં પંક્તિબદ્ધ ઘરોની હારમાં આ ય તો ઘર. બધી જ શોભા છ છ માળની આ પાંચેય હવેલીઓનો આગળનો ભાગ, શી વાત કરવી, આ ઝરૂખાઓની! જાળીઓની! બારીઓની!

જેસલમેરનો એક વખતનો વૈભવ આટલી આ હવેલીઓ જોઈને પણ સમજાય. એક બાપના પાંચ બેટાઓની આ પાંચેય હવેલીઓ. બાફના કુટુંબો જે પટુવા અર્થાત્ પટવા કુટુંબો તરીકે પણ ઓળખાય છે. પટવા એટલે આમ તો સોનેરી-રૂપેરી તારમાં ઘરેણાં ગૂંથણી કરનારા – ઝરી-બાદલાંવાળા. આ પટવાઓમાં એક ગુમાનચંદ શેઠ પાક્યા. તેમણે વ્યાપારી કુનેહથી અઢળક ધન મેળવ્યું. જેસલમેરની જાહોજલાલીના એ દિવસોની વાત તો સો-દોઢસો વર્ષથી બહુ જૂની નથી. એ વખતે બધા ઓસવાલ વણિકો

વ્યાપારથી, બધા પાલિવાલો ખેતીથી, બધા મુસલમાનો હાથકારીગરીની બનાવટોથી જેસલમેરને મોટું કેન્દ્ર બનાવી રહ્યા હતા.

ખરી વાત તો એ છે કે જેસલમેરની સ્થાપનાના કાળથી આ મરુભોમમાં ઊંટની વણજારોનાં માર્ગમાં જેસલમેર આવતું. અરબસ્તાન, અફઘાનિસ્તાન, ચીન, સિંધ વગેરેથી લદાઈ લદાઈને કાફલા આવતા અને જતા. જેસલમેર આ વણજારનું કેન્દ્ર. અહીંનું ઘી–બજાર તો કહે છે કે આખાય ભારતમાં અવ્વલ નંબરનું. અફીણના વ્યાપારનુંય મુખ્ય કેન્દ્ર. પટવાઓ અફીણના વ્યાપારમાં ખૂબ કમાયેલા. ઓગણીસમી સદીના આરંભમાં જેસલમેર ધીકતું વ્યાપારી કેન્દ્ર હતું. ૧૮૧૫માં એની વસ્તી હતી. પાંત્રીસ હજારની. સત્તાવીસસો જેટલાં તો જૈનોનાં ઘર હતાં, પણ પછી આવી રેલવે. કાફલા તૂટતા ગયા, જેસલમેરનો વૈભવ ઘટતો ગયો, ઘરો ખાલી થતાં ગયાં. ૧૯૪૦માં જેસલમેરની વસ્તી રહી માત્ર ચાર હજાર. હવે જરૂર વસતી વધી છે, પણ કોઈ વ્યાપાર-ઉદ્યોગને લીધે નહીં – વસ્તીવિસ્ફોટના સ્વાભાવિક ક્રમે.

હા, તો વાત એ હતી કે પટવા ગુમાનચંદ શેઠના પાંચ પુત્રોની સને ૧૮૩૫થી ૧૮૬૦ દરમ્યાનનાં વર્ષોમાં આ હવેલીઓ બની હતી. ગુમાનચંદ પટવાના ચોથા સુપુત્ર જોરાવરમલે વ્યાપાર અને ધીરધારના ક્ષેત્રે બહુ મોટું નામ કાઢ્યું હતું. પણ પછી તો માત્ર જેસલમેર જ નહીં; જોધપુર, બિકાનેર, ઇન્દોર, રતલામ આ બધાં રાજ્યો પણ અનેક બાબતોમાં જોરાવરમલની સલાહ લેતાં થઈ ગયાં હતાં. છેવટે તેઓ ઇન્દોરમાં જ સ્થાયી થઈ ગયેલા. તેમના પુત્રના પુત્ર છેલ્લે સુધી ઇન્દોર રાજ્યમાં દીવાનપદે હતા. ગુમાનચંદના બીજા પુત્રો પણ ઓછું નામ નહોતા કમાયા. ગુમાનચંદના પુત્રોની આ હવેલીમાં આજે તો કોઈ રહેતું નથી. વંશજો બધાં ઔદ્યોગિક શહેરોમાં જઈને વસી ગયા છે. હવેલીઓમાં ધૂળ જામતી રહે છે. ધૂળ ઉપર ધૂળ.

હવેલીની આપણી કલ્પના ત્યારે પૂરેપૂરી તોષ પામે, જ્યારે તે સાત માળની હવેલી હોય. પણ આ છ માળની હવેલીઓ છે. સરકારે બે ખરીદી છે. નગરશેઠ જેવા બે પટવાઓની એક હવેલીનાં પગથિયાં ચઢી બંને બાજુના ઓટલા વટાવી અંદર ગયા. ભોંયતળિયા પરના ઓરડાઓ ઘણુંખરું વખારો તરીકે વપરાતા. ઉપરના બધા મજલા રહેવા માટે વપરાતા. મેડી ઉપર અમે ચઢ્યા. મેડીનો બહાર શેરી ઉપર પડતો ભાગ શણગારાયેલો રહેતો હશે. મેડીઓના આગળના જ ભાગે આ બધા ઝરૂખા-બારીઓ હતાં. ત્યાં જઈ ઝરૂખાની બહાર ડોકું કાઢી શેરીમાં નજર કરી જોઈ. મેડીની છત પર

સોનેરી રંગમાં ચિતરામણ છે. શાહજહાંના પતન પછી મોગલ કલાકારો આ તરફ આવેલા અને અહીં આશ્રય પામેલા. છતનાં ચિત્રોનો રંગ ઓછો થઈ ગયો છે, જે ચિત્રો તેમણે દોરેલાં તેમનો. પણ જે પથ્થરને તેમણે મુલાયમ બનાવ્યો હતો, તેની મુલાયમતા હજી એવી જ છે.

આ પાણિયારું છે. અહીં કદાચ રસોડું હશે. આ પાસે જ સ્ત્રીઓનો ઓરડો હવો જોઈએ. નગરશેઠ જેવા પટવાઓની પુત્રવધૂઓ અહીં લાંબી લાજ કાઢીને વડીલોની આમન્યામાં હળવે પગલે ચાલતી હશે. ઝાંઝર ઝમકાવતી શ્રેષ્ઠી કન્યાઓ મેડીઓ ઝમકાવતી હશે અને આ ઝરૂખેથી ચંદ્ર ઊગ્યાનો આભાસ આપતી હશે. આ કલ્પના ત્યારે સૂઝી જ્યારે આરતીએ આવા એક ઝરૂખામાંથી મોં બહાર કાઢ્યું. આરતી એ શ્રેષ્ઠીકન્યા અને આ એનું ઘર જાણે –

બધા ઓરડાઓમાં લીંપણ હતું. લીંપણની ધૂળ ઉપર ધૂળ જામતી જતી હતી. છતોમાં કરોળિયાઓનાં જાળાં પર પણ ધૂળ દેખાતી હતી. બહારથી ભવ્ય કોરણીવાળી હવેલીઓ અંદરથી તો રહેવાનાં ઘર હતી. અહીં ઘરની હુંફ અને ઘ્રાણ અનુભવાય છે. ઘરની દીવાલો આજે જાણે ઝૂરે છે. ના, એ મોટા મોટા રંગમહેલોની ક્ષુધિત દીવાલો નથી, એ તો માનવીની હુંફ માટે ઝૂરતી, વડીલોના મીઠા બોલ, વહુવારુઓની લાજભરી ભંગીમા, ચંચલ કન્યાઓના નૂપુરરવ, કિશોરોના કલશોર અને નાનાં બાળકોની પા પા પગલીઓ માટે વ્યથિત દીવાલો છે. આ ઓરડાઓમાં કોઈ ગ્રીષ્મ મધ્યાહ્‌ને, જ્યારે નગર આખા ફરતી ધૂળની ડમરીઓ ચડતી હશે, તેજીલા તોખાર જેવા ઊના ઊના વાયરા ફૂંકાતા હશે, રેતના કણેકણ તપ્ત થઈ ઊઠ્યા હશે, ત્યારે મધુર અલસતા, સ્તબ્ધતા અહીં વિરાજતી હશે, જાણે બહાર કશુંય નથી. સાંજે દીવાઓ પ્રગટી ઊઠતા હશે, આ દીપદાન કેટલું કલાત્મક! આજે દીવો નથી. દીવાની મેશની દીવાલ સાથે જડાઈ ગયેલી કાળાશ હજી છે – આ બે દીવાલ વચ્ચેના ખૂણામાં.

રાત પડતી હશે ત્યારે નિરભ્ર આકાશ હિરેમઢ્યું થઈ જતું હશે. હવેલીઓમાંય હીરામોતી ઝગમગતાં હશે. ઊંચા મજલાની મેડી વચ્ચેના આ ચોકમાંથી આકાશના તારાઓ જોતાં જોતાં ગજરામારુ, ઢોલામારુની વાત કોઈ કહેતું-સાંભળતું હશે – ભલો સોરઠિયો દુહો, ભલી મારવણીની વાત, ભલી હો જુવાન ધણિયાણી અને ભલી હો તારાભરી રાત –

સોરઠિયા દુહો ભલો ભલી મરવણરી વાતજોબન છાયી ધણ ભલી તારા છાયી રાત.

મનમાં આખું મારવાડ બેઠું થઈ ગયું. પવનવેગી સાંઢણી પર સવાર થઈને ઢોલો અને મારવણી મરુભોમમાં માઈલોના માઈલો કાપી રહ્યાં છે, કાપી રહ્યાં છે...

હવેલીની છત પરથી આ નીચેનું નગર અને નગર બહાર વિસ્તરેલી ઉજ્જડતા દેખાય છે. પીળા પથ્થરોનું પીળું નગર. ક્યાંય ઝાડ નથી. ઉપરથી ઝૂકીને જોતાં છેક નીચે સાંકડી સાંકડી ગલીઓમાં આછીપાતળી અવરજવર, જાણે કોઈ ખાસ રહેતું નથી. દક્ષિણ તરફ જેસલમેર દુર્ગ, અહીંથી બરાબર તેનું પ્રોફાઇલ દેખાય છે. તેની ઊંચાઈ, ઊંચાઈને વીંટળાયેલી કોટની દીવાલો, તેની લંબાઈને મળતા બુરજો. દુર્ગમાં હતા ત્યારે દુર્ગનું પૂરેપૂરું ચિત્ર ઊપસ્યું ન હતું. આ હવે અહીંથી દુર્ગને નજરોમાં સમાવાય છે, આ બાજુ અહીં આસપાસ આ નગર અને સામે દુર્ગ અને પછી માઈલોના માઈલો મરુભોમ છે, ક્યાંક નાનાં અમથાં ગામ હશે. પછી તો રેતનું સામ્રાજ્ય. જેસલમેરની થોડેક જ દૂર નરદમ રેતનો જ રણપ્રદેશ છે. રેતના ઢૂવા રાતોરાત એક સ્થળેથી બીજે સ્થળે જઈ પહોંચે. એ વચ્ચે પેલા ત્રિકુટાચલ પર જ્યારે મહારાવલ જૈસલજીએ દુર્ગ ચણાવ્યો હશે ત્યારે રણ વચ્ચે 'રણદ્વીપ' હશે, એ તો શ્રીકૃષ્ણના પેલા સુદર્શનના પ્રહારની કૃપા હશે, જે આ ખડકમાં – ત્રિકુટાચલમાં જળ હશે. એલિયટના 'ધ વેસ્ટ લેન્ડ'ની પંક્તિઓનું આ મરુભોમ, આ ખડક અને જળની વાતના સંદર્ભમાં સ્મરણ થઈ જાય –

હિઅર ઈઝ નો વૉટર બટ ઑન્લી રૉકરૉક એન્ડ નો વૉટર ઍન્ડ ધ સૅન્ડી રોડ...

પણ, ના. એલિયટનો એ કાવ્યમાં પછી આવતો 'ઇફ', 'ઇફ' રહેતો નથી : ઇફ ધેર વેર રૉક/ઍન્ડ ઑલસો વૉટર...હા. 'ઇફ' નહીં, ખરેખર રૉક અને ખરેખર વૉટર – જળ. પણ અહીં આટલામાં જ. પછી તો છે ખાવા ધાતી મરુભોમ. વરસાદની વાત કરીએ તો નાનાં છોકરાંને માટે તો વર્ણન કરવું પડે. ૧૯૭૧માં એવું જ થયેલું ને! છેલ્લાં પાંચસાત વર્ષોથી આ વિસ્તારમાં વરસાદ નહીં. પછી ૧૯૭૧માં પડ્યો. તે વખતે છસાત વર્ષની વયનાં બાળકો હબક ખાઈ ગયેલાં! વરસાદ તેમણે જોયો ન હતો. અહીં તો ધૂળ પર ધૂળ વરસતી – ડસ્ટ ઑન ડસ્ટ અમંગ ડસ્ટ. પણ ડિસેમ્બરની આ બપોરે હવામાં ધૂળની રુક્ષતા ન હતી. ધુમ્મસની ભીનાશ હતી.

હવેલીને વખાણતાં વખાણતાં છ માળ નીચે ઊતરી આવ્યા. ફરી સાંકડા માર્ગ પર. ફરી ઝરૂખા-બારીઓ આંખોમાં ઝૂલી રહ્યાં. પટવાઓની હવેલીઓના ઝરૂખા જોયા પછી હવે નાનાંમોટાં ઘરના ઝરૂખા, બારીઓ ઝાંખાં લાગતાં હતાં. પણ ગમતાં હતાં. ઘણાં ઘર તો બંધ.

નગરની સાંકડી પણ ભૌમિતિક ગલીઓ વચ્ચેથી પસાર થતાં નાનાંમોટાં ઘરની મેડીઓ-ઝરૂખડા જોતાં અમે પણ નગરવાસીઓની કુતૂહલભરી નજરથી જોવાતા જતા હતા. સામાન્ય ઘરોથી વચ્ચે જરા ઊંચું ડોકું કાઢીને કોતરકામથી આંખને ભરી દેતી ઇમારત આગળ ઊભા રહી ગયા. એ દીવાન નથમલજીની હવેલી. હવેલી આગળ ઓટલા પર હાથી હતો, પથ્થરનો. દીવાન હોવાનું ચિહ્ન. આજથી લગભગ સો વર્ષ પહેલાંની એ હવેલી, છતાં આજે નિસ્તેજ લાગે છે. મહારાવલે દીવાનજીને બક્ષિસ આપેલી એ હવેલી હાથી અને લાલુ નામના કારીગરોની રચના. ઇમારત પર ઉર્દૂમાં લખાણ છે :

'બેલ બૂટે ફૂલ ફલ ગુલસન સે ગુલે ક્યારે હુઈ દાયેં બાયેં હાથી,લાલુ અર્જ કી બક્ષિસ બૈરીસાલજી ઇમારત બનાઈ હય.'

ઇમારતમાં બે ઘર છે, અથવા કહો કે ઇમારતની કોતરણીના બે હિસ્સા છે. એક ભાગ બીજા ભાગ સાથે સમતા ધરાવતો લાગે, પણ ધ્યાનથી જુઓ તો એક ભાગમાં જે જે વેલ, બુટ્ટીની કોરણી કે બારીઓ અને ઝરૂખાની રચના છે, બીજા ભાગમાં તેનાથી તદ્દન જુદી છે. આપણી નજર ડાબી બાજુએથી જમણી બાજુએ, ઉપરથી નીચે ફરી વળે. શોભા આંખમાં માય પણ મનમાં ન સમાય. મને અમદાવાદની પોળોમાં કેટલાંક જૂનાં ઘરોમાં લાકડામાં કરેલી કોતરણી યાદ આવી. ફેર એટલો લાગ્યો કે અહીં જાણે પથ્થર પાસેથી લાકડાનું કામ લીધું છે. નથમલજીની હવેલીમાં લાકડાનું પણ કોતરકામ છે, ખાસ કરીને બારણાંને. શિલ્પશૈલી પર ઇસ્લામનો પ્રભાવ છે.

બારીઝરૂખાઓ બંધ છે. ઉપર ધૂળ જામેલી લાગે. બંધ આંખે ઊભેલી એ ઇમારતની શોભા ખુલ્લી આંખો જોતી હતી. આ હવેલીઓ એટલે સંપન્ન ગૃહસ્થનાં ઘર જ. મહેલ જેવી અલગતા નહીં. મહોલ્લાનાં સૌ ઘરની હરોળમાં એ પણ હોય. આગળ કોઈ મોટું આંગણુંય નહીં. માત્ર કોતરણીમાંથી વૈભવ ટપકે. ઘરના નીચેના બારણામાંથી એક વ્યક્તિએ ડોકિયું કર્યું. અચ્છા, તો આ હવેલીમાં કોઈ રહે છે પણ ખરું. એ દીવાન નથમલજીના પ્રપૌત્ર હતા, એય પૂછવાથી ખબર પડી. એમણે સગર્વ કહ્યું : 'યહ મેરી હવેલી હૈ, યહાં મૈં રહતા હૂં.' વિગતવૈભવ હવેલીના બારણામાં ઊભેલો એ માણસ અને એના એ શબ્દો હવેલી માંડ માંડ સાંભળી રહી હશે. હવેલી પર હવે એક સહાનુભૂતિપૂર્ણ નજર નાખી, આસપાસનાં ઘરો સામે જોતાં આગળ નીકળી ગયા. શેરીઓમાં અવરજવર ઓછી લાગે.

નગરની એ શેરીઓ અને પછી બજાર વચ્ચે થઈ શહેરની ઉગમણી બાજુએ આવી ઊભા રહ્યા, એક ઊંચી અને અલગ પડી જતી ઇમારત સામે. બરાબર નજરમાં આવે તેટલા માટે સામે એક ઊંચા રેતના ઢૂવા પર ઊભા. રાજસ્થાન સરકારના પ્રવાસન વિભાગનાં પોસ્ટરોમાં અહીં જે વારે વારે જોઈ હતી તે આ ઇમારત. દીવાન સાલમસિંહની એ હવેલી હતી.

આ સાલમસિંહથી જેસલમેરની અવદશાનો આરંભ થાય છે. આ સાલમસિંહ મહેશ્વરી વાણિયો હતો. સાલમસિંહનો બાપ બહુ મોટો શાહુકાર હતો. રાજાઓને પણ નાણું ધીરતો. ઘણા ભાટી રાજપૂતોય તેના દેવાદાર. એક વખતે એક રાજપૂત પાસે ભરબજારે ઉઘરાણી કરતાં રાજપૂતે સાલમસિંહના બાપને કાપી નાખ્યો. સાલમસિંહ ત્યારે બાર વરસનો. એણે પિતાનું વેર વાળ્યું – જેસલમેરની દીવાનગીરી મેળવીને. રૈયત ઉપર ત્રાસ ત્રાસ વર્તાવ્યો. પાલિવાલોને તો રાતોરાત નગર છોડી જવું પડયું, બધું એમ ને એમ મૂકીને. આજેય લોકોક્તિ છે :

ખૂંટે છેડ્યા ટોઘડા, પીંગે છોડ્યાં બાળ,દૂધ, કડંતા છોડિયા, ચાલ્યા પાલિવાલ.

– ખીલે બાંધેલાં વાછરડાં મૂકીને, ઘોડિયે હીંચતાં બાળ મૂકીને ચૂલા ઉપર ઊકળતાં દૂધ મૂકીને પાલિવાલો ચાલી નીકળ્યા.

જેસલમેર ઉજજડ થતું ગયું, વેરાન થતું ગયું. વસ્તી ઉચાળા ભરી ગઈ. આજે સાલમસિંહની આ હવેલી ઊભી છે. હવેલી આગળ હાથી ઊભા છે. દીવાન હતો. સાલમસિંહ. નીચેના ત્રણ માળ સુધી સાદી દીવાલોની ઇમારત છે અને પછી છેક ઉપર જતાં ઝરૂખાદાર બાલ્કની એને કોઈ જહાજનો આકાર આપે છે. એ એનો રંગમહેલ હતો, એની ઉપર પણ માળ હતો – આજે નથી. એ બંધ ધૂળિયા હવેલીનાં નીચેનાં ભાગમાં આજે તો સીવવાના સંચા ચાલી રહ્યાં છે! હવેલીની બંધ ઝરૂખાદાર બારીઓ પર ધૂળ પથરાઈ ગઈ છે. ઝીણી મુલાયમ ધૂળ પર ધૂળ પથરાતી જાય છે.

સાંજે જ્યારે બધા સહયાત્રીઓ 'માર્કેટિંગ' માટે બજાર ભણી વળ્યા ત્યારે હું ચાલ્યો દુર્ગ ભણી. એના 'હૉન્ટિંગ' પ્રભાવથી છૂટવું કઠણ હતું. ઊડતાં કબૂતરો અને ઢગલો થઈ ગયેલી દીવાલો વટાવી વળી પાછો છેક ચોકમાં જઈ ઊભો. બંધ મહેલોની દીવાલો પર તડકો પડતો હતો. જનાનામહેલની ઝીણી કોરણીવાળી બારીઓમાંથી એ તડકો અંદર જતો હશે – અંદર જામેલી નાજુક ધૂળ પર સરસ મઝાનાં ચાંદરણાં થતાં હશે; ધૂળ

ચમકી ઊઠતી હશે. સૌન્દર્યરસિત થઈ ઊઠતી હશે, બંધ પુરાણાં ઓરડાઓમાં. જર્મન કવિ એરિખ ફ્રીડની કવિતાની પંક્તિઓ સૂઝે :

આઈ લવ યુ!આઈ લવ યુ ડસ્ટ!આઈ લવધ ડસ્ટ ઇન ધ ડસ્ટધ સન ઇન ધ ડસ્ટધ ડસ્ટ ઇન ધ સન...

હમણાં સૂરજ આથમી જશે. ચોક વચ્ચેથી ખરતી છત અને દીવાલોવાળા મોતીમહેલ નીચેની સાંકડી નવેળીમાંથી ઓતરાદા બુરજ ભણી ચાલ્યો. બુરજની તોપ પર જઈ બેસું છું. તડકો મારા શરીર પર પડે છે. નીચે નગર પર એ જ તડકો પથરાયો છે. તડકામાં નીચેનું ચોરસ-લંબચોરસ આકારોમાં વસેલું ભૌમિતિક નિર્વૃક્ષ નગર પિકાસોના કોઈ ક્યુબિસ્ટ પેઇન્ટિંગ જેવું લાગે છે, જાણે સ્વપ્નમાં જોતા હોઈએ. એલિયટના મનમાં છે તેનાથી જુદા અર્થમાં એક ‘અનરિયલ સીટી.’ પીળા તડકામાં પીળાં પથ્થરિયાં મકાન. સત્યજિત રાયનો ‘સોનાર કેલા’ – સોનાનો કિલ્લો.

ના. ના. પેલા ઘરમાંથી ધુમાડો નીકળ્યો. આ બાજુ બાળકના ભેંકડાનો અવાજ આવ્યો. ત્યાંથી કૂતરાના ભસવાનો અવાજ આવ્યો. નીચે દૂરના રોડ પરથી મોટરના હૉર્નનો અવાજ આવ્યો. ચાલ જીવ, એ જગતમાં. સૂરજ દૂર મરુભૂમિની ક્ષિતિજે ડૂબ્યો. હું ગઢ ઊતરી જાઉં છું. નીચે જેસલમેરની ગલીઓમાં ખોવાઈ જાઉં છું. હજી સ્ટ્રીટલૅમ્પ સળગ્યા નથી. છોકરાં હજી ગિલ્લીદંડા રમે છે, ગાયો દોવાય છે, શેરીઓમાં ઊતરતા અંધારાને ઘરમાં બળતા દીવાઓનું અજવાળું શતખંડ કરે છે. મોડે સુધી શેરીઓમાં ચાલ્યા પછી ઉતારે પહોંચ્યો ત્યારે થાકી ગયો હતો. પટવાઓની હવેલીથી ત્રીજા-ચોથા નિવાસમાં જ સૂતો હતો. એ હવેલીઓમાં અંધારું હતું.

આજે આ નગરમાં એકલા ભમવું હતું. સહયાત્રીઓ આ વિસ્તારની પ્રાચીન રાજધાની લોદ્રવા અને અમરસાગર જોવા ચાલ્યા ગયા. ગઈકાલે જોયેલી પટવાઓની હવેલીઓ સામે આવી ઊભો રહ્યો. પુરાતત્ત્વ ખાતાએ ખરીદેલી બે હવેલીઓ યાત્રીઓ માટે ખૂલી ગઈ હતી. ફરીફરીને અંદર તો કાલે જોઈ હતી એક હવેલી. આજે બીજી હવેલી.

પટવાની એ હવેલીમાં એક પછી એક માળ ચઢી, છત પર પહોંચું છું. સવારના તડકામાં જેસલમેર નહાય છે. પણ શું ધૂળ કે શું ઊંટ કે શું તડકો કે શું જેસલમેર – બધાંનો રંગ અહીં એક છે. અહીંથી ઓતરાદી નજર કરો તો દૂર દૂર વિસ્તરેલા વેરાનમાં બીજો એક ટેકરો દેખાય છે. ફાંસીના ટેકરા તરીકે ઓળખાય છે. એનું દર્શન કોણ જાણે

કેમ, ઈશુને જે ટેકરી પર ખીલે જડ્યા હતા તે ગોલગોથાની ટેકરી આ જ હશે કે શું એવો એક યંત્રણામય વેરાનનો ભાવ જગાડે છે. તડકામાં તે ટેકરી વધારે ભૂંડી લાગતી હતી. ત્યાંથી જરા આથમણી બાજુ નજર જતાં રાજામહારાજાઓની છત્રીઓ દેખાય છે. ત્યાં સુધી જઈશ એવો વિચાર મનમાં આવે છે. જેસલમેર નગરનો કોટ દેખાય છે. આ બાજુ ઉત્તરમાં નજર કરતાં જેસલમેરનો દુર્ગ દેખાય છે. એની સર્પાકારે પહાડીની આસપાસ ત્રણ આંટા લગાવી વીંટળાઈ વળેલી ધીંગી દીવાલ, એના બુરજો, બુરજોની ઉપર ડોક કાઢતી ઊંચીનીચી ઇમારતો, ધજા ફરકાવતાં મંદિર-શિખરો – આટલે દૂરથી જોતાં એક જ ચિત્ર બની રહ્યું. આ છેડેથી પેલે છેડે આંખમાં સમાઈ રહ્યું. ચિત્રને તડકાનો એક 'વૉશ' આપી દેવામાં આવ્યો છે.

અહીંથી ચારે બાજુ જોઉં છું. પેલી એ જ ચોસલાબંધ ભૌમિતિક આકારની ઇમારતો. જાણે એમાં કોઈ મનુષ્ય નથી, માત્ર ઇમારતો છે. મનુષ્યો સૌ હિજરત કરી ગયાં છે, ખાલી નગર છે. શાપિત નગર છે. કોઈ મનુષ્યભક્ષી બકાસુરના ભયથી નગર ખાલી થઈ ગયું છે. બારીએ બારીએ, શેરીએ શેરીએ નિર્જનતા છે, અ-ગતિકતા છે. અહીં છઠ્ઠે માળે માત્ર થોડાક અવાજોનો સમૂહ આવે છે. તે પણ જાણે ક્યાંક ખૂણેખાંચરેથી નીકળી આવી ભાગી જવા. કા...કા...કા...અરે આ બાજુમાં કાગડો બોલ્યો! ફૅન્ટસી વિલીન થઈ જાય છે. આ એક પ્રવાસી કુટુંબ હાંફતું હાંફતું આવી પહોંચ્યું. હું પગથિયાં ઊતરી જાઉં છું. ઓટલે બાંધેલી બકરી જોઈને વિમાસતો રહી જાઉં છું.

ફરી નગરમાં ચક્રમણ શરૂ કર્યું. નગરમાં નહીં, નગરની બહાર. આથમણે દરવાજેથી નીકળી રાજામહારાજાઓની છત્રીઓ ભણી ચાલ્યો. રસ્તો એટલે જાણે રેત. કાંટાળી ઝાડી ઊગી હતી. લગભગ છેક પહોંચવા થઈ પાછો વળી ગયો. મહારાજાનો 'બાદલ વિલાસ' મહેલ જોયો, ત્યાંથી ગઢ ભણી. નીચેથી ગઢની પ્રદક્ષિણા કરવાનો વિચાર આવ્યો. પાકી સડક હતી. આથમણી તરફથી ઉત્તરદક્ષિણ જતી સડક પછી પૂર્વ તરફ વળે છે. ત્યાંથી પાછો ઉત્તર તરફ વળી પ્રદક્ષિણા પૂરી કરી રેતના ઊંચા ઢૂવા પાર કરી સાલમસિંહની હવેલી પાસે આવીને ઊભો રહ્યો.

પરદેશી મુસાફરોનું એક ટોળું ફોટા લેવામાં વ્યસ્ત હતું. માત્ર ઇમારતોના જ નહીં, ઓટલે બેસી હુક્કો પીતા કે ભૂતકાળ વાગોળતા બુઢ્ઢાઓના, પાણી ભરતી નાની કન્યાઓના, ઘૂમટો કાઢેલી વધૂઓના, અરે, ધમણ ચલાવતા લુહારના... ઊંટગાડી જોતાં વિચાર આવી ગયો – અહીંથી ઊંટોની લાંબી લાંબી વણજારો ક્યાં ક્યાં જતી હતી...

રણનું વહાણ ઊંટ. હવે તો ટ્રક-ટેમ્પા દોડે છે. મોટર-ગાડીઓ, જીપગાડીઓ દોડે છે. રેલવે દોડે છે. અને છતાં થાય છે અહીં તો ઊંટ જ જોઈએ.

બપોર પછી દુર્ગની તળેટીમાંથી જ અમારી બસ ઊપડી બાડમેર ભણી. દૂર દૂર સુધી ગઢ દેખાયા કર્યો. ઊષર ઉજ્જડ મરુભોમમાં બેસી પડેલું એક વિરાટ ઊંટ. એને ઢેકે હજી પાણી છે.

*

# ચિલિકા

'કવિતામહીં પ્રત્યક્ષ પ્રીછ્યા' પછી અને 'કલ્પનામાં હુબહુ દીઠા' પછી જ્યારે કોઈ કવિપ્રવાસી તાજમહાલને ખરેખર સાક્ષાત્ કરે ત્યારે સહજ ઉદ્ગાર નીકળી જાય છે. – 'મેં તાજ જોયો!' જે કોઈ કવિતાનો કે અન્ય કલાનો વિષય બન્યું હોય અને તેથી આપણી કલ્પનાનો વિષય બને છે, તે જ્યારે ચાક્ષુષ વિષય બને છે ત્યારે પ્રથમની સૌન્દર્યાનુભૂતિથી કંઈક જુદા પ્રકારની સૌન્દર્યાનુભૂતિ થાય છે. પ્રથમમાં કદાચ કલાગત આસ્વાદ છે. એ કલાગત આસ્વાદની પૃષ્ઠભૂમિ સાથે પ્રત્યક્ષદર્શનથી પમાતો આહ્‌લાદ પ્રથમ દર્શનના વિશુદ્ધ આનંદથી સમન્વિત ભલે ન હોય, પણ ભાવના- સમન્વિત હોવાથી અનેરો બની રહે છે.

ઓડિશાના અતિ મનોહર સુષમામંડિત સરોવર ચિલિકાનાં પ્રથમ દર્શન તો થયાં હતાં ઓડિયા કવિ રાધાનાથ રાયની ચિલિકા કવિતાની પંક્તિઓમાંથી પસાર થતાં. ત્યારે બાણનાં 'નિબિડ તરુખડની મધ્યમાં ત્રૈલોક્યલક્ષ્મીના મણિદર્પણ સમા, પંચેન્દ્રિયોનું આહ્‌લાદન કરવામાં સમર્થ' – એવા અચ્છોદ સરોવરની યાદ આવી ગઈ હતી. કવિતાનો પહેલો શ્લોક હજીયે યાદ છે :

ઉત્કળ-કમળા-વિળાસ દિર્ઘિકામરાળ-માળિની નીળાંબુ ચિળિકાઉત્કળર તુઁહિ ચારુ અળંકારઉત્કળભુવને શોભાર ભંડાર.

– હે મરાલમાલિની નીલજલા ચિલિકા, તું ઉત્કલલક્ષ્મીની વિલાસદીર્ઘિકા છે. ઉત્કલનું તું રમણીય આભૂષણ છે અને ઉત્કલ સમગ્રમાં શોભાનો ભંડાર છે. –

સતત સાહચર્યથી આ ચિલિકા જાણે કવિની સખી છે. તેની સાથેના સંભાષણના માધ્યમથી કવિતા રચાતી ગઈ છે. એક ગાઢ રાગાનુભૂતિનો સંસ્પર્શ સમગ્ર કવિતામાંથી

અનુભવાય છે. ભારતવર્ષનાં અન્ય ભવ્ય, રમણીય સ્થળો કવિએ જોયાં છે, પણ ચિલિકા તે ચિલિકા. જેમ જેમ કાવ્ય વાંચતા જઈએ છીએ તેમ તેમ સૌન્દર્યનું એક શતદલ જાણે ખૂલતું – ખીલતું જાય છે.

આ હતું ચિલિકાનું પ્રથમ દર્શન. ઊંચા-નીચા પહાડો, વચ્ચે સરોવર, સરોવરમાં દ્વીપ, સૈકત-પુલિન, તાલનારિકેલનાં ઊંચાં વૃક્ષ, હંસવિહંગોથી સેવ્યમાન, પ્રભાતે અને સંધ્યાએ ખીલી ઊઠતા રંગવૈભવથી દર્શનીય.

* * *

પછી એક દિવસ બુદ્ધદેવ બસુનું કાવ્ય નજરે પડ્યું – 'ચિલ્કાય સકાલ' (ચિલિકા પર પ્રભાત). તેની પહેલી પંક્તિ એક અપૂર્વ આશ્ચર્યાનુભૂતિનો સહજ ઉદ્‌ગાર છે :

કે ભાલો આમાર લાગલો આજ એઇ સકાલ બૅલાય કૅમાન કરે બલિ.

– આજે આ સવાર વેળાએ કેવું તો સારું લાગ્યું, કેવી રીતે કહું? પછી એ આનંદ-ઉદ્‌ગાર લંબાય છે – કેવું નિર્મળ નીલ, અસહ્ય સુંદર આ આકાશ છે, જાણે કે દિગન્તથી દિગન્ત સુધી વ્યાપ્ત કોઈ ઉસ્તાદની અબાધ ઉન્મમુક્ત તાન. ઉપર વિસ્તીર્ણ નીલ આકાશ છે, ચારે બાજુએ વાંકાચૂકા વિસ્તરેલા ધુમ્મસમાં ડૂબેલા હરિયાળા પહાડ છે અને વચ્ચે ચિલિકા ઝગમગી રહ્યું છે!

અને આ ક્ષણે કવિનો અનુભવ નિર્ભેળ પ્રાકૃતિક સુષમાનો નથી, કવિ પોતાની સખીને કહે છે :

તું પાસે આવી, જરાક બેઠી,

ત્યાર પછી ગઈ તે બાજુસ્ટેશને ગાડી આવીને ઊભી છે,

તે જોવા ગાડી ઊપડી ગઈ – તને કેટલી બધી તો ચાહું છુંકેવી રીતે કહું?

– કેવી સહસ્થિતિ – સૌન્દર્યલોકની અને વાસ્તવની – ચિલિકાની અને રેલગાડીની. પણ આ ક્ષણે બધું જ રમણીયતાથી રસાઈ ગયું છે. કશીક અનિર્વચનીયતા ગદ્યોપમ વચનો માટે વિવશ કરે છે. કવિ કહી ઊઠે છે સાદી ભાષામાં જ – તને કેટલી બધી ચાહું છું – કેવી રીતે કહું?

એ જ સખી, આજે આ સૌન્દર્યલોકના સાન્નિધ્યમાં કેવો ઉમળકો જન્માવે છે! 'તને કેટલી બધી ચાહું છું.' – કોઈ પણ પ્રણયીની કેટલામીય વારની આ ચાટૂક્તિ હોઈ શકે. પણ અહીં? ના, અહીં ચિલિકાના આ મનોહર સાન્નિધ્યમાં કશુંય આડંબરી ન ટકી શકે. ભાષા પણ નહિ. પ્રભાતે ચિલિકાના તટે પ્રાકૃતિક સુષમાથી અભિભૂત કવિ પ્રેમની

ઉપલબ્ધિની નવી ક્ષણો પામે છે — (કે પછી મારા મિત્ર શ્રી દિગીશ મહેતા કહે છે તેમ તેથી ઊલટું, એટલે કે પ્રેમની ઉપલબ્ધિ પછી આ પ્રાકૃતિક સુષમા આજે અપૂર્વ મનોહર બની આવી છે. અનુરાગના પ્રભાવમાં કવિ સૌન્દર્યની ઉપલબ્ધિની ક્ષણો પામે છે.)

કવિ કહે છે – આકાશમાં સૂર્યનું પૂર આવ્યું છે, આંખ માંડી શકાતી નથી. એકચિત્તે ગાય ચરે છે... રૂપેરી જળ સૂતાં સૂતાં સ્વપ્ન જુએ છે, સમસ્ત આકાશ નીલ સ્ત્રોતે ઝરી પડે છે, તેની છાતી પર સૂર્યનાં ચુંબનથી. કાવ્ય યુગપત્ સૌન્દર્યાનુભૂતિનું અને પ્રણયાભૂતિનું બની રહે છે.

ચિલિકાના આ બન્ને અનુભવો – દર્શનો કાવ્યાનુભવો છે. આ કાવ્યાનુભૂતિએ ચિલિકાનાં દર્શનની ઉત્કટતા પણ જગાવી હતી. કવિતા વિશ્વને વધારે સુંદર બનાવે છે, વધારે ચાહવાયોગ્ય બનાવે છે. કવિતાની કવિતા તરીકેની અનુભૂતિ ઉપરાંત કવિ રાધાનાથની આંગળી પકડીને તો ચિલિકાને કાંઠે કાંઠે ચિલિકાના અતીતમાં પણ પરિભ્રમણ કર્યું હતું. તેમાં જન્મભૂમિના અનુરાગનો ગાઢ રંગ ભળેલો હતો. બુદ્ધદેવે ચિલિકાની જે એક મોહક ઝલક આપી, તેમાં કદાચ પ્રેમનો જ ગાઢ રંગ ભળેલો છે. એકમાં સતત સાન્નિધ્યથી જન્મેલો ભક્તિભાવ છે, બીજામાં અપૂર્વ દર્શનથી જન્મેલો વિસ્મયનો ભાવ છે.

ચિલિકાને આમ કવિતાના અને પછી મનોમન કલ્પનાનાં રંગે રંગીને જોયા કર્યું હતું – અને ચિલિકાની એક માનસછવિ અંકાઈ હતી, કદાચ એક નહિ બે. આ બે ચિલિકા પર એક નવો પુટ ચઢ્યો – ત્રીજા ચિલિકાનો – ચિલિકાના સાક્ષાત્ દર્શનનો. પણ તે પહેલાં એક મધુર ઘટના બની.

* * *

ભુવનેશ્વરમાં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન, સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડિયન લૅન્ગવેજિઝ અને ઉત્કલ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે આયોજિત ભાષાવિજ્ઞાનના સમર ઇન્સ્ટિટ્યૂટમાં ભારતની જુદી જુદી યુનિવર્સિટીઓમાંથી ચાલીસ અધ્યાપકો હતા. પશ્ચિમ ભારતમાંથી એક હું હતો. વધારે સંખ્યામાં દક્ષિણ અને પૂર્વ ભારતના હતા. મારા બંને રૂમપાર્ટનર્સ બંગાળીઓ હતા.

રોજ સાંજે અનૌપચારિક મિલનોમાં પોતપોતાનાં ભાષા-સાહિત્યની વાત થાય. કોઈ દિવસ તમિળની, કોઈ દિવસ કન્નડાની, પણ વિશેષ તો ઓડિયા-બંગાળીની થાય. ત્યાંનાં મિત્રો વધારે હતા. ક્યારેક ભાષાઓના સામ્ય-વૈષમ્યની ચર્ચા થાય – તેમાં 'ળ'ની

વાત નીકળી. ઓછામાં પૂરું ભાષાવિજ્ઞાનની ઇન્સ્ટિટ્યૂટ – એટલે ઉચ્ચારશાસ્ત્રની રીતે વાત નીકળી. એક ઓડિશી મિત્રે કહ્યું : હિન્દી ભાષીઓ, બંગાળીઓ અને અસમિયાઓને 'ળ' બોલવો મુશ્કેલ છે – તમે ગુજરાતીઓ 'ળ' ઉચ્ચારી શકો? મેં તરત જ કવિ રાધાનાથ રાયની મને યાદ પેલી 'ચિલિકા' વિષેની પંક્તિઓ બોલી સંભળાવી – 'ળ' પર ભાર મૂકીને :

ઉત્કાળ-કમળા-વિળાસ દીર્ઘિકામરાળમાળિની નીળાંબુ ચિળિકા...

બધાંને સાનંદાશ્ચર્ય થયું. પણ 'ળ'ના સ્પષ્ટ ઉચ્ચારને લીધે એટલું નહીં, જેટલું ભારતને છેક પશ્ચિમ છેડેથી ગયેલા મારે મોંએ તેમના પ્રિય કવિની પ્રસિદ્ધ કવિતાની ઓડિયા પંક્તિઓ સાંભળીને થયું.

પણ તેથીય વિશેષ આશ્ચર્યનો અનુભવ પાછો તરત જ તેમને થયો. 'ચિલિકા'ની વાત નીકળતાં મારા સાથી બંગાળી મિત્રે કહ્યું – 'અમારા એક કવિએ પણ "ચિલિકા" વિષે એક સરસ કાવ્ય બંગાળીમાં લખ્યું છે...બુદ્ધદેવ બસુએ – જે હમણાં જ દિવંગત થયા... અને તે પંક્તિઓ યાદ કરવા મથ્યા – અને હું બોલ્યો – તમે આ કવિતાની જ વાત કરો છો ને? –

કી ભાલો આમાર લાગલો આજ એઈ સકાલ બૅલાયકૅમન ક'રે બલિ.

કી નિર્મલ નીલ એઈ આકાશ, કી અસહ્ય સુંદર,યેન ગુણીર કણ્ઠેર અબાધ ઉન્મુક્ત તાનદિગન્ત થેકે દિગન્તે...

હજુ તો હું કંઈ આગળ પંક્તિઓ બોલું ત્યાં પેલો મિત્ર ઊભો થઈ મને બાઝી જ પડ્યો! અન્ય ભાષાભાષી મિત્રો પણ પ્રસન્ન પ્રસન્ન. પછી બધાને વિચાર આવ્યો, આપણે ચિલિકા જવું જોઈએ. સામે રવિવાર આવતો જ હતો. મારું મન તો 'ચિલિકા ચિલિકા' ઝંખી રહ્યું હતું. જવાની વેળા આવી ત્યારે જનાર એક હું જ હતો...

* * *

ભુવનેશ્વરથી ચિલિકા જતી મારી બસ કલકત્તા-મદ્રાસના ઐતિહાસિક હાઈવે પર થઈ દોડે છે. ભુવનેશ્વરના પાદરમાં જ દેખાય છે એક ગીચ વનરાજીથી છવાયેલી પહાડી, પ્રસિદ્ધ ઉદયગિરિ- ખંડગિરિ. હજી પહાડી પરથી નજર હટે ન હટે ત્યાં આવે છે એક રસ્તાની ધારે એક ઓડિશી ગામ. વાંસના ઝુરમુટમાં જ. વૃક્ષોના ઓછાયામાં નાનાં માટીનાં ઘર... એક ઘર અને એક વૃક્ષ તો એવાં અભિન્ન લાગ્યાં કે જાણે વૃક્ષની સાથે

જ ઘર ઊગી આવ્યું છે. ગામની બહાર આંબાવાડિયું, દેવદેવીનાં થાનક, તળાવ અને તળાવને કિનારે વડ.

ઓડિશામાં વડનું સામ્રાજ્ય લાગે. હવે આપણી બાજુ નવા વડ બહુ ઊગતા જોવા મળતા નથી, એટલે જ્યારે બાલવડ જોઈએ ત્યારે હાથીનાં મદનિયાંને જોયાનો આનંદ થાય. વડનાં લીલાં પાંદડાં વચ્ચે લાલ ટેટાનો વિરોધલય આંખમાં વસી જાય, અને સૌથી વિશેષ તો સ્પર્શી જાય એની પથરાયેલી છાયા. માર્ગકિનારાની હરિયાળી આંખને ઠારે, પૂર્વઘાટની શિખરાવલિ નજરમાં ચઢે-ઊતરે.

બાલુગાં આવતાં પહેલાં એક વાર ચિલિકાનાં વારિ ઝબકી ગયાં, પણ પછી અદશ્ય. બાલુગાં ઊતરી ગયો. આ બાજુનું જરા મોટું ગામ. અહીં સરકારી નૌકાવિહારની વ્યવસ્થા છે. પ્રવાસીઓ અહીં ઊતરે છે, ગામને અડીને જ સરોવર પસાર થાય છે – દૂર-સુદૂર.

પણ ચિલિકાનાં રમ્ય દર્શન માટે તો બારકુલે જવું જોઈએ. પાંચ કિલોમીટર દૂર. ચાલી નાખવાનો વિચાર કર્યો અને ખભે થેલો ભરાવી નીકળી પડ્યો. રસ્તાની બન્ને બાજુએ વનરાજી – અને પંખીઓનો સતત કલરવ. ચાલવામાં આનંદ આનંદ થાય. ગામ આવ્યું. વૃક્ષોની છાયામાં છાપરાવાળી હોટેલ, પણ ડાકબંગલો દૂર છે – તે માટે રેલવેની ધારે ધારે ચાલવું પડે છે – હું ગાડી પસાર થતી જોઉં છું પહાડની પૂષ્ઠભૂમિમાં રેલવે પણ સમગ્ર દશ્યને આવરી લેતી ફ્રેમમાં જડાયેલી ક્ષણેક તો લાગી. આ ડાકબંગલાનો માર્ગ ખાસ્સો એક કિલોમીટર. બન્ને બાજુએ સૈકાજૂનાં વૃક્ષોની હારની વચ્ચે નવાં વૃક્ષોના નાના રોપની કૂંપળો તડકામાં ચકચકે. એક પીપળાનું લાલ લાલ પલ્લવ જોઈને ‘આહ’ ઉદ્ગાર નીકળી ગયો. તોડી લેવાની ઇચ્છા થઈ, હાથ અડકાડી પાછો લઈ લીધો. આ ડાકબંગલો – વસ્તીથી દૂર. બન્ને બાજુનાં બારણાંની આરપાર ચિલિકાનાં વારિ લહેરાતાં નજરે પડ્યાં – કી ભાલો લાગલો આમાર! થાક બધો ઊતરી ગયો, પ્રસન્નતા પથરાઈ ગઈ સમગ્ર અસ્તિત્વમાં.

* * *

ચિલિકા સરોવર રમણીય ઉત્કળ ભૂમિમાંય રમણીય. ચારેપાસ સૌન્દર્ય વીખરાયેલું છે. એની પશ્ચિમે છે જંગલોથી આચ્છાદિત પૂર્વઘાટની શ્રેણી અને વચ્ચે છે નાનામોટા દ્વીપ, પારીકુંડ તેમાં સૌથી મોટો છે. ત્યાં રાજવીનો મહેલ પણ છે. વચ્ચે એક સફેદ દ્વીપ દેખાય છે – તે છે ‘ચઢાઈ હગા’. પંખીઓની નિવાસભૂમિ. કોઈએ મને કહ્યું કે

પંખીઓની હગારથી જ સફેદ થઈ ગયો છે! દૂરથી બન્ને દ્વીપ નીલપટ પર ટપકાં જેવા લાગે છે. સરોવર ૪૫ માઈલ જેટલું લાંબું છે અને એની સરેરાશ પહોળાઈ ૧૦ માઈલ છે. બંગાળના અખાતથી એક પાતળી ભૂમિપટ્ટીથી તે અલગ પડી ગયું છે – છીછરું છે. બારકુલમાં અહીં સુંદર ડાકબંગલો છે. બરાબર સરોવરને કિનારે. ત્યાં આવી ખભેથી થેલો ઉતારું છું. આ સામે સરોવર ઝલમલે છે. હું એકલો જ હતો તે સારું હતું? કે આ આનંદની વેળાએ કોઈ સાથી- સંગી હોય તે સારું? ભલે એકલો હતો, પણ રમ્યાણિ વીક્ષ્ય – વાળી જ વાત – ‘આઘે હતાં તે ઉરમાં રમી રહ્યાં!’

* * *

બપોર. એક વાગવા આવ્યો છે. સ્તબ્ધતામાં પંખીઓના અવાજ અથડાય છે. ચિલિકાને કિનારે એક આંબાની છાયા નીચે ચોતરા પર બેઠો છું. લગભગ બે કલાકથી અહીં છું, બસ જોયા જ કરું છું – ઉપર ઘનનીલ આકાશ અને નીચે ચિલિકાનાં વારિ, ક્યાંક આછાં નીલ, ક્યાંક નીલ, ક્યાંક ઘેરાં નીલ.. બધે તડકો વેરાયેલો છે. આ બાજુ પહાડ છે, પેલી બાજુ પહાડ છે, પાણી વચ્ચેય પહાડનું એક ઝૂમખું છે.

બે હોડીઓ માછલાં પકડતી ને દૂર સરકતી જણાય છે. વિશાળ વારિરાશિમાં આ બે હોડીઓ નજરનું એક કેન્દ્ર રચતી હતી, હવે એ કેન્દ્ર ખસતું જાય છે, ઝાંખું થતું થતું અદૃશ્ય બને છે – હવે જાણે ચિલિકાની એક ખાલી પશ્ચાદ્‌ભૂવાળી પહાડસીમાંકિત ફ્રેમ...

પણ ના, ક્યાંક અપટિક્ષેપથી આ બે માછીમારો આવી પહોંચ્યા છે, જાળ ફેંકી રહ્યા છે.

હા, બપોરની નિર્જન સ્તબ્ધતા, આ વૃક્ષની છાયા, વક્તીતીનો વારે વારે અવાજ, પંખીઓના વિભિન્ન અવાજને ચીરીને આવતો કાગડાનો પરિચિત અવાજ. પવનની લહેરીઓ સાથે વૃક્ષોનાં પાંદડાંની સરસર, મરમર...સાથે પાણીની ભેજવાળી વાસ. રંગ, રવ અને ગંધની એકાકાર સંસ્થિતિ.

પાછળ જોઉં છું – એક ઊંચો પર્વત...કદાચ ભાલેરી છે. નજર ભરી દે છે – છે તો જરા દૂર... એકદમ લીલોછમ. અહીં જાણે બે રંગની વિભિન્ન છટાઓ છે – નીલા રંગની, લીલા રંગની. રંગપારખુ નજર તો રંગોનાં આ વલયોમાં ખોવાઈ જાય...

હમણાં આકાશમાં શ્વેત વાદળના ટુકડા વેરાયાં છે, પૂર્વમાં પાણીની સપાટી ઉપરથી જરા ઊંચે ચઢી આવ્યા લાગે છે. હવે તડકાછાંયડાની રમતમાં, પાણીની રંગલીલાનાં વલયો બદલાય છે, પેલા પહાડ પર પણ તડકો તગતગે છે, છાયા રેલાય છે...

આ ડાકબંગલો કોઈની કવિકલ્પનાનું પરિણામ છે. વર્ષોજૂનો છે, હમણાં નવીનીકરણ થયું છે, પણ આસપાસનાં વૃક્ષો એની પુરાતનતા પ્રગટાવે છે. એકાંતપ્રિય વ્યક્તિને ગમી જાય તેવું સ્થળ છે – ડાકબંગલો બિલકુલ પાણીને અડીને છે. વચ્ચે સરહદરૂપ લાકડાની વાડ છે – આ લાકડાની વાડ પણ એક અનુભવ છે. સફેદ રંગે રંગેલી છે અને એની ચિલિકાનાં પાણી સુધી લઈ જતી ઝાંપલી લીલા રંગની છે. વાડની અંદરના ભાગનાં ફૂલોની નાગરિકતાને આ વાડ તોડે છે.

ચિલિકાનાં સ્થિર પણ ચંચલ જળ – નજર ક્યાંય વિરામ લઈ શકતી નથી. – હા, વળી પાછી દૂર એક બીજી હોડી પાણીમાં સરકતી એક છેડેથી પ્રવેશી રહી છે.

થોડા દિવસ પર ઇંદિરા ગાંધી અહીં આવી ગયાં છે. અહીંથી થોડે દૂર માછીમારોની એક વસતી પાસે 'નેવલ બૉયઝ ટ્રેનિંગ સ્કૂલ'નો પાયો નાખી ગયાં છે. આવતી આઠમીએ થનારી પેટા ચૂંટણીનો જ એ ભાગ છે. પ્રતિષ્ઠાની બેઠક છે અને થાય તેટલું કરશે. શ્રી બીજુ પટનાયકના એક મંત્રી પ્રગતિ પક્ષના કાર્યકર એક શ્રી પાણિગ્રાહી આ બધું મને કહે છે. પટનાયક આજે અહીં આવવાના છે...હમણાં આખું ટોળું મોટરોના કાફલા અને કૂટનીતિ મન સાથે આવી પહોંચશે – ધર્મારણ્યમાં મદોન્મત્ત રાજહસ્તી – સાવધાન!

અરે! પેલી હોડી તો દૂર દૂર ચાલી ગઈ ને શું? દૂરથી દૂર... પણ બીજી ત્રણેક હોડીઓની રૂપરેખા દેખાય છે; એકદમ ચિત્રાત્મક દૃશ્ય, કોઈ ચિત્રકારને ચીતરવાનું દૃશ્ય. સરોવર વચ્ચેના પેલા પહાડ પાસે વળી પાણીનો રંગ લીલો થતો જાય છે, બરાબર વચ્ચેથી એક પહોળો પટ્ટો ઘનનીલ, આ બાજુના પહાડ સુધી પહોંચે છે. ત્યાં વચ્ચે શ્વેત ટપકાં જેવો ટાપુ છે. કદાચ 'ચઢાઈ હગા' જ હોય!

ગાડીની વ્હિસલ સંભળાય છે, પહાડની તળેટીમાંથી ગાડી જઈ રહી છે, એનો અવાજ સંભળાય છે. ચિલિકા એક નાનું રેલવેસ્ટેશન પણ છે. ઉપર જોઉં છું. મધ્ય આકાશે આક્ષિતિજ નીલ છે. તડકો, તડકો... તગતગતો.

વૃક્ષની છાયામાં આડેપડખે થાઉં છું – એકદમ સરોવર નજર સામેથી હટી જાય છે. અરે, કાલે તો કૉલેજો ઊઘડશે અને ભારતવર્ષના આ એક છેડે આ સરોવરને કિનારે હું જાણે નિશ્ચિત થઈ સૌન્દર્યની મોજ માણું છું, એકાકી. જવા દો.

જોઉં છું સામે. ચિલિકા ઉપરના અવકાશી વિસ્તારમાં માત્ર એક સમડી ઊડે છે – ઊડે છે અને ઊડતી ઊડતી એ પણ નજર બહાર સરકી જાય છે. આકાશમાં પાંખની ગતિનું આંદોલન કોઈ છાપ મૂકતું જતું નથી – ખાલી અવકાશ.

આ ફરી ગાડીની લાંબી વ્હિસલ... ગમે છે, પણ જાણે વ્હિસલે ઊપડવાની યાદ આપી. હવે જવું પડશે. બેઠો થઈ સામે નજર કરું છું. 'દિગન્તથી દિગન્ત સુધી' વ્યાપ્ત છે ચિલિકા – ત્યાં દૂર આકાશ અને ચિલિકા એક થઈ જાય છે. પવનની દિશા બદલાઈ છે, પાણીનાં મોજાં સામે આવવાને બદલે બાજુની દિશામાં વળે છે. વાદળ છવાય છે, વાતાવરણ બદલાય છે.

પાણી પર એક હોડી દેખાવા માંડી છે. આંખનાં પંખીને વિરામ. નીકળવું છે, નીકળાતું નથી. એક ઘેન ચઢતું જાય છે. છતાં જવા કરું છું. એક તરુણ કૅમેરા સાથે આવ્યો છે. કવિ છે. ચિલિકાની બહુ વાત કરે છે. પણ હું નીકળું છું.

નીકળ્યો. આવ્યો હતો તે જ માર્ગે – બન્ને બાજુ ઊંચાં વૃક્ષોની વીથિકા... પાછળથી કોણ સાદ પાડે છે? ફરીને જોઉં છું ડાકબંગલાનાં બારણાંઓની આરપાર અને હવે આસપાસ દેખાતું ચિલિકા – જરા થંભી ગયો અને ચાલ્યો. પણ.. અરે કોણ ફરી –

આમાર જાબાર બૅલાય પિછુ ડાકે?

ચાલું છું. પીપળાનું પેલું લાલ પલ્લવ વળી પાછું લોભાવી રહ્યું. એની પાસે જઈ હળવેકથી તોડી એને સંગે લઈ લીધું.

સાંજ વેળાએ સભરચિત્ત વળી પેલા માર્ગ પર ચાલતો નીકળું છું. અરે, હું તો ચિલિકાને લગભગ કિનારે કિનારે ચાલું છું. જતાં તડકો હતો, માથે કપડું ઓઢેલું હતું અને રસ્તાની બાજુનાં વૃક્ષોની છાયાને જ માણતો જતો હતો, આવતાં તે જોયું. રસ્તાથી ચિલિકા દૂર નથી, ક્યાંક કોઈ માછીમારોની ઝૂંપડીઓ કે વૃક્ષોની ઓટ થઈ જાય છે, એટલું જ.

બાલુગાં આવે છે. ચિલિકાને તટે જાઉં છું. અહીં ચિલિકાનું જુદું દર્શન, અહીંથી હજીય દેખાય છે, પેલા ડાકબંગલાની વનરાજી.

સાંજ છે. મારી નાવ ચિલિકામાં ધીરે ધીરે વહે છે. આ બાજુ સૂરજ વાદળમાં છે. આકાશમાં નિષ્પ્રભ એકાદશીનો ચંદ્ર છે – આકાશ હવે નીલ નથી. ચિલિકાનાં વારિ પણ હવે નીલ નથી.

આ સામે પહાડ છે અને પશ્ચિમે મેઘના પહાડ ઊપસી આવ્યા છે. નાવમાં એક માત્ર નાવિક અને હું બંને જ છીએ. ત્યાં દૂર જતી માછલાં પકડવા જતાં માછીમારોની ગતિવંત નાવ આ સાંજે છાયાચિત્ર જેવી લાગે છે.

સરોવર વચ્ચે આવતાં ચિલિકાનાં દિગન્તપ્રસારી વારિનો ખરો અનુભવ થાય છે.

હવે કિનારા જુદા જણાય છે. પૂર્વ દિશામાં દૂર નાળિયેરીઓની આછી આછી રેખાઓ આમંત્રણ આપતી હતી – ત્યાં જમીન હતી, માછીમારોની વસ્તી હતી. તે પછી હતો દરિયો. નીચે શાન્ત સ્તબ્ધ ચિલિકા અને ઉપરનું આકાશ બન્ને મળીને કોઈ છીપના ઉપરનીચેના ભાગ લાગે છે, કેમ કે દૂર આકાશ વારિને અડી જતું લાગે છે. હા, પણ આ પશ્ચિમ દિશા ખુલ્લી છે!

પાણીમાં ગમે તેટલાં દૂર જઈને તટે આવવું પડે છે – સાંજ પડી ગઈ છે. અંધારું ઊતરવા લાગ્યું છે – અજાણ્યા ગામની સડક પર ચાલતાં આવી સાંજે મનમાં ઊભરાય છે. માણસોની ભીડ શરૂ થાય છે – ભીડમાં ભળી જાઉં છું – પણ ચિલિકાનાં દર્શનથી હું મત્ત છું તે કોને કહું – કેવી રીતે કહું? કૅમન ક’રે બલિ?*

* * *

ત્યાં વળી એક દિવસ એક પત્ર આવ્યો – ચિલિકાથી :

ચિલિકા (ચોથું [‘ચિલિકા’ વિશેના આ નિબંધનો આટલે સુધીનો અંશ ‘સંસ્કૃતિ’ નવેમ્બર ૧૯૭૪ના અંકમાં ‘ત્રીજું ચિલિકા’ નામથી પ્રકટ થયો હતો.] અને પાંચમું)૨-૧-૧૯૭૫

પ્રિય ભોળાભાઈ,

ચિલિકા (ચોથું મારું અને પાંચમું સ્વાતિનું) – તેને તટેથી અમારાં ૧૯૭૫નાં તમને – ઘરનાં, ભવનનાં, નગીનભાઈને ત્યાંની મંડળીનાં, એચ. કે.ના – સૌને હૃદયપૂર્વકનાં અભિનંદન! તમે જે ઓટલા પર વિશ્રામ કરેલો તેની મુલાકાત લેતાં આનંદ થયો. જય તૃતીય ચિલિકા!

કાલે કોણાર્ક-પુરી, ૪થી અને ૫મીએ કલકત્તા, ૭મીએ વેડછી, ૧૦થી ૧૪ નાગપુર, ૧૫મીએ ઘેર.

બધાં કુશળ હશો.

ચિલિકા ઉપરની પંક્તિઓ રૂબરૂ બતાવીશ.

ઉમાશંકર જોશીનાં સપ્રેમ વં. મા.

આહ, કી ભાલો લાગલો આમાર! આ પત્ર હતો કે છેક ચિલિકાથી આવેલી પ્રાણમનને ભીંજવી જતી સ્નેહછોળ! એકાએક જ હું ચિલિકાતટના આંબા નીચેના એ ઓટલા – ચોતરા પર જઈ બેઠો. કવિની કવિતાની પંક્તિઓ ઊતરી રહી છે. સ્વાતિબહેન બાજુમાં

જ છે. ચિલિકાનાં વારિ લહેરાઈ રહ્યાં છે... પાછી ફૅન્ટસી લોપાઈ ગઈ. ચિલિકા પરની એ પંક્તિઓ વાંચવા સમુત્સુક બની રહ્યો.

કવિના અવાજમાં, પછી, એ પંક્તિઓ સાંભળવા પણ મળી :

કિરણોને એક પછી એક મોજાં પર ધકેલતીવાયુલહર જળપટ પર ચમક્યા કરે.ધુમ્મસમાં ખોવાયેલાં જળ-નભને પાછી આવી મળેલી ક્ષિતિજ,ઊડતી ટિટોડીનાં સ્વરની હવામાં લકીર.દૂર સરતી હોડી;...તટ પર હળુ હળુ અથડાતા જળ સાથે અજંપો શમવા કરે...

કવિતાની પંક્તિઓનો લય ચિલિકાની લહરીઓના લય સાથે જાણે તાલ મિલાવે છે. ચિલિકાની સુંદરતાની સાથે કવિની નજર આ પણ જુએ છે :

કિનારાની જળશાળામાં માછી શિશુઓમાની સાડી ઝબકોળી માછલાં હિંચોળીભૂખનો જવાબ ગોખે.ખારાં જળે વીંટયા વેરાન કાલીજાઈ ડુંગરમાંદેવતાને પ્રસાદ ધરેલા, છોડી દીધેલા,જીવતા અજબલિનાદિનરાત આર્ત બેંબેકારનેતટતરુને પર્ણમર્મર ડુબાડી શકશે કે?

કવિ ઉમાશંકરે કરેલું ચિલિકાનું દર્શન તેમની સમગ્ર કવિચેતનાના સ્વાભાવિક સ્પંદ રૂપે જ લાગે છે. માછી શિશુની ભૂખ અને અજબલિનો આર્ત બેંબેકાર આ સૌંદર્યમંડિત પરિવેશમાં પણ તેમની કરુણા ઝીલે છે. સરોવરને કાંઠે માછલાં પકડવાની 'રમત' રમતાં એ શિશુઓ કોઈ ચિત્રકારના ચિત્રનો વિષય બની શકે, કોઈ કવિના કાવ્યમાં એ પ્રાકૃતિક પંક્તિનો વિષય બની શકે. કવિ ઉમાશંકરના કાવ્યમાં કરુણાશબલિત સંવેદન રૂપે ઝિલાય છે. 'જળશાળા' અને 'ભૂખનો જવાબ' એ બે શાળાકીય શબ્દો કેવી વેધક વક્રોક્તિ બની રહે છે!

અને અજબલિના આર્ત બેંબેકાર? કવિએ એ પણ સાંભળ્યા? ચિલિકાનાં વારિ વચ્ચે માથું ઊંચકતા અનેક ડુંગરા છે. તેમાં એક છે કાલીજાઈ. એકેય વનસ્પતિ તેના પર નથી. ચારે બાજુ છે ખારાં પાણી. એ ડુંગર પર દેવતાને માનતા રૂપે માનેલા બકરાને વધેરવાને બદલે ત્યાં છુટ્ટા મૂકી દેવાય છે. એ જીવતા બલિ છે. અહીં ના કંઈ ખાવા મળે, ના કંઈ પીવા મળે. સરોવરનાં લહેરાતાં પાણી તો ખારાં છે. એ ખારાં જળે વીંટેલા આ ડુંગરા પર ભોગ ધરાયેલાં અનેક બકરાં ભૂખેતરસે બેંબેકાર કર્યા કરતાં મરણશરણ થાય છે. ચિલિકાના તટ પરનાં તરુઓની પર્ણમર્મર વચ્ચે કવિએ એ આર્તરવ પણ સાંભળ્યા.

એટલે કવિએ ચિલિકામાં આવીને સૌંદર્યનો અનુભવ કર્યો, શાંતિનો અનુભવ કર્યો, પણ તેમાં એક ‘શમવા’ કરતો અજંપો છે, એક ઉદ્વેગ છે :

મોજાં પર કિરણોને ધકેલતી વાયુલહરચળક ચળક સવળ્યાં કરે,ચિત્તમાં શાંતિની રગ વેગથી ધબક્યાં કરે.

આ ચોથું ચિલિકા. પાંચમું સ્વાતિબહેનનું. એ વિશે એ કહે ત્યારે ને!

* * *

પરંતુ સંસ્કૃતિમાં શ્રી ઉમાશંકરનું ‘ચિલિકા’ છપાયા પછી બીજે-ત્રીજે દિવસે કવિ પ્રિયકાંત મણિયાર બપોરની વેળાએ ઈન્દુભાઈ સાથે સ્કૂટર પર આવી પહોંચ્યા, ભાષાભવન પર. અમારે ત્યારે કોઈ પરિસંવાદ ચાલતો હતો. પ્રિયકાન્ત ‘લેખ’ લઈને આવ્યા હતા. કવિતા લઈને તો આવે, પણ આજે ‘લેખ’ હતો – શ્રી ઉમાશંકર રચિત ‘ચિલિકા’ કવિતાના આસ્વાદનો. ‘ચિલિકા’એ કવિ પ્રિયકાંતને પ્રસન્ન પ્રસન્ન કર્યા હતા અને એ પ્રસન્નતાની લહેર આ લેખના પ્રત્યેક શબ્દને ભીંજવી ગઈ હતી. અને છતાં સમગ્ર લેખમાં માત્ર સંસ્કારગ્રાહી પ્રતિક્રિયા નહોતી, કવિતાનું સૌંદર્ય વિશ્લેષિત કરતો બુદ્ધિપૂત અભિગમ હતો – પ્રિયકાન્તને વિરલ એવો. પ્રિયકાન્તે કરેલું ‘ચિલિકા’નું તેમાં દર્શન હતું. આહ કી ભાલો આમાર લાગલો!

લેખ સંભળાવી તરત પ્રિયકાન્ત સ્કૂટર પર ચાલ્યા ગયા. એમનો આનંદ મને સ્પર્શી ગયો હતો. અનેક ચિલિકા મારી આગળ પ્રકટી રહ્યાં.

પણ પછી એ લેખનું શું થયું – તે ખબર ન પડી અને કવિ પ્રિયકાન્ત તો…

કવિ પ્રિયકાન્તે જેનું ‘દર્શન’ કર્યું તે ચિલિકા’ કેટલામું?– કૅમન ક’રે બલિ?

*

# બ્રહ્મા

ટુ લુક ઇઝ ઇમ્પૉર્ટન્ટ.
– કૃષ્ણમૂર્તિ
૨૬ મે, ૧૯૭૮

આજે અત્યારે હિમનગર કિસ્તવારની છાવણીના એક તંબુમાં મીણબત્તીના અજવાળામાં આ લખી રહ્યો છું. બહાર કૅમ્પફાયરનો કાર્યક્રમ ચાલે છે, જેના ઉન્મમુક્ત ઉલ્લાસનો ધ્વનિ મારા કાને અથડાય છે. દેશના જુદા જુદા ભાગમાંથી તરુણ-તરુણીઓ, યુવાન-યુવતીઓ આવી પહોંચ્યાં છે, ઉત્તરે હિમાલયના સાડાપાંચ હજાર ફૂટની ઊંચાઈએ આવેલા જમ્મુના એક છેવાડા નગરમાં – યૂથ હૉસ્ટેલ તરફથી આયોજિત નૅશનલ હિમાલયન ટ્રેકિંગ પ્રોગ્રામમાં જોડાવા. અહીંથી તેઓ જુદી જુદી ટુકડીઓમાં બારથી ચૌદ દિવસ સુધી પોતાને જરૂરી બોજ બરડે લાદી હિમાલયના ભીતરી ભાગોમાં પગે ચાલતાં ભમશે.

આ ભ્રમણ સગવડસુવિધાભર્યું તો નથી જ. રોજ પોતાના બોજ સાથે પંદર જેટલા પહાડી કિલોમીટર ચાલવાનું છે, આ ઠંડા મુલકમાં. આ રસ્તે સામાન્ય પ્રવાસીઓ તો ફરકે જ શેનાં? આ તરુણોને એક 'વૉન્ડરલસ્ટ' – ભ્રમણવૃત્તિ જ અહીં ખેંચી લાવી છે. આ તંબુમાં અમદાવાદની મેડિકલ અને એંજિનિયરિંગ કૉલેજના છાત્રો છે. મેડિકલના છાત્રો તો આજે સવારના શ્રીનગરથી બસમાં સાથે હતા. મારા સહયાત્રી શ્રી નરોત્તમ પલાણે તો તેમની ભાઈબંધી કરી લીધી છે. અમારી સાથે પ્રો. અનિલાબહેન અને પ્રો. રૂપા પણ છે. અમદાવાદની એક બીજી ઉત્સાહી ટુકડી પણ છે.

શ્રીનગરથી છ વાગ્યે સવારે બસ ઉપડી હતી, અહીં સાંજે સાડાસાતે પહોંચી.

બાર કલાક કરતાં વધારે સમય થયો. આ કલાકોય હમેશાં યાદ રહી જશે. આવી પહાડી પ્રદેશની બસયાત્રાય થતાં થવાની. વહેલી સવારે 'છપરી પૅલેસ' હાઉસ-બોટને અલવિદા કહી નીકળ્યાં ત્યારે રસ્તા પરનાં વિરાટકાય ચિનાર તંદ્રામાં હતાં. શરૂઆતમાં રસ્તામાં અમારી સાથે આવતી હતી જેલમ, પછી મળી ચિનાબ, તે અહીં સુધી. આજની અમારી અડધોઅડધ મુસાફરી તો જતી વખતે જમ્મુથી શ્રીનગર સુધી જે માર્ગે ગયાં હતાં તે માર્ગે જ હતી. રસ્તો એ જ છતાં સાત દિવસની આ સૌન્દર્યપ્રદેશની યાત્રા પછી અમે એનાં એ જાણે નહોતાં. શ્રીનગર વટાવ્યું પછી પામપુર-અવન્તીપુરનો પ્રદેશ આવ્યો. પ્રસિદ્ધ કાશ્મીરી કેસરનો પ્રદેશ. અનંતનાગનું સાઇનબોર્ડ આવ્યું. અહીં થઈને જ બે દિવસ પહેલાં પહેલગામ – ભરવાડોને ગામ – ગયાં હતાં. કાશ્મીર ખીણનું સૌન્દર્ય જરા વધારે ગળપણવાળું છે. થોડી વારમાં વેરીનાગ આવ્યું. નાગ એટલે ઝરણું. વેરીનાગમાંથી ઝરણું નીકળે છે, એ જ જેલમનું ઉગમસ્થાન. આજની સવારે પણ ત્યાં જવા મન ઉત્સુક થઈ ગયું. શ્રીનગર જતી વખતે વહેલી સવારે અહીં ફંટાઈ આવ્યાં હતાં. આ જેલમનું ઉગમસ્થાન! સ્તંભિત. એક આઠખૂણિયા કુંડમાંથી નીલમનીલ પાણી ઉપર છલકાઈ આવતું હતું – હિમ-શીતલ. ઊભરાતા પાણીનો પ્રવાહ બને છે, એ જ જેલમ. અહીં બધે સુંદર સુંદર જ છે. આ ઉગમ સ્થળે જ જહાંગીરે લખાવ્યું છે :

અગર ફિરદૌસ બરરૂએ જમીનસ્તહમીનસ્તો હમીનસ્તો હમીનસ્ત.

જહાંગીરે બધાંના મનની વાત કહી દીધી છે, સ્વર્ગ જો ભૂતળ પર હોય તો અહીં છે, અને અહીં છે, અને અહીં છે. પણ આજે તો બસ ક્યારનીય આગળ નીકળી જવાહર ટનલમાં પ્રવેશી ગઈ હતી.

જવાહર ટનલમાંથી બહાર નીકળતાં કોઈને સ્વર્ગચ્યુત થવાનો અનુભવ થાય – એક જુદા ભૌગોલિક વિસ્તારમાં આવી ગયાં જાણે. ક્યાં કાશ્મીરની હૅપી વૅલી અને ક્યાં જમ્મુનો પાર્વત્ય વિસ્તાર! પણ પેલું ગળપણ ઓછું થયું હતું એટલું જ. સર્વત્ર શોભા તો લાગે જ, જરા ખરબચડી. જતી વખતે અમારી બસને અહીં આટલામાં પંક્ચર થયું હતું. રાત પડી ગઈ હતી. અંધારું ઊતરવા લાગે ન લાગે ત્યાં પહાડ પાછળથી નીકળેલા ચંદ્રનું અજવાળું પથરાયું. નીચે ઊંડી ખાઈમાં ચિનાબના વહેવાનો અવાજ કાને આવ્યા કરે. તેની સામે ઢાળ પર ઘર દેખાયાં. ઓત્તારી! માણસો ક્યાં ક્યાં જઈને વસ્યાં છે! પલાણ તો ઘેઘૂર. બસ ભલે ખોટકાઈ હોય. આજે અમે એ જગ્યા આવે તેની રાહ જોતાં રહ્યાં અને ખબરેય ન પડી, ને જગા જતી રહી. બધા વળાંકો સરખા લાગ્યા.

બપોરના બતોત આવ્યું. સુન્દર સ્થળ. લાગે છે કે સુન્દર શબ્દ હવે ન વાપરવો જોઈએ. અહીં એ સાધારણ ધર્મ છે. જહાંગીરે ખરું કહી દીધું, એકેય વિશેષણ નહિ અને છતાંય સૌન્દર્યવાચી બધાંય વિશેષણોનો સાર.

બતોત પછી કિસ્તવારનો માર્ગ બદલાયો. ચીડ-દેવદારથી છવાયેલા પર્વતની એકધારે સડક, પછી ઊંડી ખાઈ. તડકો વધતો ગયો તેમ ચીડ-દેવદાર ઓછાં થતાં ગયાં. તાપ લાગવા માંડ્યો. રસ્તો બિસ્માર હાલતમાં હતો. ચિનાબ ક્યારેક હજાર-બે હજાર ફૂટ નીચે ઊતરી જાય, ક્યારેક ઉપર આવી જાય. ચિનાબ નહીં, ખરેખર તો અમે જ ઉપર-નીચે થતાં હતાં. આ ચિનાબ, એનું બીજું નામ છે ચંદ્રભાગા. તાજા ઓગળેલા બરફનું પાણી વહી જતું હતું. ભૂગોળમાં બિયાસ, સતલજ, જેલમ, ચિનાબ અને રાવી એ પંચ-આબનાં નામ સાથે ગોખ્યાં હતાં. આર્યોની આ જ અનુક્રમે વિપાશા, શતદ્રુ, વિતસ્તા, ચંદ્રભાગા (કે અસિકની) અને પરુષ્ણી (કે ઇરાવતી). આ દોડતી જતી નદીઓને કોઈ વૈદિક ઋષિએ, કદાચ વિશ્વામિત્રે દોડતી જતી ધેનુઓ કહી છે. પ્રાચીન સંસ્કૃતિની એ ધેનુઓ જ છે.

આજે ઉનાળો લાગતો હતો. ગઈ કાલે ગુલમર્ગમાં ઘનઘોર ચોમાસાનું તાંડવ જોયું હતું. કદાચ કાશ્મીરની હેપી વેલીમાં આજેય ચોમાસું હોય. અહીં રસ્તામાં ધૂળ ઊડતી હતી, વારેવારે તરસ લાગતી હતી. પર્વતોય શુષ્ક હતા, ક્યાંક ક્યાંક દ્રવતા. વચ્ચે ચિનાબનો સંગમ આવ્યો. કઈ નદી હશે ખબર નથી, પણ બે દિશામાંથી વહી આવતી બે નદીઓને મળતી જોવી એ લહાવો છે. બસ ઊભી રહી. એક હોટેલમાં ચા પીધી. લાકડાની હોટેલની પાછલી બાજુની બારીએ જોયું – ચિનાબ વહી જાય છે.

બસમાં સ્થાનિક લોકો ચઢે-ઊતરે છે. ખાઈની ધારે બસ ઊભી હોય તોય ડર્યા વિના ઊતરે, ઢોળાવ પર નચિંત ઊભા રહે, આપણને તો તમ્મર આવી જાય. પણ આ લોકો બસથી બહુ ટેવાયેલા નથી. વિવમિષા લઈને જ બસમાં ન બેસતા હોય! સાંજ પડતી ગઈ તેમ ઠંડક થતી ગઈ. પહાડોમાં સાંજ રમણીય લાગે છે. વળી આજે આકાશ ચોખ્ખું છે, પણ રસ્તો જાણે નીઠતો જ નથી. અહીં પહોંચ્યાં ત્યારે દિવસ આથમી ગયો હતો. વિનંતીથી ડ્રાઇવર છેક અમને કેમ્પ સુધી ઉતારી ગયો. વિશાળ હરિયાળાં મેદાનમાં ભાઈઓ અને બહેનોના અલગ તંબુ છે. હિમનગરની આ છાવણી કામચલાઉ ઊભી કરવામાં આવી છે. પણ સ્થળ રમણીય લાગે છે. આસપાસ પહાડો જ પહાડો છે. પ્લેટમાં જમવાનું લઈ લગભગ અંધારામાં જ જમી લીધું. જાણે કેમ્પલાઈફ શરૂ થઈ ગઈ. શ્રી

પલાણ અને હું ધાબળા પાથરીને તંબુમાં છીએ. એ આડા પડ્યા છે. ત્યાં કૅમ્પફાયરની આસપાસ આનંદ ઊછળી રહ્યો છે અને હું અહીં મીણબત્તીના અજવાળામાં –

હું પણ હવે બહાર નીકળીશ.

૨૭ મે

સવારની ચા તંબુમાં આવી ગઈ હતી. ચા પીને બહાર આવ્યાં. ચારે બાજુએ નિસર્ગશ્રી મુગ્ધ કરે તેવી હતી. પૂર્વ તરફ પહાડ, આથમણી બાજુ મેદાન અને પછી ખેતરો, ઉત્તર-દક્ષિણ જતો રસ્તો, ચિનારનાં વૃક્ષ. બધાંને જાણે જુદો જુદો રંગ હતો. પણ આ મુખ્ય છવણીનો પાણીનો પ્રશ્ન હતો. પાણીની બે ટાંકીઓ ભરી રાખવામાં આવી હતી. તેમાંથી વાપરવાનું હતું.

અહીં હવે બે-ત્રણ દિવસ પૂર્વતૈયારી રૂપે રહેવાનું હોય છે, પણ અમારે આઠમી જૂને તો અહીંથી નીકળી જવું પડે તેમ હતું. મુખ્ય નિયામક બ્રિગેડિયર ગ્યાનસિંહને મળ્યા. ટ્રેકિંગ- પદયાત્રા માટે બે રૂટ હતા : ૧ કિસ્તવાર – પલમાર – ઇખાલા – સોન્દર – નંતનાલા – બ્રહ્મા; અને ત્યાંથી એ જ માર્ગે પાછા. ૨ કિસ્તવાર – પલમાર – ઇખાલા – સોન્દર – શિસી – હાન્ઝલ – યોર્દૂ – માર્ગન પાસ – દક્ષુમ – સિન્થનપાસ – કિસ્તવાર. આ બીજો સકર્યુલર રૂટ હતો અને અમે એ જ પસંદ કર્યો હતો. પણ આ રૂટ પર તો એટલી ટુકડીઓ હતી કે અમારે કદાચ કિસ્તવારમાં જ ચાર દિવસ ગાળવા પડે. બ્રિગેડિયરે અમને બ્રહ્માવાળો રૂટ લેવાની સલાહ આપી. તો કદાચ કાલે જ સવારે નીકળી શકાય.

શ્રી પલાણે તો સાથે આવવાનો જ વિચાર મુલતવી રાખ્યો. અમને જરાયે ના ગમ્યું. એમના જેવા પ્રવાસી રખડુ જીવ સાથે હોય એટલે હંમેશાં રંગત રહે. પણ એમને જલદીથી પોરબંદર જવું હતું. સવારમાં અમને થોડી કસરત કરાવી. પછી ચિનાબને કાંઠે જ્યાં એક ઝરણ વહે છે ત્યાં મોકલ્યાં. કિસ્તવાર આ વિસ્તારનું સૌથી મોટું મથક છે. કેસરના વ્યાપારનું કેન્દ્ર છે. પ્રાચીન કાળમાં તિબેટ જવાના રૂટ પર હતું. અહીં ડોગરા લોકો વિશેષ રહે છે. આપણાં લશ્કરમાં ડોગરા રેજિમેન્ટ જાણીતી છે. લડાયક પ્રજા છે. આ બધા વિસ્તારને ભોગે કાશ્મીર ખીણને સગવડો મળે છે. રસ્તામાં એક વૃદ્ધ મળ્યા. તે કહે, સરકાર અહીં નદી પર બંધ બાંધવાની વરસોથી વાત કરી છે. એના માટે લાખો ખર્ચાયા છે, પણ કિસ્તવારને પાણી મળતું નથી. બંધ થતો જ નથી. અહીં પૂરતું પાણી મળે તો આ મુલક નંદનવન બની જાય. ડૉ. કરણસિંઘે ડોગરી લોકગીતોનો સંગ્રહ કર્યો

છે, તે યાદ આવ્યું. અહીંથી આસપાસનાં ગામમાં બસ જાય છે. પછી કોઈ બસ-માર્ગ નથી. અંદર દૂર દૂર સુધી મ્યુલટ્રેક – ખચ્ચર માર્ગ કે પગદંડીઓ છે.

બપોરના આવી બધી માહિતી સાથે પર્વત વિસ્તારોમાં ચાલવા અંગે બ્રિગેડિયરે વર્ગ લીધો, ચિનારની છાયામાં. તેઓ તો મોટા પર્વતારોહક અને પર્વતજ્ઞ છે. પર્વતારોહક સંસ્થાઓ સાથે જોડાયેલા છે. અમારે દુર્ગમ પર્વતા ચઢવાના નથી. કુદરતના સાન્નિધ્યમાં કેડીએ કેડીએ ચાલવાનું છે. અમારી ઇચ્છા તો માર્ગનપાસના રૂટે જ જવાની હતી પણ પછી બ્રહ્મા રૂટ સ્વીકાર્યો. બ્રિગેડિયરે કહ્યું કે આ રૂટ પણ એટલો જ સુન્દર છે, બધાં કેમ આ રૂટ પસંદ નથી કરતા તેનું આશ્ચર્ય છે. અમે પસંદ કરી લીધો, એ જોઈ અમદાવાદથી આવેલા શ્રી કશ્યપની એક ટુકડીએ પણ. પેલા છાત્રો તો માર્ગન રૂટે જ જવાના આગ્રહી રહ્યા.

સાંજે ગામમાં જઈ જરૂરી દવાઓ, ગ્લુકોઝનાં પૅકેટ વગેરે લઈ આવ્યાં. અમને રુકસૅક, બરડે ઉપાડવાના થેલા આપવામાં આવ્યા. એમાં માત્ર અત્યંત જરૂરી ચીજવસ્તુઓ ભરવા કહ્યું. અમારે જ એ બધું ઉપાડવાનું હતું.

પહાડોમાં પગે ચાલવાનો ખ્યાલ જ આનંદ આપી જાય છે. ત્રીસ વર્ષ પહેલાં હૃષીકેશથી બદરીનાથને માર્ગે ગરુડચટ્ટી સુધી પગે ચાલ્યો હતો. એ દિવસમાં હૃષીકેશથી યાત્રીઓએ પગે જ જવું પડતું. પણ એ એક જ દિવસનો અનુભવ ચિરસ્થાયી બની ગયો છે. હવે આવતી કાલથી ફરી એવો અનુભવ મળવાનો છે, ઉત્સાહમાં તૈયારીઓ કરું છું. પણ પલાણ નહીં આવે તેનો રંજ પણ ઊંડે ઊંડે અનુભવું છું.

૨૮ મે

વહેલી સવારે ઝટપટ તૈયાર થવાનું હતું. એમ તો રાત્રે રુકસૅકમાં બધી વસ્તુઓ ભરી રાખી હતી પણ સવારમાં થોડી તેમાં નાખવાની હતી. બાકીનો સામાન અહીં છોડીને જવાનું હતું. હજી તો આકાશમાં તારા હતા અને ઊઠી ગયાં. મીણબત્તીના અજવાળામાં કેટલું જોઈ શકાય? શ્રી પલાણની મદદથી બધું ઠીકઠાક કર્યું. સ્ટોરરૂમમાં વધારાનો સામાન મૂકી આવ્યાં. આમ તો અહીંથી જ પગે ચાલવાનું હતું પણ અમે શિડ્યુલ કરતાં એક દિવસ આગળ હોઈએ તો જ ગોઠવાય એમ હતું. એટલે એક દિવસની પદયાત્રા બસથી પૂરી કરવાની હતી. આ બસમાં માર્ગન રૂટ પર જનાર કર્ણાટકની ટુકડી ઉપરાંત અમારી, જેને વડોદરા ગ્રુપ નામ આપવામાં આવ્યું તે ટુકડી હતી. વડોદરાનાં છાત્રો સાથે અમદાવાદનાં અમે સાત હતાં.

ઊંચોનીચો વાંકોચૂકો પહાડી માર્ગ. મોટે ભાગે નદીને કિનારે કિનારે જાય. ઘડીમાં તમારી બાજુ પહાડ આવી જાય, ઘડીમાં જંગલનો ઢોળાવ. નીચે વહી જતી હોય નદી. બસ નીચે ઊતરી. અહીં હતો બે નદીઓનો સંગમ. ચિનાબ અને મારવા નદીનો. હવે અહીંથી ચિનાબનો સંગ છૂટી જશે. મારવા અમારી સાથે થશે. અમે બધા આનંદોલ્લાસમાં હતા. બસ, રસ્તાની એકધારે આવી ઊભી રહી. અહીં અમારે ઊતરી જવાનું હતું.

અહીંથી શરૂ થતી હતી અમારી પદયાત્રા. આમ તો સવારે કિસ્તવારથી નીકળ્યાં હોત તો સાંજે અહીં પહોંચત. પણ હવે અહીંથી આગળ જવાનું હતું. પલમાર લગભગ છ હજાર ફૂટની ઊંચાઈએ આવેલું છે. અહીંથી થોડું ચઢીએ પછી કેમ્પ આવશે, ત્યાં નાસ્તો લઈ તરત જ આગળ ચાલવાનું હતું.

રુકસૅક સાથે ચાલવાનો જ નહીં, ચઢવાનોય પહેલો અનુભવ આવ્યો. પહેલે જ પગલે પરીક્ષા હોય તેમ અહીંથી સીધું ચઢાણ ચઢવાનું હતું. ખાલી હાથેપગેય દોહ્યલું લાગે તો બરડે રુકસૅક સાથે તો! અમારે માથે હતી સનકૅપ, આંખે ગૉગલ્સ, પગમાં હંટરશુઝ. હંટરશૂઝ ક્યે દહાડે પહેર્યાં હોય? પગ તેમની સાથે સહકાર સાધી શકતા નહોતા. જોતજોતામાં તો પરસેવાનાં ઝરણ વહી ચાલ્યાં. ધમણની જેમ શ્વાસ ચાલવા લાગ્યા. ઉલ્લાસ અને ઉછાળાથી ગીતો ગાતાં મોઢાં વિસ્ફારિત હતાં. અધૂરામાં પૂરું તડકો થઈ ગયો હતો. ઉપર ગામની સપાટીએ પહોંચતાં તો આ તડકામાંય તારા દેખાઈ ગયા. ઉપર જતાં હતાં, તેમ દશ્યો ખૂલતાં હતાં. પણ જુએ કોણ? ચઢી જવું, બસ ચઢી જવું – એ જ નિરધાર.

પલમારમાં કૅમ્પ હતો, પહાડી ગામ. સુંદર જગ્યા. તંબુમાં બેસવાનું અને શીતલ જલ પીવાનું એટલું તો ગમ્યું! પણ અમારે તરત ચાલવાનું હતું. જે પદયાત્રા સવારે શરૂ થવી જોઈએ તે હવે આકરા તડકામાં શરૂ થઈ.

આ રસ્તે કોઈ વાહન કદી પસાર થયું નથી. માત્ર ભારવાહી ખચ્ચરોને ચાલવા જેટલી પહોળાઈ. ક્યાંક ઊંચાંનીચાં પગથિયાં, ક્યાંક માત્ર પથરા, ક્યાંક કાંકરા, ક્યાંક માટી, ઘડી ચઢો, ઘડી ઊતરો. વળાંકો એટલાં બધાં કે પેલી હિન્દીની કહેવત હવે સમજાય કે નવ દિન ચલે અઢ઼ાઈ કોસ. કાગડાઉડાણ અંતર તો માંડ સો-બસો મીટર થાય. જ્યારે આપણે ચાલ્યાં હોઈએ કેટલું બધું! બરડાને ભારે કષ્ટ થતું, પગની તકલીફને તો પૂછે કોણ? ઠેસ ખાતાંખાતાં એમને ચાલવાનું. આ આખો ખુલ્લો માર્ગ હતો. ક્યાંક ઝાડની

છાયા આવે. પણ કેટલી વાર? નીચે મારવા વહી જતી હતી પણ કેટલી બધી નીચે! હવે કોઈ કોઈની જોડે વાત નહોતું કરતું.

રસ્તે ખચ્ચરો સાથે થાય કે સામે આવે. ઊભાં રહી વાટ આપવી પડે. જોતજોતામાં પસાર થઈ જાય. તેમની સાથે પસાર થઈ જાય હાંકનારા. અમનેય થયું કે વજન ઉપાડીને ચાલતાં અમેય ખચ્ચર. હવે થયું કે 'આ તો જોઈએ,' 'આ તો જોઈએ જ' એમ કરી જે ભર્યું હતું તે જ ભારરૂપ બની ગયું હતું. જરા ઠંડો પવન વહે કે એ સૂરજના તડકાને ભુલાવી દે. એ પવન જ અમારી શક્તિને ઈંધણરૂપ હતો.

દોઢ વાગવા આવે, પછીય ભોજનની ઇચ્છા ન થાય? તેટલામાં એક વળાંક વટાવી જેવાં દિશા બદલીએ કે બે પહાડ ઉપરથી ધસમસતું એક ઝરણું દોડી વહી જાય. ભૂલી ગયાં કે બરડે બોજ છે. માથે સૂર્ય અને ચરણે ડંખતા શૂઝ છે. અધૂરામાં પૂરું ઝાડ આવી ગયું બેસી પડ્યાં. રુકસૅક ઉતારી ઝરણાં પાસે દોડી ગયાં. હિમસીકરનો શીતલ સ્પર્શ તમામ થાક-તાપ હરી રહ્યો. પાણી પીધું – અમૃત આવું જ હશે? ઝાડની છાયામાં ખાવાનું કાઢ્યું. આમ ખાવાનો 'ટેસ' ક્યારેય નહોતો પડ્યો.

પછી ચાલવાનું શરૂ થયું. અમે અંતર ટૂંકાવવાના ખ્યાલથી પગદંડીનો માર્ગ લીધો. માંડ ફૂટ-બે ફૂટ પહોળી પહાડના ઢોળાવ પરની પગદંડી પર ચાલવાનું દુષ્કર હતું. ત્યાં કસોટી થઈ. એકદમ સાંકડે માર્ગે ઉપર ચઢવાનું. પગ મૂકવાની જગા નહીં. પગ ક્યાંક ઠેરવ્યો અને ખસક્યો તો ગયા. અમારી પહેલાં કેટલાંકને ચઢતાં જોઈ હિંમત હારી જવાય એવું હતું. રૂપા અને અનિલાબહેનને કહ્યું, પહેલાં મને જવા દો. રુકસૅક મૂકીને આવું છું. મેં ભયકંપિત ચરણ સ્થિર કર્યા અને એક પગ ઊંચે ટેકવી આંચકો લીધો, જેથી અધ્ધર થવાય પણ એની સાથે બરડા. પરના રુકસૅકે પણ 'જમ્પ' લીધો – ઝાંખરાની એક ડાળી પકડી સંભાળી લીધું. જરા ચૂકી ગયો હોત... ઉપર પહોંચી જોયું – અમારી ટુકડીના નેતા, એક શિક્ષક, ઝાડની છાંયમાં બેઠા હતા. તેમને મેં મદદ કરવા કહ્યું. પણ ફિલસૂફની અદામાં તેમણે કહ્યું, 'અહીં સૌએ સૌની રીતે સૌનો માર્ગ કાપવાનો છે. કોઈ કોઈને મદદ ન કરી શકે.' અત્યારે એને શું કહેવું? હજી નીચે રૂપા, અનિલાબહેન, સૌ ઊભાં છે. હું રુકસૅક ઉતારી મદદે જવાનો ઉપક્રમ કરું ના કરું ત્યાં બે સ્થાનિક માણસો ઉપર આવતા દેખાયા. તેમના બરડે રૂપાની અને અનિલાબહેનની રુકસૅક હતી. અને બન્નેએ બન્ને મહિલાઓને સમાશ્વાસનપૂર્વક ટેકો આપ્યો હતો. ઉપર આવી, રુકસૅક ઉતારી અમારો

આભાર ઊંચકે તે પહેલાં ઝટપટ આગળ નીકળી ગયા. રૂપાના ચહેરા પર હજી ભય હતો.

ઊતરતો પહોર હતો, પણ તાપ આકરો હતો. પહાડો તપ્યા હતા. ત્યાં વળી એક ઝરણું આવ્યું. ખૂબ ઊંચાઈએથી પડતું હતું. અમે ફરી શીતલ વારિ પીધાં. ત્યાં ફરી કશ્યપમંડળી આવી પહોંચી. હજી કેટલે દૂર? – એ સૌનો પ્રશ્ન હતો. સાંજ પડવા આવી. જંગલ હવે શરૂ થતું હતું. તેની સાથે નીચે ઊતરવાનું હતું. નીચે ગીચ ઝાડીમાં કંઈ દેખાતું નહોતું. માત્ર મારવાના વહેવાનો અવાજ ઘૂમરાતો હતો. અમારી અને સૂરજની વચ્ચે પહાડ આવી જતાં સાંજ પડી ગઈ એવું લાગ્યું. હવે અંધારું થઈ જશે. આ માર્ગ પણ ખરો જ હશે ને! ત્યાં સામે કેમ્પનિયામક લેવા આવ્યા હતા. તેમની વાણીમાં ઉત્સાહ વહેતો હતો. અમે તેમની પાછળ ચાલ્યાં. ગાઢ જંગલ – હે, 'વુડ્ઝ આર લવ્લી, ડાર્ક ઍન્ડ ડીપ' – પણ રાત પડે તે પહેલાં ઈખાલા કેમ્પમાં પહોંચવું જોઈએ. અલબત્ત, કોઈ વચનો પાળવાનાં નહોતાં. ઈખાલા પહોંચ્યાં ત્યારે અંધારું થઈ ગયું હતું. ગાઢ જંગલનું એ અંધારું હતું,

પહાડનાં જંગલો વચ્ચે ઇખાલા હતું. પહોંચ્યાં એવાં ઢગલો થઈ ગયાં. ગરમાગરમ ચા પીતાં ચેતન આવ્યું. જંગલ ખાતાનું રેસ્ટ હાઉસ હતું. એક નાના ઝરણાને પાણીની નળીમાં થઈ વહેવાની ફરજ પાડવામાં આવી હતી. ચકલી વગરનો સતત વહેતો નળ. બહેનો માટે લાકડાના રેસ્ટ હાઉસમાં, ભાઈઓ માટે બહાર ખુલ્લામાં નાખેલા તંબુઓમાં ઉતારો હતો. પડાવનો પહેલો દિવસ. પગ ભરાઈ ગયા હતા, બરડો રહી ગયો હતો. આમ જ છેક સુધી ચાલવાનું હશે. અનિલાબહેને તો કહ્યું પણ ખરું – ઇઝ ઇટ વર્થવ્યહાઇલ?

કશ્યપ મંડળીના બૂરા હાલ હતા. છોકરાઓ બહુ થાક્યા લાગતા નહોતા. બૂટ કાઢીને બધા પગ જોતા હતા, ક્યાં કેટલા ડંખ્યા છે. હવે આગળ જવું કે નહીં – એવો પ્રશ્ન થયો. અનિલાબહેને રૂપાને પૂછ્યું, 'કેમ રૂપા, કાલે આગળ જઈશું ને?' રૂપાની આંખમાં આંસુ આવી ગયાં. કશું બોલી નહીં, પણ રૂપાનો જવાબ સ્પષ્ટ હતો. ત્યાં કશ્યપે કહ્યું – અમે તો આગળ જવાનું મુલતવી રાખીએ છીએ! અનિલાબહેને કહ્યું – ચાલો, હવે કાલની વાત કાલે.

ચારેક ધાબળા લઈ તંબુમાં ગયો. બધા છોકરાઓ અહીં હતા. બે ધાબળા પાથરી બે ઓઢવા રાખ્યા, મીણબત્તીના અજવાળામાં આયોડેક્સ પગે ઘસ્યું. ત્યાં કોઈએ સાપની

વાત કાઢી. અહીં સાપ આવે છે. છોકરાઓ જરા ગભરાયા. બધાં અંગ્રેજીમાં વધારે બોલતા. ત્યાં એક છોકરાએ તંબુનો છેડો ઊંચે કરી, બૅટરીનું અજવાળું ફેંકયું, અને 'સ્નેઈક, સ્નેઈક, સ્નેઈક' કરતો એ ઊછળ્યો. એમના પેલા સ્થિતપ્રજ્ઞ શિક્ષક અડધા ઊભા થઈ ગયા અને નાનો હિમાંશુ પેલે છેડેથી 'અંકલ!' ચીસ પાડી મને આવી બાઝી પડ્યો. 'ગ્રીન સનેઈક, ગ્રીન સ્નેઈક' પેલો ગભરાયેલા અવાજે બોલતો હતો. પછી તો બધે જોયું, પણ કંઈ નહોતું. બધા માંડ જંપ્યા. જોતજોતામાં ઊંઘી ગયા, પણ મને ઊંઘ નથી. દસ દિવસ આમ ચાલવાનું છે! પુરાણા જંગલમાં પવન સૂસવાતો રહ્યો અને નીચે નદીનો ઘુઘવાટ થતો રહ્યો.

૨૯ મે

પહાડોના જંગલોમાં સવાર ખુશનુમાઈ લઈને આવી ગઈ. કાલનો દેહને ઢગલો કરી દેતો થાક ક્યાં ગયો? તંબુની બહાર આવીને જોયું તો કેવી રમ્યસ્થલીમાં રાત ગુજારી હતી તેનો અનુભવ થયો. જમણી બાજુએ ઊંચા ને ઊંચા જતા પહાડો પર તેમનાથીય ઊંચાં ચીડ વૃક્ષોની ટોચો પર કોમળ તડકો પથરાયો હતો, તે પાંદડાં વચ્ચેથી ચળાઈને ક્યાંક ત્રાંસાં લાંબાં પ્રકાશબિંબ રચતો નીચેનાં સૂકાં પાંદડાંને સૌન્દર્યથી રસિત કરતો હતો. ડાબી બાજુએ નીચે ને નીચે ઢળતો જતો ઢોળાવ છેક નીચે વહેતી મારવામાં ડૂબકી લગાવી જતો હતો.

રેસ્ટ હાઉસની જમણી બાજુએ પહાડોની ઉપત્યકા પર માર્ગ ચાલ્યો જતો હતો. તેના પર અવરજવર શરૂ થઈ હતી. પવન ગાલ ઠંડા કરી દેતો હતો. ગરમ ગરમ ચામાંથી વરાળ નીકળતી હતી અને અમારા મોંમાંથી પણ વરાળ નીકળતી હતી. થોડી વારમાં જ પેલા માર્ગ પર નીકળી પડવાનું હતું, પણ ગઈ કાલની વિષમ પદયાત્રાનું સ્મરણ થતાં ચરણ એકદમ શિથિલ થઈ આવ્યા. મનમાં થયું, આજનો એક દિવસ અહીં રહી પડીએ, આવતી કાલે ચાલશું.

અહીં રહી પડનાર ઘણાં હતાં. અહીંથી પાછાં જનારાં, તેથી પણ વધારે. હિમાલયના પહાડોમાં પગપાળા ચાલવાના રૉમેન્ટિક ખ્યાલથી આવેલાઓમાંનાં ઘણાં માટે વાસ્તવિક વાટ વસમી હતી. અમદાવાદની અમારી સાથેની શ્રી કશ્યપ મંડળીએ ઊઠતાંવેંત તો કહેલું, આપણે આગળ જઈએ જ છીએ, પણ પછી થોડી વારમાં કહે, અમે તો નથી જતાં, આજે અહીં રહીશું, કાલે પાછાં. આગળ જઈને ભરાઈ પડીએ એના કરતાં...

વડોદરા મંડળીમાંથી બેત્રણ બહેનોએ પણ પાછાં વળી જવાનું વિચાર્યું. મારા મનમાં

પાછા જવાનો તો નહીં, પણ એકાદ દિવસ રહી પડવાનો વિચાર હતો. રૂપા એક અનિર્ણયની સ્થિતિમાં હતી, તેણે નત નેત્રે કહ્યું, 'તમે બધાં જાઓ, હું આજે અહીં રહીશ, આવતી કાલે બીજાં પાછાં ફરનારની સાથે હિમનગરની મુખ્ય છાવણીમાં જતી રહીશ અને ત્યાંની વ્યવસ્થામાં મદદ કરીશ.' મુખ્ય છાવણીની વ્યવસ્થામાં આવાં ઘણાં પદયાત્રીઓ સ્વયંસેવકો બન્યાં હતાં. મેં મારો વિચાર સૂચવ્યો. અનિલાબહેને કહ્યું, 'જો આગળ જવું જ હોય તો આજે જ નીકળી જવું જોઈએ. આજે જો અહીં રહ્યાં તો પછી આગળ કદાચ જવાની ઇચ્છા નયે થાય. એવું કરીએ કે આજે આપણે ચાલીએ અને હવે પછીની છાવણીમાં પહોંચ્યા પછી એવું લાગશે કે હવે આગળ વધવાની હામ નથી. તો ત્યાંની છાવણીમાં એકાદ-બે દિવસ રહી પાછાં વળી જઈશું.' વાત ગમતી નહોતી. પણ વડોદરાનાં ભાઈ-બહેનોય જવા તૈયાર થતાં હતાં તે જોઈ વિચાર્યું – ચાલો ત્યારે. પછી તો રૂપા પણ તૈયાર થઈ.

જવા તૈયાર થવાનું નક્કી કર્યું પછી પહેલું જે કામ કર્યું તે અમારી અપરિગ્રહ વૃત્તિને પ્રકટવા દેવાનું. સામાન ઓછો કરી કાઢવાનું વિચાર્યું. કપડાંની એક જ જોડ વધારે, આખી ડાયરીને બદલે થોડાં છૂટક પાનાં. બાઇનોક્યુલર, ઓઢવાની શાલ સુધ્ધાં, એક આખો રુક્સૅક ઓછો કરી નાખ્યો, થોડી જરૂરી વસ્તુઓ એક બગલથેલામાં રાખી, જેથી વારાફરતી હળવાં થઈ શકાય. આ છાવણીમાં અઠવાડિયા પછી પાછાં આવવાનું હતું. સામાન ઓછો કરવાના ઉત્સાહમાં મેં એક વધારાનું પહેરણ જે જોઈએ તેય કાઢી નાખેલું, તે તો પછી ખબર પડી.

કૅમ્પના નિયામકે બધાંને ભેગાં કરી સૂચનાઓ આપી. બંગાળી બાબુ હતા – શક્તિપ્રસાદ. બહુ વાચાળ. એક એક વાક્ય પછી ઓ.કે. પ્રશ્નાર્થ ઢબે બોલે, 'બધાંનાં રુકસૅક તૈયાર થઈ ગયા હશે, ઓ. કે.? હવે દસ મિનિટ પછી નીકળવાનું છે. અહીંથી હવે સીધે ને સીધે રસ્તે ચાલવાનું છે. ઓ. કે.? – તમે લગભગ અડધો કલાક ચાલશો, પછી સામે જોશો, તમને બરફમંડિત એક શ્વેત પર્વતશિખર દેખાશે. ઓ. કે.? તે જ બ્રહ્મા...ઓ. કે.? પછી દસ મિનિટ ચાલશો એટલે એ નહીં દેખાય. ઓ. કે.? રસ્તામાં આજે તો એક હોટેલ આવશે. તમને ત્યાં ચા મળી શકશે. ઓ. કે.? આમ તેણે પાંચ-સાત મિનિટ રસ્તામાં કેમ ચાલવું, ડાબી બાજુની ઊંડી ખીણમાં વહેતી નદી તરફ વારેવારે ન જોવું, ઝરણાંનું ઠંડું પાણી એકદમ ન પીવું, ઝરણું ઓળંગતાં પગ પાણીમાં પડે તો તરત જ મોજાં બદલી નાખવાં – વગેરે સૂચનાઓ આપી છેવટે કહ્યું, 'જ્યારે તમારા રસ્તાની

એક ધારે લાકડાનું એક મકાન આવે અને તેની ઓસરીમાં બેસીને એક દરજી સીવતો તમે જુઓ એટલે સમજજો, તમારો પછીનો મુકામ આવી પહોંચ્યો છે, ઓ. કે.?'

દસ મિનિટ પછી તો લંચબૉક્સમાં બપોરનું ખાવાનું ભરી અમે રસ્તે ચાલી રહ્યાં હતાં. બહુ જ અનુકૂળ માર્ગ, જંગલછાયા, પહાડના પેટાળ પર ચાલ્યો જતો હતો. આજે બહુ ચઢઊતર નહોતી, કંઈ નહિ તો શરૂઆતમાં તો નહિ જ. અમને થયું, સારું થયું. નીકળી જ પડ્યાં. અમારા હવે બાકી રહેલાં પંદર પદયાત્રીઓના ગ્રૂપમાં સૌથી નાનો હતો હિમાંશુ. નાની રુકસૅક એને બરડે હતી. ચાલતાં ચાલતાં દોડે, હાંફે. વળી બેસે એવો રુક્સૅક સમેત આડો પડી જાય. બીજા છોકરાઓ પણ તરવરિયા હતા. એકબીજાની મદદ માટે તત્પર. પણ તેમની સાથે આવેલા તેમના શિક્ષક હતા જાણે વીતરાગ. છોકરાઓ પોતે પોતાનું ફોડી લેતા. માર્ગે આવતાં ઝરણાંઓ જેવા ચંચલ અને શક્તિસ્ત્રોતભર્યા. હું એમને માટે 'અંકલ' હતો. બધા આગળ-પાછળ બબ્બે ત્રણ ત્રણના ગ્રૂપમાં ચાલ્યા જતા હતા.

અહો...! બરડે ભાર સમેત અમે ઊભાં રહી ગયાં! કેવું અદ્ભુત દર્શન! શ્વેત હિમમંડિત પર્વતશિખર. આ જ બ્રહ્મા! જુઓ!

એકદમ શ્વેત. કેવળ શ્વેત. તેની બન્ને બાજુ બે પહાડ – એકદમ લીલા, નર્યા લીલાંછમ, બે લીલાછમ પહાડોની ફ્રેમ વચ્ચે શ્વેત બ્રહ્મા. સામે ત્રણ શિખર. લીલું, શ્વેત, લીલું. જોતા જ રહી ગયા. રંગ અને આકૃતિની કેવી મનોહર ભવ્ય છબિ! પહાડો વચ્ચે ઊગતા સૂરજનાં ચિત્રો અમારા ચિત્રશિક્ષક દોરાવતા. પહાડમાંની વળી પાછી વહેતી નદી હોય, નદીમાં હોડી હોય, પહાડ પર ઝાડ હોય, આકાશમાં પંખી હોય...અહીં ઘણું બધું હતું, પણ બે પહાડ વચ્ચે સૂરજ નહીં, ત્રીજો પહાડ. શ્વેત પાવનત્વ જાણે ધ્યાનમગ્ન છે.

અમે સ્થિર થઈ ગયેલાં ચરણ ઉપાડ્યાં. થોડીવાર સુધી શ્વેત શિખર દેખાયા કર્યું, પછી જરા અમારો રસ્તો વળ્યો કે અંતર્ધાન. એય તે ઠીક થયું. આટલી લાંબી ક્ષણો સુધી આવા ઉત્કટ સૌન્દર્યનો સાક્ષાત્કાર વિહ્વલ કરી દે છે, બેચેન કરી દે છે. પણ પેલા લીલાછમ પહાડ તો થોડા થોડા દેખાતા હતા. પછી સમજાયું કે એ ત્રણ પહાડો સીધી હરોળમાં નહોતા, એકબીજાની નજીક પણ નહોતા. પણ આકાશમાં એકબીજાથી દૂર રહેતા તારાઓની એકસાથે હોવાની આકૃતિ રચાય કંઈક એ એવું હતું. હિમાલયની પંદરસો માઈલની લંબાઈમાં આવી તો કેટલીક અદ્ભુત સૌન્દર્ય-સ્થલીઓ હશે. આ તો

એક. એ એકને જોતાં જો આમ થતું હોય તો પછી સતત આવાં અનેક સૌન્દર્યદર્શન કરનારનું તો પૂછવું શું? મને થતું હતું, આપણા ઋષિમુનિઓમાં સંસારીઓ કરતાં કંઈ ઓછો આસક્તિભાવ નહીં હોય. માત્ર આસક્તિનાં કેન્દ્રો જ અલગ અલગ એટલું. હિમાલયની આ આસક્તિ હિમાલયના સૌન્દર્યમાંથી જ જન્મી હશે ને! વૈરાગી ભર્તૃહરિને ગંગાતરંગહિમસીકરશીતલ હિમવતનાં ચારુ સ્થલોની કેટલી આસક્તિ હતી! આજે પલાણ સાથે હોત!

આજે માર્ગ પર સ્થાનિક લોકો વધારે મળતા, ખચ્ચરો પણ. રસ્તાની ડાબી બાજુએ નદી તરફના ઢોળાવ પર ક્યાંક ક્યાંક પગથિયાં પદ્ધતિની ખેતી હતી. ઘઉં લહેરાતાં હતા. નદી મારવા ક્યારેક એટલી બધી ઊંડી ઊતરી જતી કે તેના હોવાનો ખ્યાલ તેના વહેવાના ખરખર અવાજથી આવતો, ક્યારેક તેનો પ્રવાહ નીચે નજર કરતાં જોઈ શકાતો અને એક સ્થળે તો રસ્તાની લગોલગ આવી ગઈ, આ પેલી જાય.

અને આ પેલી હોટેલ. હોટેલ શું? બે ઓરડા અને આગળ ઓસરી. આંગણામાં લાકડાના બાંકડા. અગિયાર વાગ્યા સુધી એકધારું ચાલીને થાક્યા હતા, વિશ્રામ કરવાને અમે લાયક બન્યા હતા. બરડેથી રુકસૅક ઉતારી ‘હાશ’ કરી. આવા ઠંડા મુલકમાં પણ પરસેવો લૂછ્યો. અંદર ઓરડામાં ખાટલા હતા. તે પર બેઠો. ચા પીધી.

આજે અમારી ટુકડીથી અમે આગળ હતા. આગળ રહેનારને ચાલવાનો ઉત્સાહ રહેતો હોય છે. થોડી વારમાં તો અમે પાછા ચાલતા હતા. નદી એકદમ પાસે દેખાઈ. એક ખેતરવા. ખેતર પાર કરો એટલે નદી, પણ કેવી નદી! પથ્થરોમાં માથું અફાળતી રઘવાટ કરતી જાણે. પથ્થરની એક વાડ ઉપર રુકસૅક ઉતારી હું નદી પાસે ગયો, નીચા વળી બીતાં બીતાં તેનું પાણી હાથમાં લીધું, પીધું. પ્રવાહમાં પગ દેવાનો વિચાર પણ ના આવે.

વળી માર્ગમાં આજે ઝરણાં જ ઝરણાં. જમણી બાજુના પહાડોમાંથી ફૂટી, ઊંચાઈથી પડતું મેલી, પેલી નદી તરફ વહી જતાં હતાં. કેટલીક પાણીની સેરો તો આપણી ઊંચાઈને સમાંતર પહાડના પેટમાંથી નીકળી આવતી હોય. ક્યાંક તો વાંસની એક નળી એ પહાડના પેટમાં ઘુસાડી હોય અને નળીમાંથી પાણી પડતું હોય! અમને સાવધાન કરવામાં આવ્યા હતા કે ઝરણાનું સીધું ઠંડું પાણી ન પીવું. પણ એમ કંઈ બધી વાત માની મનાય!

ઉપરથી ધોધરૂપે ઝરણું પડતું હોય, પાસે થઈને પસાર થઈએ કે શીતલ હિમસીકરોનો સ્પર્શ દેહની સકલ કલાન્તિ, શ્રાન્તિને હરી લે. એનું દર્શન પ્રસન્નતા

આપી રહે. પછી ઊભાં ઊભાં જ ખોબો ધરી ઘૂંટ-બે ઘૂંટ પાણી પીધા વગર કેમ રહેવાય! એટલું બધું 'મિષ્ટ' લાગે કે જાણે પીધા જ કરીએ. મોંએથી પેટ સુધી પહોંચે ત્યાં ઠંડો મારગ

રસ્તામાં જરા સમતળ જગા આવી. બપોરનો તડકો આકરો થયો હતો. ઝાડની છાયામાં બેસી પડ્યાં. જમવાનું કાઢ્યું. લંચબૉક્સમાં બધું ઠરી ગયું હતું, પણ અહીં તો એનોય અનન્ય સ્વાદ. ક્ષુધાતુરાણાં ન રુચિર્ન વેલા. માર્ગે ચાલતાં બહુ આરામ ન થઈ જાય તેનો ખ્યાલ રાખવો પડતો. નહીંતર પછી પગ આળસી જાય. ચાલ્યાં. વળી પાછું ઝરણું. ધોધ જ કહો. પહાડની સીધી કરોડ સાથે અફળાતું, પછડાતું, નીચે ઊતરતું, ભૂરી ઝાંયવાળું ફનેશ્વર જળ. ઝરણું રસ્તા પર પથરાઈને જાય. પસાર કરવું પડશે. પાણી વચ્ચે પથ્થરો ગોઠવેલા હતા, તેના પર સાવધાનીથી પગ દઈ દઈને. જો પાણીમાં પગ પડ્યો તો પછી તરત જ બહાર નીકળી બૂટ કાઢી મોજાં બદલી નાખવાં જ રહ્યાં. છોકરાઓ ફટાફટ પસાર થઈ ગયા. રૂપા સાચવી સાચવીને નૃત્યનો લયતાલ મેળવતી હોય તેમ પગ મૂકતી હતી, લયભંગ થયો તેમ પગ સીધો પાણીમાં, અને એને જરા કહું કે 'સાચવ' તે પહેલાં, જે પર મેં ચરણ ટેકવ્યો હતો તે પથ્થર ડગતાં, હુંય પાણીમાં. પગને કેટલું બધું ગમ્યું!

ક્યારેક ખુલ્લો રસ્તો આવતો, ક્યારેક છાયાદાર. ક્યારેક ચઢવાનું આવતું, ક્યારેક ઊતરવાનું. જરા પાછળ નજર કરીએ તો પહાડના સ્ફિત પેટ પર જે મારગ અમે ચાલીને આવ્યા તેનો જાણે પટ્ટો દેખાય. પહાડ દામોદર બની જાય. સૂરજ નમતો હતો, ખુલ્લા પહાડો અકારા લાગતા હતા. અમારા પગ પણ હવે ગરબા ગાતા હતા અને હજી પેલી દરજીની દુકાન આવતી નહોતી. ત્યાં દૂર મકાનો જેવું દેખાયું. ત્યાં પહોંચતાંય ઘણી વાર થઈ. હજી દરજીનું ઘર ક્યાં? વળી પાછું ઝરણું. પાણી પર આડા નાખેલા એક લાકડા પર સમતુલા જાળવતાં પસાર કરવાનું હતું. ત્યાં ઢાળ ઉપરથી એક નમણો ઘોડેસવાર ઊતરી આવ્યો, ક્ષણેક તો લોકવાર્તાનો રાજકુમાર લાગ્યો. એણે ગરદન નમાવી સ્મિત કર્યું અને ઘોડાને ઊભો રાખ્યો અને અમને ઝરણું પાર કરવા દીધું.

છેવટે લાકડાનું ઘર આવ્યું. સંચો પડ્યો હતો, પણ દરજી નહોતો. ભલે, પણ હવે મુકામ નજીક હતો. થાકને લીધે હશે અથવા તો તડકો ગમતો નહોતો. હું જરા આગળ થયો. ત્યાં એક ત્યાંનો નિશાળિયો મળ્યો. મારી સાથે ચાલવા લાગ્યો. એટલું જ નહીં મારો થેલો પણ લઈ લીધો. ગામ આવ્યું. તેને બાજુમાં રાખી, ખેતર-શેઢાની સાંકડી કેડીઓ

અને ગામ બહારના એક મહોલ્લાની શેરીઓ વટાવી છાવણી પર પહોંચ્યો. આ સોન્દર! એનું નામ માત્ર 'સુંદર' હોવું જોઈએ. થોડી વારમાં સૌ આવી પહોંચ્યાં.

નાનાં નાનાં ખેતરો વચ્ચે તંબુઓ નાખેલા હતા. ઉગમણે ઊંચા ઢોળાવવાળો વૃક્ષોથી આછો આછો છવાયેલો પહાડ. ઢોળાવ પર હતાં લાકડાનાં નાનાં ઘરો. દક્ષિણે, જે તરફથી આવ્યાં હતાં, તે તરફ દૂર ઊંચાં ઊંચાં શિખરો દેખાતાં હતાં. તેમના પર હજી પૂરેપૂરો બરફ ઓગળ્યો નહોતો, થોડાંક ખુલ્લાં થયાં હતાં. આથમણે થોડે દૂર સુધી ખેતર, પછી નદી તરફ ઊતરી જતો. ઢોળાવ, અને પછી ઊંચા પહાડો, ઉત્તર તરફ ઊંચી ટેકરીઓ. આવી મનોરમ જગ્યા વચ્ચે સોન્દર! હજી તડકા હતા. પહાડ પર પથરાયેલા તે ગમતા હતા. તંબુમાં ઉતારો લીધો.

વૉટરપૉઇન્ટ જરા દૂર હતું. એમ તો બાજુમાં એક ઝરણ વહી જતું હતું, પણ ખેતરો વચ્ચેથી વહેતું હોવાથી પાણી મટ-મેલું હતું. વૉટરપોઇન્ટે ગયાં. જરા ઊંચી જમીનમાંથી પાણીની ધાર દ્રવતી હતી. કર્ણાટકની ટુકડીની બહેનો સ્નાન કરવા ઇચ્છતી હતી. રાહ જોવી પડી. આજે મને નાહવાનો વિચાર હતો. પણ સાંજની સાથે જોતજોતામાં ઠંડી પણ ઊતરવા લાગી. પેલી બહેનોએ વિચાર બદલ્યો અને ઝટપટ હાથમોં ધોઈ ચાલી ગઈ. ભાઈઓનો વારો આવ્યો. અડધા કોસ જેટલું પાણી આવતું હતું. વારાફરતી નવાય તેમ હતું. ત્યાં તો પારો જાણે એકદમ નીચે ન ઊતરી ગયો હોય! ઠંડી એકદમ વધી ગઈ. આખરે મારો વારો આવ્યો. પાણી નીચે બેસી જ ગયો. ઓગળેલો બરફ જ જાણે શરીર પર વહી રહ્યો, પણ એની સાથે થાક પણ વહી ગયો.

આથમતા પરિદૃશ્યમાં ચારે બાજુએ પહાડ વચ્ચે અહીં બધું રમણીય લાગતું હતું. બહાર ઘાસમાં કામળો પાથરી આથમતા તડકામાં બેઠાં. જમવાની થોડી વાર હતી. બાજુમાં ચૂલા સળગી રહ્યા હતા. ત્યાં સુધી ગોળચણા ખાધા. જમ્યા પછી કૅમ્પફાયર, અગ્નિ સળગી ઊઠ્યો, દીવા તો હતા નહીં. દૂર પહાડના ઢોળાવ પર દીવાઓ પેટાયા, વૃક્ષોના અંતરાલમાંથી એકલદોકલ, જાણે સ્થિર આગિયા. અગ્નિજ્વાળાની આસપાસ બેઠાંબેઠાં આ બધું જોવાનું ગમતું હતું. પ્રાન્તપ્રાન્તનાં ગીતો ગવાતાં હતાં. ઘોડા પર જે પેલા અસવારને જોયો હતો, તેય અમારા કૅમ્પફાયરમાં શામિલ થયો હતો. એણે બહુ સરસ ગાયું. બધી રીતે ચિત્ત પ્રસન્ન હતું. હવે તો રૂપાએ પણ કહ્યું, કાલે આગળ જઈશું.

આકાશ એકદમ ચોખ્ખું હતું. તારાઓ ઝળાંઝળાં પ્રગટી ઊઠ્યા, દ્યુતિવંત. તારાખચિત આ આકાશ! આ અગ્નિ! અગ્નિના ભડકા વચ્ચે ઝબકી જતાં પહાડ. રાત

સાથે ઠંડી ઊતરી આવી. ધાબળાઓમાં ઢબૂરાઈ જવું પડશે, આ સાત હજાર ફૂટની ઊંચાઈએ.

૩૦ મે

આજની સવાર રોજની જેમ તાજગી લઈને આવી હતી, પણ આકાશમાં વાદળ હતાં, અહીં વરસાદ ગમે ત્યારે પડી જાય. વરસાદ પડે તો ચાલવાનું જરા મુશ્કેલીભર્યું બની જાય. પણ ચાલવું તો રહ્યું ક્યાંક વાદળ હટતાં તડકો ફેલાતો. પછી તો જાણે તડકાછાંયડાની રમત ચાલી. શ્રાવણની આબોહવા જામી ગઈ.

ચાલવાનું શરૂ કર્યું, સામે ટેકરી દેખાતી હતી ત્યાં પહોંચી આગળ જવાનું હતું, પણ તે માટે મોટું ચક્કર લગાવવું પડે તેમ હતું. અહીંથી કર્ણાટકની ટુકડી સિર્શી હાન્ઝલ થઈ મેગન પાસને માર્ગે જવાની હતી. એ ટુકડીને આજે પાંચ કિલોમીટર જ ચાલવાનું હતું અમારે પંદરેક પહાડી કિલોમીટર કાપવાના હતા, એટલે અમારી ટુકડી નીકળી પડી, પણ કોણ જાણે આજે શરૂઆતથી બેત્રણ જૂથ અલગ અલગ જ થઈ ગયાં.

સામેની ટેકરીનું ચઢાણ શરૂ થયું. નિશાળિયાઓ દફ્તર ભરાવીને ભણવા ઊપડ્યા હતા. હસતા કિલકતા ચાલ્યા જાય, અમે શ્વાસભેર ચાલીએ. વાત કરવાનું તો પોસાય નહીં. મોંમાંથી સ્વર કરતાં શ્વાસ વધારે નીકળે. ટેકરીની ટોચ પાસે અખરોટનું ઝાડ હતું, ત્યાંથી ગામ ભણી રસ્તો જતો હતો. ગામમાં લાકડાનાં ઘર ટેકરીના ઢોળાવ પર હતાં. હવે અમારી સાથે મારવા નદીનો નહીં, નંતનાલાનો પ્રવાહ હતો. ‘નાલા’ શબ્દથી ભરમાવું નહીં. સવેગે વહી જતો વિપુલ વારિઓઘ એ હતો.

ગામની ભાગોળમાંથી ખચ્ચરમાર્ગે જવાને બદલે કોઈએ અમને ખેતરો વચ્ચે થઈને જતી પગદંડીએ વાળી દીધાં, માર્ગ ટૂંકો પણ અમારે માટે દુર્ગમ. શરૂઆતમાં તો ખેતરોને શેઢેશેઢે ચાલવાનું ખેતરોમાં ડાંગરની રોપણી ચાલતી હતી. રોપણી કરવામાં મુખ્યત્વે સ્ત્રીઓ હતી. એકદમ ગોરાં બદન. અમને ભારવાહી બનીને જતાં જોઈ, કામ કરતાં થંભી જઈ જોઈ રહેલી. ત્રણચાર દિવસથી જ આ માર્ગ પર અમારા જેવાં પદયાત્રીઓ જઈ રહ્યાં હતાં. શેઢે સાચવીને ચાલવું પડતું, ક્યારામાં પગ પડે તો કાદવિયા થઈ જવાય. ખેતર પૂરાં થયાં અને નાલાને કાંઠેકાંઠે પાતળી કેડી શરૂ થઈ. આ કેડી પર નાળું ઘણું નજીક હતું. ક્યારેક તો જલસીકરો ઊડીને આપણને છાંટી જાય.

વાદળ ઘેરાતાં જતાં હતાં. હવામાન ઠંડું થતું ગયું. ઘનઘોર વર્ષાનો દિવસ હોય એવું વાતાવરણ. પડું પડું કરતો વરસાદ પડવા લાગ્યો. ભીના તો થવાય જ નહીં. અહીં માંદા

પડ્યા તો આવી બન્યું. કોઈ દાક્તર ના મળે, કોઈ વાહન ના મળે. તરત જ રુકસૅકમાંથી બધાએ રેઈનકોટ કાઢ્યા. પહેરી લીધા. રુક્સેકને પ્લાસ્ટિક વીંટાળી દીધું. કેડી લપસણી બની હતી. અમારી આગળ એક સ્થાનિક ‘ચાચા’ જતા હતા. અમારી સાથે ચાલવાની તેમને વિનંતી કરી.

એમણે ગતિ ધીમી કરી. એમની પાસે ઓઢવાનું કશું નહોતું પલળતા જતા હતા, પણ ઉપરનો કોટ એટલો જાડો લાગતો હતો કે પાણીને તેમના શરીર સુધી પહોંચવા પરિશ્રમ કરવો પડે. એક બાજુ ઘુઘવાટ સાથે વહી જતું નાળું, ઉપરથી પડતો વરસાદ, ફૂંકાતો ઠંડો પવન અને લપસણો માર્ગ! આજે કસોટી થશે કે શું? આ બાજુ કૅમ્પમાં પાછા જવાનું પણ હવે સહેલું નહોતું. પેલા ‘ચાચા’ ન હોત તો અમારી ખરે વલે થાત, કેમ કે ત્યાં રસ્તા વચ્ચે જ ઉપરથી એક ઝરણું વહી આવતું હતું. તેને ઓળંગવાનું હતું, પાણીમાં પગ ન પડે તેવી રીતે. ઝરણાની શોભા જોવા જેવી મનસ્થિતિ નહોતી. વરસાદ હંમેશાં ગમ્યો છે, કોઈ ને કોઈ બહાને બહાર નીકળીને પલળવાનો આનંદ લીધો છે. પણ આજ! ‘ચાચા’એ બધાંનો હાથ પકડી ઝરણું પાર કરાવ્યું અને પછી એ ઝડપ વધારી આગળ નીકળી ગયા.

એટલામાં તો વરસાદ બંધ થઈ ગયો. થોડી વાર ચાલ્યા પછી એક લાકડાનો પુલ આવ્યો. અહીં નંતનાલા ઊંચાઈએથી એકદમ નીચે ઊતરે છે. એના માર્ગમાં હજારો મણની શિલાઓ આડીઅવળી પડી છે. તેમને માથે પોતાનું માથું અફાળી અફાળીને ભયંકર ઘુઘવાટ સાથે ક્રોધોન્મત્ત તે વહી રહ્યું છે. પુલ ઉપરથી એ દર્શન રોમહર્ષણ હતું. સામે કાંઠે જઈ રુક્સૅક નીચે ઉતાર્યા. રેઈનકોટ કાઢી નાખ્યા. એકદમ તડકો શરૂ થઈ ગયો. હવે ગૉગલ્સ પહેર્યા, સનકૅપ ચઢાવી પાછું ચઢવાનું શરૂ થયું. ત્યાં સામેથી કેટલાંક સ્થાનિક માણસો ઝડપથી ચાલ્યાં આવતાં હતાં, જાણે નંતનાલા. ફટાફટ પગ ઉપાડતાં જોતજોતામાં નજર આગળથી નીકળી જતાં. તડકામાં અમારી હાંફ વધતી જતી હતી, પણ ચાલચાલ કર્યું. આજુબાજુ કેવું લોભામણું હતું; આમ તો સૌન્દર્ય માણવા નીકળ્યાં હતાં. અહીં ચારે બાજુએ આ પહાડોમાં, આ વહી જતાં નંતનાલામાં, આ દેવદારનાં ઊંચાં વૃક્ષોમાં, આ પંખીઓના અવાજમાં. સામે ઢોળાવ પરનાં નાનાં ઘરોમાં એ ફેલાયું હતું, પણ ડોક ઊંચી કરીને ઊભાં રહીએ તો ને!

નીચે ઊતરવાનું આવ્યું. એક મેદાન જેવું હતું. આ બાજુથી એક ઝરણું આવી નંતનાલાને મળી જતું હતું. હવે થોડું પેટમાં નાખવું જોઈએ. લંચબૉક્સ બહાર નીકળ્યાં,

ખાધું. ઝરણાંને કાંઠે જઈ પાણી પીધું. લંચબૉક્સ સાફ કર્યાં, પણ ચીકાશ જલદીથી છૂટે જ નહીં. અહીં ગુજ્જરોની વસ્તીના તંબુ હતા. તેમના ડાઘિયા કૂતરાની બીક લાગે, ગુજ્જરોનીય બીક લાગે. તમને જોતાં જ તમારી પાસે આવે. દવાની ટીકડીઓ માગે. માથા તરફ ઇંગિત કરી, પેટ તરફ ઇંગિત કરી, એમ કે માથું દુખે છે, પેટ દુ:ખે છે, દવા આપો. કોઈ પણ ટીકડી આપો એટલે રાજી થઈ જાય. અમારી પાસે ખૂબ એ.પી.સી. હતી, તેમાંથી આપીએ.

આજ ગઈ કાલ જેટલાં ઝાડ નહોતાં આવતાં. પણ, ચાલવાનું વધારે કઠણ હતું. એક ઘટાદાર વળાંકના ભીના માર્ગ પર આગળ ગયાં કે ટોપલીઓ બગલમાં લઈ ચાર કાશ્મીરી કન્યાઓ આવતી જોઈ. ચારેય લગભગ સરખી વયની રૂપાળી. કાશ્મીરી સેવ જેવા લાલ પ્રફુલ્લ ચહેરા. રસ્તાને મિષે તેમને પ્રશ્ન કરી ઊભી રાખી. ભાંગીતૂટી હિન્દીમાં જવાબ આપી, હસતી હસતી ચાલી ગઈ. અહીં કેવા અભાવો વચ્ચે આ કન્યાઓ ખીલી રહી હતી! પોતે સુંદર છે, ચારે બાજુ સુંદરતા વેરાયેલી છે, પણ એથી એ સભાન નથી, કદાચ પોતાના અભાવોથી. ગરીબાઈથી પણ સભાન નથી. એ બધુંય સ્વીકારી લીધું છે; એમ જ અસંતોષ વિના જીવે છે. તેમણે આકાશમાં જતું વિમાન જોયું હશે, પણ કદાચ ગાડી તો નહીં જોઈ હોય, મોટર પણ કદાચ નહીં જોઈ હોય. આ પગેથી ચાલીને જવાય એવો જ મુલક છે.

આગળ ચાલ્યાં. ત્યાં એક હિમશૈય્યા આવી. ઉપરથી વહી આવતું ઝરણું છેક ટોચથી થીજી ગયું હતું. એના પર થઈને જવાનું હતું. વચ્ચે વચ્ચે બરફ ઓગળવાથી બાકોરાં પડી ગયાં હતાં. હિમેશૈય્યા નીચેથી પાણી પાછું વહેતું તો હતું. ચાલ્યાં ને મોટું બાકોરું જો પડ્યું તો ઉદ્ધાર મુશ્કેલ. કેટલાંક પગલાં પડ્યાં હતાં, તેના પર થઈ ચાલ્યાં. ભય ક્યાં ગયો? નીચે વળી હાથમાં બરફ લીધો, દડો બનાવી સાથીઓ પર ફેંકવાની રમત જોતજોતામાં શરૂ થઈ ગઈ. રુકસૅક સમેત લપસ્યાં પણ ખરાં. પણ લપસવાની મઝા આવી. ત્યાં સામે અમારી છાવણીના તંબુ દેખાયા. પહાડની કરાડ એક બાજુ હતી, જેને અડીને નંતનાલા વહી રહ્યું હતું, બીજી બાજુ જંગલનો છેડો. પણ ત્યાં પહોંચવું કેવી રીતે? જે રસ્તો હતો ત્યાં પહાડ પરથી જમીન સરકી આવી હતી. માટી-પથરાનો ટીંબો, તેમાં પાછું વહી જતું ઝરણું જે જમીનના સરકવાથી અનેકમુખ બની નીચે નંતનાલાને મળતું હતું. તોતિંગ ઝાડ ઊથલી આડાં પડ્યાં હતાં. અધૂરામાં પૂરું આખા દિવસનો થાક.

પગ આમેય સીધા ન પડતા હોય એમાં આવો માગે વળી બરડે ભાર. પણ છાવણી જોઈ હતી એટલે થોડું જોર આવ્યું હતું.

એક બાજુ ઝરણું વહી આવતું હતું. તેના પર ઝાડનાં બે થડિયાં આડાં નાખી કામચલાઉ પુલ બનાવ્યો હતો. તેના પર થઈ છાવણીમાં પહોંચી ગયાં. ગરમ ચા તૈયાર હતી. ચા પીધા પછી પેલા ઝરણાને કાંઠે હાથ-પગ-મોં ધોવા જવા વિચાર્યું. બૂટમોજાં હટાવીને બધાં પોતાના પગ તપાસતાં હતાં. મોટા ભાગનાં યાત્રીઓને બૂટ ડંખી ગયા હતા. નવા ફોલ્લા ઊઠ્યા હતા. જૂના દબાયા હતા. યાત્રાને પહેલે જ દિવસે 'ફીટ કલ્ચર' વિશે કહેવામાં આવ્યું હતું, કારણ કે એ પગ ઉપર જ આ યાત્રાનો મદાર હતો. અમને કહેવામાં આવેલું કે તમારા મોં કરતાં તમારા પગ વધારે સ્વચ્છ, સાફ રાખજો. રૂપાના પગની બૂરી દશા હતી. વડોદરાની ક્ષમા તો ધ્રુસકે ધ્રુસકે રડી રહી હતી.

ડાબી બાજુએ જોરશોરથી નંતનાલાં વહી જતું હતું. તેને કાંઠે જ કૅમ્પ હતો. સામે ટેકરીના ઢાળ પર થોડાંક ઘર જાણે આમંત્રણ આપતાં હતાં. ઉત્તરે તો ખડકાળ પથ્થરની એકદમ સીધી ઊંચી કરાડ. અમે જંગલને છેડે હતાં. અહીંથી ગાઢ જંગલો શરૂ થતાં હતાં. દેવદારનાં જંગલ, કાલિદાસનું આ પ્રિય વૃક્ષ. શિવપાર્વતીને પણ પુત્રવત્ પ્યારું. અહીં આવ્યાં પછી દેવદાર જોવા મળતાં હતાં, જેની અત્યાર સુધી કલ્પનાઓ જ આવ્યા કરી હતી. કાલિદાસની, પેલી કિશોર રવિ ઠાકુરને ગમી ગયેલી પંક્તિ, આ પાણીનાં સીકરો ઉડાવતા ધસી જતા નંતનાલાને કાંઠે પવનમાં ઝૂમતાં દેવદાર દ્રુમોને જોઈ યાદ આવી –

ભાગીરથીનિર્ઝરસીકરાણાં વોઢા મુહુઃ કમ્પિત દેવદારુ:યદવાયુરન્વિષ્ટમૃગૈઃ કિરાતૈરાસેવ્યતે ભિન્નશિખંડિબર્હઃ

પવન દેવદારને જ નહીં, અમનેય કંપાવી જતો હતો. અમે પ્રાણીઓની મૃગયા માટે ભમનારા કિરાતો નહોતા. અહીં મયૂરો પણ નહોતા. આમ તો ભાગીરથીય નહીં. પણ અહીં ભમતાં પદેપદે કાલિદાસનું સ્મરણ થયા કરે છે. કાલિદાસ આ ઉત્તર હિમાલયના વિસ્તારોમાંય જરૂર ભમ્યાં હશે.

પથ્થરો પર સાચવી સાચવીને પગ મૂકતો પેલા ઝરણ તરફ ચાલ્યો. પગ એવા આળા બની ગયા હતા કે કાંકરી પેસી જતાં પણ મોં વેદનાસ્ફિત થઈ જાય. પથ્થરોની શૈય્યા પરથી ભૂરી ઝાંયના સીકરો ઉડાડતું સ્ફટિકસ્વચ્છ નિર્ઝર વહી જતું હતું. જંગલછાયા પહાડના ઊંચા અને ઊંડા જતાં ઢોળાવ પરથી દોડી આવતું હતું. પાણીમાં જઈ પગ

બોલ્યા. આહ! હિમશીતલ સ્પર્શ. હાથમોંએ પાણી લગાડયું. ખોબેખોબે પીધું. ત્યાં છોકરાઓ વૉટરબેગ લઈ આવી પહોંચ્યા. તડકો વિલાતો જતો હતો. ઠંડી ઊતરતી જતી હતી. ખાવાનું ઝટપટ પતાવી તંબુમાં ઘૂસી ગયા. આજે અગ્નિ પણ ન પેટાવ્યો. ધાબળામાં લપેટાઈ ગયા. ધીરેધીરે નંતનાલાનો અવાજ ઊંઘમાં લય થઈ ગયો.

મોડી રાતે આંખ ઊઘડી જતાં એ અવાજ રાત્રિની નિ:સ્તબ્ધતાને ચીરી રહેતો લાગ્યો. અહીં જાણે આ એક નાદ જ સત્ય છે. પાંચપાંચ ધાબળાની હૂંફમાંથી આ અવાજે મને બહાર બોલાવ્યો; હું ગોટમોટ થઈને બહાર નીકળ્યો. બહાર આવી આકાશ ભણી જોયું. તારા કેવાં ઝગમગતા હતા! અમું પુર:— આ સામે જ દેવદારનાં વન ઊભાં હતાં. વિજનતા હતી. માત્ર વહી જતાં નંતનાલાનો અવાજ. પણ અવાજ એક પરમ શાંતિનો ભાવ જગાવતો હતો. થાય કે સમય આમ જ વહી જાય. પણ શીતલ થતાં જતાં ગાત્રોએ મને તંબુમાં જવા પ્રેર્યો. છોકરાઓ ઘસઘસાટ ઊંઘતા હતા. નંતનાલાના લયાન્વિત અવાજનો કેફ મને પણ ચઢતો ગયો.

૩૧ મે

તંબુનો છેડો ઊંચો કરીને જોયું તો સામે તડકો પથરાયો હતો. કોઈ અંતરંગ આત્મીય મિત્રની જેમ તંબુમાંથી બહાર બોલાવતો હતો. હું બહાર નીકળી આવું છું. શીતલ સ્નિગ્ધ સવાર. નંતનાલા અકલાન્ત વહી રહ્યું છે. શિયાળામાં આ ગતિ થીજી જતી હશે. ત્યારે? વહેતી શક્તિનો ઓઘ હિમશિલા બની પડ્યો રહેતો હશે.

નાલાને કાંઠે એક ઊંચી કાળી શિલા પર બેસું છું. બેસતાં એવું થયું કે શું બરફની પાટ પર બેસું છું! પણ બેઠો રહ્યો. સામેના પહાડની ઊંચી કરાડ ભય લાગે તેટલી સીધી ઊભી હતી. આ બાજુ સામેની ટેકરીનાં ઘર સુધી લઈ જતો લાકડાનો પુલ તડકામાં ચિત્રાત્મક લાગતો હતો. આ પેલું ઝરણું પણ. ચાલો, હવે જલદીથી તૈયાર થઈ જવું પડશે. આજે તો બ્રહ્માને ચરણે.

નાસ્તો કરી લીધો, લંચબૉક્સમાં લંચ ભરી લીધું. રુકસૅક ખભે ભરાવ્યા અને ઝપાટાબંધ નીકળી પડ્યાં. આજે પગમાં જોમ હતું. જોકે એવું બનતું કે આગલા દિવસનો થાક સવારમાં તો શક્તિ બની જતો. આજે તો દેવદારનું વન વીંધીને જવાનું હતું. જંગલોમાં થઈને ચાલવાનો અનુભવ રોમાંચકર હતો. ચાલવાનું હતું પાછું નંતનાલાને કિનારે, ક્યારેક દૂર ક્યારેક નજીક. છાત્રો તો પાણીના રેલાની જેમ વહી ચાલ્યા. પગમાં પડેલા ફોલ્લાને તેઓ ગણકારતા જ નહોતા. પેલો હિમાંશું! પાછળ પડી જાય એટલે દોડે,

આગળ થઈ જાય એટલે આડો પડી આરામ કરી લે. ક્ષમા લંગડાતી ચાલતી હતી. રૂપાના પગ પણ આડાઅવળા પડતા હતા.

ત્યાં અમારી સાથે ત્યાંનો એક છોકરો ચાલતો હતો. મેલાં કપડાંમાં ગોરું બદન હતું. ખાલી હતો. તેને પૂછ્યું – રુકસૅક લે લેગા? માથું હલાવી તેણે હા પાડી, તરત જ અનિલાબહેન પાસેથી પોતાના બરડે રુકસૅક લઈ લીધો. એ અમારો ભોમિયો પણ બની ગયો. એનું નામ બેલી; જરા બીજી પગદંડી લઈએ એટલે મોઢેથી સીટી વગાડે. એની સામું જોઈએ એટલે હાથથી બતાવે, આમ આમ.

આજે ચઢાણ ઝાઝું આવતું નહોતું. જંગલો વીતતાં ઢોળાવવાળાં ખેતરો શરૂ થયાં હતાં, પહાડો જરાં પાછા પડ્યા હતા, પ્રવાહને કિનારે વૃક્ષો હતાં, પણ અમારા માર્ગ પર છાંયો નહોતો. તાપ આકરો થવા લાગ્યો. પાણીનો પ્રવાહ પણ દૂર હતો. સામેથી બ્રહ્મા જઈ આવેલી બહેનો આવી રહી હતી. અમારો ઉત્સાહ વધારતી હતી. બધાં પૂછે, ‘કેટલે દૂર છે? કેવું છે બ્રહ્મા?’ એકે રુકસૅક જરા સરખો કરી, આંખો ઊંચી કરી કહ્યું – ‘ફેન્ટાસ્ટિક! બહુ દૂર નથી.’ બોલવા પરથી ખબર ન પડી કે સત્ય કે વ્યંગ? પણ સામેથી આવનાર બધાં સ્ફૂર્તિવાળાં તો હતાં જ. બેલીને કારણે આજે વારાફરતી અમારો ભાર હળવો થતો હતો. હવે વધારે ખેતર આવ્યાં. પથ્થરની વાડો હતી. છેડે ઊંચા થાંભલા પર લાકડાનાં ઘર હતાં. બેલીનું ઘર પણ ત્યાં જ હતું. અમને ઘર ભણી લઈ ગયો. તેની મા અને બે બહેનો બહાર આવી. બધાં જ ગોરાં, રૂપાળાં, હસતાં. છતાંય એમનાં અભાવગ્રસ્ત જીવનનો ખ્યાલ આવે. અમને જોઈ રાજીરાજી હતાં. આગ્રહ કર્યો. ઘરમાં જવાનો, પણ અમે ચાલ્યાં. ખેડવાનું ચાલતું હતું. અહીં પણ જંગલો હોવાં જોઈએ. પણ ખેતી માટે સાફ કરી નંખાયાં હશે. માથે થકવતો તડકો અને પગ નીચે ખેતરોની પોચી માટી.... કોઈ ઝાડ-ઝરણ આવે તો પેટમાં કશુંક નાખીએ.

ત્યાં એકદમ થીજી ગયેલું ઝરણ આવ્યું. ક્યાંક તો પથ્થર, બરફ, માટી બધું ભેળસેળ. ઝરણ મુખ્ય પ્રવાહ સુધી પહોંચ્યું હતું – ઉપર બરફ, નીચે પાણી વહેતું હતું. સામેની દિશાએ તો આનાથી મોટું ઝરણ – કહે હિમશૈય્યા. હિમનદી – ગ્લૅશિયર આને ન કહેવાય. એની વળી વાત જુદી હોય. એ હિમશૈય્યા પર સાચવીને પગ મૂકતાં મૂકતાં બેલીની પાછળ પાછળ ચાલ્યાં. બેલીએ તો એક જગ્યાએથી સ્વચ્છ બરફ ઊંચકી તેનો બૂકડો ભર્યો. અમે પણ થોડો થોડો બરફ ચાખ્યો. છોકરાઓએ તો બરફના દડાની રમત રમી લીધી.

ભૂખ લાગી હતી. આખરે ઝાડ અને ઝરણ બન્ને આવ્યાં. ઝાડના થડિયે ખાવા બેસી પડ્યાં. ઝરણ નીચે જરા નીચું હતું. બેલી પાણી ભરી આવ્યો. પછી ઝરણ ઓળંગીને જવાનું હતું. સામે ગયાં. હવે ખુલ્લાં મેદાનો શરૂ થતાં હતાં પણ એકદમ હરિયાળાં. આછાંપાતળાં ફૂલો વચ્ચે વચ્ચે ટાંક્યાં હતાં. પૂર્વમાં નાના નાના વહેળા વહી જતા હતા. સપાટ ચાલવાનું હતું. પૂર્વમાં સામે હવે બરફાચ્છાદિત પહાડોની હારમાળા દેખાતી હતી. અમે હવે પહોંચવામાં હતાં. વળી પાછી ટેકરીઓ અને જંગલ શરૂ થયાં. એક વળાંક આવ્યો. અને ત્યાં સ્વાગતનું બૅનર ઝૂલી રહ્યું હતું. થોડી વારમાં જ બ્રહ્માને ચરણે પહોંચી ગયાં. કેવું મનોરમ સ્થળ!

ચારે બાજુએ હિમશિખરોથી મંડિત પર્વતોની વચ્ચે સાડા નવ હજાર ફૂટની ઊંચાઈએ આછાં આછાં ફૂલની ગૂંથણીવાળા ઘાસની બિછાતવાળા મેદાન પર તંબુઓની રાવટી છે. બ્રહ્મા તો અહીંથી દૂર પેલા દેખાય. આ બ્રહ્મા બેઝકૅમ્પ કહેવાય છે. અહીં પૂણેની ગઈ કાલે આવેલી એક ટુકડીએ કૅમ્પનિયામક સાથે અમારું સ્વાગત કર્યું, ગરમ ગરમ ચા મળી. સાંજ પડવામાં હતી, પણ પારો એકદમ નીચો હોય એવો અનુભવ થવા લાગ્યો.

બહાર રહી દૂર દેખાતા બ્રહ્માનાં દર્શન કરી તરત જ અમે બધાં તંબુમાં પ્રવેશી ગયાં. ધાબળાથી અહીંની ટાઢ રોકાય એમ નહોતી. અમને ‘સ્લીપિંગ બૅગ્ઝ’ આપવામાં આવી હતી. તેમાં પેઠા પછી થોડી વારમાં જ ઉષ્મા વળી. સ્લીપિંગ બૅગમાં રહ્યે રહ્યે હું તંબુનો એક છેડો ઊંચો કરી બહાર નજર કરું છું

દૂર બ્રહ્માશિખર પર તડકો પડી રહ્યો છે. શ્વેત શિખર પર પીત આતપ. સમીરણ જોરથી વાઈ રહ્યો છે. ચીડદેવદાર ઝૂમી રહ્યાં છે. થોડે જ દૂર ઝરણું વહી રહ્યું છે, તેનો અવાજ પવનના સુસવાટા અને પાંદડાંના સરસરાટમાંય સંભળાય છે. પાછળના જંગલમાંથી કોઈ અજાણ્યા પંખીનો અવાજ આવે છે. હું બ્રહ્મા સામે તાકી રહું છું. ધ્યાનસ્થ બ્રહ્મા. તંબુનો છેડો પાડી દઉં છું. પવનની રમઝટ અનુભવું છું. અને આ શું? વરસાદ પડે છે કે શું? વરસાદ જ પડતો હતો. તંબુ પર ટપટપ શરૂ થઈ ગયું હતું.

થોડા સમય પછી પવન શાન્ત થયો લાગ્યો, વરસાદ પણ. હું સ્લીપિંગ બૅગમાંથી બહાર નીકળી દેહને ગરમ કપડાંથી લપેટી, તે ઉપર કામળો ઓઢી બહાર નીકળું છું. ઘણા બધા બહાર આવ્યા હતા. અહીં વરસાદ પડ્યો છે. બ્રહ્મા પર નજર પડી. શિખર પર તાજો જ બરફ પડ્યો છે. અદ્‌ભુત દર્શન. બ્રહ્માની આસપાસનાં શિખરો પણ

બરફથી છવાઈ ગયાં છે. 'શ્વેત શ્વેત.' કાલિદાસે આ હિમને નગાધિરાજના સૌન્દર્યનું વિલોપનકારી કેમ કહ્યું હશે?

આથમણી બાજુના પહાડો પર પણ બરફ પડ્યો છે, થોડી વારમાં વાદળ ધુમ્મસે એમને ઢાંકી દીધા. ચાલતો ચાલતો ઝરણાંકાંઠે જાઉં છું. ઝરણાંની પેલી મેર ચીડનું જંગલ શરૂ થઈ જાય છે, કૅમ્પફાયરની તૈયારી ચાલે છે. અહીં અગ્નિ પણ શીતલ હોતો હશે.

તંબુમાં ગયા પછી ફરી બહાર નીકળવાની ઇચ્છા ભૂખ ન લાગી હોત તો ન થાત. આ ઠંડીમાં ખાઈશું ક્યાં બેસીને? કશુંક ગરમાગરમ ખાવાની ઇચ્છા આવી ક્યારેય નહોતી કરી. ઠંડીની અવગણના કરીને રસોડા ભણી ગયાં. સાંજ એકદમ ઊતરી આવી હતી. એક જ પાત્રમાં ભાત, દાળ નામની ચીજ અપાતી તે લઈ અમે પછી કૅમ્પફાયરની આસપાસ જ ગોઠવાઈ ગયાં.

લીલાં કાષ્ઠ હોવા છતાં અગ્નિ પ્રકટી ઊઠ્યો હતો. હવે આ આગની નજીકથી ખસવાનું નામ લે એ બીજાં. અગ્નિર્હિમસ્ય ભેષજમ્. ખાવાનું પત્યા પછી ગાવાનું શરૂ થયું. મરાઠી, ગુજરાતી, હિન્દી ગીત, લોકગીત ગવાયાં, પણ અતિશય ટાઢને લીધે જામતું નહોતું. અંધકાર ઊતરવા માંડ્યો હતો. આકાશ જોઈએ એવું સ્વચ્છ નહોતું. આગનો તાપ ઓછો થવા લાગ્યો અને ધીમે ધીમે બધાં ઊઠી ઊઠીને તંબુમાં જવા લાગ્યાં. ચારે તરફ હિમાચ્છાદિત પહાડોની વચ્ચે અગ્નિના લાલ લાલ તીખારા ધીકતા હતા. 'આગ અને હિમ' રૉબર્ટ ફ્રૉસ્ટની કવિતા. દુનિયાનો પ્રલય આગથી કે હિમથી? 'સમ સે, ધ વર્લ્ડ વિલ ઍન્ડ ઇન ફાયર / સમ સે ઇન આઇસ.' અહીં તો લાગે છે કે આગને તો ઓઢીને ફરીએ, હિમપ્રલયથી બચવા. પણ પહોંચી ગયો તંબુમાં – પેસી ગયો સ્લીપિંગબૅગમાં. થોડી વારમાં બધુંય શાંત બની ગયું બહાર હજી પવન આછો આછો દેવદારનાં પર્ણોમાંથી રહી રહીને પસાર થતો હતો. ઝરણાનો અવાજ સ્પષ્ટ બનતો જતો હતો.

૧ જૂન

આજે જૂનની પહેલી તારીખ છે. જૂન કહીએ એટલે ઍકેડેમિક નવા વર્ષનો પ્રારંભ. શિક્ષણ સાથે સંકળાયેલાને જૂન જુદો જ ભાવ જગાવે. પણ આજે સવારે તો અહીં છું. ઉત્તર હિમાલયમાં, કેટલાય દિવસથી પાર્વતીય પ્રકૃતિનું અનવદ્ય સૌન્દર્ય મેદાનમાં વસનારા, નગરમાં જીવનારા અમ જેવા જીવોને બધું ભૂલવી રહ્યું છે, જ્યાં ભણવા-ભણાવવાની વાત ફાલતું લાગે છે. અહીં બે ઝરણાંના સંગમસ્થાનની નજીક જ્યાં એક

પથ્થર પર બેઠો છું ત્યાંથી ધ્યાનસ્થ બ્રહ્મા સવારના તડકામાં દીપ્ત લાગે છે. પવન હજી ઠંડો જ છે; તડકો આ પવનને કેમ ઉષ્મા આપી શકતો નહીં હોય? લીલાછમ ઘાસની બિછાતમાં ફૂલ ઊગી આવ્યાં છે, પણ ડિસેમ્બરથી એપ્રિલ સુધી તો અહીં માત્ર બરફની બિછાત રહેતી હશે. અહીંતહીં પોતાનાં ઢોરઢાંખર સાથે રહેતા ગુજ્જરોય નીચેની તરફ ચાલ્યા જતા હશે. ત્યારે અહીં માત્ર વિજનતા હશે. હશે પવન અને બરફનું અવિરામ તાંડવ. ઝરણાંઓનો કલકલ અવાજ ટૂંપાઈ ગયો હશે. જડીભૂત થઈ ચૂપ પડ્યાં હશે, પોતાના ઉગમ સુધી. આ ઝાડઝાંખર પણ બરફથી છવાઈ ગયાં હશે. અહીં માત્ર એક આદિમ રંગ હશે – શ્વેત. સાચ્ચે જ હિમ- આલય. તેના પર ચાંદની વરસતી હશે ત્યારે?...

એપ્રિલ આવતાં એ બરફ પીગળવા લાગતો હશે. એ ઓગળવાની પ્રક્રિયાની પ્રથમ ક્ષણ કેવી હશે? અંગ્રેજીમાં એ ક્રિયાને ‘થૉઇંગ’ કહે છે. દિગીશભાઈએ એક વાર ‘ઇમેજ’ની ચર્ચા કરતાં કરતાં અમેરિકન ગદ્યકાર થોરોની એક પંક્તિ ટાંકી હતી – વૉટ ઇઝ મૅન બટ્ અ માસ ઑફ થૉઇંગ કલે? એમણે કહ્યું હતું કે ‘થોઇંગ’નો ગુજરાતીમાં પર્યાય શોધવો મુશ્કેલ છે; પણ અહીંની સ્થાનિક બોલીમાં જરૂર એના એકાધિક પર્યાય હશે જ, આઇસલૅંડમાં ત્યાંની બોલીમાં બરફને માટે કંઈ કેટલાય શબ્દો છે, આપણે તો બરફ એટલે બરફ. ત્યાં તો બરફ બરફ વચ્ચે ફેર, અને તેને માટે જુદા જુદા શબ્દો. હા, તો જ્યારે આ બરફ પીગળતો હશે ત્યારે? તે પાણી બની વહેવા લાગશે. સ્થિર ગતિવંત થશે, અચલ ચલ થશે. પણ અંતે તો ‘હેમનું હેમ’ ને? ના, જ્યાં સ્તબ્ધતા હશે ત્યાં કલ કલ નિનાદ શરૂ થશે. મંત્ર ફૂંકતાં કોઈ સૂતેલી સુંદરી જાગી જાય તેમ સૃષ્ટિ સચેતન થઈ આળસ મરડી બેઠી થતી હશે.

પૂણેની ટુકડી રવાના થઈ રહી છે. આજે સાંજે દિલ્હીની ટુકડી આવશે. આજનો દિવસ અને રાત અમારે અહીં બ્રહ્માને ચરણે વિતાવવાનાં છે. આજે જોઉં છું તો ગુજ્જરોનાં ઢોર ચરી રહ્યાં છે. ગુજ્જરો અતિ કુતૂહલથી અમને જુએ છે. આજુબાજુ ચીડ, દેવદાર, ભૂર્જ છે. એકબીજાથી જલ્દી અલગ પાડી શકાતાં નથી. જેને અમે ચીડ કહીએ છીએ તેને આ લોકો કાયલ કહે છે. ઢગલે ઢગલા એનાં ફૂલ પડ્યાં છે. એને કાષ્ઠફૂલ જ કહેવાય, કાકાસાહેબે એનું વર્ણન ક્યાંક કરેલું છે.

અહીંનો એક માણસ ક્યાંકથી ભોજપત્ર લઈ આવે છે, અચ્છા, તો આ છે ભોજપત્ર! કેટલું સાંભળ્યું હતું આને વિષે? તાજી જ ભૂર્જ પરથી ઉતારેલી છાલ છે. છાલનું એક

પછી એક પડ ઊકલતું જાય છે, આપણા ફૂલ્સકૅપ કાગળથી પહોળાં, અને એટલાં પાતળાં, લાલાશ પડતાં. લખી જોયું તો લખાતું હતું. લખાય જ ને! કેટલા ગ્રંથો આ ભૂર્જપત્રની છાલ પર લખાયા હશે, પણ કાલિદાસે તો એવું કહ્યું છે કે આ ભોજપત્રો વિદ્યાધરસુંદરીઓને 'અનંગ લેખ' – પ્રેમપત્રો લખવાના કામમાં આવતા – વ્રજન્તિ વિદ્યાધરસુંદરીણામનંગલેખક્રિયયોપયોગમ્, તેના પર તે સિન્દુરાદિ ધાતુના રસથી અક્ષરો પાડતી. અનંગલેખ માટે તો ઠીક, આપણે તો નમૂના માટે થોડાં રાખી લીધાં. હવે નાસ્તો કરી 'ત્રિસંધ્યા' ભણી જઈશું – અહીંથી લગભગ બેએક હજાર ફૂટની ઊંચાઈએ, એટલે કે લગભગ સાડા અગિયાર હજાર ફૂટની ઊંચાઈએ. અમારી સાથે આવવાના છે ગુલમર્ગના એક ગૉલ્ફ વિશારદ. જેવું લાલ મોં હતું તેવું લાલ એમનું જરકીન હતું.

માત્ર વૉટરબૅગ અને કૅમેરા સાથે ચઢવાનું શરૂ કર્યું. ધીરે ધીરે જેમ જેમ ઊંચે જતાં હતાં, તેમ તેમ પ્રદેશ ખૂલતો જતો હતો. ગુજ્જરોની એક વસાહત દેખાઈ. તેમના ડાઘિયા ખૂંખાર કૂતરા ભય ઉપજાવે તેવા હતા. પણ ગુજ્જર સ્ત્રીઓની કુતૂહલભરી આંખો, ચહેરાનો ગોરો રંગ જોતાં પેલો ભય નહોતો રહેતો. સભ્ય વસ્તીથી કેટલાં દૂર છે આ લોકો. પેલું નાનું છોકરું – અહીં જ જન્મ્યું હશે, અહીં જ મોટું થશે અને અહીં જ પરવારી જશે – એની દુનિયા અહીંનાં ચરિયાણો સુધી સીમિત રહેશે, આ યંત્રયુગમાં કોઈ યંત્ર તો જોશે તો જોશે.

ઊંચાઈની સાથે અમારી હાંફ વધતી જતી હતી. અહીં આવી ઠંડીમાં થોડી વારમાં તો પરસેવાનાં ટીપાં મોં પર લસરવા માંડયાં, ગળે શોષ પડતાં પાણી પીવું પડ્યું. આ બધા દિવસોનો ચાલવાનો થાક પગે હવે ઊતર્યો હોય, તેમ પગ માંડ ઊપડતા હતા. લગભગ સાડા- અગિયાર વાગ્યે એક જબરદસ્ત મોટી હિમશૈય્યાએ પહોંચ્યાં. બે પહાડોના ઢોળાવ વચ્ચે વહેતું એક ઝરણું થીજી ગયું હતું અને તેની ઉપર બરફ જામતો ગયો હતો. ઘાસ ઉપરથી બરફ ઉપર પહોંચી ગયાં. પોચો પોચો, બરફ.

અગિયાર-સાડા અગિયાર હજાર ફૂટની ઊંચાઈએ હતાં. અમે સામે જોયું, એક નહીં બે બ્રહ્મા દેખાયા. બ્રહ્મા-૧, બ્રહ્મા-૨. અત્યાર સુધી જે જોતાં હતાં તે બ્રહ્મા-૨. તડકામાં બન્ને શિખરો ચમકતાં હતાં. બ્રહ્મા-૧ ગંભીર, બ્રહ્મા-૨ રમ્ય. બન્ને પરથી વહેતી હિમનદીઓના અલગ પટા દેખાતા હતા. આજુબાજુનાં નાનાં શિખરો પણ રમણીય લાગતાં હતાં. ઉત્તર હિમાલયના શ્રીનગરની દક્ષિણે આવેલું બ્રહ્મા શિખર આમ તો એકવીસ હજાર ફૂટ ઊંચું છે. તેને સર કરવાના પ્રયત્નો હજી સફળ થયા નથી.

હિમશૈય્યા પર સાચવી સાચવીને ઊંચે ચઢવા લાગ્યાં. હંટરશૂઝની પકડ જામતી નહોતી. થોડે ઊંચે ચઢ્યા પછી કૅમ્પનિયામક ઢોળાવ ભણી મુખ કરી ઊભા અને એકદમ સરકવાનું શરૂ કર્યું, એમના પગના, ખેતરમાં ચાસ હોય તેમ, ઊંડા લિસોટા પડ્યા, બધાંને તેમણે સરકવાનું આમંત્રણ આપ્યું. એમના એ લિસોટામાં હું વેગથી સરક્યો, પણ પછી એ વેગ પર મારો કોઈ અંકુશ ન રહ્યો અને હું આકાશ સામે નજર થઈ જાય તેમ લાંબો સોટ થઈ ગયો, અને એ સ્થિતિમાં પણ સરકતો ગયો. પછી તો ભય ગયો અને મઝા પડી. અહીં ગબડવાનો આનંદ હતો.

પછી શરૂ થઈ બરફના દડાની રમત. બધાં હાથમાં પોચો બરફ ઉખેડી, દડો વાળી એકબીજા પર છુટ્ટો ફેંકવા લાગ્યાં. બરફનો દડો શરીરને અડે ન અડે ને વેરાઈ જાય, માત્ર કેટલાક કણ ચોંટી ધીરે ધીરે ઓગળતા રહે.

સામેના પહાડ પરથી એક ઝરણું પડે છે. આ બાજુના વિસ્તારમાં તેનું ઘણું માહાત્મ્ય છે. એને 'ત્રિસંધ્યા' કહે છે. દિવસમાં ત્રણ વખત તે ઉપરથી નીચે પડે છે અને પછી દર વખતે ધીમે ધીમે એનો પ્રવાહ નીચેથી પાછો ઉપર જતો જાય છે. સામેના ધ્યાનસ્થ બ્રહ્માની આરાધના હશે? અમે ત્યાં સુધી ન ગયાં, કેમ કે વાદળ ડોકાયાં હતાં અને ક્યારે આખા આકાશમાં પથરાઈ, પાણીરૂપે કે બરફરૂપે વરસી પડે તેનું ઠેકાણું નહીં. ખીલનમર્ગની હિમવર્ષા યાદ આવતાં શરીરમાંથી ધ્રુજારી નીકળી ગઈ. ત્યારે તો નરોત્તમ પલાણ પણ સાથે હતા. ગુલમર્ગ-ખીલનમર્ગમાં થોડો તડકો હતો તે દિવસે, પણ જે થોડાં વાદળ હતાં તે વિસ્તાર પામ્યાં. પહેલાં ગાઢ ધુમ્મસ અને પછી વરસાદ અને પછી કરાનો ભયંકર વરસાદ, જોતજોતામાં બની ગયેલું. એટલે આ ઊંચાઈએ મેઘદર્શને શંકાકુલ બની નીચે કૅમ્પ ભણી ઊતરવાનું શરૂ કર્યું. ઊતરતાં ક્યાં વાર લાગતી હોય છે?

બપોરે જમ્યા પછી આજે ઘણા દિવસે નિરાંત હતી. દાઢી કરી 'ફ્રેશ' થયો. એક ભોજપત્ર ઉકેલી તેમાં સિન્દુરથી તો નહીં, લાલ બૉલપેનથી સામે દેખાતા બ્રહ્માનું અછાંદસ સ્તોત્ર જેવું લખવાનો પ્રયત્ન કર્યો. પછી બહારના મેદાનમાં ભમ્યા કર્યું. મેદાનમાં ગુજ્જરોની ગાયો ઘાસ સાથે જાણે તડકો પણ ચરતી હતી.

ધીમે ધીમે સાંજ આવે છે. બ્રહ્માનાં ઊંચા શિખર પર તડકો પડે છે. બાકીના પહાડો છાયામાં છે. મેદાનની પેલી શિલા પર બેસું છું. બ્રહ્માનું ક્ષણે ક્ષણે નવીન લાગતું શિખર જોઉં છું, અને કવિ માઘની રમણીયતાની પરિભાષાને પ્રમાણું છું. જંગલ, ઝરણ, પવન, પહાડ, ઘાસ બધાંનું પરમ સાન્નિધ્ય અનુભવું છું.

આવતી કાલે સવારે તો અહીંથી વળતું પ્રયાણ કરવાનું છે.

*

# ખજુરાહો

વ્રીડાત્ર કા યત્ર ચતુર્મુખત્વમીશોઽપિ લોભાદ્ગમિતો યુવત્યાઃ

– બૃહત્સંહિતા

હજુ તો ભરભાંખળું હતું. ઝાંસીના સ્ટેશનરોડ પર આછી-પાતળી અવરજવર હતી. ભરચક્ક સામાન અને ચાર પૅસેન્જરો સાથે અમારી રિક્ષા સ્ટેશને આવી પહોંચી. થોડા મુસાફરો આમતેમ બેઠેલા હતા. સ્ટેશનેથી અમારે ગાડી નહીં, બસ પકડવાની હતી; ઝાંસીથી ખજુરાહોની બસ. પણ જોયું તો અમારી બસ ત્યાં ઊભી ન હતી. ગઈ કાલે સાંજે ગ્વાલિયરથી આવ્યાં ત્યારે ઝાંસીનાં બસ-ડેપો પર તપાસ કરી કે ખજુરાહોની બસ અહીં કેટલા વાગ્યે આવે છે, તો કહેવામાં આવ્યું કે સવારે છ વાગ્યે અમારે ત્યાં પહોંચી જવું જોઈએ.

આ બાજુ જરા એવું છે કે એક જ પ્રશ્ન બે જણને પૂછ્યો હોય તો બે જુદા જુદા જવાબ મળવાનો સંભવ વધારે. ડેપોમાંથી બહાર નીકળતાં એક સજ્જન જેવા લાગતા પોલીસદાદાને અમે એટલે ફરીથી ખજુરાહોની બસ વિશે પૃચ્છા કરી, તો તેમણે કહ્યું કે ખજુરાહોની બસ કદાચ અહીં આવે ખરી, પણ ઊપડે છે તો રેલવે સ્ટેશનથી. તમે ત્યાં પહોંચી જાઓ. અરે, અત્યારે જ ત્યાં પહોંચી જાઓ, બસમાં સૂઈ જજોને! બસવાળાં સૂવા દેશે. સ્ટેશને બસ પડી હોય છે. તેમના અવાજમાં ગંભીરતા ન હોત તો તેમની વાત હસી કાઢી હોત – આપ ભી ક્યા… પણ ના. નવાઈ લાગવા છતાં એમની વાત માની. એમણે કંઈક બસ નંબર પણ આપ્યો હતો. તે રાત્રે તો નહીં પણ આ વહેલી સવારે સ્ટેશન આવી ગયાં. બસને ત્યાં ન જોતાં અમારામાંથી એકે જરા દૂર ઊભેલી બસોમાં જોયું તો

પેલો નંબર જડી ગયો. ડ્રાઇવર- કંડક્ટર સૂતા હતા. જાગ્યા. તેમણે તો ત્યાંથી જ બેસી જવા કહ્યું અને બેસાડીને સ્ટૅન્ડ પર લાવ્યા. બસમાં બેસવાનો અમને પહેલો લાભ મળ્યો – અને જોતજોતામાં તો બસ છલકાવા લાગી.

બસમાં મુસાફરોની નજરે ચઢે તેવી વિવિધતા હતી. ટૂંકાં કપડાં પહેરેલાં મધ્ય પ્રદેશના આદિવાસીઓ હતાં અને વિદેશીઓ પણ. પોતાનો સામાન ભરેલો રુકસૅક બરડે ઊંચકીને પ્રવાસ કરતાં વિદેશીઓ. ભીડ એટલી વધી ગઈ હતી કે સમયનો ખ્યાલ રાખનાર એ પ્રવાસીઓને બરાબર બસને સમયે પહોંચતાં ઊભાં ઊભાં, ના વાંકાં વાંકાં – કેમ કે ઊભાં રહેવા જતાં એ ઊંચાં મુસાફરોમાંથી કેટલાંકનું માથું ઉપર બસની છતને અડી જતું હતું – મુસાફરી કરવાનો વખત આવ્યો. અહીંથી પહેલાં બે બસો ઊપડતી, એક પ્રવાસન વિભાગની ને એક ખાનગી કંપનીની. જાણવા મળ્યું કે ખાનગી કંપનીવાળાએ કંઈક એવી ખાનગી વ્યવસ્થા કરી કે પૂરતાં પેસેન્જરો નથી થતાં એવા કોઈ બહાના તળે પ્રવાસન વિભાગની બસ બંધ થઈ ગઈ છે, અને આ બસ છલકાતી જાય છે. અમને બેસવા મળ્યું હતું તેની ના નહીં, પણ આપણે બેઠા હોઈએ અને કોઈ બસમાં ઊભું હોય તોય મુસાફરીનો આનંદ થોડો હણાતો હોય ત્યારે આ પ્રવાસી વિદેશીઓને આ સ્થિતિમાં મુસાફરી કરતાં જોઈ રંજ વધે.

અને બસ એટલી ભરાઈ કે બસ ડેપો પર થઈને જવાને બદલે બારોબાર ઝાંસી શહેરની બહાર નીકળી, ખજુરાહો જવાના રસ્તા પર દોડવા લાગી. ભલું થજો પેલા પોલીસદાદાનું, સવળી મતિ સુઝાડી, હવે આવજો ખજુરાહો વહેલું.

શરૂમાં જ મને ‘ખજૂરાહો’ લખવું કે ‘ખજુરાહો’ લખવું એની વિમાસણ થઈ હતી. નામમાં ખજૂર શબ્દ તો છે જ. વળી સંસ્કૃત ખજૂર, અને પ્રાકૃત ‘ખજ્જૂર’ હોય તો પછી ‘ખજુરાહો’ જ લખવું જોઈએ ને! મૂળ નામ તો સરસ ખર્જૂરવાહક છે. એક સમયના એ સમૃદ્ધ નગરને મુખ્ય દરવાજે, કહે છે કે, સુવર્ણનાં બે ખજૂર વૃક્ષ હતાં. એટલે ખર્જૂરવાહક એવું નામ. દસમી સદીના એક શિલાલેખમાં એ નામ આવે છે પણ ખરું. અવાન્તર રૂપની ખબર નથી. ખજૂરવાહક હતું. અત્યારે ખજૂરાહો. પણ ખજુરાહો કે ખજૂરાહો? બસની ટિકિટ કપાવતાં આ બાજુના સ્થાનિક લોકો ખજરાહો, ખજરાહો બોલતા હતા, દીર્ઘ ઊકાર તો શું, ઉકાર પણ નહી, એટલે થયું કે ખજુરાહો લખવું ઠીક છે.

તો ખજુરાહોની અમારી બસ હવે ઊઘડતા આછા તડકામાં રમ્ય માર્ગ પર દોડી

રહી હતી. વનરાજી વચ્ચે પણ જંગલ ન કહેવાય. આ બાજુ બસની બારીઓને રંગીન કાચ – ગૉગલ્સ જેવા – રાખવામાં આવે છે, એટલે બંધ બારીએ બહાર જોઈએ એટલે ગૉગલ્સ પહેરીને બહાર જોતાં હોઈએ એવું લાગે. નથી ગમતું. હવામાં ઠંડીની ચમક હતી, પણ ઠંડી ખાઈનેય બારી ખસેડવાની ઇચ્છા થઈ જતી. ખજુરાહો જતાં હતાં. કેવું હશે ખજુરાહો?

એક નામ વારે વારે સાંભળવામાં આવતું હોય, ત્યારે એનું એક કાલ્પનિક ચિત્ર આપણા મનમાં રચાય છે. પછી જોઈએ ત્યારે સમાધાન કરવાનું મુશ્કેલ પડે છે – કલ્પના અને વાસ્તવ વચ્ચે. ભલેને પછી કલ્પના કરતાં વાસ્તવિક સારું હોય. નદી કે દરિયાની જે કલ્પના હતી, તેનાથી કેટલી સુંદર નદી, કેટલો રમ્ય ભવ્ય દરિયો તેમના વાસ્તવ રૂપમાં જોયાં! ભૂગોળ ભણતાં કે ઇતિહાસ ભણતાં કે આપણી કલા-સમૃદ્ધિ વિશે વાંચતાં સાંચી – ખજુરાહો નામ લગભગ સાથે સાંભળ્યાં હતાં. કલ્પનાચિત્ર સાંચીનું હતું કેવું – અને સાંચી જોયું – આટલી પ્રસન્નતા મળશે એમ ધાર્યું ન હતું. પણ ગોકુળ-વૃંદાવનની તો કેવી કેવી કલ્પનાઓ હતી! એય ને જમુનાનો કિનારો, કદંબનાં ઝાડ, કુંજગલી – અને જોયાં ત્યારે! તે વખતે તો શાળાનો વિદ્યાર્થી હતો, પણ એ ચિત્રનો જે મોહભંગ થયો, તેની કળ આજેય નથી વળી – ના જોયું હોત તો સારું. ખજુરાહોનું પણ એક કાલ્પનિક ચિત્ર છે – ખરેખર કેવું હશે? અહીં આવતાં પહેલાં ખજુરાહો વિશે ઠીક ઠીક સાહિત્ય વાંચ્યું હતું, મંદિરોનાં શિલ્પોની છબીઓ જોઈ હતી. મંદિરોનું નગર કહેવાય તેવું ભુવનેશ્વર પણ જોયું હતું, પણ એની જે માનસિક છબિ હતી તે તો માણસ વસ્તીથી દૂર કંઈક તરછોડાયેલા, ત્યજાયેલા, એકાકી, એકબીજાથી નજીક-દૂર ઊભેલા મંદિરસમૂહના વિચારમાંથી રચાઈ હતી; વળી તેની સાથે જ ખજુરાહો કહેતાં જે અવ્યાહત, ભાવ જાગતો તે તેનાં મિથુનશિલ્પોનો, રતિશિલ્પોનો! એકબીજામાં ઓગળી જવા મથતાં આલિંગનબદ્ધ શિલ્પો – જુદી જુદી મુદ્રામાં. ચંદેલ રાજવીઓનો ઇતિહાસ. આ બધું મળીને એક ચિત્ર રચાયું હતું ખજુરાહોનું.

છત્તરપુર આવ્યું. આખો આ વિસ્તાર છત્તરપુર તરીકે ઓળખાય છે. આજે સવારથી ચા પીધી જ હતી કોણે? બસ ઊભી રહી. ચા પીવા દોડી ગયા. ચા શું? ઊકળેલું ગરમ પાણી તો મળશે. આ બાજુ એવો અનુભવ થયો હતો કે ચા એટલે જાણે શિવામ્બુ. મોઢે માંડી મંડાય નહીં. પણ અહીં છત્તરપુરની ચા બનાવવાની રીત જ ચા પીવાની લાલસા ઊભી કરે તેવી – આદુ વગેરે છુંદીને નાખવામાં આવી રહ્યું હતું – તેમાં ઉમેરાતું હતું.

મલાઈદાર દૂધ – ફક્કડ ચા. ઊભાં ઊભાં જ ઉપરાઉપરી ત્રણ કપ ઠઠાડયા. જામી ગયું. ઠંડી હવે કેવી?

છત્તરપુર પછી, ખજુરાહોને હવે બહુ વાર ન હતી. રસ્તામાં એક ગામ આવ્યું. અહીં રાજા છત્રસાલની છત્રી છે. છત્રસાલ કહેતાં મને કવિ ભૂષણ યાદ આવ્યા. છત્રસાલ, શિવાજી અને ઔરંગઝેબ સમકાલીન – આ કવિ એ ત્રણેય સાથે સંકળાયેલા. એક કવિતા રચી ઔરંગઝેબને ચીડવી ત્યાંથી ભાગી ગયેલા. છત્રસાલ વિશે, તેની વીરતાને બિરદાવતાં કવિતો લખ્યાં છે – એ આ છત્રસાલ.

એકદમ જાણે વાતાવરણ બદલાયું. વનરાજીની ગીચતા વધી ગઈ. તેની વચ્ચે મંદિરનાં ઊંચાં શિખરો દેખાયાં, અદ્યતન ઊંચી ઇમારતો દેખાઈ – હોટેલ ચંદેલા, હોટેલ ખજુરાહો, ટૂરિસ્ટ લૉજ અને હાટડીઓની વચ્ચે, મંદિરના સાન્નિધ્યમાં બસ ઊભી રહી ગઈ. ઝટપટ નીચે ઊતરી સામાન ઉતારી કૌતુકરંગી નજરે આસપાસ જોઈ રહ્યા.

અહીં આસપાસ પગરિક્ષાઓ ઊભી હતી, જુદાં જુદાં સ્થળે જવાના ભાડાના દરનાં પાટિયાં લગાડેલાં. જગ્યા મળશે કે નહીં તે પૂછવા રિક્ષા કરી અમે બે જણ ટૂરિસ્ટ બંગલા સુધી પહોંચી ગયાં, મંદિરની નજીકમાં થઈને. પણ અત્યારે તો મુકામની ચિંતામાં હતાં. સદ્‌ભાગ્યે અમને એક 'સ્વીટ' મળી ગયો, નહીંતર અહીં સારી હોટેલો ખૂબ મોંઘી છે. હોટેલ ચંદેલા વગેરે તો ચોવીસ કલાકના બસો જેટલા ભાડાની. પરદેશીઓ માટેની જ ને! ટૂરિસ્ટ-પ્રવાસન વિભાગની પણ જરા મોંઘી. ખાનગી કેટલીય હોટેલો ખરી, પણ ઓછી સુવિધાવાળી – પણ અમને બહુ સારી જગ્યા મળી. વિશાળ છાયાઘન વૃક્ષોના પ્રાંગણવાળી. કિફાયત પણ.

સામાન લઈને આવ્યાં ત્યાં ભેટ થઈ નસિરુદ્દીનની – અહીંનો બબરચી, 'આઈયે, તશરીફ રખિયે સા'બ' – ઉર્દૂ લહેકામાં સ્વાગત કરી, અમારો સામાન અમારા 'સ્વીટ'માં ગોઠવી દીધો. 'ચાય લાઉં સા'બ? — અને અમે હાથ-મોં ધોઈએ એટલામાં નસિર આવી ગયો, ચા સાથે – 'ઔર કુછ?' અને અમારા કહેતાં થોડી વારમાં જ બટર ટોસ્ટ લઈ આવ્યો. નસિરની વાણી અને વિવેકમાં આભિજાત્ય હતું.

બપોર થઈ ગઈ હતી, જ્યારે અમે સ્નાનાદિથી પરવારી બહાર નીકળી પડ્યાં. હવે નજર પડે ત્યાં મંદિરોનાં શિખરો. ચાલવાની સડક પણ સારી. નાનકડું બજાર. પોસ્ટ ઑફિસ, ઘરે પત્ર લખવાનું સૂઝયું. પણ થોડી વાર પછી તો હાથમાં ખજુરાહોની માર્ગદર્શક ચોપડી લઈ આજે પશ્ચિમ સમુદાયનાં મંદિરો તરીકે ઓળખાતાં મંદિરોના

હરિયાળા પ્રાંગણમાં હતાં. ઘણી વાર ગાઇડ બહુ ઉતાવળ કરાવે છે. આ વખતે ગાઇડ નહીં, પુસ્તકની મદદથી જોઈશું. પુસ્તકમાં ખજુરાહોનાં નગરનો અને મંદિરનો ઈતિહાસ પણ હતો જ.

આ મંદિરો ચંદેલવંશી રાજાઓએ બંધાવ્યાં છે. નિર્માણકાળ ઈ. ૯૫૦ થી ૧૦૫૦ લગભગનો. આ સો વર્ષોમાં લગભગ એટલી જ સંખ્યામાં, કદાચ કંઈક ઓછી, મંદિરો અહીં બન્યાં હતાં. ભુવનેશ્વર યાદ આવે, ત્યાંય કંઈ કેટલાંય મંદિરો! કેટલાંય ધ્વસ્ત થઈ ગયાં છે, વિલુપ્ત થઈ ગયાં છે, સપાટ ખેતર બની ગયાં છે! ખજૂરાહોમાં પણ! છતાંય પચીસ જેટલા મંદિરો સારી હાલતમાં બચ્યાં છે, પણ એ પચીસ મંદિરોએ જગતના ખૂણે ખૂણેથી પ્રવાસીઓને આકર્ષ્યા છે.

પ્રથમ ચંદેલ રાજા યશોવર્મનનો સમય દસમી સદીની શરૂઆત છે. યશોવર્મનનો પુત્ર ધંગ. આ બન્ને રાજાઓ સતત લડાઈઓ જ લડતા રહ્યા છે, લડાઈઓની સાથે મંદિરો બંધાવતા રહ્યા છે! યશોવર્મને ખજુરાહોમાં 'હિમાલય જેવું ઊંચું' વિષ્ણુમંદિર બંધાવ્યું હતું અને ધંગે તો મંદિરો પર મંદિરો. ગુજરાતનો સોલંકીકાળ અને તે પછીનો સમય યાદ આવે.

વિશેષ યાદ આવે મોઢેરા. બીજી બાજુ યાદ આવે ઓડિશાનું કોનારક પણ. કદાચ થોડું મોડું અહીંથી. પણ વિશેષ યાદ આવ્યું ધૂમલીનું ભગ્ન સોલંકીકાલીન મંદિર. આ બધાં મંદિરોનો ઉત્સવ અને એમની શૈલી એક લાગે. સોમનાથની તો હવે વાત શી કરીએ? પણ ભારતીય શિલ્પસ્થાપત્ય આ સમયે જાણે એક ચરમ સીમા પર પહોંચ્યું હતું, અને કહે છે કે કોઈ પણ કલાના વિકાસના ચરમોચ્ચ બિંદુએ, તેની ઉપલબ્ધિની પૂર્ણતાએ તેના અવક્ષયનો પ્રથમ બીજનિક્ષેપ થઈ જતો હોય છે, ત્યાંથી શરૂ થાય તેનાં વળતાં પાણી. એમ જ હોય ને!

ચંદેલ રાજવીઓનીય પછી તો પડતી દશા આવેલી, અને મંદિરોનું નિર્માણ ઓછું થઈ ગયું. આ રાજવીઓને પણ મંદિરો બનાવવાની ઘેલછા હોવી જોઈએ, નહીંતર એક સૈકામાં આટલાં બધાં મંદિરો બંધાય? તેય વળી જ્યારે બીજી બાજુએ લડાઈ લડાતી હોય; અને પાછાં કેવાં તો મંદિરો છે! અહીં આવીએ એટલે કલાતીર્થની યાત્રા થાય.

યાત્રા? અહીં આવતાં ઘણાં પ્રવાસીઓ ખજુરાહોનાં મંદિરો પરનાં રતિશિલ્પોની વાત સાંભળી ખેંચાઈ આવેલા હોય છે. અને જેવા આ મંદિરના પ્રાંગણમાં પ્રવેશે છે કે તેમની નજર સૌ પહેલાં પોતાનાં સહયાત્રીઓની નજર ચૂકવીને પેલા રતિશિલ્પોને શોધતી હોય

છે, અને એકાએક આલિંગનબદ્ધ કોઈ મિથુન પર તેમની તે નજર પડતાં તેમાં એક ચમક આવી જાય છે – અને પછી તે બીજું, ત્રીજું – એનાં નેત્રો ધન્ય બની જાય છે. જાણે જે શોધવા માટે આવ્યાં હતાં, તે જડી ગયું. હવે ઘેર જઈને મિત્રોને એકાંતમાં એ વિશે વાત કરી શકાશે. પથ્થરોનું આ શિલ્પ કે સ્થાપત્ય અને તેમાંથી નિષ્પન્ન થતો સૌન્દર્યબોધ એ ચૂકી જાય છે.

કેમ જાણે એક અપરાધ ભાવથી તે શિલ્પ જુએ છે. આપણે જે જોઈએ છીએ, તે જોતાં આપણને તો કોઈ જોઈ જતું નથી ને? કંઈક એવું છે પણ ખરું કે માતાપિતા અને સંતાનો, શિક્ષકો અને છાત્રો સાથે સાથે અહીં આવ્યાં હોય, સાથે સાથે જોવાનું શરૂ કરે – અને થોડી જ વારમાં વયાનુરૂપે ગ્રુપ થઈ ગયાં હોય. પછી એ નિરાંતે જોશે. પણ બીજાથી છુપાવવાનો ભાવ જાણે કહે છે કે કશુંક અશ્લીલ તે જોઈ રહ્યો છે. પછી યાત્રાનુભવ ક્યાંથી હોય?

ખરેખર તો અમારે શિવસાગર તળાવને કાંઠે આવેલા ચોસઠયોગિની-મંદિરથી જોવાથી શરૂઆત કરવી જોઈએ. ચોસઠ જોગણીઓની વાત બહુ નાનપણથી સાંભળી હતી એટલે નહીં પણ આ મંદિર ખજુરાહોનું સૌથી પહેલું મંદિર ગણાય છે એટલે. ૯૦૦ની આસપાસ બંધાયેલું, કઠણ, ગ્રેનાઈટ પથ્થરોમાંથી, પણ અમે ત્યાં ન ગયાં અને તેની પાસે આવેલા લાલગુંઆ મંદિર પણ ના ગયાં. મંદિરો જોવાની ટિકિટો લઈ જેવા અમે પ્રવેશ્યા કે સૌથી પહેલાં લક્ષ્મણ મંદિરે પહોંચ્યાં.

ખજુરાહોનું આ શરૂઆતનું અને સૌથી ઉત્તમ રીતે સચવાયેલું વૈષ્ણવ મંદિર છે. પંચાયતન શૈલીના આ મંદિરની જગતીને ચાર છેડે ચાર નાનાં મંદિરો હજુ ઊભાં છે. મંદિરનો પથ્થર ગ્રૅનાઈટ નથી, રેતિયો પથ્થર છે – પથ્થર કે મીણ? પાર્વતીના દઢ કોમળ વપુ માટે કાલિદાસે કાંચનપદ્મધર્મા (વપુ) એવા વિશેષણનો પ્રયોગ કર્યો છે – જરા ફેરવીને કહીએ, પાષાણપદ્મધર્મા. રેતિયા પથ્થરોનું એક પોત હોય છે, કરકરું પોત. આરસ આરસ છે. અતિ સુંવાળું પોત, રેશમ જાણે. તાજમહલ પરથી નજર લસરી પડે છે, રેતિયા પથ્થર પર નજર માંડી મંડાય છે. નજરને કરકર ગમે છે. વળી મૂળે આછી ગુલાબી ઝાંયવાળા કે પીળી ઝાંયવાળાં ઊંચી પહોળી આકૃતિમાં ગોઠવાયેલા આ પથ્થરો, વર્ષોની ઝડીઓ ઝીલી થોડાક અહીંતહીં શામળિયા બન્યા છે. આવા પથ્થરો ગમી જાય છે. સહજ, પ્રકૃત.

મંદિર આંખમાં આવી ગયું હતું, પણ જગતીનાં પગથિયાં જેમ જેમ ચઢતાં ગયાં,

તેમ તેમ તેની સ્થાપત્યગત સંપૂર્ણતા એક પ્રભાવ પાડી રહી. પ્રવાસીઓની અવરજવર હતી. મંદિરમાં પ્રવેશ કર્યો. આ અર્ધમંડપ અને એનું આ મકરતોરણ એકીસાથે શિલ્પ અને સ્થાપત્યની શ્રેષ્ઠ ઉપલબ્ધિ! આને વિશે જ પર્સી બ્રાઉને કહેલું કે પથ્થરમાંથી નહીં, હાથીદાંતમાંથી કોતરી કાઢવામાં આવ્યાં છે. એટલાથી એને સંતોષ ના થયો હોય તેમ વળી ઉમેર્યું કે પથ્થર નથી, ઝૂલતા પડદા છે.

મકરતોરણ નીચેથી નીકળી અર્ધમંડપમાં પ્રવેશ્યાં. અહીં એક શિલાલેખ જડવામાં આવ્યો છે, પાછળથી. વિ. સં. ૧૦૧૧નો એટલે કે ઈ.સ. ૯૫૪નો છે, રાજા ધંગના સમયનો. મંડપ અને પછી મહામંડપ. મહામંડપમાં બંને બાજુએ ખુલ્લા ઝરૂખા છે. પ્રકાશ પવનની આવ-જા થાય, આપણે જરા બહાર જોઈ શકીએ. પણ અહીં જોવાનું ઓછું હતું? મહામંડપનાં સ્તંભતોરણો અને આ શાલભંજિકાઓ!

આ શાલભંજિકાઓ સાથે પ્રથમ અનુરાગ થયો હતો. ઇલોરાની ગુફાઓમાં. એક ગુફાના દ્વારે ત્રાંસમાં જડાયેલી એક મૂર્તિ મનમાં વસી ગઈ હતી. ગાઇડે કહ્યું હતું, 'યહ શાલભંજિકા હૈ'. શાલભંજિકા? બોલતાં મોં ભરાઈ જાય તેવું નામ, જોતાં આંખ ઊભરાઈ જાય તેવું રૂપ. મને એક સંસ્કૃત નાટકનું શીર્ષક યાદ આવી ગયેલું. વિદ્ધશાલભંજિકા. નાટક વાંચવાનું કુતૂહલ વધી પડેલું – જોકે હજી વાંચ્યું નથી. પણ આ શાલભંજિકા જોયા પછી નાટક વિશે માન વધી ગયું છે. પછી તો કેટકેટલાં મોહન રૂપોમાં, રમ્ય દેહભંગિઓમાં શાલભંજિકાને જોઈ છે! ભુવનેશ્વરના મંદિરની અલસકન્યાઓ રૂપે, રાણકપુરની સ્નાતાર્કપૂરમંજરી કે શુચિસ્મિતસુદર્પણા રૂપે. ક્યારેક કોઈ બન્ધુર નારીદેહમાં શાલભંજિકા ઝબકી ગઈ છે, ક્યારેક શાલભંજિકાઓમાં કોઈ નારીદેહ ઝબકી ગયો છે. અને સાંચીની શાલભંજિકાઓ તો થોડા દિવસ ઉપર જ જોઈ હતી. સાંચીસ્તુપના પૂર્વદિશાને તોરણે.

મહામંડપની શાલભંજિકાઓની રૂપછટાઓ જોતાં જોતાં અંતરાલમાં પ્રવેશ કરી ગર્ભગૃહને દ્વારે ઊભાં. ગભગૃહમાં વિરાજે છે વિષ્ણુ ચતુર્ભુજ. ગર્ભગૃહના દ્વારે મત્સ્યાવતાર અને કૂર્માવતારનાં શિલ્પ છે, કૂર્માવતાર એટલે સમુદ્રમંથનની વાત. બ્રહ્માવિષ્ણુ સાથે લક્ષ્મી છે. નવગ્રહ છે. આ ગર્ભગૃહ છે, પણ દક્ષિણનાં મંદિરો જેવો ગર્ભનો અંધકાર નથી. ગર્ભગૃહની દીવાલોને ઊંચી ઝરૂખાનુમા બારીઓ છે, પ્રકાશ છંટાયા કરે છે. શિલ્પો સ્પષ્ટ રીતે જોઈ શકાતાં હતાં. દક્ષિણનાં મંદિરોમાં ગર્ભગૃહમાં દીવો દેખાય. દેવતા તો દેખાય કે ના દેખાય; બ્રાહ્મણદેવતા જરૂર દેખાય. દક્ષિણા માગે

પછી કેમ ના દેખાય? મદુરાઈના મંદિરમાં તો કોઈએ દેવતાને પહેરાવેલો હાર મારા ગળામાં પહેરાવી બ્રાહ્મણદેવતા દક્ષિણા માગી રહ્યા હતા! પણ અહીં – આ તો અપૂજ દેવતા છે. વર્ષોથી અપૂજ. અહીં દેવતાને કોઈ નૈવેદ્ય નથી ચઢતાં – હા, આંખમાં સૌંદર્યનું નૈવેદ્ય લઈને આવ્યાં છીએ. સ્વીકારો ચતુર્ભુજ દેવતા. અમારું આ નૈવેદ્ય.

ગર્ભગૃહની જંઘા પર શિલ્પની બે હાર છે. આ કૃષ્ણ! કુબ્જા પાસેથી ચંદન પડાવી લેતા, આ કાલિયમર્દન કરતા, આ કુવલયાપીડને પરાસ્ત કરતા, આ પૂતનાના સ્તનપાન સાથે પ્રાણપાન કરતા. પૂતના જોઈને છળી પડાય. બિહામણી ખેંચાઈ ગયેલી કાયા. અને આ બાજુ બીજું સ્તનપાનનું દૃશ્ય છે – પણ એ જગજ્જનની મા છે. એના મોં પર નર્યું વાત્સલ્ય, વિલસી રહ્યું છે. પ્રસન્ન કાયા. વળી પાછી એ જ માં અહીં પાછલા ગોખમાં મહિષાસુરમર્દિની – ચંડી બની છે.

અને આ છે અપ્સરાઓ. ત્રિભંગની મુદ્રામાં. સાલંકાર. કેશગુંફનની વિવિધ છટાઓ. બુદ્ધદેવ બસુએ ‘કાલિદાસેર મેઘદૂત’માં એક સારું નિરીક્ષણ કર્યું છે કે ભારતમાં સર્વત્ર અલંકારને મહત્ત્વ છે. કવિતામાં અને શિલ્પમાં પણ. અલંકાર કે ભૂષણ વિના સૌંદર્ય કેવું? જ્યારે યુરોપની મૂર્તિઓ સંપૂર્ણપણે નગ્ન, નિરાવરણ છે, અને નિરાભરણ છે. ત્યાં શુદ્ધ નગ્નતાનું સૌંદર્ય છે, જ્યારે આપણે ત્યાં તો સૌંદર્ય અલંકારઃ. સાલંકારા આ અપ્સરા આળસ મરડી રહી છે, તેને લીધે ઊંડી નાભિ અને ઉન્નત સ્તનમંડળ ધ્યાન ખેંચે છે, આળસ મરડી રહેશે ત્યારે સામું નહીં જુએ કે? આ ઊભી છે. તેણે એક હાથ ઊંચો કરી માથા પાછળ લીધો છે, બીજો ડાબો હાથ જમણા સ્તનને ધારી રહ્યો છે, સ્તનો પર હાર શોભી રહ્યો છે, હાથે કેયૂર અને વલય છે, કેડે કટિમેખલા છે, કટિનો ભંગ કેવો છે! ચહેરા પર મગ્નતાનો ભાવ.

અને આ યુગલ. નાયિકાનો હાથ નાયકને ખભે છે, નાયકનો હાથ નાયિકાની પીઠ પાછળથી આવી તેના સ્તન પર થંભી ગયો છે – (આંગળીનાં ટેરવાં ટૂટી ગયાં છે) આલિંગન-જનિત પરમ આનંદ તેમની આંખોમાં, હસતા હોઠોમાં પામી શકાય અને આ અપ્સરા પોપટ લઈને ઊભી છે. વાત્સ્યાયનની ચોસઠ કલાઓમાં એક શુકસારિકાપ્રલાપનમ્ – મેનાપોપટને બોલતાં શિખવાડવાનું આવે છે. ખજુરાહોની રમણી તો આ બધી કલાઓમાં નિપુણ હોવાની. આ સૌન્દર્યમૂર્તિઓ જોતાં જોતાં અમારી નજર પડી ગર્ભગૃહની ઉત્તર જંઘા પરની કંકાલ મૂર્તિઓ પર. આ શિલ્પીઓએ કંકાલો પણ જોયાં છે, પેલી પૂતના જેવાં.

ફરી એક એક વાર પ્રદક્ષિણા કરી, મહામંડપમાં આવી ઝરૂખે જઈ ડોકિયું કરી, બહાર આવ્યાં. અમને શી ખબર હતી કે હવે પછી જે જે જોવાનાં હતાં તે વિપુલ સૌન્દર્યરાશિની તુલનામાં અમે બહુ અલ્પથી જ અભિભૂત થઈ ગયાં હતાં.

ખજુરાહોના કન્દેરિયા મહાદેવના મંદિર વિશે ઘણું સાંભળ્યું હતું, પણ જ્યારે આ મંદિરના પ્રાંગણે જઈ ઊભાં કે તેનાં ઊંચે ઊંચે જતાં ભવ્ય શિખરો નજરને એ રીતે ભરી રહ્યાં કે ક્ષણેક તો બધું ભુલાઈ ગયું. આ જ ખજુરાહોનું સૌથી શ્રેષ્ઠ ગણાતું મંદિર. લક્ષ્મણ વૈષ્ણવમંદિર છે, આ છે શૈવમંદિર. લક્ષ્મણમંદિરની જેમ અર્ધમંડપ, મંડપ, મહામંડપ, અંતરાલ અને પ્રદક્ષિણાપથ સાથેના ગર્ભગૃહની અહીં પણ રચના છે. અર્ધમંડપનું શિખર, તેનાથી જરા ઊંચે મંડપનું, તેનાથી જરા ઊંચે મહામંડપનું અને પછી ગગનભણી ધસતું અનેક શિખરોના સમૂહ જેવું ગર્ભગૃહ પરનું શિખર. નજર ઉપરનાં આમલક અને કળશે જઈ ઊભી. પણ અહીં મંદિર પર ધજા ફરફરતી નથી, જેવી ભુવનેશ્વરના લિંગરાજ મંદિર પર ફરફરે છે. આ પણ દસમી સદીના અરસામાં જ્યારે લિંગરાજ બનતું હતું, ત્યારે બન્યું હતું. એકસો પંદર ફૂટ ઊંચા, એકસો પાંચ ફૂટ લાંબા અને બાસઠ ફૂટ પહોળા આ મંદિરની રચનાની સપ્રમાણતા અને સપ્રાણતા એક વિશિષ્ટ સૌન્દર્યાનુભૂતિ કરાવે છે.

અર્ધમંડપમાં થઈ અંદર પ્રવેશવાને બદલે અમે બહારથી જોઈ રહ્યાં. ઊંચા શિખરને અનુષંગે ઊંચે થયેલી નજર મંદિરની જંઘાઓ પર પડતાં ત્યાં જ જડાઈ ગઈ કે શું? અનવદ્ય શિલ્પખચિત જંઘા. તસુ પણ ખાલી નહીં. અને શિલ્પો પણ કેવાં સંમોહક. ‘ચારુ,’ ‘રમ્ય,’ ‘લલિત,’ ‘સશ્રિક’ – સુન્દર જેનાથી વ્યક્ત થાય તે બધાં વિશેષણો સાંભરી આવે. હજુ તો મંદિરના સ્થાપત્યની ઊર્જિતતાથી મન અભિભૂત હતું ત્યાં આ શિલ્પોની ચારુતાથી, રમ્યતાથી, લાલિત્યથી, સશ્રિક્તાથી વિમુગ્ધ. વિસ્મય-વિસ્ફારિત નેત્રોથી સમગ્ર આ શિલ્પ-સૃષ્ટિ અમે જોઈ રહ્યાં, અને પછી જ્યારે ક્રમે ક્રમે જોવા લાગ્યાં ત્યારે તો એ વિસ્ફારણ વધતું જ ગયું. આ તે શિવાયતન કે કામાયતન!

કોકશાસ્ત્રનું વાચન સળવળી ઊઠ્યું. કાચી ઉંમરના એ દિવસો કહેવાય. બે પુસ્તકોનું વાચન અમારા બહુસંખ્ય વિદ્યાર્થીમંડળમાં મહત્ત્વનું બની ગયું હતું. એક હતું વિક્ટર હ્યુગોનું ‘લે મિઝેરાબ્લ’ મૂળશંકર મો. ભટ્ટનું ગુજરાતી રૂપાંતર. એકે એકે કરી બધાંએ વાંચેલું જાહેરમાં તેની ચર્ચા થતી. બીજું પુસ્તક હતું સસ્તું સચિત્ર કોકશાસ્ત્ર. એ પણ એકે એક કરી બધાએ વાંચેલું. જાહેરમાં એની ભાગ્યે જ ચર્ચા થતી, પણ કાચી ઉંમર

પર એનો પ્રભાવ ઓછો અવાંછિત ન હતો. પછી તો વાત્સ્યાયનના કામસૂત્રનું પણ વાચન કરેલું હતું. કન્દેરિયાની જંઘા પરનાં એ શિલ્પો ફરી જાણે તે સૃષ્ટિમાં લઈ જઈ રહ્યાં. કંઈક આવો અનુભવ કોનારક અને ભુવનેશ્વરનાં, શામળાજી કે મોઢેરાનાં મંદિરોનાં શિલ્પો જોતાં થયેલો પણ અહીં તો... જોકે પછી વાંચ્યું કે કોનાર્કની તુલનામાં ખજુરાહો કદાચ આ બાબતમાં પાછળ રહી જાય. કોનાર્કની બે વાર મુલાકાત લીધેલી છે, પણ ઝડપથી. તેથી ખજુરાહોનું આ ભોગાસનનાં શિલ્પોમાં આધિપત્ય છે, એવું જ મનમાં વસી ગયું છે.

પણ અહીં માત્ર રતિશિલ્પો, ભોગાસનોનાં જ શિલ્પો નથી, બીજાં અનેક નયનસુભગ શિલ્પો છે. અહીં દેવદેવીઓ, અપ્સરાઓ અર્થાત્ સુરસુંદરીઓ, નાયિકાઓનાં શિલ્પો પણ છે. તે પછી આવે છે મિથુનશિલ્પો. આ મિથુનશિલ્પો પણ અનેક મુદ્રાઓમાં છે. સહજપણે પાસેપાસે ઊભેલાં નાયકનાયિકાનું મિથુન, ચુંબન-આલિંગનરત મિથુન અને સંભોગરત મિથુન. અને આ સંભોગરત મિથુનોમાં જ કોક મહારાજ કે વાત્સ્યાયન મુનિનું પ્રવર્તન દેખાય.

હા, પણ વાત્સ્યાયનના કામસૂત્રનું પ્રવર્તન ક્યાં નથી? પ્રાચીન સંસ્કૃત સાહિત્ય જોઈ લો. શું શિલ્પમાં કે શું સાહિત્યમાં કે શું અન્ય કળાઓમાં વાત્સ્યાયન આદિ-સ્ત્રોત બની રહ્યા છે. દર્શનના ક્ષેત્રમાં બાદરાયણનું બ્રહ્મસૂત્ર અને કલાના ક્ષેત્રમાં વાત્સ્યાયનનું કામસૂત્ર. આ દેશમાં બ્રહ્મસૂત્ર અને કામસૂત્રનો કોઈ વિરોધ ન હતો. ધર્મ અને કામનો કોઈ વિરોધ નહોતો. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ, પણ જીવતેજીવત જે પુરુષાર્થો સિદ્ધ કરી શકાય તે તો ધર્મ, અર્થ અને કામ. તેમાંથી બેની – ધર્મ અને કામની ખજુરાહોમાં સહસ્થિતિ છે. આપણે ત્યાં તો કહેવાયું પણ ખરું કે 'ધર્માદર્થો અર્થત : કામ, કામાદ્ ધર્મફલોદય:' – ધર્મથી અર્થ અને અર્થથી કામની પ્રાપ્તિ થાય છે, પણ કામથી તો ધર્મનું ફલ જ પ્રાપ્ત થાય છે!

એ જે હોય તે, પણ એટલું તો ચોક્કસ છે કે જેટલી ગંભીરતાથી અને ગહનતાથી ભારતવર્ષમાં ધર્મચર્ચા થઈ છે, તેટલી જ ગંભીરતાથી અને ગહનતાથી કામચર્ચા પણ. કહેવાય છે કે શિવના પાર્ષદ નંદીએ સૌ પહેલાં એ વિશે શાસ્ત્ર રચેલું. એની લાંબી પરંપરા રહી છે, એનો લાંબો પ્રભાવ રહ્યો છે. એક સંસ્કૃત નાગરિક માટે કામસૂત્રનું જ્ઞાન અતિ આવશ્યક હતું. એટલે કલા, ધર્મ અને જીવનમાં પણ તેનો અકુંઠિતપણે સ્વીકાર હતો. કાલિદાસ વાંચતા હોઈએ અને ઘણીવાર લાગે કે આ પંક્તિઓમાં ક્યાંક

કામસૂત્રનો પ્રભાવ છે. એક કવિ બનવાની સજ્જતાનાં જે ઉપકરણો હતાં, તેમાં એક મુખ્ય હતું કામસૂત્ર.

માત્ર કવિ નહીં, કલાકાર શિલ્પીને પક્ષે પણ એનું જ્ઞાન અનિવાર્ય. ખજુરાહોનાં જ શિલ્પો નહીં; સમગ્ર ભારતવર્ષમાં જે ઉત્તમ શિલ્પો છે, અને તે બધાં મોટે ભાગે મંદિરો સાથે જોડાયેલાં છે, તે બધાં કામસૂત્રથી પરોવાયેલાં લાગે છે. તેની સાથે ભરત મુનિનું નાટ્યશાસ્ત્ર પણ – અભિનયની, નર્તનની ઘણી બધી મુદ્રાઓ જે ભરતે નિર્દેશેલી છે, તે અહીં કંડારાયેલી જોવા મળે છે. કવિઓને પણ જ્યારે જ્યારે કોઈ વિશિષ્ટ મુદ્રા કે છવિનો અંગવિન્યાસ રજૂ કરવાનું આવ્યું છે, ત્યારે વાત્સ્યાયન કે ભરત તેમની મદદે દોડી ગયાં છે. કાલિદાસની માલવિકાની પેલી પ્રસિદ્ધ મુદ્રા યાદ આવશે. નૃત્ય કરી રહ્યા પછી એ ઊભી છે :

વામં સન્ધિસ્તિમિતવલયં ન્યસ્ય હસ્તં નિતંબેકૃત્વા શ્યામાવિટપિસદૃશં સ્ત્રસ્તમુક્તં દ્વિતીયમ્—

અહીં ખજુરાહોની ભીંતો પર કેટલીય માલવિકાઓ નિતંબે ડાબો હાથ મૂકીને ઊભી છે, કડું કાંડે સરકી આવ્યું છે, તેમનો બીજો હાથ શ્યામલતાની જેમ (સાક્ષાત્ લય બની) ઝૂલી રહ્યો છે. ના, આ એક જ અંગવિક્ષેપ અહીં નથી, અપરંપાર છે દેહભંગિઓ. અંગેઅંગમાં લયાન્વિતતા છે. આ છે એક અપ્સરા. નમસ્કારની મુદ્રામાં ઊભી છે, જોડેલા હાથ અને ચહેરાની ઈષત્ વક્રતા કેવું લાવણ્ય પ્રકટાવે છે! અને આ અપ્સરા પગેથી કાંટો કાઢી રહી છે. આ સુન્દરી જમણો હાથ અલસ ભાવે પાછળ લઈ, ડાબે હાથે સ્તનને ધારી ત્રિભંગી મુદ્રામાં ઊભી છે. અને આ નાયિકા – નિમ્નનાભિ નાયિકા, અધોવસ્ત્ર નાભિથીય નીચે સરકાવી દીધું છે, ત્રિવલીમાંથી એક વલી પ્રકટ. આ નાયિકાએ તો અધોવસ્ત્ર જ હટાવી લીધું છે – સૂક્ષ્મ કટિ, નિમ્નનાભિ, ઉન્નત વક્ષ, અભિરામ ગ્રીવાભંગ – કાલિદાસની યક્ષી કેમ યાદ ના આવે?

તન્વી શ્યામા શિખરિદશના પક્વબિમ્બાધરોષ્ઠીમધ્યે ક્ષામા ચકિતહરિણી પ્રેક્ષણા નિમ્નનાભિ:શ્રોણીભારાદલસગમના સ્તોકનમ્રા સ્તનાભ્યાં...

અલસગમના તો કેવી રીતે કહું? અહીં ગતિ છે, પણ ગમન નથી. અહીં સ્થિતિ અને ગમન વચ્ચેની ગતિ છે. શિલ્પીએ જાણે કશીક ક્રિયા પૂર્વેની ક્ષણને ઝડપી લીધી છે – 'ન યયૌ, ન તસ્થૌ'ની ક્ષણ. એટલે લાગે છે બધાંય શિલ્પ જીવંત, ઉષ્માસભર, હમણાં ગમન કરશે. હજારો વર્ષોથી જડાયેલાં આ શિલ્પોમાં અચલતાની જડતા કેવી ભલા!

આ જુઓ. આ નાયિકા – એકદમ અનાવૃત માંસલ દેહ – ખભેથી કટિ સુધીનો આ વળાંક જોયો, વહેતી સાબરમતીએ વહેણ બદલ્યું હોય તેવો! અને આ જમણો હાથ માથા પાછળ લઈ, ડાબે હાથે વસ્ત્ર છોડી રહેલી નિમ્નનાભિ નાયિકાનો કટિથી જઘન સુધીનો વળાંક – એ કેવો? સંસ્કૃત કાવ્યશાસ્ત્ર લઈને બેસો તો 'નખશિખ વર્ણન' કે 'નાયિકાભેદ' અહીં આખું ઉકેલી શકાય.

કંદેરિયા મહાદેવની આ દક્ષિણ જંઘા પર આવી તો કેટલી અપ્સરાઓ – સુરસુન્દરીઓ, નાયિકાઓનું વિશ્વ છે! ઈષત્ નગ્ન, અર્ધ નગ્ન, નગ્ન, છતાંય અલંકૃત. બૉદલેરની 'માય સ્વીટ વૉઝ નૅકેડ.....'થી શરૂ થતી કવિતા યાદ આવી જાય. એ ફ્રેંચ કવિએ નગ્ન પણ આભૂષણ ખચિત નાયિકાનું અદ્‌ભુત ચિત્રણ કર્યું છે. પણ બૉદલેરની આ નાયિકા તો રક્તમાંસની નારી છે, એના જીવનમાં જીવતી-જાગતી. જ્યારે આ સુન્દરીઓ? શું આ શિલ્પીઓ કોઈ ને કોઈ નારી નજર સામે રાખીને તેને આકૃત કરવા મથ્યા હશે?

હા, એ સમયમાં અનેક મંદિરોમાં દેવદાસીઓનાં નૃત્યોની પ્રથા હતી. દેવદાસીઓનું સમગ્ર જીવન દેવતાને જ સમર્પિત રહેતું. દેવતા સમક્ષ નૃત્યો કરી તેમની આરાધના એ જ તેમનું વ્રત રહેતું. આપણી પ્રસિદ્ધ ચૌલાદેવી પણ આવી જ ભગવાન સોમનાથની એક દેવદાસી હતી ને! શિલ્પીઓની સામે આ દેવદાસી – નૃત્યાંગનાઓની બંધુર દેહસૃષ્ટિ હશે. એ દેવદાસીઓએ તેમના મોડેલની ગરજ સારી હશે. અને એટલે નૃત્યોની આટલી બધી મુદ્રાઓ છે. એ જીવતીજાગતી નારીઓની જ મુદ્રાઓ કદાચ હશે; પરંતુ એ સાથે હરિવલ્લભ ભાયાણીએ સંસ્કૃત સાહિત્ય માટે જે એક નિરીક્ષણ કર્યું છે, તેય યાદ આવે. સંસ્કૃત કવિતામાં વિશેષીભૂત નહીં, આદર્શીકૃત વર્ણન છે એટલે કે નાયિકાને સુંદર આલેખવાની હોય, તો એ સુંદર રૂપનો એક આદર્શ હોય. કવિ એ આદર્શને ખ્યાલમાં રાખીને નાયિકા કે નાયકનું ચિત્રણ કરે, અને શિલ્પી પણ સૌંદર્યના આદર્શને ખ્યાલમાં રાખીને નાયિકા કે નાયકનું રૂપ કંડારે. મનુષ્ય હોય કે દેવતા – પણ પેલા પૂર્ણત્વના આદેશને અનુલક્ષીને આલેખન કે આકૃતિ રચાય. પાતળી કટિ શોભાની નિશાની હોય તો તે એટલી પાતળી થતી જાય કે મુષ્ટિમેય – મૂઠીમાં માય તેટલી કેડવાળી નાયિકા પ્રત્યક્ષ થાય અને પછી તો એવું પણ બન્યું છે કે કેટલાક કવિઓને નાયિકાની કમર જ દેખાય નહીં.

સ્તન અને જઘન – નાયિકાનાં આ અંગોનું પ્રાચીન ભારતીય કવિઓ, કલાકારોએ

ભારે આકર્ષણ અનુભવ્યું છે. સ્તનની પુષ્ટતા અને જઘનની પૃથુલતા સૌન્દર્યનો આદર્શ. એટલે પીનપયોધરા અને પૃથુલજઘના નાયિકાઓની સંસ્કૃત સાહિત્ય અને ભારતીય શિલ્પમાં બહુતાયત છે. નાયિકાના કોઈ પણ શિલ્પ પર નજર પડે, તેમાં સ્તનોનું સૌન્દર્ય તરત ધ્યાન ખેંચે, ઘણી વાર તો એ નાયિકાનાં અન્ય વિશેષણો સરી જઈ માત્ર 'સુસ્તની' જ યાદ રહી જાય. અને ઘણી વાર લૉરેન્સની પંક્તિ હોઠે સ્ફુરી રહે –

'બિટ્ વીન હર બ્રેસ્ટ્સ ઈઝ માય હોમ, બિટ્ વીન હર બ્રેસ્ટ્સ...'

આ વર્ણન કે ચિત્રણ દેવીનું હોય, કે દેવતાનું હોય, નાયિકાનું હોય કે નાયકનું હોય, અમુક લાંછન બાદ કરીએ તો સર્વસામાન્યતા તરી રહે. શંકરાચાર્ય 'સૌંદર્યલહરી'માં દેવીનું સ્તોત્ર લખતા હોય, કાલિદાસે 'કુમારસંભવ'માં કિશોરી પાર્વતીની વયસંધિવેળાનું કે પછી યક્ષપ્રિયાનું કે શકુંતલાનું રૂપચિત્રણ કરતા હોય, સૌન્દર્યનો સ્વીકૃત આદર્શ જ કવિ તાકતા હોય છે.

ખજુરાહોનાં શિલ્પ પણ આવી સુન્દરની સૃષ્ટિ છે પણ પછી એ શિલ્પીઓએ જે વિભિન્ન અંગવિક્ષેપોથી ભાવસૃષ્ટિ પ્રકટાવી છે, તે તેમની આગવી છે. એ વિશેષ પ્રકટ થાય છે. ખજુરાહોનાં મિથુનશિલ્પોમાં. કંદેરિયાની આ દક્ષિણ જંઘા પર જે સૌથી વધારે ધ્યાન ખેંચી રહે છે, તે તો આ મિથુનશિલ્પો, યાત્રીઓની નજર એ ટૂંઢતી હોય છે. ના, નજરને ઢુંઢવું પડતું નથી – એ જ સામેથી નજરોમાં ઊભરાય છે. એક દેખાય, બીજું દેખાય, ત્રીજું દેખાય અને પછી તો જાણે એ જ મિથુનશિલ્પ દેખાયા કરે. અહીં આ દક્ષિણ જંઘા પર નહીં; મંદિરની આસપાસ, અંદર, સર્વત્ર — આ જ મંદિરની નહીં, સર્વ મંદિરની. જાણે કામદેવતાનું વિશ્વરૂપદર્શન! શિલ્પીઓની સૌન્દર્યચેતના કામચેતના રૂપે હજાર હજાર રૂપે મૂર્ત થઈ છે – આ ધર્માયતન પર. એકમાત્ર રિરંસાનો ભાવ છે. કદાચ એવું હોય કે આ રિરંસામાંથી મુમુક્ષા જાગે. જાગે તો, કેમ કે કામ પછી ધર્મ.

પણ જોતાં તો સ્મરસૃષ્ટિનો પ્રભાવ પ્રસરી રહે છે. સ્મર દેવતા અહીં તેના પૂરેપૂરા ઉતશૃંખલા રૂપમાં છે, એથી રતિરંગની પ્રબલતા વરતાય છે. એ રંગ અધૂરો રહે ત્યાં સુધી વિરાગનો રંગ કેવો? રંગ અને વિરાગની સહસ્થિતિ છે એક શિવ દેવતામાં. એકીસાથે ભોગી અને યોગી. બૃહત્ સંહિતાકારે કહ્યું છે કે શિવ જેવા શિવ પણ યુવતી નારીનાં દર્શનના લોભથી ચાર મોઢાવાળા બનતા હોય તો લજ્જા કેવી? વ્રીડાત્ર કા?

આ મિથુનશિલ્પોમાં એકબીજાની પાસે ઊભેલાં, એકબીજાંને હાથ પકડી અનુનય કરતાં, ખભે હાથ રાખીને ઊભેલાં 'નિર્દોષ' મિથુનો છે, વિશેષે તે દેવ-દેવીઓનાં છે.

પણ, મિથુનશિલ્પોમાં વધારેમાં વધારે શિલ્પો તો કામાંધ બની એકબીજાને આલિંગન આપતી કે ચૂમતી મુદ્રામાં છે. અંગથી અંગ, હોઠથી હોઠ, છાતીથી છાતી – અંગેનાંગ તનું ચ તનુના ગાઢ તપ્તેન તપ્તમ્. પરસ્પરનાં અંગેઅંગમાં ઓગળી જવાની મેઘદૂતના યક્ષની એષણા અહીં પણ છે. પથ્થર ઓગળી જશે કે શું?

પણ શિલ્પીઓ એટલેથી જ અટક્યા નથી, વાત્સ્યાયને ઘણી આગળ વાત કહી છે. અને જાણે એમને પગલે પગલે ચાલીને શિલ્પીઓએ સંભોગ-ચેતનાને વિભિન્ન આસનોમાં પથ્થરમાં કંડારી છે. સંભોગરત યુગલોનાં આ આલેખનમાં શિલ્પીઓ રેખાઓની સપ્રાણતા કે પ્રમાણની સંવાદિતા ક્યાંય ચૂક્યા લાગે નહીં. અહીં જેને આપણે વિશુદ્ધપણે 'સૅક્સ' કહીએ તે છે. છતાં શિલ્પીઓને તો જાણે ક્યાંય કશી બાધા નથી. કુંઠા નથી, વ્રીડા નથી.

છતાં પણ આપણને વ્રીડા થાય છે – જાણે ચોરીછૂપીથી જોઈ લઈએ છીએ. આપણને આ જોતાં કોઈ જોઈ તો નથી જતું ને! કોઈ જોઈને હસે છે, કોઈ વિમુગ્ધ થાય છે, કોઈ કુંઠિત બની જાય છે – કંડારનાર શિલ્પીઓની નિખાલસતા ક્યાંથી લાવવી? શિલ્પીઓ તો કદાચ આ સૂત્ર શીખ્યા છે –

મૈથુનં પરમં તત્ત્વં સૃષ્ટિસ્થિત્યન્તકારણમ્ ।મૈથુનાન્ જાયતે સિદ્ધિર્બ્રહ્મજ્ઞાન સુદુર્લભમ્ ॥

અહીં વાત્સ્યાયન પ્રમાણેના આલિંગન-ભેદ છે – સ્પૃષ્ટક, વિદ્ધક, ઉદધૃષ્ટક, લતાવેષ્ટિતક, તિલતંદુલક, ક્ષીરનીરક. અહીં વિવિધ સંવેશન વિધિ છે – અવલંબિતક, ધેનુક, ગોયૂથિક ઔપરિષ્ટક. કદાચ આ સંજ્ઞાઓમાં જ વાત કરવી ફાવશે. વ્રીડા. વ્રીડા.

કંદેરિયાની જંઘાઓ પર અમે જોતાં રહ્યાં. એક કુંઠાબોધ હતો, તે જાણે ધીરે ધીરે લુપ્ત થવા લાગ્યો. સમૂહરતનાં શિલ્પો જોઈ શરૂમાં લાગેલો આઘાત ક્ષીણ થવા લાગ્યો. પણ પછી થતું હતું કે આ તો દેવમંદિર છે.

પણ અહીં તો મનુષ્યદેહ એ જ દેવમંદિર છે. મનુષ્યદેહમાંથી, વિશેષે કામરત મનુષ્યદેહમાંથી જેટલી અસંખ્ય ભંગિથી લાવણ્ય પ્રકટે, તે અહીં પ્રકટી રહ્યું લાગે. દેવ હોય કે દેવી – શિલ્પી તો સૌંદર્યની પ્રતિમા કંડારે છે. સુંદર નર. સુંદરી નારી. ખજુરાહોનાં આ નરનારીઓનો દેહ ઊંચો, પાતળો છે, પગ લાંબા (કેવી વિભિન્ન લયલીલાઓમાં) છે, આંખ અને ભમરો એકદમ સુરેખ છે, નાક અને હોઠ આગળ પડતાં છે, ચહેરો લંબગોળ છે, હડપચી ગોળ છે – આભૂષણોથી ખચિત છે આ સુંદર દેહ.

શિલ્પીઓ સુંદર દેહ કંડારીને થંભી ગયા નથી, દેહને દેહનો આનંદ કેવો હોય તે બતાવવાનું જાણે તેમનું લક્ષ્ય છે, અને એટલે માત્ર ચહેરો જ ભાવપૂર્ણ નથી, સમગ્ર દેહ વાંચી શકાય તેવો ભાવપૂર્ણ છે. કામનાથી થરથરતો દેહ, કદાચ સમગ્ર ભારતીય શિલ્પમાં દેહોત્સવનો વિષય કેન્દ્રમાં છે, શિલ્પમાં શું – સાહિત્યમાં પણ.

કંદેરિયા જોવામાં સારો એવો સમય ગયો. અમે વિચાર્યું કે હવે પછીનાં આ વિભાગમાં મંદિર જલદી જોઈ લેવાં પડશે. કાલે ફરીથી જોઈશું, કેમ કે સાંજ પડતાં જ પ્રવાસીઓ માટે આ મંદિર જોવાનું બંધ કરવામાં આવે છે. હજી અમારે ચિત્રગુપ્ત, જગદંબા, વિશ્વનાથ વગેરે મંદિરો આજે જોઈ લેવાં હતાં; પણ કેમેય કરી અમારું પ્રસ્થાન થતું નહોતું.

છેવટે કંદેરિયાનાં પગથિયાં ઊતરી સુંદર હરિયાળી પર ચાલતાં ચાલતાં ચિત્રગુપ્તને મંદિરે આવી પહોંચ્યાં. આ વિસ્તારમાં આ એક જ સૂર્યદેવતાનું મંદિર છે. સૂર્યમંદિરો આમેય ઘણાં ઓછાં જોવા મળે છે. કોનારક કે મોઢેરાનાં સૂર્યમંદિર કે કાશ્મીરનું માર્તંડ મંદિર. સાત અશ્વો જોડેલો રથ હાંકતા સૂર્યદેવતાની પ્રતિમા ચિત્રગુપ્ત મંદિરમાં છે. આ મંદિરની દીવાલો પર અપ્સરાનાં ઉત્તમ અંકનો છે. ચિત્રગુપ્તની પાસે જ જગદંબી મંદિર છે. ખરેખર તો એ વિષ્ણુમંદિર હતું પણ હવે ગર્ભગૃહમાં પાર્વતીની મૂર્તિ છે. પ્રણયરત મિથુનોની નયનસુભગ મૂર્તિઓ મંદિરોની દીવાલો શોભાવે છે.

હવે અમે વિશ્વનાથ મંદિરનાં પગથિયાં ચડી રહ્યાં. આ મંદિર પણ અર્ધમંડપ, મંડપ, મહામંડપ, અંતરાલ અને ગર્ભગુહ સાથેનું મંદિર છે. કંદેરિયા પહેલાં તેનું નિર્માણ થયેલું છે. મંદિરની દીવાલો અપ્સરાઓ અને મિથુનથી ખચિત છે. વાંસળી વગાડતી પેલી સુંદરી જોઈ? અને આ વળી પગમાંથી કાંટો કાઢતી? વિશ્વનાથની સામે જ નંદી મંદિર છે, મોટો નંદી જોઈને અમને, તાંજોરનો નંદી યાદ આવી ગયો.

સૂરજ આથમવામાં હતો. અમે બહાર નીકળી મ્યુઝિયમ ભણી ગયાં. અહીં અનેક વિરલ શિલ્પો સચવાયેલાં પડ્યાં છે. ખજુરાહોમાં કેટકેટલાં મંદિર હતાં! જે છે તેનાથી ત્રણ ગણાં તો વિલુપ્ત થઈ ગયાં છે. તેમાંથી બચેલી આ બેનમૂન કૃતિઓ – એ બધીય હોત! મ્યુઝિયમમાંથી બહાર આવી સ્થાનિક બજારમાંથી ખજુરાહોનાં શિલ્પની પ્રતિકૃતિઓ પ્લાસ્ટર ઑફ પૅરિસમાં બનાવેલી ખરીદવાનો ઉપક્રમ ચાલ્યો. પણ હવે એ નજરમાં શાની આવે? નાનકડાં બજારમાં હાથલારીઓમાં ધાતુની જૂની અનેક વસ્તુઓ

મળતી હતી – પરદેશીઓને તે ખરીદવાનું વિશેષ આકર્ષણ રહેતું. ધીમે ધીમે રસ્તાઓ શાંત પડતા ગયા. મંદિરોનાં છાયાચિત્રો અંધારામાં અસ્પષ્ટ થતાં ગયાં.

સાંજે જ્યારે બહાર જમીને ઉતારે આવ્યાં, ત્યારે જાણે એક અપાર્થિવ લોકમાં જઈ આવ્યાં હોય એવું લાગતું હતું. અસંખ્ય ચહેરાઓ, અવનવીન ભંગિઓ, લાલિત્યની અપરંપાર રેખાઓ, સ્તનોની બંધુરતા – રૂપ જોઈ જોઈને આંખ ધન્ય બની હતી. કપડાં બદલી, કંપાઉન્ડના વૃક્ષ નીચે પડેલી ખુરશીઓ પર લંબાવ્યું. જે જોયું તે કેમેય ભુલાતું ન હતું, હજુ તો આવતી કાલે બીજાં મંદિરો જોવાનાં છે. ઊંઘ આવશે? કદાચ આવશે તોય પેલી અપ્સરાઓ, સુન્દરીઓ, શાલભંજિકાઓ દેખાયા કરશે.

સવાર પ્રસન્નતા લઈને આવી. દિવાળીની સવાર હતી. અમદાવાદ ઉત્સવઘેલું બન્યું હશે. અહીં અમારું મન પણ ઉત્સવી હતું. અમે એક સૌંદર્યલોકના સાન્નિધ્યમાં હતાં. આ પ્રસન્ન સવારે ગઈ કાલે જે અનેક અપ્સરાઓ, નાયિકાઓ, શાલભંજિકાઓને પરમ મુદાની મુદ્રાઓમાં જોઈ હતી, તેનો કશોક અંશ મારામાં ઊતરી આવ્યો લાગ્યો. આ સવારે, પંખીઓના કિલકિલાટવાળી સવારે. ટૂરિસ્ટ બંગલાના વિશાળ કંપાઉન્ડની એક બેંચ પર હું બેઠો હતો. પુરાણાં વૃક્ષોની ઘટામાંથી ચળાઈ લાંબા સ્તંભ રચતો તડકો પથરાતો જતો હતો. હવાની શીતલતા ચમકપ્રદ હતી. આજે દિવાળી. સરવૈયું કાઢવું જોઈએ, કમ સે કમ વિક્રમના આ વર્ષમાં જમાઉધાર કેટલું? પણ ના, અહીં એવા હિસાબકિતાબના વિચાર હોય! આ સૌન્દર્યપાવન નગરમાં કમિંગ્ઝની પંક્તિઓ સાંભરી –

ધ હોલિસિટી વિચ ઇઝ યૉર ફેઈસયૉર લિટલ ચિક્સ ધ સ્ટ્રીટ્સઑફ સ્માઇલ્સ

કોનો ચહેરો, કોના લઘુ કપોલ! ચહેરાઓનું આ નગર. પથ્થરિયા ચહેરા ઘણી વાર અવિચલિત મુદ્રા ધરાવતા મનુષ્ય ચહેરાને ‘સ્ટોની ફેઇસ’ કહીએ છીએ, પણ અહીં આ પથ્થરિયા ચહેરા જોયા પછી? એકેય મોં એવું નથી, જે અંતરના પરમ આનંદના ભાવથી છલકાતું ન હોય. હોઠો પર ફરકી જતું સ્મિત – નિરાડંબરી અને નિખાલસ. આંખોમાં તો જાણે આસવ. અંગની રેખામાં ઉછાળ જુઓ. અહીં કશુંય ગુપ્ત નથી, ગોપ્ય નથી. અહીં બધું ખુલ્લું જ છે. ખુલ્લું શરીર, ખુલ્લું મન. નગ્નતાનો આટલો મહિમા ક્યારેય નહોતો જાણ્યો.

આ પણે થોડેક દૂર, પહોંચી જાઉં એમની પાસે. આપણી સભ્યતાનું આવરણ ઉતારી નાખવું પડશે. ના, ના, અહીં કશીય અશ્લીલતા નથી, કેમ કે અહીં કોઈ જુગુપ્સાનો ભાવ

નથી. અહીં બધું જ શ્લીલ છે. અશ્લીલ છે આપણું 'સભ્ય' મન – આપણું 'સુસંસ્કૃત' મન! હા, પેલું પશુમૈથુન પણ અશ્લીલ નથી, એ સમગ્રનો ભાગ છે, સમગ્રના સ્વીકાર રૂપે છે. ખંડદર્શન અશ્લીલ દર્શન છે. અહીં આવીને પ્રકૃત અપ્રકૃત ભોગાસનોનાં શિલ્પ શોધતી નજર, સહપ્રવાસીઓની નજર ચૂકવતી એ નજર અશ્લીલ છે.

તંત્ર કહે છે ભોગ એ જ યોગ છે. તંત્ર કહે કે ન કહે પરમ તન્મયતાની ક્ષણો, વિસ્મૃતિની ક્ષણો યોગની ક્ષણોથી ઓછી ન હોય. કોણ કહે છે ભોગ માત્ર પાપ છે? આ ધર્માયતનોની દીવાલો પર ભોગાસનો ન હોત, કદાચ. એમ ભલે કહેવાય કે આ ભોગાસનો મંદિર પર હોય તો તેની પર વીજળી પડવાનો ભો ઓછો કે મંદિરને કોઈની નજર ના લાગે. એમ ભલે કહેવાય કે આ ભોગાસનોનાં શિલ્પોથી ખેંચાઈ દર્શક મંદિર સુધી આવે, અને પછી એ શિલ્પો જોતાં જોતાં મંદિરના ભગવાન પર પણ એની નજરે કદાચ પડી જાય અને કામમાંથી ધર્મ તરફ વળે. એમ ભલે કહેવાય કે આત્મા અને પરમાત્માના મિલનનાં એ ભોગાસનો પ્રતીક છે. એમ ભલે કહેવાય કે ભક્ત મંદિરમાં પ્રવેશે, તે પહેલાં આ શિલ્પો દ્વારા તેની એકાગ્રતાની કસોટી થઈ જાય છે. એમ ભલે કહેવાય કે એ સમયમાં પ્રચલિત કૌલ કાપાલિકોનાં વિધિવિધાનનો કે તંત્રોનો પ્રભાવ એ શિલ્પો પર છે. એમ ભલે કહેવાય કે જાતીય શિક્ષણ આપવા માટેની તે ખુલ્લી કિતાબ છે. આ ક્ષણે મને લાગે છે કે આ બધાં આપણી બુદ્ધિએ શોધેલાં માર્જનો છે. કદાચ એમ હોય પણ. ભલે. આ ક્ષણે મારે મન તો એ જે છે તે છે. વ્રીડાત્ર કા?

લૉરેન્સ લૉરેન્સ – તેં ખજુરાહો જોયું નથી. તારે ખજુરાહો જરૂર જોવું જોઈતું હતું. અહીં તેં જે કહ્યું છે, તેથીય ઘણું બધું ખુલ્લું છે, નિખાલસ છે. કશી વિમાસણ નથી, કશો દંભ નથી. અહીં સમગ્રનો સ્વીકાર છે. આ દેવીઓનાં, નાયિકાઓનાં, અપ્સરાઓનાં ભરપૂર સ્તનમંડપમાં તને હુંફાળું ઘર મળી જાત. કોણ હતા આ કલાકારો? લૉરેન્સ, તું આજના 'સભ્ય' નાગરિકોને ચીડવતો જાણે એમની સાથે ગાતાં ગાતાં નાચ્યો હોત –

સૅક્સ ઇઝન્ટ સિન, ઓહ નો! સૅક્સ ઇઝન્ટ સિનનૉર ઇટ ઇઝ ડર્ટી નૉટ અન્ટિલ ધ ડર્ટી માઇન્ડ પોક્સ ઇન...ધ બૉડિ ઑફ ઇટસૅલ્ફ ઇઝ ક્લીન, બટ ધ કેઇજ્ડ માઇન્ડઇઝ એ સ્યૂઅર ઇનસાઈડ, ઇટ પોલ્યુટ્સ, ઓ ઇટ પોલ્યુટ્સ...

ના, રતિ એ પાપ નથી, મલિન નથી, મલિન તો મનુષ્યનું મસ્તિષ્ક છે; દેહ તો સ્વચ્છ પવિત્ર છે, સંસ્કારબદ્ધ, મસ્તિષ્ક તેમાં વહી રહેલું નાળું છે. આ શિલ્પો એ જ વાત કહી જાય છે. આ છે જીવનનો આનંદ. ના, કોઈ વ્રીડાભાવ નથી.

'ગુડ મૉર્નિંગ, સર; ચાય તૈયાર હૈ.' નસિરની વિનયનમ્ર વાણી સંભળાઈ. થોડી વાર પછી અમે ચા પીતાં હતાં. હવે ઝટપટ નીકળી જવાનું હતું. દક્ષિણ સમુદાયનાં અને તે પછી પૂર્વી સમુદાયનાં મંદિરો જોવા.

પગરિક્ષાઓમાં નીકળી પડ્યાં. દિવાળીનો દિવસ હતો, પણ દિવાળી જેવું બહુ લાગતું ન હતું. શિવસાગર તળાવની બાજુએ થઈ અમે ખુલ્લામાં આવી ગયાં હતાં. દૂર દૂર મંદિરો વીખરાયેલાં હતાં. વચ્ચે આવી નદી. જીવ તો રાજી રાજી. નાનકડી નદી. વેકરા વચ્ચે વહી જતી હતી. નામ, તો કહે ખુદરનાલા. નદી હોય એટલે નગર જીવંત બની જાય. ખજુરાહો માટે માન વધી ગયું. અહીં પણ નદી છે. જીવન સતત વહ્યે જાય છે.

નદીનો પુલ ઓળંગી આગળ જઈએ ત્યાં તો આકાશમાં વિમાનની ઘરઘરાટી. એક વિમાન ઊતરી રહ્યું હતું – ઊતર્યું. અહીં વિમાનીમથક છે. સવાર-સાંજની વિમાની સેવા છે, ખાસ તો પ્રવાસીઓ માટે. પરદેશી વિશેષ, ટોળેટોળાં ઊતરે છે, એમને માટે જ પેલી મોંઘી હોટેલો છે. મને થયું અહીં આટલી વ્યવસ્થા અને ઝાંસીથી ખજુરાહો માટે સુવિધાભરી બસ-સેવા પણ નહીં. ચાલો જવા દો.

તડકામાં અમારી રિક્ષાઓ ઢાળ ચઢતી હતી. અહીં હવે વિજનતા હતી. દૂર જાણે વૃક્ષની ઓટમાં મંદિર હતું. ચતુર્ભુજ મંદિર, નાનું મંદિર છે. સવારમાં મંદિરના પથ્થરોમાં ઠંડક હતી, તડકાની અસર વર્તાતી ન હતી. મંદિરની પ્રદક્ષિણા કરી. અહીં રતિશિલ્પો નથી. મંદિરમાં મોટી ઊંચી ચતુર્ભુજ વિષ્ણુની મૂર્તિ છે. કોઈ કહે છે કે એ તો દક્ષિણામૂર્તિ શિવ છે. જે દેવ હોય તે – ચહેરા પર શું મુદામય શાંતિ છે! દેહ અત્યંત અલંકૃત. ડાબી બાજુ સહેજ નમેલા મસ્તકને શોભાવતો ભવ્ય મુકુટ, ખભે અડતાં કુંડળ, બાજુબંધ અને વલયથી શોભતા એક હાથમાં શંખ, એક અભય મુદ્રામાં, અને એક આ – ખંડિત! કંઠે મુક્તાદામ. ખભેથી કટિ સુધી જતું ઉપનયન, કટિમેખલા.

હે વર્ષોથી અપૂજ દેવતા, અમારી પૂજા સ્વીકારો. માત્ર ભાવ- પૂજા. અહીં કોઈ પૂજારી નથી. પુરાતત્ત્વખાતાનો પહેરેગીર છે. દેવતાને ફરી તેમનું એકાન્ત સમર્પી, મનમાં શાંતિ ભરી અમે પગથિયાં ઊતરી ગયાં. અહીં ખુલ્લાં આછી ઝાડીવાળાં મેદાનોમાં ભગ્ન મંદિરના અવશેષો વેરાયેલા છે. પાછા વળતાં ખુદરનાલામાં ઊતરી પડ્યાં. વહેણમાં પગ ઝબોળ્યા, પાણી ઉછાળ્યું. છબ છબ કરતાં, વોંકળામાં ચાલી સામે પાર જઈ રિક્ષામાં બેઠાં.

દુલ્હાદેવ મંદિર. જરા ચાલીને આવવું પડ્યું, પણ રિક્ષાવાળાનું માનીને ન આવ્યા હોત તો રંજ રહી જાત. પાસે થઈને પેલી નદી વહી જાય છે. ત્યાં કેટલી એકાકી હતી, અહીંનો ઘાટ સ્ત્રીઓ-બાળકોથી ગાજતો હતો. દૂરથી નદીનાં દર્શન કરી ઝાંપે થઈ મંદિરમાં પ્રવેશ્યા. મંદિરની દીવાલ નૃત્યરત અપ્સરાઓ અને ઊડતા વિદ્યાધરોથી અભિનવ સ્વર્ગલોક રચે છે. આ પેલો પ્રસિદ્ધ વાંસળી વગાડતો ગંધર્વ. એનું ચિત્ર જોયું હતું. આ અહીં દીવાલ પર શિલ્પિત. હાથમાં વાંસળી, હોઠ પર હાસ્ય.

પૂર્વ ભણી ચાલ્યાં. પાર્શ્વનાથ, આદિનાથ અને શાંતિનાથનાં મંદિરો. મંદિરોમાં ફેરફારો થતા રહ્યા છે. જીર્ણોદ્ધારના હેતુથી મંદિરોની અસલિયતને ધોકો પહોંચ્યો છે. આ જૈન મંદિરો છે, છતાં શિલ્પ- સ્થાપત્ય હિંદુ શૈલીનાં છે. વિષયો પણ હિંદુ પુરાણોમાંથી છે. પાર્શ્વનાથની દીવાલો પર આલિંગનની મુદ્રામાં લક્ષ્મીનારાયણ છે, રેવતી-બલરામ છે, રતિ-કામ છે, રામ-સીતા હનુમાન છે પણ જે મૂર્તિઓ મનમાં વસી તે તો પેલી આંખમાં અંજન આંજતી અપ્સરાની, પગેથી કાંટો કાઢતી અપ્સરાની. શું ચહેરાનું પ્રોફાઈલ છે, અને શું રમ્ય અંગભંગિ! આ અપ્સરા પગે અળતો લગાવી રહી અને આ નર્તકી પગે ઝાંઝર બાંધી રહી છે. પથ્થરનું ઝાંઝર, હમણાં બજી ઊઠશે કે શું? આદિનાથને પગથિયે થોડી વાર બેઠા, બાજુમાં ભગ્ન શિલ્પોના ઢગલા પડેલા છે. પણ હવે નીકળવું જોઈએ. તડકો વધતો જતો હતો. પણ આકરો ન હતો.

સાંકડે રસ્તે થઈ ચાલ્યાં ઘંટઈ મંદિર. મંદિર શાનું? રુદ્રમાળની જેમ થોડાક થાંભલા ઊભા છે, પણ એ કહી જાય છે કે કેવી ભવ્ય ઇમારત હશે. કેવી રમ્ય! થાંભલા પર સાંકળથી ઝૂલતાં ઘંટનાં શિલ્પ છે. પથ્થરની સાંકળના અંકોડા ગણી શકાય. છેડે લટકતો ઘંટ. આવી તો થાંભલા ફરતી અનેક સેરો. સાંકળ સાથે આજુબાજુ ફૂમતાં પણ ખરાં, પવનમાં ફરફરતાં જાણે. આ સેરો કીર્તિમુખમાંથી નીકળેલી, અને આ કીર્તિમુખો પથ્થરની આંબળેલી દોરીઓથી ગુંથાયેલાં. પથ્થરમાં વળ જોઈ શકો.

ઘંટઈ ગામને ગોંદરે આવેલું ગામ છે ખજુરાહો. આ ખજૂરવાહક? ચંદેલોની રાજધાની? નળિયાં છાયેલાં નાનાં માટીનાં ઘર. સાંકડી શેરીઓમાં થઈ ગામમાં પ્રવેશ્યાં. દિવાળી હતી. આજે. લીંપેલાં-ગૂંપેલાં સ્વચ્છ આંગણાંમાં રંગોળીઓ, નાની નાની શેરીઓમાં ગામ વહેંચાઈ ગયું હતું. અહીં આ આપ્સરાઓ, સુરસુન્દરીઓ, નાયિકાઓ અને વિદ્યાધરોની પાડોશમાં ગામનાં નાગોડિયાં છોકરાં રમતાં હતાં. પ્રવાસીઓ માટે હવે તેમને કૌતુક નથી. પ્રવાસીઓ જ તો અહીં રોજેરોજ આવે છે.

રિક્ષા ઊભી રહી, તરતનાં કાપેલાં ડાંગરનાં ખેતરમાં (જીવનાનંદ દાસ!) થઈ ક્યાંક કાંપવાળી ભેજવાળી જમીન પર પગલાં મૂકતાં જવાર મંદિરે પહોંચ્યાં. ચારે બાજુ ખેતર. મંદિરનાં શિલ્પ-સ્થાપત્યની નજાકત મનમાં વસી જાય. છતાં હવે આ બધું જોઈને જાણે કૌતુકનો ભાવ ઓછો થતો હતો. ત્યાં દૂર જરા બીજું એકલવાયું મંદિર છે. પણ હવે ત્યાં સુધી નથી જવું. પાછાં વળી ગયાં. તળાવની પાળે પાળે ચાલ્યા. આ તળાવ તે જ ખજુરાહો સાગર અથવા નિનોરા તાલ. આખા તળાવમાં વેલો પથરાઈ હતી. ચાલતાં ચાલતાં એક મંદિર આવ્યું – બ્રહ્માજી. નમસ્કાર બ્રહ્માજી. આગળ ચાલ્યાં તો રસ્તે આવ્યાં ભારે મોટા હનુમાન. હનુમાનને વંદન કરીને નીકળ્યાં. બપોર થઈ ગઈ હતી. ક્ષુધાબોધને લીધે સૌન્દર્યબોધ અળપાતો જતો હતો. ગામડાગામને રસ્તે થઈ, મોટી સડક પર, સડક પરના પ્રવાસીઓને જોતાં પહોંચ્યાં પ્રવાસી બંગલામાં.

'ખાના તૈયાર હૈ સા'બ.' – નસિર.

બપોર પછી અમે ફરી નીકળ્યાં. ફરીથી લક્ષ્મણ અને કંદેરિયાની શિલ્પસ્થાપત્યની સૃષ્ટિમાં. આજે પહેલાં ગયાં મતંગેશ્વર મંદિરે. ખજુરાહોના મંદિરોમાં આ એક અતિ પવિત્ર મનાય છે. અહીં ભગવાન શિવ પૂજા પામે છે. મંદિરની અંદર-બહાર બહુ જૂજ શિલ્પો છે. પણ અહીંથી લક્ષ્મણ મંદિરની જગતીનો નીચેનો ભાગ દેખાતો હતો. નાનાં નાનાં સળંગ શિલ્પો – વળી પાછું વાત્સ્યાયનનું સ્મરણ થાય.

આજે બહુ યાત્રીઓ ઊતરી આવ્યા હતા. પહેલાં ભાવિકોનું એક ટોળું આવ્યું. આસપાસના પ્રદેશના ગ્રામીણો હતા. હડુડુ કરતાં આવ્યા, હડુડુ કરતાં ચાલ્યા ગયા. કોઈ કશા શિલ્પને જોયા વિના, ભીતરના દેવતાને પાયલાગણ કરી. પછી આવ્યું બીજું ટોળું પરદેશી, કદાચ, ફ્રેંચો હતાં. એક ભારતીય, ગાઇડ ફ્રેંચમાં માર્ગદર્શન આપતો હતો. લગભગ દરેકની પાસે કૅમેરા. મોટાં ભાગનાં પ્રૌઢ યુગલો હતાં. શિલ્પો જોતાં જાય અને અચરજમાં ખભા ઊંચકતાં જાય, અને કૅમેરામાં ઝડપતાં જાય. એમની પણ ગતિ ઓછી ન હતી. જોતજોતામાં તો મુખ્ય મંદિરો ફરી વળ્યાં.

આજે અમારે ઉતાવળ ન હતી. ગઈ કાલે જોયેલાં અને ગમેલાં શિલ્પો દૂરથી નજીકથી જોતાં, કૅમેરામાં ઝડપતાં ફરતાં હતાં. આજે આ મંદિરોમાં શિલ્પ અને સ્થાપત્યનો જે સંવાદ છે, તે અમને પૂરેપૂરો પ્રકટ થયો, અલબત્ત ઘણી વાર લાગે કે સ્થાપત્ય પર શિલ્પનું પ્રભુત્વ છે. ભારતીય શિલ્પકલાની આ કેવી ચરમ ઉપલબ્ધિ છે! રોમના વિધ્વંસ્ત પૉમ્પી નગરમાંથી બચેલાં શિલ્પોની તસવીરોનું એક આલબમ જોયું હતું. તેમાં

પણ શૃંગારિક શિલ્પોની મુખ્યતા હતી, પણ ખજુરાહોનાં શિલ્પો જોઈને થતો અનુભવ તો કંઈક જુદો જ છે. અહીં કામ અને અધ્યાત્મ જાણે અભિન્ન છે. ભારતીય ધર્મચિંતન દર્શનપરંપરા, સાધનાપદ્ધતિઓ સાથે જાણે આ શિલ્પની કોઈ વિસંગતિ નથી.

ફરી ફરીને પછી કંદેરિયા, મંદિરના ઓટલા પર આવી બેઠાં. સાંજ પડતી હતી. આસપાસ હરિયાળી પર મંદિરનાં ઊંચા શિખરોના પડછાયા લાંબા થતા જતા હતા. દૂર આથમણી ક્ષિતિજે પર્વતમાળા દેખાતી હતી. સૂરજ હવે જાણે તેની પાછળ ડૂબી જશે. એકાએક ક્યાંક ફટાકડાની સેર ફૂટી. દિવાળી છેને આજે તો! પશ્ચિમ દિશામાં માત્ર લાલ ટશરો રહી. ત્યાં સુધી બેસી રહ્યાં. પછી ધીરે ધીરે ચાલ્યાં. માર્ગમાં એક કરેણ આવી, ફૂલ તો નહીં, પણ એક સુંદર લાંબું પાન તોડી લીધું. આજે એ પાન જોઉં છું અને એ સાંજ નજર સામે તરવરે છે, ખજુરાહોની સમગ્ર કલાસૃષ્ટિ સળવળી રહે છે.

અમે થોડી મીઠાઈ ખરીદી. મીઠાઈ ખાઈને દિવાળી ઊજવી. પણ અમારું સમગ્ર અસ્તિત્વ જ આ સૌન્દર્યલોકનાં દર્શનથી ઉત્સવી ક્યાં ન હતું? આજે રાત્રે જ અહીંથી વિદાય લેવાની હતી – આ વરસનો પ્રથમ દિવસ હતો. એ દિવસે અમદાવાદનાં ઉત્સવી જનોમાં અમે હોઈશું – પણ અમારો ઉત્સવ કંઈક જુદો જ હશે.

રાત્રે મધ્ય પ્રદેશના બીહડ જંગલોમાં થઈને જતા માર્ગ પર બસ દોડી રહી હતી. પ્રવાસીઓ અડધા ઊંઘમાં હતા. મધરાતે પણ મારી આંખ મીંચાતી ન હતી. હું બહાર જોતો હતો, ખજુરાહોની મૂર્તિઓ દેખાતી હતી. કોઈ અંજન આંજી રહી છે, કોઈ કાંટો કાઢી રહી છે, કોઈ ઝાંઝર બાંધી રહી છે, કોઈ વૃક્ષનો આધાર લઈ ઊભી છે – શાલભંજિકા. પાછો અંધકાર. બસ દોડી રહી હતી. ભોપાલ પહોંચ્યાં ત્યારે ભરભાંખળું હતું.

*

# કાશી

કદા વારાણસ્યામમરતટિનિરોધસિવસન્...નિમિષમિવ
નેષ્યામિ દિવસાન્!

– ભર્તુહરિ

દિલ્હીથી હાવડા જતા તૂફાન એક્સપ્રેસમાંથી મધરાતે મોગલસરાઈ સ્ટેશને ઊતરી વારાણસી તરફ જતી એક લોકલ ગાડીમાં બેઠાં. ગાડીનાં એ ડબ્બામાં બહુ બધા અસબાબ અને રિશ્તેદારોથી ઘેરાઈ હજી હમણાં જ મક્કાની હજ કરીને વતન પાછાં વળતાં વૃદ્ધ દમ્પતી બેઠાં હતાં. હજ કરીને આવવાની કૃતકૃત્યતા તેમની વાતચીતમાં વરતાતી હતી.

ગણો તો હુંય કાશી જતો હતો, અને કાશીની જાત્રાય કેટલી મોટી! કાશી શિવની નગરી છે. મોક્ષદાયિકા સાત નગરીઓમાં અયોધ્યા, મથુરા આદિની સાથે કાશી, પણ એક છે. હજારો વરસોથી હજારો યાત્રીઓ કાશીની જાત્રા અને કાશીની ઉત્તરવાહિની ગંગામાં નિમજ્જન કરીને પુણ્યબોધ અનુભવતા આવ્યા છે. ઠીક એ જ મુમુક્ષુ ભાવથી નહીં, પણ કોઈ એક ભાવનાત્મક સેતુથી કાશી કે ગંગા સાથે જોડાયાનો બોધ સદાય અનુભવતો રહ્યો છું.

ઉત્તરપ્રદેશના જાન્યુઆરીની ઠંડી હતી, પણ બંધ ડબ્બાની ભીડમાં એનો બહુ પ્રવેશ નહોતો. એકબે સ્ટેશન પછી ગાડીની ગતિનો અવાજ બદલાયો. પુલ પરથી ગાડી પસાર થતી હતી, ગંગાનો પ્રસિદ્ધ પુલ, ઝટપટ બારી ખોલી બહાર જોયું – અંધારામાં ગંગાના પ્રવાહનો આભાસ માત્ર મળ્યો. ગંગાને સૌ પહેલાં જોઈ હતી. હરદ્વારમાં. ત્યારે તો કિશોર હતો. બે ગલીઓ વચ્ચેથી ઘાટ તરફ જતાં પગથિયાં ઊતરી નજર ગંગાપ્રવાહના

ખંડ પર જઈ પડેલી. મે મહિનો હતો, પણ પાણી અત્યંત ઠંડું. વેગવંત પ્રવાહમાં સ્નાન કરેલું. નદીમાં હતા બધે પથ્થર જ પથ્થર. પછી તે જ દિવસે કનખલની ગંગા જોઈ અને જોઈ હરકીપૌડીની સાન્ધ્યગંગા – દીપમાલિકાઓથી શોભતી. બહુ જ ભક્તિભાવથી મિત્રો સાથે મેંય દીવો તરતો મૂકેલો. એવી શ્રદ્ધા આજે હોત...! અને છતાં હજી વાત તો એટલી જ સાચી છે કે ગંગાને ભૂગોળમાં આવતી એક નદી તરીકે જ ક્યારે જોઈ છે?

એવું લાગે કે ગંગા નામ બોલતાં જ બધા જ આપણા પ્રાક્તન સંસ્કાર સળવળી ઊઠે છે – એક હિન્દુ 'કલેક્ટિવ અન્કૉન્શિયસ' ચિત્ત. એ આપણને આપણી પરંપરા સાથે જોડે છે, આપણી ભૂમિ સાથે જોડે છે. ગંગાનો પુલ પસાર થઈ ગયો હતો. 'કાશી આ ગયલ –' કાશી આવી ગયું. પણ અમે આગળ એક સ્ટેશન જઈ ઊતર્યાં – વારાણસી કેન્ટ. વહેલી સવાર હતી. શામે અવધ, શબે (રાત) માલવાની જેમ સુબહે બનારસની કહેતી સાંભળેલી. સવારે આવ્યું બનારસ, સ્ટેશનની બહાર નીકળ્યા તો પગરિક્ષાઓનો મહાસમૂહ, વીરેન્દ્રસિંહે વાત શરૂ કરી.

'કા હો, કેતના પઈસા લે બૈ?દૂ રૂપિયા, બાબૂજી,ઇત ઢેર હોઈન.નાંહી બાબૂજી, બહુ દૂર જાય કે હોઈન...

બનારસી હિન્દી, ભોજપુરીની નિકટની પણ તેનાથીય જુદી. કાશીની સડકો પર ઢચકોલા ખાતી રિક્ષા ચાલવા લાગી. કાશી વિદ્યાપીઠ દૂર નહોતી. અમારે ત્યાં ઊતરવાનું હતું. જઈને અમને બતાવેલા એક ઓરડામાં સામાન મૂકીએ-ન મૂકીએ ત્યાં વીજળી બંધ. હમણાં અહીં ભારે 'પાવરકટ' છે. આ પણ સુબહે બનારસ.

સ્નાનાદિથી પરવારી કાશીના માર્ગો પર નીકળી પડ્યાં. કાશી કહું કે વારાણસી કે પછી બનારસ? કાશી, વારાણસી, બનારસ નામ તો ત્રણે એક જ નગરનાં પણ ત્રણેય જુદો જુદો પ્રત્યય કરાવે છે. કાશી અને વારાણસીની સરખામણીએ બનારસ આધુનિક, કદાચ અંગ્રેજોના આવ્યા પછીનું, પ્રચલિત નામ છે. કાશી બોલો એટલે હિંદુ ધર્મનું અને હિન્દુનું હૃદયકેન્દ્ર સમજાય. એની એક જુદી જ ભાવમૂર્તિ જાગે. શિવના ત્રિશૂલ પર વસેલી કાશી. મોક્ષદાયિની કાશી, મરણં, મંગલં યત્ર-એવી કાશી, દરેક હિંદુના હૃદયમાં વસેલી કાશી. વારાણસી બોલો એટલે એક સમૃદ્ધ ભર્યાભાદર્યા ઐતિહાસિક નગરનો બોધ થાય, વિશેષ તો બૌદ્ધકાલીન નગરનો. જાતકોમાં વારાણસીનો વારંવાર ઉલ્લેખ આવે છે. એક સાંસ્કૃતિક, વ્યાવસાયિક નગર. બનારસ બોલીએ એટલે આજનું આ શહેર સમજાય. મુઘલ અને અંગ્રેજી સંસ્કૃતિથી પ્રભાવિત. બનારસ સાથે ધર્મબોધ કે

સાંસ્કૃતિક બોધ નથી જાગતો. પણ એના ફક્કડ મસ્ત સ્વભાવનો પરિચય જાગે. સુબહે બનારસથી બનારસી સાડી કે બનારસી પાન સુધી. આજે સરકારી નામ ફરી પાછું વારાણસી છે, પણ કાશી કે બનારસ જેટલું એ જલદી હોઠે નથી આવતું. આ નામ સાથે આજનાં આ નગરનો પ્રત્યય જાગતો નથી.

બહુ જ પુરાણું નગર છે કાશી. પુરાણો તો એટલે સુધી કહે છે કે સૃષ્ટિનીય ઉત્પત્તિ પહેલાં એની ઉત્પતિ. શિવ એને પોતાના ત્રિશૂલ પર લાદીને ફરતા. સૂષ્ટિની ઉત્પત્તિ થઈ પછી આ ભૂમિ પર એ નગરીને સ્થાપિત કરી. હજીય કેટલાક માને છે કે શિવના ત્રિશૂલ પર એ વસેલી છે. ભૌગોલિક રીતે ખરુંય લાગે. કાશીનું કેન્દ્ર ‘ચૌક’ (આપણા માણેકચોકની જેમ). એને બંને ઉત્તર-દક્ષિણ બાજુએ ઢાળ છે અને પછી ચઢાણ છે પાછું. ત્રિશૂલના ઉત્તરના ફણા પર રાજઘાટનો વિસ્તાર અને દક્ષિણના ફણા પર ભદૈની વિસ્તાર, વચ્ચેના ફણા પર તો ચૌક છે જ.

કાશીનો ઉલ્લેખ જૂના વખતથી મળે છે એ તો ચોક્કસ. પણ નામ કાશી ક્યાંથી આવ્યું? કોઈ કહે છે અહીં તપ કરતાં કરતાં વિષ્ણુને પ્રકાશ દેખાયેલો, અથવા તો આ સ્થળ નિર્વાણના માર્ગમાં પ્રકાશ ફેંકે છે, અને કાશ્ એટલે પ્રકાશવું, ચમકવું. એટલે આ સ્થળ કાશી. કોઈ કહે છે કે આ પ્રદેશ કાશનાં જંગલોથી છવાયેલો રહેતો એટલે કાશી.

અને વારાણસી? પદ્મપુરાણમાં શિવ પાર્વતીને કહે છે : ‘હે સુરવલ્લભે, વારણા અને અસિ – આ બે નદીઓ વચ્ચે જ વારાણસી છે, તેની બહાર કોઈએ રહેવું જોઈએ નહીં.’ આજે સૌ કોઈ તરત વારાણસી નામની વ્યુત્પત્તિ એ જ રીતે આપશે – વારણા અને અસિ આ બે નદીઓ વચ્ચે વસેલું હોવાથી વારાણસી. વારણા અથવા વરુણા આજેય ઉત્તરમાં વહે છે જે રાજઘાટથી થોડી આગળ ગંગાને જઈને મળે છે. પણ અસિ? અસ્સીઘાટ છે, પણ ત્યાં નદી નથી, એક મલિન પાણીનું નાળું છે. પણ સૌથી મોટો તો પ્રશ્ન એ છે કે જ્યારે આ નગર વારાણસી નામે પ્રસિદ્ધ હતું ત્યારે તેનો વસવાટ આટલે સુધી થયો નહોતો. આ તો એક લોકપ્રિય વ્યુત્પત્તિ છે. પહેલાં વારાણસી વરુણાને કાંઠે હતું. વરણા નામનાં ઝાડ એ નદીને કાંઠે હતાં એટલે વરણા, કે વરણાસી અને તેના પરથી એ નદીને કાંઠે વસેલું નગર તે વારાણસી અને પછી જેમ આપણા વડોદરાનું બરોડા થઈ ગયું તેમ વારાણસીનું થઈ ગયું બનારસ – અને હવે વારાણસી.

આ વારાણસીની સડકો પર આજે રિક્ષાઓ અને હવે સાઇકલોની ભારે ભીડ રહે છે. તેમાંય પગે ચાલતા યાત્રીઓ ઉમેરો કરે છે. ઘણી વાર એવું લાગે છે કે આ આખી

ભીડ ધીમે ધીમે સરકે છે, કોઈ હિમશિલાની જેમ. કોઈને કશી ઉતાવળ નથી. એકબીજાને ઘસાઈને જાય, પણ તેની કોઈ ચીડ નથી. થાય છે, જવાય છે. મુંબઈ, અમદાવાદ, દિલ્હી જેવી હડકાયી ગતિ નથી. થાય કે આ શહેર આજ પણ ધીમી ગતિથી જ આધુનિકતાની પ્રક્રિયા ભણી જાય છે, કોઈ ઉતાવળ નથી.

આ દુકાનોય ધીમે ધીમે ઉઘડે છે. સવારમાં અહીં જલેબી- દૂધનો નાસ્તો, હોટલોવાળા તૈયાર કરે. આવી એક હોટલમાં બનારસી જલેબીનો નાસ્તો કરી સીધાં ઊપડ્યાં સંકટમોચન હનુમાનને મંદિરે. ત્રેવીસ વર્ષ પહેલાં કાશી આવેલો ત્યારે આ મંદિરે આવેલો, તેનું સ્મરણ તાજું થયું. એ શનિવારનો દિવસ હતો. દૂરથી એક જળધોધ પડતો હોય તેવો અવાજ આવી રહ્યો હતો. જેમ જેમ મંદિરની નજીક આવતા ગયેલા તેમ તેમ એ મહારવ બનતો ગયો. જઈને જોયું તો શતાધિક ભક્તો પોતપોતાની રીતે ગળું જેટલી અનુમતિ આપે તેટલા ઊંચે સૂરેથી હનુમાનચાલીસાનો પાઠ કરતા હતા, સમવેત સ્વરમાં નહીં. જે આવે તે સ્તૂપાકારે પડેલી હનુમાનચાલીસાની ચોપડીઓમાંથી એક ઉપાડે. અને જ્યાં જગ્યા મળે ત્યાં ઊભા રહી, ટેકે બેસી પાઠ કરવાનો આરંભ કરે. કેટલાક તો આવે ને દૂરથી હનુમાનદાદાને પ્રણામ કરી મોટેથી શરૂ કરી દે – જય હનુમાન જ્ઞાનગુનસાગર...

ગોસ્વામી તુલસીદાસે આ હનુમાન મંદિરની સ્થાપના કરેલી એમ કહેવાય છે. આજેય આ આખા વિસ્તારમાં એ વાનરયૂથમુખ્યની સેના વિચરતી જોઈ શકાય. અત્યારે ભક્તોની ભીડ નહોતી. હનુમાનચાલીસાનો મેં પણ પાઠ કર્યો – અને ત્યાંથી સીધા કાશી વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ્યાં. વિશ્વવિદ્યાલયની આખી યોજનાબદ્ધ નિર્મિતિ આનંદ આપે છે. મદનમોહન માલવિયનું આ સ્વપ્ન આજે રાજનીતિનો અખાડો બની ગયું છે, એ વાંચીએ ત્યારે દુઃખ થાય છે. આખો વિસ્તાર નહીં તો તપોવન જેવો લાગે. એ તપોવનને એક છેડે કાશીના દેવતા ભગવાન વિશ્વનાથનું ભવ્ય મંદિર છે. સુઘડ અને સુંદર પણ. અહીં બેસી આરાધના કરવાનું મન થાય એટલી શાંતિ હતી. વિશ્વવિદ્યાલયમાં વિધા અને ધર્મ બન્નેની સહોપસ્થિતિ રહે એવી માલવિયજીની કલ્પના હતી. અહીં પ્રાચીન પદ્ધતિથી અપાતી વેદ- વિદ્યાની વ્યવસ્થા પણ છે અને અદ્યતન વિદ્યાશાળાઓ પણ છે.

અહીં ફરતાં ફરતાં આપણને વિદ્યાધામ કાશીના પુરાણા દિવસોનું સ્વાભાવિક રીતે જ સ્મરણ થાય. તક્ષશિલા પછી કાશીનું જ નામ આવતું. વિદ્યાપિપાસુઓ કાશી ભણી નીકળી પડતા. આજેય બ્રાહ્મણ બટુકને ઉપનયન અપાય પછી તે કાશી ભણી દોડે

છે, ભણવા. અલબત્ત તેના મામા તેને પકડી લે છે. આ ઉપચાર પેલી પુરાણી પ્રથાનો અવશેષ છે. કાશીમાં તે વખતે આવું કોઈ વિશ્વવિદ્યાલય નહોતું. કાશીની ગલીએ ગલીએ વિદ્યાલયો હતાં, કહો કે ગુરુકુલો. એક એક ગુરુને ત્યાં થોડા થોડા વિદ્યાર્થીઓ ભણતા હોય, ગુરુને ત્યાં જ રહીને. રાજવી અને શ્રેષ્ઠીઓ તેમના ક્ષેમકુશળનો ખ્યાલ રાખતા. વેદ-દર્શન, આયુર્વેદ, સાહિત્ય, વ્યાકરણ – આ બધાનું શિક્ષણ આપનાર આચાર્યો અને ઉપાધ્યાયોની એક પરંપરા આજ સુધી જોવા મળે, અલબત્ત તેનું અદ્યતન રૂપ, વારાણસેય સંસ્કૃત વિશ્વવિદ્યાલય છે. તે વખતે બ્રાહ્મણ વિદ્યાધામો સાથે જ બૌદ્ધ વિહારો પણ અધ્યયન- અધ્યાપનમાં પ્રવૃત્ત રહેતા. એક જમાનો હતો કે આખા દેશમાં ગમે ત્યાં ભણો, પણ પછી કાશીના પંડિતોની પરીક્ષામાંથી પસાર થાઓ પછી જ માન્યતા મળે. ઉપનિષદનો પેલો પ્રસિદ્ધ શ્વેતકેતુ વારાણસીનો વિદ્યાર્થી હતો, એમ કહેવાય છે. અહીં નિરંતર વાદવિવાદો થતા રહેતા – અહીંના ચંડાલો પણ વિવાદ કરી શકતા અને કહે છે કે એક ચંડાળે શંકરાચાર્યને આવા એક વિવાદમાં હરાવ્યા હતા!

એ હરાવ્યા હતા કે નહીં, તે તો ખબર નથી પણ મંડન મિશ્ર અને તેમની વિદુષી પત્ની સરસ્વતી સાથે શંકરાચાર્યનો પેલો પ્રસિદ્ધ વાદવિવાદ અહીં જ થયેલો.

પછી તો કાશીએ ઘણી આસમાની-સુલતાની જોઈ, વિશેષ તો સુલતાની. પણ અનેક વાર તે પડી પડીને જાણે તરત ઊભી થઈ જાય છે અને જાણે 'પુનશ્ચ હરિઃ ઓમ્' કરી ભંગ થયેલા યજ્ઞની ફરી શરૂઆત કરી દે છે. ઇસ્લામના આક્રમણ પછીય કાશી વિદ્યાકેન્દ્ર તો ટકી જ રહ્યું હતું, ધર્મકેન્દ્ર તરીકે પણ એ ધબકતું રહ્યું હતું. એટલે દક્ષિણમાંથી અહીં આવ્યા હતા રામાનુજ. તે પછી આવ્યાં રામાનંદ – તેમણે જ્ઞાનભૂમિ પર ભક્તિની ધારા વહાવી.

કાશી એટલે કબીરનીય ભૂમિ. હિન્દુ-મુસ્લિમ સંસ્કૃતિના સમન્વયનું ઉત્તમ ફળ તે કબીર. કાશીની ફક્કડ મસ્તી એમનામાં હતી, તો કાશીની ભક્તિય એમનામાં હતી. અહીં એમણે પંડિતો પર પ્રહારો કર્યા હતા –

પોથી પઢી પઢી જગ મુઆ પંડિત ભયા ન કોયઢાઈ અચ્છર પ્રેમ કા પઢે સો પંડિત હોય.

કબીરે અઢી અક્ષર ભણી લીધા હતા. પછી જોઈએ શું? એમણે તો કહી દીધું – મસિ કાગદ છુયો નહીં, કલમ ગહી નહીં હાથ... શાહી અને કાગળને અડક્યું છે જ કોણ! અને કોણે અહીં કલમ પકડી છે! પંડિતોને સંભળાવી દીધું – તું કહતા કાગદ કી

દેખી, મૈં કહતા આંખિન કી દેખી – કબીરે પોતાની આંખે જોઈ લીધું હતું. કબીરની સાથે અનેક સંતો આવ્યા, એમણે સંસ્કૃત નહીં, લોકભાષાનો વ્યવહાર કર્યો. ગૌતમ બુદ્ધ પછી ભાષા ક્ષેત્રે આ સંતોનો બીજો વિદ્રોહ. અહીં આવ્યા હતા વલ્લભાચાર્ય, અહીં આવ્યા હતા. તુલસીદાસ. અહીં આવ્યા હતા અસમના મહાન ધર્મસંસ્થાપક શંકરદેવ... અને આ યુગમાં આવ્યાં એની બેસન્ટ. અહીં કૉલેજ સ્થાપી, થિયૉસૉફીની સ્થાપના કરી – આજે એમની ભારતપ્રીતિની દ્યોતક ઇમારતો ઊભી છે.

અને આ વિશ્વવિદ્યાલયની ભૂમિ પર કેટકેટલાં વિદ્યાશ્રેષ્ઠોનાં નામો ઝબકી ગયાં છે! વિદ્યાના એ ધુરંધરોની શ્રેણીમાં આપણને તો સ્મરણ થાય. આપણા આનંદશંકર ધ્રુવનું, પ્રજ્ઞાચક્ષુ મહાપ્રાણ પંડિત સુખલાલજીનું. ત્રેવીસ વર્ષ પહેલાં અહીં આવ્યો ત્યારે મળ્યા હતા પંડિત દલસુખભાઈ માલવણિયા. તે વખતે અકારણ જ અમારા પર તેમણે સ્નેહ વરસાવેલો, તેનું સ્મરણ થયું.

વિદ્યાલયની ભૂમિની બહાર નીકળ્યાં. બપોર થવા આવ્યા હતા. વિચાર્યું અસ્સી ઘાટ જઈ ગંગાદર્શન કરી આવીએ. મન ક્યારનુંય ગંગા ગંગા કરતું હતું. ગલીઓ વટાવી અસ્સી ઘાટ પર આવીને ઊભાં. ઉત્તરવાહિની પુણ્યસલિલા ભગવતી ભાગીરથીનો ધીર-ગંભીર પ્રવાહ જોતાં જ મન પ્રસન્ન થઈ ગયું, અસ્સીનું મલિન નાળું અહીં ગંગાને મળે છે તે જોતાંય ગંગાકિનારાની ગલીઓ વચ્ચે નીકળ્યાં. બંગાલી ટોલા. અંધારી સાંકડી ગલીઓ, ઊંચાં જૂનાં મકાનો, ઉપર જતાં પગથિયાં. ક્યાંક મલિન ખુલ્લી ગટરો. બંગાળીઓ અહીં વર્ષોથી સ્થાયી થયેલા છે. આપણા ભદ્ર વિસ્તારમાં મહારાષ્ટ્રીઓની જેમ. અહીં બંગાળી સાંભળવા મળે. અસમમાં ભારતીયો (આમ તો મુખ્યત્વે બંગાળીઓ જ) પરના હુમલાને વખોડતાં ભીંતસૂત્રો જોવા મળે. લાંબી લાંબી સાંકડી ગલીઓ – ઘણા વખત પછી અમે સડક પર નીકળ્યાં ત્યારે તડકો જોયો.

સાંજે ફરી બનારસની સડકો પર નીકળી પડ્યાં. વીજળી જતી રહેલી પણ કશો કકળાટ નહોતો, દુકાનોના દીવાઓનું અજવાળું રસ્તા પર આવતું હતું. ચાલે.

દાલમંડીનો વિસ્તાર શરૂ થયો. વારાણસીનું વૈશ્વિકવિશ્વ પ્રાચીનકાળથી પ્રસિદ્ધ છે. અહીંની એક વેશ્યા અંડ્ઢકાશી બૌદ્ધસાહિત્યમાં પ્રસિદ્ધ છે. તેની એક રાતની આવક આખા કાશી- રાજની એક દિવસની આવક કરતાં માત્ર અડધી જ હતી. વારાણસીની આ વારવનિતાઓની વાત સાહિત્યમાં પણ અવારનવાર આવતી રહી છે. એ વારવનિતાની પરંપરા આજે પણ છે. ડૉ. મોતીચંદ્રે નોંધ્યું છે કે રંગીન બનારસીદાસ

આજેય ગંગાસ્નાન કરે, પછી બાબા વિશ્વનાથનાં દર્શન કરે અને પછી બાઈજીનો મુજરો સાંભળવા જાય. શિવની આ નગરીમાં બ્રહ્મજ્ઞાનીઓ અને વિદ્વાનો રહેતા, વેશ્યાઓ પણ રહેતી. આજે દાલમંડીનો વિસ્તાર વારવનિતાઓનો છે. નીચે બજાર છે. એક વાર કોઈને મળવા જવા ઇચ્છતા ગુજરાતના બે ઇતિહાસવિદો રસ્તે બધાંને પૂછતા – દાલમંડી કહાઁ હૈ? જવાબમાં દિશાસંકેત સાથે 'બનારસી સ્મિત' તેમને મળતું. તેનું રહસ્ય તો એ ઇતિહાસવિદોને ત્યાં પહોંચ્યા પછી સમજાયું હતું! આ વિસ્તારમાંથી પસાર થતાં જોયું કે ઉપરને ઝરૂખે અધીં ચહેરો પ્રકટ કરતી પણ્યાંગનાઓ ઊભી છે. નીચે બજાર બરાબર સ્વાભાવિક ક્રમે ચાલે. પેલી પણ્યાંગનાઓનું ઝરૂખે ઊભવું પણ અહીંના લોકોને એટલું સ્વાભાવિક લાગે. હજી સમય થયો નહોતો. કદાચ, નીચેની દુકાનો બંધ થયા પછી ઉપરની દુકાનો ખૂલે છે.

અંધારી ગલીઓ વટાવતાં ત્યાંથી આવ્યાં મણિકર્ણિકા ઘાટ ભણી – મહાસ્મશાન ભણી. અંધારામાં દૂર એક મોટો ઉજાસ દેખાતો હતો. ગલીઓ વટાવી ત્યાં પહોંચ્યાં, એ જ મણિકર્ણિકા મહાસ્મશાન. ત્રણ ચિતાઓ સળગી રહી હતી, એક ચિતા ગોઠવાતી હતી. કોઈ સૌભાગ્યવતીનો મૃતદેહ પડ્યો હતો. આસપાસ બધે ડાઘુઓ બેઠેલા હતા. ચિતા માટેનાં લાકડાંનો મોટો ગંજ ખડકાયેલો હતો.

કાશી મુમુક્ષુ મુમૂર્ષુઓની નગરી છે. અહીં મરણ મંગલ છે. કાશીમાં મરણ પામનારના કાનમાં અંતિમ ક્ષણે કાશીના અધિષ્ઠાતા દેવ શિવ તારકમંત્ર ભણી જાય છે, એનો મોક્ષ થઈ જાય છે. એટલું જ નહીં, અહીં જેના અંતિમ સંસ્કાર થાય તેનો પણ મોક્ષ સધાય છે એમ મનાય છે.

આ મહાસ્મશાનમાં ચિતા ક્યારેય શાન્ત થતી નથી. દિવસે હોય કે રાત. એકાદ ચિતા તો જલતી હોય, અને કોઈ ચિતા ન જલતી હોય ત્યારે કુશ – ઘાસ તો સળગતું રહેવું જ જોઈએ. ચિતાનો અગ્નિ બુઝાવો ન જોઈએ. મૃત-દેહોના બળવાની વાસ આવી રહી હતી. આસપાસ બધે ચિતાની આગની આભા હતી. જરા દૂર ગંગા વહી જતી હતી. ગંગા પર ચાંદની પથરાયેલી હતી, તેનાં સ્થિર પાણી આકાશને પ્રતિબિંબિત કરતાં હતાં. અત્યારે આખો આ સ્મશાનઘાટ ભયાનક લાગતો હતો. બાજુમાં જ કાશી કરવત મંદિર છે. આવી સ્થિતિમાં પણ અમને પેલી કરુણ રમૂજભરી કહેવત યાદ આવી – 'મેલ કરવત, મોચીનો મોચી—'

પાછા વળતાં સાંકડી ગલીમાં અવાજ સંભળાયો, રામ નામ સત્ત હે' – અંધારામાં

આગળ ફાનસ સાથે એક માણસ ચાલતો હતો, પાછળ અર્થી હતી. હજી દશ ડગલાં આગળ ગયાં ત્યાં ફરી અવાજ સંભળાયો 'રામ નામ સત્ત હૈ–'

આ પરિસરમાંથી જલદી જલદી નીકળી જવું જોઈશે. થોડી વારમાં ભીડભાડભરી સડકો ઉપર. જાણે પેલા મુલકમાં ગયાં જ નથી. કાશીનાં બજારોના માર્ગો પર ફરતાં મને રહી રહીને પાછા કબીર યાદ આવતા હતા. –

કબીરા ખડા બજાર મેં લિયે લુકાઠી હાથજો બારે ઘર આપના સો ચલે હમારે સાથ-

કોણ જઈ શકે એ કબીરા સાથે? મશાલ લઈને ઊભાં છે એકલાં કબીર.

* * *

બીજે દિવસે વહેલી સવારે દશાશ્વમેધ ઘાટ પર પહોંચી ગયાં. હજી તો ઘાટના નિત્ય સાથીઓ બન્ને બાજુએ હારબંધ બેસતા રક્તપિત્તિયા ભિક્ષુકો પોતાનાં સ્થાન લઈ રહ્યા હતા, ઘાટિયા પેલી પુરાણપ્રસિદ્ધ છત્રીઓ નીચે પોતાની સામગ્રી ગોઠવી રહ્યા હતા, ગંગાપુત્રો (પૂજા કરાવનાર બ્રાહ્મણો અને ગંગા પર હોડી ચલાવનાર મલ્લાહો)ની ભીડ થઈ રહી હતી, યાત્રિકોની વણજાર તો શરૂ થઈ ચૂકી હતી. વહેલી સવારે ગંગાનું દર્શન પાવન કરે તેવું હતું. સામેના ભાઠા પરથી સૂરજ બહાર નીકળી રહ્યો હતો. ગંગાનાં વારિ આલોકિત થતાં જતાં હતાં. ધીરે ધીરે એ સ્વચ્છ સ્થિર પાણીમાં પ્રકાશ-સ્તંભ રચાતો ગયો. આ બાજુ યાત્રિકો ગંગાજલથી તેને અર્ધ્યર્થ આપવા લાગ્યા. ઘાટ પરનાં મંદિરોમાં ઘંટારવ શરૂ થયા. ભીડ વધતી ગઈ. ઘાટ પર હિન્દ ઊભરાવા લાગ્યું. કોણ આ બધાંને અહીં ખેંચીને લઈ આવે છે હજારો વરસથી? આ ટાઢમાં ધ્રૂજતાં અલ્પસાધન સ્ત્રીપુરુષોય કેવી પ્રસન્નતાથી ડૂબકી લગાવી રહ્યાં છે! ગંગાપુત્રો એમના ભોળપણનો લાભ લઈ દાનદક્ષિણાની આશાએ તેમની પાસે પૂજન કરાવે છે. ઘાટિયા તિલક લગાવી સ્નાનનું પુણ્ય અર્જિત કર્યાનું પ્રમાણપત્ર આપે છે. હાથમાં ધાતુનાં જળપાત્રો ગંગાજળથી ભરી આ આખો સંઘ પેલા ગંગાપુત્રથી દોર્યો બાબા વિશ્વનાથને જળાભિષેક કરવા જઈ રહ્યો છે. પેલા ત્રણચારના હાથમાં મૃણ્મયપાત્ર છે – હું એમની શ્રદ્ધાને સન્માની રહ્યો. સ્નાન પછી આ એક કિશોરી ઘાટ પર જ છૂટા પૈસા લઈને બેઠેલી એક વ્યક્તિ પાસે ચલણીનોટ વટાવી, ભીના કેશ બરડા પર પાથરી ભિક્ષુકોને દાન આપતી જઈ રહી છે. એણે ગંગામૈયા પાસે શું માગ્યું હશે?

વિશાળ જળપ્રવાહ પર હોડીઓ હલમલી ઊઠી હતી, ગંગાપુત્ર મલ્લાહો – 'કા બાબૂજી, વો પાર જાયે કે હૌ, નાવ ચાહી?' પૂછતા ઊભા છે. ઘાટ પણ હવે તડકામાં

ચમકી ઊઠ્યા અને ચમકી ઊઠ્યાં ઘાટ પરનાં આલયો. રામચરિતમાનસની ચોપાઈઓ ગુંજવા માંડી. – ઘાટ હવે છલોછલ હતા. અહીં પાણી જરા મલિન લાગતું હતું. અમે વિચાર્યું – સામે પાર જઈને સ્નાન કરીશું.

નાવમાં બેસી કિનારાથી હટતાં જ ઘાટની શોભા મનમાં વસી ગઈ. એ શોભા હતી એની ઠેલંઠેલ થતી પચરંગી ભીડમાં, જે ઘાટથી ઊંચે જતાં પગથિયાં સુધી વધતી જતી હતી. નાવમાંથી ઝૂકી હાથમાં અંજલિ ભરી પુણ્ય સલિલને માથે ચઢાવી લીધું. નાવ સામે કાંઠે જતી હતી પણ અમે ઘાટઅભિમુખ હતાં. હવે કાશીતલવાહિની ગંગાનું સમગ્ર દર્શન થતું હતું. ત્યાં ઉત્તરમાં અસ્સીઘાટથી દક્ષિણમાં રેલવેના આછા દેખાતા પુલ નજીકના રાજઘાટ સુધીની ગંગાનું દર્શન. ગંગા બરાબર અષ્ટમીના ચંદ્રનો આકાર ધારણ કરે છે. અહીં સામે કાંઠે આવ્યા પછી નદીકાંઠે વસેલી આ પુરાણનગરીનું એક રમ્ય પ્રોફાઇલ દેખાયું.

તડકો હોવા છતાં હવાના કણકણમાં શીતલતા હતી. પાણી પણ શીતલ. થોડીવાર સૈકતપુલિન પર ચાલ્યાં. પછી ગંગાના જળમાં પ્રવેશ કર્યો. અહીં પણ અનેક સ્નાનાર્થી હતાં. સ્વચ્છ વારિ. પાણી નીચેની રેતી પર તડકાને કારણે એક ભાત રચાતી હતી. રંજના–બિન્દુએ ગંગામાં ડૂબકી મારી. ઊજમ અને વીરેન્દ્ર હજી બહાર હતા. કમરપુર પાણીમાં જઈ મેં પણ ડૂબકી લગાવી. મારી ચારે બાજુએ ગંગાનું પાણી હતું. ક્ષણેક મેં અનુભવ્યું કે ગંગોત્રીથી ગંગાસાગર સુધીની ગંગાથી હુંય અભિન્ન છું. પાણીથી બહાર આવ્યો ત્યારે હુંય હતો ગાંગેય, ગંગાલહરીનો શ્લોક મારે મુખેથી મોટેથી નીકળી પડ્યો :

નિધાનં ધર્માણાં કિમપિ ચ વિધાનં નવમુદામ્પ્રધાનં તીર્થા નાં અમલપરિધાનં ત્રિજગતઃ ।સમાધાનં બુદ્ધેરથ ખલુ તિરોધાનમધિયામ્શ્રિયામાધાનં નઃ પરિહરતુ તાપં તવ વપુઃ ॥

– ગંગાનું વપુ અમારાં તાપને હરો – જગન્નાથે કરેલી સ્તુતિમાં વ્યક્ત થતું ગંગાનું રૂપ જાણે ખરે જ અનુભવાય છે. એ ધર્મનું સ્થાન છે, અવનવા આનંદોનું ઉદ્‌ભવસ્થાન છે. શ્રેષ્ઠ તીર્થ છે, ત્રણે લોકનું સ્વચ્છ વસ્ત્ર છે ગંગા.

સ્નાન કરી ફરી નાવમાં બેસી દશાશ્વમેધ પર આવ્યાં. ઘાટિયા તિલક વગેરે માટે બોલાવતા રહ્યા, ગંગાપુત્રો કાશીવિશ્વનાથનાં દર્શન કરાવવા પાછળ લાગ્યાં – પણ અમે તેમને અવગણી ચાલ્યાં, ભિક્ષુઓની હાર વટાવી વિશ્વનાથનાં દર્શન કરવા. એક ગલીમાં

પ્રવેશ કર્યો. સાંકડી ગલી. બંને બાજુએ તેમાંય પાછી દુકાનો. કાશીના દેવતા ક્યાં જઈને રહે છે. ભલા! તળ કાશીના લોકોની જેમ એ પણ ગલીકૂંચીમાં રહેવા ટેવાયા છે કે શું? કાશી એટલે આ ગલીઓ. અહીં પણ આખો દેશ દેખાય. પગરખાંની રક્ષા માટે અહીં એક વ્યવસ્થા ઊભી થઈ ગઈ છે. બાબા વિશ્વનાથને ધરાવવા પ્રસાદ જ્યાંથી ખરીદો, ફૂલમાળા ખરીદો, તે દુકાનદારનાં પગથિયાં પાસે ચંપલ રક્ષિત. એટલે ફૂલમાળા લીધી. અને ધીમે ધીમે ભીડ વધતી ગઈ – અમે બાબાના પ્રાંગણમાં પ્રવેશ કર્યો. ગમે તેટલી શ્રદ્ધા હોય તોય ટકાવવી મુશ્કેલ. સાંકડી જગા. ફરસ આખી ભીની ભીની, વરસાદ પડ્યો હોય તેવી, અને ત્યાંથી દર્શન સુધી જવા માટે શારીરિક તાકાત જોઈએ. આ બાબા વિશ્વનાથ! પ્રસિદ્ધ બાર જ્યોતિર્લિંગોમાંનું આ એક જ્યોતિર્લિંગ! ના, જ્યોતિર્લિંગ તો હવે નથી.

વારાણસીમાં બૌદ્ધધર્મનો એક વેળા ઉત્કર્ષકાળ હતો, પણ વળી પાછું તે શૈવધર્મનું મુખ્ય તીર્થ બની ગયું. શૈવધર્મની સાથે ભાગવત ધર્મનો પણ વિકાસ અહીં થયો હતો. વારાણસીનું નામ ગુપ્તયુગમાં અવિમુક્ત ક્ષેત્ર થયું. શિવે હંમેશાં આ ક્ષેત્રમાં જ રહેવાનું કહેલું ને! વારાણસી વ્યાપારનું જ નહિ ધર્મનું કેન્દ્ર બનવા માંડ્યું. એનો મહિમા વધતો ગયો; કેમ કે –

દેવો દેવી નદી ગંગા મિષ્ટમન્નં શુભા ગતિ:વારાણસ્યાં વિશાલાક્ષિ, વાસઃ કસ્ય ન રોચતે!

મત્સ્યપુરાણના આ શ્લોકમાં દેવદેવી (શિવપાર્વતી)ની સાથે ગંગા તો છે – ‘મિષ્ટમન્નં’ પણ છે. (આજે પણ સરેરાશ બનારસી મીઠાઈપ્રિય છે.) ધીમે ધીમે વારાણસી શિવના ચિરંતન વાસની માન્યતાને લીધે મોક્ષધામ બનતું ગયું. પુરાણોમાં કાશીમાહાત્મ્ય ઉમેરાતું ગયું,

એ દિવસોમાં અવિમુક્તેશ્વરમાંથી વિશ્વનાથની સ્થાપના થઈ. કાશીની યાત્રાનોય મહિમા વધ્યો. આજે પણ ‘કાશીની યાત્રા’ એક માત્ર કોરી ઉક્તિ નથી, ઘણું બધું છે. કાશીમાં મંદિરો વધતાં જ ગયાં. પુરાણોમાં શિવને મુખે ઉચ્ચારાયું કે, ‘હે પાર્વતી, કાશી મારી પ્રિય નગરી છે. અહીં પાપીને પણ મોક્ષ મળે છે. સ્નાન કરવાથી જે મોક્ષ નૈમિષારણ્ય, કુરુક્ષેત્ર, હરદ્વાર અને પુષ્કરમાં પણ નથી મળતો, તે અહીં સહેલાઈથી મળે છે. પથ્થરથી પગ તોડાવીને પણ અહીં રહેવું સારું!’

ઇસ્લામના આક્રમણે અહીંનાં મંદિર તોડ્યાં. મહમદ ગજનીએ સોમનાથને

જમીનદોસ્ત કર્યું – શહાબુદ્દીન ઘોરીએ સારનાથ, વિશ્વનાથ, અને બીજાં અસંખ્ય મંદિરો તોડ્યાં. તેમાંથી જ બનાવાઈ મસ્જિદો. મુસલમાનોના અત્યાચારો છતાં કાશીની ધાર્મિક પરંપરા ચાલુ રહી. વિશ્વનાથનું મંદિર ફરી બન્યું. અને બીજાં મંદિરો પણ. બાબા વિશ્વનાથમાં લોકોની શ્રદ્ધા વધતી જ રહી. ઔરંગઝેબના વખતમાં ફરીથી મંદિર તોડવામાં આવ્યું. આજનું વિશ્વનાથનું મંદિર આદિ વિશ્વનાથનું રહ્યું નથી. તે તો બસો વર્ષ પહેલાં જ રાણી અહલ્યાબાઈએ બંધાવ્યું છે. હજુ અડોઅડ મંદિર તોડી બનાવેલી જ્ઞાનવાપી મસ્જિદ છે. જ્યોતિર્લિંગ ન હોવા છતાં આજના વિશ્વનાથ જ્યોતિર્લિંગની જેમ જ પૂજાય છે.

'મહિમ્નઃ પારં તે...' શિવમહિમ્નસ્તોત્રનો પહેલો શ્લોક બોલવાનો બિન્દુનો સંકલ્પ ક્યાંથી પૂરો થાય એ ધક્કાધક્કીમાં? આ મહિમા! પણ દર્શનેય કર્યા વિના પાછાં ફરી જવું? ફૂલોનો, બીલીપત્રોનો ઢગલો થતો હતો. જળ-અભિષેક થતો જતો હતો. પ્રસાદ ધરાવાતો હતો. દાનદક્ષિણાઓ અપાતી હતી. યાત્રિક માત્ર ગદ્ગદ. એમના ધ્યાનમાં આ બધું નહોતું. હતી માત્ર બાબાના દર્શનથી કૃતકૃત્યતા. મને મોગલસરાઈની ગાડીના હાજી યાદ આવ્યા.

અમે ત્યાંથી બહાર આવ્યાં, અનેક જાત્રાળુઓની સાથે. પણ એ જાત્રાળુઓનો જાત્રાભાવ મારી જાત્રા બની ગયો. આ કઈ ચીજ છે, કઈ ચીજ છે? રિલ્કેએ કહ્યું છે કોઈને પ્રણામ કરતાં જોઈએ એય એક પરમ પાવનકારી દૃશ્ય છે.

શેરિંગ નામના પાદરીએ, 'બનારસ – ધ સૅક્રેડ સિટી ઑફ ધ હિન્દુઝ'માં ખ્રિસ્તીધર્મના બનારસમાં પ્રસારના સંદર્ભમાં એવી આગાહી કરી છે કે બનારસ આજ સુધી ધર્મની બાબતોમાં અન્ય નગરોમાં અગ્રણી રહ્યું છે, હવે પણ રહેશે. ઈશ્વરની મદદથી. એ ઈશ્વર એટલે ખ્રિસ્તીઓના 'ગૉડ'. બિચારો શેરિંગ – ૧૮૬૮માં એણે પુસ્તક લખ્યું હતું. એ હજી આજેય અહીં આવીને જુએ! બનારસ એ જ છે – એવું જ હિન્દુ તીર્થ!

સાંકડી ગલીમાંથી પાછા ફરતાં સામે મળ્યો નંદી, સાચવવું પડે. કાશી વિશેની મને પેલી કહેવત યાદ આવી :

રાંડ સાંડ સીઢી સંન્યાસીઇન્સે બચૈ સો સેવૈ કાશી–

પહેલાં બનારસ વિધવાઓનું આશ્રયસ્થાન હતું. શરદબાબુની નવલકથાઓમાં પણ વાંચીએ છીએ કે સ્ત્રીઓ વિધવા થાય એટલે કાશી જવા નીકળી પડે. બધી વિધવાઓમાં

ધાર્મિક વૃત્તિ ક્યાંથી હોય? અહીં શિવને વાછડાઓ માનતા તરીકે ચઢાવવામાં આવે છે, અને પછી છૂટા મૂકી દેવામાં આવે છે, પણ હવે એમની બહુ સંખ્યા નથી. આવાં ક્યાંક ભેટી જાય. હજી સીઢીઓ છે, ઘાટનાં પગથિયાં. કેટલાં ઊતરો ત્યારે ગંગાપ્રવાહે પહોંચો! સંન્યાસીઓ પણ હવે તો ઓછા થવા લાગ્યા છે. ગમે તેમ પણ આ કહેવત કાશીનાં એક સ્વરૂપની ઝાંખી કરાવી જાય છે.

* * *

કાશીની ઉત્તરે વરુણા નદી છે, અને વરુણાના પુલને પાર કરીને પેલી બાજુ જઈએ એટલે શરૂ થાય ઋષિપતન, ઈસિપતન; સારનાથ. સારનાથની ભૂમિ પર આવતાં જ આપણા ભાવનાપ્રવણ ચિત્તમાં અઢી હજાર વર્ષો પૂર્વેનો ઇતિહાસ સજીવન થાય. અહીં સૌ પ્રથમ બુદ્ધના ધર્મચક્રનું પ્રવર્તન થયું હતું. કલ્પના સામે એ ચિત્ર આવે છે, બોધિગયામાં જ્ઞાનપ્રાપ્તિ થયા પછી જગતના કલ્યાણ અર્થે ગૌતમ ગંગા પાર કરીને વારાણસીના આ ક્ષેત્રમાં આવ્યા હશે. તે વખતે મગધ, વત્સ, કાશી, કોસલ, ઉત્તર પંચાલ, મગધ ગંગાના મેદાનમાં આવેલાં જનપદો હતાં. કાશીરાજ બ્રહ્મદત્તનું નામ બૌદ્ધ જાતકોમાં અનેક વાર આવ્યું છે.

ગૌતમ અહીં આવ્યા, અર્હત્વપ્રાપ્તિ પછી. તેમના પાંચ સાથીઓ, બુદ્ધે જ્યારે કઠોર તપ છોડી મધ્યમ માર્ગ અપનાવ્યો, ત્યારે તેમને છોડીને આ તરફ આવ્યા હતા. એટલે ઉરુવેલાથી ચાલતા ગંગાપાર કરી ઈસિપતનના મૃગદાવમાં આવ્યા. ગૌતમની પાસે નદી પાર કરવા નાવવાળાને ઉતરાઈ આપવાના પૈસા પણ નહોતા. અહીં આવી તેમણે પોતાનો પ્રથમ ઉપદેશ પેલા પાંચ સાથીઓને આપ્યો :

ભિક્ષુઓ, બે અતિઓ, –અનર્થો અને કામવાસનાથી લિપ્ત અતિ અને દુઃખમય આત્મપીડક અતિ, –નું લોકો સેવન કરે છે. ભિક્ષુઓ, આ બંને અતિઓમાં પડ્યા વિના તથાગતે મધ્યમ માર્ગ શોધ્યો છે. તે માર્ગ પરમ દૃષ્ટિ આપનાર, જ્ઞાનબોધક, શાંતિદાયક તથા અભિજ્ઞા અને પરિપૂર્ણ જ્ઞાન અને નિર્વાણ માટે છે. આ તે જ આર્ય અષ્ટાંગિક માર્ગ છે. તેમાં સમ્યક્ દૃષ્ટિ, સમ્યક્ સંકલ્પ, સમ્યક્ વચન, સમ્યક્ કર્મ, સમ્યક્ જીવન, સમ્યક્ જીવિકા, સમ્યક્ પ્રયત્ન; સમ્યક્ સ્મૃતિ, અને સમ્યક્ સમાધિ નિહિત છે. આ છે હે ભિક્ષુઓ મધ્યમ માર્ગ..

ધર્મચક્રપ્રવર્તન પછી ગૌતમ અનેક વાર અહીં આવતા રહ્યા હતા. વારાણસીની પેલી પ્રસિદ્ધ વેશ્યા અટ્ટકાશીને અહીં જ તેમણે દીક્ષા આપી હતી. ગૌતમે કહ્યું હતું :

ચરથ, ભિક્ખવે, ચારિકં બહુજનહિતાય, બહુજનસુખાય લોકાનુકંપાય અત્થાય હિતાય દેવમનુસ્સાનં – હે ભિક્ષુઓ બહુજનના હિત માટે, સુખ માટે, અનુકંપા કરવા માટે, દેવમનુષ્યના હિત સુખ માટે – ચરથ – વિચરણ કરો. અને નીકળી પડ્યાં બૌદ્ધ ભિક્ષુઓ – દેશપાર, દરિયાપાર – સમગ્ર એશિયા ખંડમાં ફરી વળ્યા – સારનાથ તેનું આરંભિક પ્રસ્થાનબિન્દુ,

આજે ત્યાં માત્ર ખંડિયેરો પડ્યાં છે. દૂરથી ધમેખનો સ્તુપ દેખાય છે. મ્યુઝિયમમાં ગોઠવેલ અવશેષોને સહારે એ પ્રાચીન ભવ્ય અતીતને મનમાં ઊભો કરવા પ્રયત્ન કરીએ છીએ.

અહીં મ્યુઝિયમમાં પ્રવેશતાં જ બોધિસત્ત્વ ગૌતમની વિરાટ મૂર્તિ દેખાય છે. અશોકના સિંહશીર્ષોની પાસે જ. માનવરૂપમાં બોધિસત્ત્વની આ પ્રતિમા પહેલી સદીમાં ઘડાઈ હતી. મહારાજ કનિષ્કસ્થય – અભિલેખ પણ છે. પછી તો અભયપ્રદાન મુદ્રામાં કે ધર્મચક્ર મુદ્રામાં બુદ્ધની મૂર્તિઓ જોતાં જ તસ્મિન્નેવ કાલે તસ્મિન્નેવ સ્થાને હોવાનું થઈ જાય. અહીં બુદ્ધની સાથે કાશીના અધિષ્ઠાતા દેવ શિવ પણ છે. અને આ બૌદ્ધદેવી તારા–કેવી નમણી એની મૂર્તિ છે – એની આંખની ભ્રમર તો! દેવીનાં ઘાટીલાં સ્તનો પર અનેક હાથોનો મલિન સ્પર્શ વળગેલો છે.

ધર્મની સાથે અહીં કલાઓનો વિસ્તાર થયો હતો. શુંગકુશાણકાલીન મથુરાશિલ્પ, ગુપ્તકાલીન શિલ્પ. બુદ્ધની પ્રતિમા જોતાં જ શાંતિનો સ્પર્શ આપણને થાય. દેશપારના બૌદ્ધયાત્રિકો આવ્યા છે. દરેક પ્રતિમાને પોતાના હાથમાં રહેલી માળા વડે સ્પર્શ કરી માળા આંખે અડકાડે. ધર્મચક્રપ્રવર્તનની આ પાવનભૂમિ પર આવવાની કૃતકૃત્યતા આ યાત્રીઓને ચહેરે પણ જોઈ. અહીં મૂલગંધકુટિવિહાર છે. નામ પ્રાચીન છે, પણ તે પ્રસિદ્ધ વિહાર આજે નવું બૌદ્ધ મંદિર છે, તેની પડખે પ્રાચીન વિહારોના અવશેષ છે. તેની પાસે આજે પણ મૃગદાવ – હરિણઉદ્યાન છે. બૌદ્ધ સાહિત્યમાં ઉલ્લેખ આવે છે કે કાશીનરેશે પોતાના ક્ષેત્રના એક વનને ત્યાંનાં વાસી હરણોના ઝુંડને દાનમાં આપી દીધું હતું. એ હરણોના રાજા સારંગનાથના નામ પરથી સારનાથ નામ પડયું હોવાનું મનાય છે.

છેક ૧૨મી સદી સુધી આ પ્રદેશ બૌદ્ધધર્મની પ્રવૃત્તિઓથી ગુંજતો રહ્યો હતો. પછી ઇસ્લામના આક્રમણે બધું જમીનદોસ્ત કરી દીધું. ખંડિયેરોમાં ફરતાં ફરતાં શુંનું શું થાય છે. ધમેખ સ્તુપ આગળ નેપાળીઓનું એક વૃંદ પ્રાર્થના કરતું બેઠું હતું. એક મહિલા સ્તોત્ર બોલતી હતી – અને ધ્રુવપંક્તિ આવતાં સૌ પ્રાર્થીઓ સાથે ગૂંજી ઊઠતાં. પલાંઠી વાળી

અમે પણ ત્યાં બેસી ગયાં – કેવડો વિરાટ સ્તુપ છે! સ્તુપમાંથી ઈંટો બહાર દેખાય છે. વચ્ચે સુકાઈ ગયેલું ઘાસ છે. બહાર પથ્થરોના આવરણ પર નયનરમ્ય ભાતો કોરેલી છે. બાજુમાં જ આધુનિક મૃગદાવો છે – હરણાં વિચરતાં હતાં. છેક વાડ પાસે આવ્યાં. ઘેરથી આણેલી સુખડી અમે હરણાંને ખવડાવી, તારની વાડમાંથી હાથ નાખી તેમને પંપાળ્યાં. (આ રીતે તો એકવાર જૂનાગઢના પ્રાણીસંગ્રહાલયમાં સિંહને પણ પંપાળેલો!) વિહારનાં ખંડિયેરો વચ્ચે એક વૃક્ષની છાયામાં બેસી નાસ્તો કર્યો. અને પછી ત્યાં જ બેસીને ચુપચાપ ભૂતકાળને શ્વસ્યો.

કાશીથી સારનાથને રસ્તે જતાં વચ્ચે એક આડી સડક જાય છે, પ્રસિદ્ધ હિન્દી કથાકાર પ્રેમચંદના ગામ લમહી થઈને. વળતાં અમે રિક્ષાને લમહી જવા વાળી. મુખ્ય સડકથી એક આડસડક આવી. ખેતરોની વચ્ચે નાનકડું ગામ લમહી. પેસતાં જ હતું પ્રેમચંદનું ઘર. ઘરની નજીક જ વાંસની ઝાડી. પીપળાનું ઝાડ, બાજુમાં મહુડો અને ફણસી હતાં. જરા દૂર તલાવડી છે. ઘર બંધ છે. બંધ રહે છે. પ્રેમચંદને આજે સો વર્ષ થયાં. આ મહાન સાહિત્યકારને ઘેર ઊભાં એક તીર્થયાત્રાનો ભાવ જાગ્યો. આ ગામનો પરિવેશ તેમની પ્રસિદ્ધ નવલકથા 'ગોદાન'માં ચીતરાયો છે. ગામની વહુવારુઓ અને દાદીમાઓ સાથે વાતો કરી –

'કા હો માવા, પ્રેમચંદ કે દેખે રહૂ તૂં?'હાઁ.'ઊ કઈસન રહલન?'આઈસન કિ હમહન ઓનકે તરઉવાક ધોવનો નાહીં હયી.

ઘણાંએ પ્રેમચંદને જોયા નહોતા. તેમની વાતો સાંભળી હતી. એક કૃતકૃત્યનો ભાવ લમહીની મુલાકાતથી થયો. એવો જ ભાવ સાંજે પ્રસાદજીના ઘરના દર્શનથી થયો. એ તો તળ બનારસના જ. જયશંકર પ્રસાદ, 'કામાયની'ના પ્રસિદ્ધ કવિ. પ્રસાદ અને પ્રેમચંદ બન્ને મિત્રો હતા. લમહીથી ચાલીને પ્રેમચંદ બનારસ આવતા અને પ્રસાદને મળતા. ઉત્તરવયમાં પ્રેમચંદ પણ બનારસમાં જ રહેલા.

સાંજે વારાણસીના હાટમાં નીકળ્યાં. આજે બનારસી પાન જમાવવાનો વિચાર આવ્યો. આ બનારસી પાન પર જ એક લેખ લખી શકાય. આ પાન ચાવવાનું હોય નહીં, એ તો મોંમાં ઓગળતું જાય. એ પાન આગળ તો આપણું પાન તો ઘાસ બની રહે. જોકે એની અસલ મજા તો તમાકુ કિમામ, આદિથી આવે, પણ અમે તે લઈ શકીએ તેમ નહોતાં. પાન મોંમાં મૂકતાં જ વાત પ્રમાણી. ફિલ્મની આજકાલ પ્રચલિત પ્રસિદ્ધ લીટીઓ અમે બોલતાં આગળ ચાલ્યાં.

ખાઈ કૈ પાન બનારસ વાલા...

શિવની આ નગરીમાં ભાંગનો પણ ઘણો મહિમા. બનારસીદાસો હોડીમાં જ સીલબટ્ટો લઈને બેસે. ભાંગ પીને એ શિવને પ્રસન્ન રાખે. બાબા વિશ્વનાથને અમે એ રીતે પ્રસન્ન કરીએ એવો વિચાર વિચાર જ રહી ગયો.

બિન્દુ-રંજનાને બનારસી સાડીઓ લેવી હતી. વારાણસી તેની વસ્ત્રકળા માટે પ્રાચીન કાળથી પ્રસિદ્ધ છે. જાતક યુગમાં જે કાસેય્યક કે વારાણસેય્યકથી ઓળખાતું તે જ આ જ બનારસી સિલ્ક ને! બનારસી સાડી દેશપરદેશમાં વખણાય જ છે ને! આપણી બાજુથી કોઈ અહીં આવે એટલે પહેલો પ્રશ્ન પૂછે, શું બનારસી સાડીબાડી ખરીદી કે નહિ? અમે એક દુકાનમાં પ્રવેશ્યાં... એકને જોઈ અને બીજીને ભૂલો. બીજી દુકાનમાં ગયાં. કેવી નયનરમ્ય ભાતો અને રંગો! દુકાનદારને ત્યાં એ જ વખતે ‘જુલાહા’ સાડીઓ લઈને આવતા હતા. દુકાનદારે તેમાંથી પણ સાડીઓ બતાવી. મને તો એ જુલાહાને જોઈ કબીર યાદ આવતા હતા. આખો દિવસ કાપડ વણી તેઓ સાંજે કાશીના હાટમાં વેચી ઘર ચલાવતા ઝીની ઝીની બીની ચદરિયા... અહીંથી એક સાડી લઈ વળી પાછી બીજી દુકાનમાં. સાડીઓનો વરસાદ વરસી રહ્યો! એની સાથે સાડી બતાવનાર ગુમાસ્તાની જીભ પણ છૂટી થઈ ગઈ. કેવી નફાસતવાળી હિન્દી બોલતો હતો! એકદમ લખનવી! ‘આપકા દોલતખાના કિધર હૈ?’ વીરેન્દ્રે કહ્યું. ‘હમારા ગરીબખાના અહમદાબાદમેં હૈ.’ કહે, ખરીદો ન ખરીદો. જુઓ તો ખરા, ઈત્તફાકન આપ બનારસકી સબસે મશહૂર દુકાન મેં તશરીફ લાયે હૈં – કિંગ ઑફ બનારસી સાડીઝ...પાંચ હજારની સાડી કાઢીને બતાવી, દેખિયે દેખિયે. યહ ભી આપ લોગોં કે લિયે હૈ! અને પછી એ સાડીની, સાડી ખરીદનારની, સાડી પહેરનારની વાત કવિતાની ભાષામાં કહી રહ્યો. અમે અહીંથી સાડી ન લીધી, પણ તેનોય એણે અફસોસ ના કર્યો. કલ ફિર આઈએ, નઈ સાડિયાં આનેવાલી હૈં – કહી ઊજમ ભણી જોઈ કહ્યું, આપ કલાકાર લગતે હૈં. અમે કહ્યું કે એ કવિતાઓ કરે છે, તો તરત રાજી થઈ ગયા. મૈં ભી તુક જોડ લેતા હૂં, મુઝે લોગ ‘બેદિલ, શરારતી’ કહતે હૈં! અરે, આ તો શાયર નીકળ્યો! નાગરજીએ અમને કહેલું કે બનારસ કા હર તંબોલી ભી શાયર હોતા હૈ! ખરી વાત. ખરી વાત.

એ રાત્રે કાશી નાગરી પ્રચારિણી સભાની ઇમારત આગળ થઈને નીકળ્યા. આ સંસ્થાએ કેટલાં પ્રાચીન ગ્રંથોનો ઉદ્ધાર કર્યો છે! હિંદીના વિદ્વાનોની આ એક કર્મસ્થલી છે.

કાશીતલવાહિની ગંગાનો અને ગંગાતટવર્તી કાશીનો પરમ પરિચય તો ત્યારે થાય જ્યારે નાવમાં બેસી અસ્સી ઘાટથી વરણા સંગમ સુધીના તેના ઘાટોની ચહલપહલ અને ગંગાની બંકિમ છટા જુઓ. જેમ કાશીવિશ્વનાથની ગલીમાં આ નગરીનું વ્યક્તિત્વ ઓળખાય તેમ આ બાવન ઘાટનાં દર્શનથીય. અમે દશાશ્વમેધ ઘાટથી હોડીમાં એક વાર રાજઘાટ થઈ વરુણા સંગમ સુધી જઈ આવ્યાં અને ત્યાંથી જ પાછાં અસ્સીઘાટ થઈ સામે કિનારેના કાશીનરેશના રામનગરના મહેલ સુધી જઈ આવ્યાં.

દશાશ્વમેધથી રાજઘાટ તરફ ચાલ્યાં ત્યારે ગંગાના વિપુલ વારિઓઘની મધ્યે અમારી હોડી સરકતી હતી. અહીંથી તટસ્થ ઘાટ રમણીય લાગતા હતા. જુદા જુદા ઘાટનાં ઊંચે જતાં પગથિયાં પર નજર ચઢે એટલે છેલ્લે નજર એક ગલીને નાકે જઈ ઊભી રહે. દૂરથી બધા ઘાટનાં નામ લખેલાં દેખાય અને તે સાથે અદ્યતન વિજ્ઞાપનો પણ દેખાય. સામે ગંગાનો સૈકત પુલિન અને પછી ખેતર. ગંગામાં પૂર આવે ત્યારે એ બધું ડૂબી જાય. પૂર ઊતરી જાય ત્યારે પથરાયેલા કાંપથી ફસલ મબલક થાય.

અહીં જાણે દરેક ઘાટનું માહાત્મ્ય અલગ છે. જે ઘાટે સ્નાન કરવાથી અધિક પુણ્ય મળે, તેનો વધારે મહિમા. એટલે કોઈ ઘાટ સ્નાનનિરત યાત્રીઓથી ભરેલો હોય, કોઈ માત્ર ધોબીઓથી ભરેલો હોય. વિજન ઘાટ પર હિપ્પીઓને આરામ કરતાં જોઈ શકો. વરુણાસંગમે પહોંચ્યાં, પણ વરુણાનો પ્રવાહ એક ડખોળાયેલો રેલો હતો. અત્યારે. અહીં કિનારે એક ઉત્તમ કન્યા મહાવિદ્યાલય છે. અહીં ઘાટ પાસે આવતાં સ્થિર પાણીમાં કિનારાની શોભા જે રીતે જળમાં પ્રતિબિંબિત થતી હતી તે જોઈ મુગ્ધ થઈ જવાય. હલેસાંને લીધે હલી ઊઠતી સપાટીને લીધે પછી પાણી અંદરની પ્રતિબિંબિત સૃષ્ટિ સરરિયલ બની જાય. કિનારા પરનું અચલ મંદિર જળની અંદર પ્લાસ્ટિકનું બની જાય. આપણને થાય જળની અંદર રહેલા એ મંદિરના દેવતાનાં દર્શન કરી આવીએ.

આ વિસ્તારમાં પ્રાચીન વારાણસી વસેલી. ત્યાંથી પાછાં વળ્યાં. હવે સામે પ્રવાહમાં જવાનું હતું. હોડી હવે ઘાટની ખૂબ નજીક નજીક ચાલતી હતી. લોકદર્શન બરાબર થાય, ઘાટ ઘાટ પર તેલ લગાવી કસરત કરતા વ્યાયામવીરો જોવા મળે. તેમને દંડ પીલતા કે મગદળ ફેરવતા જોઈ લાગે કે કાશી હજી તે જ છે. તૈલાભ્યંગ પછી વ્યાયામ, પછી ગંગાસ્નાન. નિરાંતે, કશી ઉતાવળ નથી. ગંગા કિનારે રહેતા લોકો તો ગંગામાં જ રોજ સ્નાન કરવા આવે. મણિકર્ણિકા ઘાટ આવ્યો. ચિતાઓ જલતી હતી, અને હવે આ ફરી દશાશ્વમેધ.

અહીંથી અરસીઘાટ ભણી, કાશીનરેશના મહેલ સુધી હોડી લઈ જવા કહ્યું. ઘાટની નજીક નજીક જતાં હતાં. એક ઘાટ પર બનારસી સાડીઓ સુકાતી જોઈ, એક મોહક રંગસૃષ્ટિ, રામનગરને કાંઠે પહોંચ્યાં એટલે બીજી દુનિયા, અહીં જાણે નદીકિનારે વસેલું ગામ. કાશીનું કોઈ ચિહ્‌ન નહીં. ગામનો ઢાળ ઊતરો એટલે નદી. કોઈ ઘાટબાટ ના મળે. નદી કાશીનરેશના મહેલને અડકીને જાય છે. આ મહેલ જોતાં રાજા ચૈતસિંહ અને વૉરન હેસ્ટિંગ્ઝ યાદ આવી જાય છે. આજે તો મહેલમાં મ્યુઝિયમ છે. બધા મહેલો હવે મ્યુઝિયમ થતા જાય છે ને! આજે તો જવું હતું અમારે. એટલે જલદી પાછાં વળ્યાં. ગંગાની મધ્યમાં હોડી જઈ રહી છે. હોડીવાળાને પૂછ્યું : ‘યહાઁ પાની કિતના ગહરા હૈ?’ ‘આઠ પોરસા બાબુજી. બાઢ મેં તો ઘાટ વાટ સબ ડૂબ જાલા. ગોદૌલિયા પર નાવ ચલૈ લગલ’ આઠ માથોડાં પાણી છે અહીં. પૂર આવે ત્યારે તો શહેરનાં ગોદૌલિયા જેવા નીચા વિસ્તારોમાં હોડીઓ ફરે છે. આ ગંગાપુત્ર હોડીવાળા પણ કમાલના હોય છે. એમની જબાન ખોલાવો એટલે જાતજાતની વાતો કરે. ઘાટ ઉપરના પેલા ઘાટિયા કે પંડાઓ કરતાં જરાય ન ઊતરે. એમની પાસેથીય તત્ત્વદર્શન સાંભળવા મળે.

અહીંથી ગંગા અને કાશી બંને પ્રિય લાગતાં હતાં. બંનેય પ્રાચીન પુરાતન. આ ગંગા કેટલાય કાળથી અહીં વહી રહી છે! વહી રહી છે! હરમન હેસ્સની ‘સિદ્ધાર્થ’ નવલકથા યાદ આવે છે. એનો નાયક છેવટે નદી પાસેથી જ બધું શીખે છે. નાવિક વાસુદેવ અનંત જિજ્ઞાસુ સિદ્ધાર્થને કહે છે, આ નદીને પ્રેમ કર, એની પાસે રહે, એની પાસેથી શીખ...નદી બધું જ જાણે છે. એની પાસેથી જ બધું જ જાણવા મળશે.

પણ આપણે તો ગંગાની અલપઝલપ ઝાંખી લઈને ચાલી નીકળવાનાં. વૈરાગી ભર્તૃહરિ જેવા ભર્તૃહરિએ કહ્યું હતું – કાશી નગરીમાં ગંગા નદીને તીરે વસતો, કૌપીન પહેરતો, મસ્તકે અંજલિપુટ કરી ‘હે ગૌરીનાથ! હે ત્રિપુરહર, હે શંભો, હે ત્રિનયન, તમે મારા પર પ્રસન્ન થાઓ.’ એમ કલપતો હું ક્ષણમાત્રની પેઠે મારા અનેક દિવસો ક્યારે વ્યતીત કરીશ?

અત્યારે અહીંની આ શોભા જોઈ આપણને થાય, ખરે નિમિષમાં જ દિવસ વીતી જાય. સિદ્ધાર્થને પેલી હોડીવાળા વાસુદેવે તો કહ્યું હતું કે સમય જેવું કોઈ તત્ત્વ છે જ નહીં. તે રહસ્ય તું નદી પાસેથી શીખ.

પણ, આપણે શીખી શકતાં નથી. બપોરના ૨-૩૦ની કાશી વિશ્વનાથ એક્સપ્રેસમાં નીકળવાનું છે. આરક્ષણ કરાવી લીધું છે. દશાશ્વમેધ ઘાટ નજીક આવતો ગયો. એ જ

ભીડ, એ જ ચહલપહલ. જીવંત ઘાટ. એ રીતે કાશી એક જીવંત નગરી છે, એકદમ પ્રાચ્ય– 'ઓરિએન્ટલ'. પેલે દિવસે આ ઘાટે સ્નાન ન કરતાં સામે ઘાટે ગયો હતો. ભીડ તથા ડહોળાયેલું પાણી જોયાં. આજે આ ભીડ વચ્ચે એ પાણીમાં હું ડૂબકીઓ લગાવી રહ્યો.

નાહીને પાણીમાં પગથિયાં ચઢું છું ત્યાં મારી જેમ સ્નાન કરતા એક યાત્રિકે કહ્યું – 'ફિરસે એક બાર ગોતા લગાઈએ.' કોણ જાણે મેં એની વાત માની લીધી. ફરી પગથિયાં ઊતરી ડૂબકી લગાવી, 'આપકે સબ પાપ કટ ગયે અબ.' – તેણે કહ્યું.

હું એની સામે જોઈ રહ્યો. એ સશ્રદ્ધ હતો.

ઘાટનાં પગથિયાં ચઢું છું. પણ આજે ઘાટ સૂનો કેમ છે? આટલા યાત્રિકોની અવરજવરમાંય? આજે રોજના પેલા ભિક્ષુકોની બે બાજુ બેઠેલી હાર નથી. આજે ફ્રાન્સના રાષ્ટ્રપતિ આવ્યા છે, ઘાટ ઉપર. ગંગામાં નૌકાવિહાર કરી રહ્યા છે. એમની નજર આ ભિખારીઓ પર પડે તો? સવારથી જ એમને હટાવી ઘાટ સ્વચ્છ રાખવામાં આવ્યા છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ અહીં ભારતનું દર્શન કરશે, પણ એ અધૂરું રહેશે.

ઘાટનાં પગથિયાં ચઢતાં ચઢતાં ફરી પાછા વળી ગંગાનાં દર્શન કર્યાં. ક્યારે હવે કાશી નગરીમાં ગંગા નદીને તીરે? કદા? કદા? ગંગા તો વહી રહી છે, વહી રહી છે.

*

# રામેશ્વરમ્

ધેર ઇઝ ઓશન ઇન મી,સ્વેઇંગ, સ્વેઇંગ ઓ, સો, ડિપ...

– લૉરેન્સ

અમારી બસ ક્યારનીય વેગથી દોડી રહી હતી. તેની એકધારી સુંવાળી ગતિએ કેટલાક યાત્રિકોને તંદ્રાવસ્થામાં તો કેટલાકને તો નિદ્રાવસ્થામાં નાખ્યા હતા. મારી બાજુનું વૃંદ નીચા સૂરે અંતકડી રમવામાં લીન હતું. બસની બારી બહાર સુદૂરવ્યાપી ધવલ ચાંદની પડી હતી. બૃહદીશ્વરના તાંજોરના ખરા મધ્યાહ્નના અનુભવ પછી ચાંદનીમાંથી વહી આવતી શીતલતા પરમ શાતા રૂપ બની રહી હતી. મન વારે વારે બારી બહારની એ ચાંદનીમાં ભટકવા જતું રહેતું હતું. અને ત્યાંથી દૂરના અતીતમાં સરકી જતું હતું.

અમે રામેશ્વર ભણી જઈ રહ્યાં હતાં. અતીતમાં વિહરવા માટે એ નામ જ પર્યાપ્ત હતું. સેતુબંધ રામેશ્વર. 'સેતુબંધ ઇતિખ્યાતમ્ ત્રૈલોક્યેન ચ પૂજિતમ્' – પુષ્પક વિમાનમાંથી લંકાવિજયી રામ નીચે સીતાને દેખાડતા હતા. એ રામેશ્વર – હિંદુસ્તાનનો વાઘ-સિંહ જેવો નકશો ચીતરતાંય છેક નીચે દક્ષિણમાં અમે જેનો એક ખાંચો પાડતા; અને પછી તેનાથી જરાક દૂર ઈંડા જેવી લંકા ચીતરતા. બે વચ્ચે સાગર અને પછી તો બધે જ સાગર સાગર.

કદાચ આ માર્ગ પરથી જ કિષ્કિંધામાંથી રામલક્ષ્મણ બે ભાઈ હાથી જેવાં શરીર અને બળવાળા હજારો-લાખો વાનરોના મહાસૈન્ય સાથે રામેશ્વરની આ દક્ષિણ દિશામાં ગયા હશે. રામ-લક્ષ્મણ વાનરોના સ્કંધ પર બેસીને ગયા હતા. અમે બસમાં જતાં હતાં. એ વખતે વર્ષા વીત્યા પછીના શારદીય દિવસો હતા. અત્યારે ગ્રીષ્મનાં દિવસો છે.

રામલક્ષ્મણ પછી તો હજારો યાત્રિકો હજારો વર્ષોથી છેક ઉત્તરથી ગંગાજળની કાવડ લઈને દક્ષિણમાં ભગવાન રામેશ્વરનો અભિષેક કરવા આ જ માર્ગે જતાં રહ્યાં છે.

મધરાતે મંડપમ્ પહોંચ્યાં. અહીં અમારો મુકામ હતો, અહીં આ ચાંદની વરસતા ખુલ્લા આકાશ નીચે, ચાંદની ઝીલી રહી રેત પર. વહેલી સવારે અહીંથી થોડું અંતર ગાડીમાં કાપવાનું રહેશે. શેતરંજીઓ પાથરી આરામમાં પડ્યાં. અહીં જરૂર રામચંદ્ર અને એમના સૈન્યની છાવણી પડી હશે. અત્યારે એક છાવણી જેવું જ દશ્ય હતું. અનેક યાત્રિકો અહીં પડ્યાં હતાં. અમે વિચાર્યું વારાફરતી જાગવું. હજી તો અમે વાતો જ કરતાં હતાં, ત્યાં જોતજોતામાં બધાં ઊંઘમાં ભરાયાં. હું જાગતો રહ્યો.

વાત કોની સાથે કરવી? માત્ર બેસી રહેવાથી તો મનેય ઊંઘ આવી જશે. એક ઉપાય વિચાર્યો. બેઠાંબેઠાં કંઠસ્થ હોય તે કવિતાઓ યાદ કરું. નિશાળે ભણવા બેઠો ત્યારથી શરૂ કરી જે જે કવિતાઓ મોઢે કરી હતી, તે બધી યાદ કરવા લાગ્યો અને મને સંભળાવવા લાગ્યો. 'મા, મને ચાંદલિયો વહાલો' (ઉપર ચંદ્ર જોઈને એ જલદી યાદ પણ આવે) કે 'ગણ્યા ગણાય નહીં...' ત્યાંથી શરૂ કર્યું. અનેક કવિતાઓ, ક્યાંક આખી અકબંધ, ક્યાંક અંશ, ક્યાંક પંક્તિખંડ સ્મૃતિઓના અવાવરુ ભંડારમાંથી પ્રકટવા લાગ્યાં.

'સુખદુઃખ મનમાં ન આણીએ'ની 'સીતા સરખી સતી નહીં' અને 'રાવણ સરખો રાજિયો' બોલતાં તો એક અનુસંધાન રચાઈ જતું લાગ્યું આ ભૂમિ સાથે. પછી તો અંગ્રેજી કવિતાઓ ઉમેરાઈ, પછી સંસ્કૃત, હિન્દી, બંગાળી...અને આમ છતાં ઊંઘનું જોર વધતું જતું હતું. થાય, લાવ જરા આડો તો થાઉં. ઉપર આકાશમાં જોયું તો નિદ્રાહારા શશિ, 'મારી નિયતિને, નિહાળી રહેલી મિત્રની મૃદુ આંખ સમી એની પ્રેમાળ નજર' (ગુઈથે) ઢોળી રહ્યો હતો.

એ પ્રેમાળ નજરનાં અજવાળામાં જ પછી તો સ્ટેશનના પ્લૅટફૉર્મમાં પ્રવેશ્યા. ગાડીમાં બેસી ગયાં. તંદ્રાની સ્થિતિમાં રામેશ્વરમ્ ક્યારે આવ્યું તેનીયે ખબર ન પડી. હજુ દિવસનું અજવાળું થયું નહોતું. જેવાં સ્ટેશને ઊતર્યા તેવાં ઝપાટાબંધ ભગવાન રામેશ્વરની પ્રભાત આરતીમાં પહોંચી જવા ચાલી નીકળ્યાં. આછા ઉજાસમાં ઊંચા ગોપુરની આકૃતિ આંખમાં આવતી હતી. મંદિરમાં પ્રવેશ્યાં. જાણે ચાલ્યાં જ કરીએ છીએ. કંઈ કેટલુંય ચાલ્યા પછી ગર્ભગૃહને અજવાળતી ઘીના દીવાઓની 'નિવાત નિષ્કંપ' જ્યોત જોઈ.

મુખ્ય મંદિરમાં આરતી થઈ ગઈ હતી, બાજુના મંદિરમાં થતી હતી. નાદસ્વરમ્ અને મૃદંગમનો આ પ્રભાત વેળાએ હજીય ભક્તિપ્રેરક મધુર નિનાદ આવતો હતો.

જય મહાપ્રભુ, જય રામેશ્વર...સૌ હાથ જોડી દર્શન કરી રહ્યાં. રામના ઈશ્વર. રામને પણ ઈશ્વરની સ્થાપનાની જરૂર પડી હતી. પ્રસિદ્ધ બારમાંનું તેય એક જ્યોતિર્લિંગ છે. ભારતને આ છેડેથી રામ જ્યારે લંકા જવા તૈયાર થયા ત્યારે તરસ્યા થયા. પાણી પીએ તે પહેલાં તેમને શિવની પૂજા કરવાની ઇચ્છા થઈ આવી અને વેકૂરનું લિંગ બનાવી શિવની પૂજા કરી. શિવે પ્રકટ થઈ રામને દર્શન દીધાં. એમ પણ કહેવાય છે કે સેતુ-નિર્માણ પહેલાં શિવની આરાધના કરવા રામે હનુમાનને શિવલિંગ લેવા હિમાલય ભણી મોકલ્યા, તેમને આવતાં વાર થઈ અને સ્થાપનાનું મુહૂર્ત વીતી જવા લાગ્યું અને એટલે રામે વેકૂરનું લિંગ બનાવી પૂજા કરી – પછી હનુમાનના લાવેલા લિંગની પણ સ્થાપના કરી. જોઉં છું વિરહવિધુર રામને વેકૂરનું લિંગ બનાવી પૂજા કરતા. પણ શું એ આ જ સ્થળ હશે? ન પણ હોય, અહીં આસપાસ ક્યાંક હોય, ક્યાંય પણ ન હોય – પણ ભાવિક ભારતવાસીના ચિત્તમાં તો આ ઘટના ઘટી જ છે! નહીંતર અહીં આવીને ઊભાં રહેતાં એ ચિત્ર કેમ મનશ્ચક્ષુઓ સામે રચાઈ જાય છે!

ઉત્તરદિશિ એક નગરી અયોધ્યા..., ભારતવર્ષને ઉત્તરને છેડેથી પેલા બે ભાઈઓ નીકળ્યા હતા. સાથે હતી જાનકી. પણ અહીં તો આ દક્ષિણ છેડે આ બે ભાઈઓ હતા અને જાનકી તો હતી અહીંથી સો જોજન દૂર, અશોકવાટિકામાં. રઘુવંશી આ બે કુમારો અહીં એકલા- અટૂલા હતા, જોકે હજારો-લાખો વાનર-રીંછ તેમની સહાયમાં હતાં. તેમાં પણ પછી હનુમાન આદિ સાથે તો રામનું અદ્વૈત કેવું સધાતું ગયું! આ શું માત્ર આદિ કવિની કલ્પના જ હતી? એ કલ્પના હોય તોય તે સત્ય છે. અનુષ્ટુપના આવિર્ભાવ પછી વાલ્મીકિને બ્રહ્માએ પ્રકટ થઈને રામનું ચરિત્ર કહેવાનું કહેતાં નહોતું કહ્યું કે 'ન તે વાગનૃતા કાવ્યે કાચિદત્ર ભવિષ્યતિ' – આ કાવ્યમાં આલેખેલી તમારી કોઈ વાત જૂઠી નહીં થાય...

અને એ વાલ્મીકિના રામે સીતાને કહ્યું હતું કે આ સ્થળ સેતુબન્ધના નામે પ્રસિદ્ધ થઈને ત્રિલોકમાં પૂજાશે. બીજા બે લોકની તો ખબર નથી પણ આ મૃત્યુલોકમાં, આ ભારતવર્ષમાં એ સ્થળ આજે પૂજાઈ રહ્યું છે. પશ્ચિમ, ઉત્તર કે પૂર્વમાં બધાં તીર્થોની યાત્રા કર્યા પછી પણ ભગવાન રામેશ્વરનાં દર્શન વિના યાત્રા અધૂરી રહી જાય છે. કદાચ એટલે જ ઉત્તરમાંથી ગંગાનું જળ લાવીને અહીં દક્ષિણમાં રામેશ્વરનો અભિષેક કરવાનું

માહાત્મ્ય રચાયું હશે. ઊભો હતો. હજી તો હાથ જોડીને, પણ ચિત્તમાંથી તો આ બધું ગુજરતું જતું હતું. હજી પેલી પ્રભાત-આરતીના મધુર ધ્વનિ વિરત થયા નહોતા.

પ્રભાતનાં આ દર્શન કરી પાછાં વળ્યાં ત્યારે ઉજાસ વધ્યો હતો. ઊંચી સુદીર્ઘ છતને ધારી રહેલા અસંખ્ય થાંભલાઓની હારમાળા વટાવતાં બહાર નીકળ્યાં. બહાર રેતી પથરાયેલી હતી, વેકૂર. વેકૂર પર ચાલતાં ચાલતાં પૂર્વ દિશામાં સમુદ્ર ભણી, નાતિદૂરે સાગરદર્શન. પરંતુ આ તે કંઈ સાગર છે? આટલો શાન્ત? અહીંના સાગરની કલ્પના કેવી હતી? વાલ્મીકિ રામાયણમાં છપાયેલું સાગરકિનારે ઊભેલાં રામનું પેલું ચિત્ર યાદ આવી ગયું.

'અદ્યાહં શોષયિષ્યામિ સપાતાલં મહાર્ણવમ્' – બોલતા સાગરકિનારે એક હાથમાં ધનુષ્ય અને બીજા હાથમાં બાણ લઈ ઊભેલા છે રૌદ્રરૂપ રામ, ઉઘાડા શરીર પર તેમનું ઉત્તરીય થોડું સરકી ગયું છે અને સામે ઊછળતાં સર્પફણા જેવાં વિકરાળ મોજાં પર હાથ જોડી માનવ રૂપે પ્રકટી રહ્યો છે સાગર... અહો કિમાશ્ચર્યમતઃ પરમ્! આ કોણ નીકળી રહ્યું છે શાન્તિ જલરાશિ પર? ના, સાગરદેવ નથી, સૂરજદેવ છે. આસપાસના આછા લાલ પરિસરની વચ્ચે એકદમ લાલ બિંબ. જાણે ભાલ પર રિબન બાંધી હોય તેમ ઉપરના ભાગે આડી સળંગ વાદળની પટી આવી ગઈ હતી. અમે સામે જ તેમનું અભિવાદન કરતાં રેતીમાં બેસી ગયાં. અહા, વાદળની પેલી રિબન પહોળી થતી જાય છે અને સૂરજ દેવતાને ઢાંકતી જાય છે. થોડી ક્ષણોનું સાગરોદ્‌ભવ સૂરજનું દર્શન અ-લૌકિકતાનો સ્પર્શ કરાવી ગયું.

પણ આ સાગર કેમ શાન્ત છે? અમારી કલ્પનાનો 'તરંગિત મહાસિન્ધુ' તો –

–મંત્ર શાન્ત ભુજંગેર મતોપડેછિલ પદપ્રાન્તે ઉચ્છ્વસિત ફણા લક્ષશતકરિ અવનત.

રામને નમ્યો ત્યારથી જ, આમ છે કે? મંત્રથી શાન્ત પડેલા ભુજંગ જેવો પોતાની સેંકડો-લાખો ફણાઓને નીચી નમાવી દઈને. હા, પણ છે વિશાળ, અપાર. વિશાળતા અને અપારતામાં વાલ્મીકિએ કહ્યું હતું તેમ તે સાગર આકાશ જેવો દેખાય છે અને આ આકાશ સાગર જેવું. દૂર સમુદ્રનાં જળ, આકાશને અડકી જાય છે અને આકાશ સમુદ્રનાં જળને.

હવે અમને સવારની ચા યાદ આવી. ચાની એક રેંકડીવાળા પાસે જઈ ચા બનાવવાનું કહ્યું. આ બાજુ રામેશ્વરનું ભવ્ય ઉતુંગ મંદિર હતું. આ બાજુ શાન્ત વિસ્તીર્ણ સાગર. ચા પીધા પછી સમુદ્રકિનારાના 'વિવેકાનંદ ઇલ્લમ'માં ગયાં. અહીં સાગરકિનારે જ

રહેવાનું મળે તો આનંદ રહી જાય. વ્યવસ્થાપકે કલાકેક પછી આવવા કહ્યું. બે રૂમ ખાલી થવાના હતા. આજે અમે હળવાં હતાં. વધારાનો સામાન બધો મંડપમાં સ્થિત અમારી બસમાં જ રાખી આવ્યાં હતાં. જરૂર પૂરતાં એક-બે જોડી કપડાં જ બગલથેલામાં નાખી રાખ્યાં હતાં. ત્યાંથી અમે ગુજરાતી ધર્મશાળાએ જવા નીકળ્યાં. સવારમાં આ તીર્થભૂમિ પર ચાલવાનું ગમતું હતું. બહુ શાન્ત અવરજવર. કોઈ યંત્રવાહન મળે નહીં. રસ્તાની બાજુમાં જે ઘર હતાં તે બધાં દ્વાર આગળ આંગણામાં છંટકાવ કરી શ્વેત રંગોળીથી ચીતરાયાં હતાં. ગુજરાતી ધર્મશાળાએ પહોંચ્યાં. મોટા ભાગનાં અમારાં સહયાત્રીઓ અહીં ઊતર્યાં હતાં. બપોરના જમવાની વ્યવસ્થા પણ અહીં હતી.

પણ મને તો પેલો સાગર બોલાવતો હતો. સાગરસ્નાન તો કરવું જ જોઈએ. અહીંના ધનુષકોટી આગળ સાગરસ્નાનનો ઘણો મહિમા છે. ત્યાં રામચંદ્ર સમુદ્રના તટ પર દર્ભ પાથરી હાથ જોડીને સમુદ્રની આરાધના કરવા પૂર્વ દિશા તરફ મુખ રાખી હાથનું ઓશીકું રાખી ત્રણ દિવસ-રાત સાવધાન ચિત્તે સૂતા હતા, પણ સમુદ્રે જ્યારે અળા ન દીધી ત્યારે પેલું રૌદ્ર રૂપ ધારણ કર્યું હતું. જવું તો ત્યાં જોઈએ, પણ એ સ્થળ દૂર હતું. વળી થોડાં વર્ષો પરના સમુદ્રી તોફાનમાં એ સ્થળ ધોવાઈ ગયું હતું. વળી અમારે તો આ કે તે સ્થાનનો મહિમા નહીં, માત્ર સાગરસ્નાનનો મહિમા હતો.

યાદ આવે છે પહેલું સાગરદર્શન, અને સાગરસ્નાન કર્યું હતું પોરબંદરના સાગરમાં. આખી બપોર. તે પછી તો જ્યાં જ્યાં અવસર મળ્યો છે ત્યાં સાગરનાં જળમાં દેહને ભીંજવ્યો છે. ગોમતી નદી અને સમુદ્રનો જ્યાં સંગમ થાય છે તે સ્થળે દ્વારકાના સાગરમાં આપણા પ્રસિદ્ધ તસવીરકાર જગન મહેતા અને નરોત્તમ પલાણ સાથે લગભગ ઉન્મત્ત બની સ્નાન કર્યું હતું. ઓટનો દરિયો હતો. ભગવાન દ્વારકાધીશની પૂઠેથી અલ્પજલા ગોમતી વહી આવતી હતી અને તે સામેથી આવતાં મોજાંમાં ભળી જતી હતી, જ્યાં બન્ને પાણી મળતાં ત્યાં યુયુત્સુ ફણીધરોની મુદ્રા ધારણ કરતાં હતાં. એ સ્નાનનો આનંદ હજીય છે. યાદ આવે છે કોનારકનું સાગરસ્નાન. ત્રણ વાર ત્યાં ગયો છું, પહેલી વેળા ત્યાંનાં સાગરનું દર્શન કર્યું હતું માત્ર – ભૂરાં પાણી જોયાં હતાં કોનારકનાં ભગ્ન મંદિર પરથી. (હવે તો ત્યાં ઉપર ચઢવા દેતા નથી.) પણ બીજી વેળા જવાનું થયું ત્યારે તો કાંઠે પહોંચી, કપડાં ઉતારી પાણીમાં, અને જગન્નાથનાં સાગરનું સ્નાન તો! હજારો યાત્રીઓ સાથે. અષાઢી બીજ હતી. રથયાત્રાનો એ દિવસ હતો. વિરાટ જનમેદની સાથે ભગવાન જગન્નાથનો રથ ખેંચ્યા પછી એ વિરાટ સાગરના ઊછળતા જળમાં સ્નાન

કર્યું હતું. દક્ષિણની આ યાત્રા વખતે મદ્રાસના પ્રસિદ્ધ મરીના બીચ પર પણ સ્નાન કર્યા વિના રહી શકાયું નહીં મહાબલીપુરમના ભૂરા જળમાં તો પહેર્યાં કપડે જ ઝંપલાવ્યું. કાંઠે ઊભેલા સહયાત્રીઓ હેં... હેં... કરતાં રહી ગયાં. પછી તો તેમનેય ખેંચ્યાં. ભીના કપડે જઈને બસમાં બેઠાં. લોકો જુએ. આય કેવા! અને કન્યાકુમારીમાં ત્રણે સાગરના સંગમસ્થળે કરેલું સ્નાન, તો! સાગરકિનારે સૂર્યાસ્ત જોવા ગયાં હતાં, વાદળને લીધે સૂર્યાસ્તનું સૌન્દર્ય બરાબર પ્રકટ ન થયું – તો ભલે, અમને સાગરસ્નાનનો વિચાર આવી ગયો. ભયંકર ઊછળતા તરંગો ઝીલતા ખડકાળ કાંઠે સ્નાન કર્યું. એનું સ્મરણ થતાં જાણે એ સાગર મારી ભીતર ઊછળે છે.

રામેશ્વરનો આ શાન્ત સાગર પણ નાહવાનું આમંત્રણ આપી રહ્યો હતો. બીજા સાગર જાણે આહ્‌વાન આપતા લાગતા. આહ્‌વાન ઝીલવાનું આપણું તો શું ગજું હોય? એમને તો પ્રણામ જ કરવાના હોય. પણ આ સાગર જાણે મૈત્રી માટે આતુર. એની સાથે હસ્ત-મેળાપ થઈ શકે.

તડકામાં પાણી ચમકતાં હતાં. અનેક લોકો અહીં સ્નાન કરતાં હતાં. અમેય જળમાં પ્રવેશ કર્યો. પાણીમાં ઠીક ઠીક દૂર જવા છતાં ઊંડાણ વધતું નહોતું. છાતી સમાણાં નીર આવ્યાં પછી અટકી ગયાં. ઉદ્વેલિત સાગરમાં એટલે સુધી જઈએ તો જઈએ જ. પરંતુ અહીં ભય નહોતો. જોકે પાણી સતત હલબલ્યા કરતાં હતાં. બ. ક. ઠા.ની પેલી રેવાનાં જળ વિશેની પ્રસિદ્ધ પંક્તિ યાદ આવે. ‘ઊંચાંનીચાં સ્તનધડકશાં હાલતાં સુપ્ત વારિ...’ ક્યારેક જરાક મોટી છાલક આવે તો હોઠે અડકી જાય અને સાગરની ખારાશનો ગુણધર્મ યાદ કરાવી જાય. આ ચકચકતાં સ્વચ્છ જળમાં જરા દૂર અ.રૂ.દી. મત્સ્યકન્યાઓ જેવી લાગતી હતી. મેં એવું કહ્યું પણ ખરું. દીપ્તિ કહે, તો પછી તમે? માછીમાર તો નહીં! માછલીઓએ ભાગવું જ રહ્યું.

અરે, આ શું? આ યુવાન સ્ત્રીને માથે તાજો ટકો છે. એનો પતિય સાથે છે તો, એનેય માથે ટકો છે. પછી તો ઘણાં યુગલો જોયાં. પછી ખબર પડી કે તિરુપતિની જેમ અહીંના લક્ષ્મણકુંડ આગળ મુંડન કરાવવાનો મહિમા છે. સ્નાન કરી વિવેકાનંદ ઈલ્લમમાં આવ્યાં. છ વ્યક્તિ માટે બે રૂમ મળ્યા. સ્વચ્છ અને સુઘડ પ્રાંગણમાં નારિયેળીનાં ઝુંડ. તેમની વચ્ચેથી દેખાય આ સામે શાન્ત સાગર અને આ બારીમાંથી દેખાય ભવ્ય રામેશ્વર. પણ આ એક સુયોગ થયો. અમે બન્નેના સાન્નિધ્યમાં હતાં. સાગરનો ક્ષાર અમને ચઢ્યો હતો

એટલે ફરી સ્નાનવિધિમાં પ્રવૃત્ત થયાં. મારી ગઈ કાલની રાત લગભગ નિદ્રાહારા જ હતી. જરા આડો થયો હોઈશ કે એક સ્વપ્ન આવી ગયું.

જમવાનું ગુજરાતી ધર્મશાળામાં હતું. એટલે ત્યાં ગયાં. યંત્રવાહન વિનાના શાંત માર્ગો પર માણસોની અવરજવર ચૂપચાપ થતી લાગે. જમીને રૂમ પર આવી થોડો આરામ કર્યો. પછી નીકળ્યાં. સવારમાં જલદી જલદીથી દેવેશ્વરનાં દર્શન કર્યાં હતાં. દેવાલયનાં દર્શન લગભગ બાકી હતાં.

દક્ષિણનાં દ્રવિડ શૈલીનાં મંદિરોમાં રામેશ્વરનું આજે જે મંદિર છે તે પ્રમાણમાં સૌથી ઓછું જૂનું ગણાય છે. અનેક વાર આ મંદિર બન્યું હશે, પડયું હશે. બારમી સદીના પુરાણા અવશેષો તો મળી પણ આવ્યા છે. તેમ છતાં આજનું મંદિર સાડાત્રણસો વર્ષથી વધારે જૂનું નથી. પૂર્વ દિશાનું ગોપુર અગિયાર માળ ઊંચું છે – લગભગ દોઢસો ફૂટ, સોળ માળવાળાં બસો ફૂટ ઊંચાં ગોપુરો પણ દક્ષિણનાં કેટલાંક મંદિરોને ક્યાં નથી? સ્કાયસ્ક્રેપર્સ – કોઈએ ઉચિત રીતે જ કહ્યાં છે. કવિ સુન્દરમને ભક્તના હૃદયમાં રહેલી ભક્તિ જેવાં દેખાયાં. ('જોયાં ગોપુર વ્યોમમાં સ્થિર ખડાં, ભક્તિ શું ભક્તાંતરે...'), કવિ ઉમાશંકરને ટોપ પહેરેલા સંત્રી જેવાં (ડોકતાં તાલઝુંડોની પૂઠે તોતિંગ ગોપુરો / ટોપ પહેરેલ સંત્રી શાં'). મદુરાઈના મીનાક્ષી મંદિરના આવા એક ગોપુર પર છેક ઊંચે ચઢીને મદુરાઈનગરને વિહંગદષ્ટિએ જોયું હતું. દક્ષિણની અમારી યાત્રામાં સૌથી પ્રથમ ગોપુર જોયાં તે કાંચીપુરમનાં. બસમાં બેઠે બેઠે દૂરથી જોતાં એક વિશિષ્ટ લાગણી થઈ આવી હતી. હિન્દુ શૈલીનાં કે કલિંગ શૈલીનાં મંદિરોથી દ્રવિડ શૈલીનાં આ મંદિરો જે જુદાં પડી આવે છે તે તો તેમનાં આ ગગનગામી ગોપુરોથી. ગોપુર દેવમંદિરનું પ્રવેશદ્વાર છે. વિમાન – જેમાં દેવતાની સ્થાપના હોય છે. તેનાથી ગોપુર ઊંચાં હોય છે, એટલું જ નહીં મંદિરની બધી કલાકારીગરી પણ તેના પર ખર્ચવામાં આવી હોય છે. સાદ્યંત શિલ્પથી કંડારાયેલાં હોય છે. પણ આ શિલ્પ ભુવનેશ્વરનાં કલિંગ શૈલીનાં મંદિરો કે ચંદેલનાં ખજુરાહોનાં મંદિરો પર કે આપણા મોઢેરાના સૂર્યમંદિર પર કે ધૂમલીના ભગ્ન નવલખા મંદિર પર જોવા મળે છે તેવું ક્વચિત્ સૌન્દર્યોદ્‌બોધક નથી લાગતું. અહીંની મૂર્તિકલા જુદી રીતની છે. અહીં રામ-લક્ષ્મણ-હનુમાન પણ જુદા જ થઈ જાય છે. પાર્વતીનું મીનાક્ષી રૂપ કે કન્યાકુમારી રૂપ ભુવનેશ્વરની પાર્વતીથી કેટલું જુદું છે! અહીંની કલા જરા જાડી લાગે છે. સંભવ છે કે કર્ણાટકી સંગીત આપણને તદ્દન જુદું લાગે છે તેમ આ શિલ્પનું પણ હોય. વળી ઘણાંખરાં ગોપુરોનાં શિલ્પો અવનવા

ઘેરા રંગોથી રંગવામાં આવ્યાં હોય છે. આ રંગરોગાન તો આંખને જરાય ગમતાં નથી. તિરુચંડુવરમના સાગરતટે આવેલા મંદિરનું ગોપુર આવા રંગોથી આંખોને અળખામણું લાગેલું. જોકે મંદિરોમાં પ્રવેશ કરતાં આ ગોપુરો જ એક જાતનો ઑ પાડી દેતાં હોય છે. ઘણાં મંદિરની ચારે દિશાએ આ ગોપુરો હોય, ગમે તે દિશાથી પ્રવેશ કરો.

રામેશ્વરના ઊંચા ગોપુરમાંથી પ્રવેશીએ કે ધર્મવૃષભનાં – મહાનંદીનાં દર્શન થયાં. તાંજોરના મહાનંદીથી થોડો જ નાનો હશે. નાનપણથી જ મહાદેવનાં દર્શને જઈએ ત્યારે પહેલાં પોઠિયા પર હાથ ફેરવીને જ પ્રવેશીએ. અનેક પોઠિયા જોયા હતા, પણ ગઈ કાલે તાંજોરમાં જોયેલો અને આજ આ – પોઠિયા તે કંઈ પોઠિયા! આવા એક પોઠિયાનું કવિ ઉમાશંકરે 'આવ્યો છું મંદિરો જોવા' કવિતામાં આંકેલું ચિત્ર એકદમ યથાર્થ છે :

અને સામે જ નંદી જે બેઠો છે એય અલ્પ ના,એની વપુસમૃદ્ધિની આવે શી રીત કલ્પના?ઊભો એ થાય તો એની નીચે થઈ શકે જઈબળદો શીંગડે ઊંચે; ભીડ લેશ પડે નહીંલંબાતી ડોક ને કર્ણો સરવા દિસતા અતિ;નીકળી જીભ ફૂલેલાં નસ્કોરાં જઈ ચાટતી.બેઠો છે પગ વાળીને જમણે પડખે નમી;

અને પછીથી કવિએ નંદીના ઊભા થઈ જવાની કરેલી કલ્પના ય એટલી યથાર્થ લાગે. કહે છે કે શરૂમાં તાંજોરનો નંદી તો વરસે વરસે વધતો જાય. મંડપ તોડીને બહાર નીકળવાની સ્થિતિ આવી જાય તે પહેલાં તેની પથ્થરપીઠમાં ખીલો ઠોકી દેવામાં આવ્યો હતો, તો તેમાંથી લોહી વહી આવ્યું... વાત સાંભળી આયોનેસ્કોના નાટકની આબોહવા યાદ આવી જાય.

રામેશ્વરના મંદિરનો જે પહેલો પ્રભાવ પડ્યો હતો તે તો સવારમાં જ તેની સ્તંભરાજિનો. અત્યારે એ થાંભલાઓની હાર વચ્ચેથી પસાર થતાં અન્ અંતતાનો જ અનુભવ થતો હતો. થાંભલાથી રચાયેલી બન્ને બાજુની પરસાળો આ મંદિરની અનન્યતા છે. તમે જાણે ચાલ્યા કરો છો, ચાલ્યા કરો છો, કોઈ ટનલમાંથી. સ્થપતિઓએ એવી વ્યવસ્થા કરી છે કે વચ્ચે વચ્ચે અજવાળું આવ્યા કરે. પરસાળો સત્તરથી એકવીસ ફૂટ પહોળી છે અને પચીસ ફૂટની ઊંચાઈ ધરાવે છે અને એટલે તે એક ભવ્યતાનો બોધ ધરાવે છે. થાંભલાઓની હારમાળા તો ચિદમ્બરમના મંદિરમાં પણ જોઈ હતી. તેને લીધે મંડપની વિશાળતાનો અનુભવ તો હતો. ભગવાન નટરાજ આગળ દેવદાસીઓનાં નૃત્યોની વ્યવસ્થા માટે આવા મંડપો અનેક મંદિરમાં હશે ને! થાંભલાઓની વાતથી કોઈને

સ્તંભોનો મહાનિધિ કહેવાતું રાજસ્થાન રાણકપુરનું પ્રસિદ્ધ જૈનમંદિર યાદ આવી જાય. પણ થાંભલા થાંભલામાં ફેર.

રામેશ્વરનાં સ્તંભો અને છત પર પણ રંગરંગો છે. વેલબુટ્ટાનું જે ચિતરામણ છે તેના પર ઇસ્લામી કલાની અસર જોઈ શકાય. આ મંદિરના રચનાકાળની ઘડી પહેલાં દક્ષિણનાં પાંડ્યો, ચોલો, પલ્લવો અને નાયકોનો વૈભવસૂર્ય અસ્ત થઈ ગયો હતો.

સાંજે ફરી ભગવાન રામેશ્વરનાં દર્શન કર્યાં. પછી બહાર આવ્યાં. અહીં આસપાસ અનેક તીર્થો છે, જે તમામ સાથે રામાયણની ઘટનાઓ જોડી દેવામાં આવી છે. રામકુંડ, લક્ષ્મણકુંડ અને સીતાકુંડ છે. રામઝરૂખો છે. રામાયણમાં આવતાં ગંધમાદન સાથે એને જોડે છે. રામચંદ્રે અહીં પડાવ કર્યો હતો. અહીં વિભીષણ તેમને શરણે આવ્યો હતો. ધનુષકોટી પણ એક તીર્થ ખરું જ. વિશાલાક્ષી સીતા માટે સેતુબંધની રચના ત્યાંથી થઈ હશે. સાગરસંતરણ અહીંથી થયું હશે, આ ભાવસત્યને આપણું મન સ્વીકારી પણ લે છે. હસમુખ સાંકળિયા જેવા વિદ્વાન પુરાતત્ત્વવિદ તો કહે છે કે આ લંકા તે રામની લંકા નથી. પુરાતત્ત્વીય આધારો પરથી તેઓ તો માને છે કે લંકા છે તે તો ઓડિશાના બસ્તર પ્રદેશમાં ક્યાંક આવી હોવી જોઈએ. રામ ત્યાંથી આગળ ગયા જ નથી. કરો વાત! વાલ્મીકિ ખોટા? હસમુખ સાંકળિયા સાચા? કવિની વાત માનવી કે પુરાતત્ત્વવિદની? આ વાતના સંદર્ભમાં ડૉ. ભાયાણીએ હસતાં હસતાં કહેલું કે મોટા ભાગના પુરાતત્ત્વવિદોમાં કલ્પનાનો અભાવ હોય છે! આપણે તો વાલ્મીકિની વાત માનવાના. બ્રહ્માની વાત ખોટી હોય કે 'ન તે વાગનૃતા કાવ્યે કાચિદત્ર ભવિષ્યતિ'? અને વાલ્મીકિ પછી કાલિદાસે વાત કરી તે? અને હજારો વર્ષોથી હજારો ભારતીયોના મનમાં ચાલી આવે છે તે?

અહીં રામ જરૂર આવ્યા હશે, એટલું પૂરતું છે, પછી ભલે સ્થળ સ્થળ સાથે જોડાતી ઘટના ઘડી કાઢી હોય અને એ બધાં સ્થળોને તીર્થ બનાવી કમાણી ઊભી કરાતી હોય. એ તીર્થોમાં ભ્રમણ કરી પાપક્ષાલન કે પુણ્યાર્જનનો વિચાર અમારા મનમાં વસ્યો નહીં. ન તો રામઝરૂખે ગયાં કે ન તો રામકુંડે. અમારા મનમાં તો ત્યાં દૂર દેખાતી સાગરકાંઠાની રેતની ઊંચી ટેકરી વસી ગઈ હતી. અમે તે ભણી ચાલ્યાં.

થોડું ચાલ્યાં ત્યાં તો માછલીઓનાં 'ખળાં' આવ્યાં. ક્યાંક માછલીઓને સૂકવવામાં આવતી હતી, ક્યાંક તેમના ઢગ ખડકાયા હતા. થોડી વાર તો આ મત્સ્યગંધથી અમને એકમાત્ર ઘ્રાણેન્દ્રિય જ હોય એવું લાગ્યું. (પેલા પુરાણમુનિ પરાશર મત્સ્યગંધાની નિકટ કેવી રીતે ગયા પણ હશે! જોકે પછીથી તેમણે તેને યોજનગંધા બનાવી દીધી હતી.)

મલયાળી નવલકથાકાર તક્ષી શિવશંકર પિલ્લૈની નવલકથા 'ચેમ્મીન' પરથી ઊતરેલી એ નામની જ અત્યંત કલાત્મક ફિલ્મનો પરિસર યાદ આવી જતો હતો. માછીમારોના જીવન પર રચાયેલી એ ફિલ્મ હતી. એ કેરળનો પશ્ચિમ સાગરકાંઠો, આ તામિલનાડુનો પૂર્વ સાગરકાંઠો. એટલું જ. હા, આ સાગર અહીં શાંત હતો. વચ્ચે એક ધક્કો આવ્યો, ત્યાં એક નાવ બાંધેલી હતી. શ્રીલંકા જવા અહીંથી પણ સ્ટીમરો જાય છે. લંકા અહીંથી છેય કેટલી દૂર? વાલ્મીકિએ સો જોજન કહી છે. આપણા માઈલોમાં તો છે લગભગ પચાસ માઈલ.. (પણ કાલિદાસમાં સીતાને મળવા આતુર રામને લંકા આડેનો મહાર્ણવ એક નાની ખાઈ જેવડો – પરિખાલઘુમ્– લાગેલો.) 'સોનાની લંકા' બહુ દૂર ના કહેવાય.

એક લાંબી જાળને ત્રણચાર માછીમારો આ રેતીલા સમુદ્રકાંઠે સંકેલી રહ્યા હતા. સૂર્યાસ્ત વેળાનું એ સાગરદૃશ્ય – અમે કોઈ વિશાળ વિરાટ તસવીર તો નહોતા જોતા! બધે નીરવતા હતી. માત્ર ફાટેલાં શંખછીપલાંવાળી (ભિન્નશુક્તિ – કાલિદાસ) સૈકતવાળા તટ પર અમારા ચાલવાથી કર્ કર્ અવાજ થતો હતો. સાગરના જળનો એક ભૂશિર જેવો છેડો અહીં હતો. આ કાંઠે રેતના ઊંચા ઊંચા ઢગ થઈ ગયા હતા. પેલા ધનુષકોટીના તોફાન વખતે આ બધું થયું હતું અમે એવા એક ઊંચા ઢગલા પર ચઢવા લાગ્યાં. રેતની ટેકરી પર ચઢવું ભારે હતું. ઢીંચણ સુધી પગ ઊતરી જાય કે પછી કર્ર્ કરતી રેત ખસી જાય. ચંપલ હાથમાં રાખીને ચઢવું પડે. ટેકરીની જરા પેલી મેર નારિયેળીનાં ઝુંડથી આવૃત્ત માછીમારોની વસાહત લાગતી હતી. ધુમાડો નીકળતો હતો. કૂતરાં ભસતાં હતાં. :

આખરે ટેકરી પર ચઢયાં. ચારે બાજુએ ફરીને જોયું. નરી સ્તબ્ધતા, આ સાગર, સાગરની આ 'તમલતાલીવનરાજિનીલા વેલા', આ સાંજ, આ અમે, બધું ચિત્રવત્ લાગતું હતું. અદ્ભુત સમું. ત્યાં ચંદ્ર ઊગ્યો સમુદ્ર પર. એકાએક દેખાયો. વૈશાખી પૂર્ણિમાનો ચંદ્ર હતો. નમો બુદ્ધાય. સાગર જેવા આકાશમાં કે આકાશ જેવાં સાગર પર ચંદ્ર જરા ઝાંખો લાગતો હતો. કાન્તની પંક્તિઓ ભલા યાદ ન આવે–?

આજ, મહારાજ! જલ પર ઉદય જોઈને ચંદ્રનોહૃદયમાં હર્ષ જામે...

થોડી વાર પછી પાણી ચમકવા લાગ્યું. રેત પરનાં છીપલાં ચાંદનીથી ભરાઈ ગયાં. હવે અમે મુખર બન્યાં. બધાંએ એકએક ગીત ગાવું એવું નક્કી થયું. અમારા સહયાત્રી શ્રી નાયક તો સારું ગાતા જ હતા. શ્રી ચંદ્રવદન શુકલે અને અ. રૂ. દી. એ પણ ગાયું.

મને તો જીવનાનંદ દાસની પંક્તિઓ જ સાંભરી, મેં તેની આવૃત્તિ કરી – એ કવિતાની છેલ્લી પંક્તિઓ આજેય મને બોલતો હું સાંભળું છું :

સમસ્ત દિનેર શેષે શિશિરેર શબ્દેર મતનસન્ધ્યા આસે; ડાનાર રૌદ્રેર ગંધ મુછે ફેલે ચિલ...પૃથિવીર સબરંગ નિભે ગેલે પાંડુલિપિ કરે આયોજનતખન ગલ્પેર તરે જોનાકિર રંગે ઝિલમિલ;સબ પાખિ ઘરે આસે-સબ નદી–ફુરાય એ જીવનેર સબ લેનદેન;થાકે શુધુ અન્ધકાર, મુખોમુખિ બસિબાર વનલતા સેન.

આ પંક્તિઓને અનુરૂપ કંઈક સરરિયલ દેશકાલની સ્થિતિ લાગતી હતી.

પેલી નારિયેળીછાયી વસાહતમાંથી આવતો માનવોનો અને શ્વાનોનો અવાજ દૂર દૂરથી આવતો હતો જાણે. ચાંદનીમાં પ્રભા આવી હતી. હવે ઊઠવું જોઈએ. ચંદ્રને અજવાળે રેતમાં કર્ કર્ અવાજ કરતાં અમે પેલી વસાહત ભણી ઊતરી ચાલવા લાગ્યાં. મત્સ્યગંધાઓનાં આ ઘરોમાંથી ટમટમિયાંનું થોડું અજવાળું બહાર આવતું હતું. એ ઘરો વચ્ચેના માર્ગમાંથી ચાલતાં અમે સીધાં રામેશ્વરનાં બજારમાં આવી ઉભાં.

બજારમાં શંખ, કોડી, મોતી આ બધી સમુદ્રોત્પન્ન ચીજો મળતી હતી. નકશામાં રામેશ્વરનો ય આકાર એક શંખપ્રાયઃ લાગે છે. વર્ષો પહેલાં રઘુવીર જ્યારે અહીં આવેલા ત્યારે અહીંથી એક શંખ લાવેલા મારે માટે, તેના પર મારું નામ અંકિત કરાવીને. અહીંથી અમે રમવાની કોડીઓ ખરીદી. પછી બજારમાંથી ચાલતાં ચાલતાં ઇલ્લમમાં આવી ગયા.

વહેલી સવારે અહીંથી નીકળવાનું હતું. અત્યારે તો સમુદ્રની સન્નિકટ હતાં. પર્વતોમાં કે વનોમાં જુદી અનુભૂતિ હોય છે, સાગરના સાન્નિધ્યમાં હોવાની વળી જુદી. એક અમેરિકન પ્રકૃતિવિદ હેનરી બેલ્ટને પોતાના એક નિબંધમાં લખ્યું છે કે પ્રકૃતિમાં ત્રણ આદિમ (એલિમેન્ટલ) અવાજો છે. તેમાં એક અવાજ છે વરસાદનો, બીજો અવાજ છે પુરાણાં મહારણ્યોમાં વાતા પવનનો અને ત્રીજો છે તટ પર પછડાતા સાગરનો. આ ત્રણેય અવાજમાં તેમને સાગરનો અવાજ સૌથી વધારે સુંદર અને સૌથી વધારે ભયંકર તથા સૌથી વધારે વૈવિધ્યસભર લાગ્યો છે. એવો અનુભવ કેટલાક સમુદ્રતટે થયો છે, પણ જેનો ઘોર તુમુલ અને લયાન્વિત અવાજ હજીયે પડઘાય છે તે તો એક ચાંદની રાતે એક કાંટાળી વાડની આડેથી કલાકો સુધી સાંભળેલો કન્યાકુમારીના સાગરનો અવાજ. પણ આ રામેશ્વરનો સાગર તો પોતાની નીરવતાથી આત્મીયતા જગાડી રહ્યો હતો. કેટલો બધો મારી નજીક લાગતો હતો! કેટલો બધો મારી અંદર લાગતો હતો!

વહેલી સવારે ઊંઘમાંથી જાગી જવાયું. આ વખતે અવાજ સંભળાતો હતો, આદિમ.

પરંતુ આ શું! આ તો પરિચિત વરસાદનો અવાજ હતો. એકાએક ક્યારે વાદળ આવ્યાં અને ક્યારે વરસવા લાગ્યાં! સ્ટેશને જવા ડમણિયામાં બેઠાં ત્યારેય વરસાદ પડી રહ્યો હતો. ગાડી હાંકનારાની પાસે ભીંજાતો ભીંજાતો હું બેસી ગયો અને સ્ટેશન સુધીના આખા રસ્તે વધારે ભીંજાતો રહ્યો.

*

# તેષાં દિક્ષુ

'તેષાં દિક્ષુ પ્રથિતવિદિશા...'

આ શબ્દો પવન પાવડી બની જાય છે મારે માટે જાણે. એ પહેરી મન ઊડવા માંડે છે. તે દિશામાં માત્ર વિદિશા નથી, દશે દિશા છે... સાત સમુંદર તેરો નદી, પહાડ પર્વત, નગર જનપદ, ઝાડ જંગલ... પછી આવે મારું નાનું ગામ, જે ગામમાંથી હું નિર્વાસન પામ્યો છું – મારું એ ગામ.

મને હંમેશાં એવું થતું રહ્યું છે કે મારા એ ગામના પાદરમાં થઈને એક નદી વહેતી હોત તો કેવું સારું! શૈશવ-કૈશોર્ય નદીને કાંઠે વીત્યું હોત, ઋતુએ ઋતુએ નદીને અવલનવલ રૂપમાં જોઈ હોત. કોઈ ક્યારેક પૂછે છે, તમારા ગામની પાસેથી કઈ નદી જાય છે – તો ઉત્તરમાં માત્ર નિસાસો જ નંખાઈ જાય. હા, ગામની ભાગોળે તળાવ છે, આંબા તળાવ અને ઉનાળામાં એ ક્યારેક સુકાઈ પણ જાય.

નદી નથી તો નથી, પણ એવું થાય કે ભલે. પણ મારું ગામ કોઈ ડુંગરાની તળેટીમાં હોત તો કેવું! ઘરની બહાર નીકળીએ કે ડુંગરો સાદ પાડતો હોય. ડુંગર ઉપર દેરડી હોય. એ દેરડી સુધી કેડી જતી હોય. એકશ્વાસે ચઢી જઈએ. બહુ મોટો પહાડ નહીં, એવો ડુંગર હોય કે લાગે ગામ એની હૂંફમાં સૂઈ રહ્યું છે, સોડમાં સંતાઈ રહ્યું છે, અંગ્રેજીમાં 'નેસલ' ક્રિયા છે ને, એમ. પણ સપાટ ખેતરો છે માત્ર મારા એ ગામની ચારે પાસ. બેત્રણ નાના-મોટા ટીંબા છે. તેમાં એક ગઢિયો ટીંબો છે. ત્યાં એક વખડા નીચે સાપના મોટા રાફડા હતા. મેં પણ ત્યાં સાપ જોયેલા. એ સાપ રાફડા નીચે દાટેલા ધનના ચરુની રખવાળી કરતા.

નદીય નથી. ડુંગરેય નથી પણ ગામની બહાર નીકળતાં કોઈ ગાઢ જંગલ શરૂ થઈ

જતું હોત તો કેવું સારું! અડાબીડ જંગલ. નાની-મોટી કેડીઓ અંદર દૂર દૂર લઈ જતી હોય. તેમાં જંગલી પ્રાણી હોય. ક્યાંક વચ્ચે સરોવર હોય. નાનપણમાં પ્રેમાનંદની કવિતા ભણતાં ભણતાં જંગલનું જે વર્ણન વાંચેલું – પેલી 'વૈદભી વનમાં વલવલે'વાળી કવિતામાં – તેનાથી જંગલની કલ્પના કરેલી. હા, એવું જંગલ નથી. એક મોટું ગોચર ગામને ઉગમણે છે, રાયણ અને બાવળ છે. પહેલાં બહુ વખડા હતા, હવે નથી. હવે એ ગોચર વચ્ચે થઈને એક પાકી સડક જાય છે.

નદીય નથી, ડુંગરેય નથી અને જંગલ પણ. એ અભાવ તો ખરો, પણ મારા એ ગામ વિશે કશુંય કાવ્યાત્મક પણ ના મળે. કશુંય અસાધારણત્વ નહીં. ભાગોળે પાળિયા જેવુંય નહીં, ગામને જાણે લાંબો-ટૂંકો ઇતિહાસેય નથી. ગામ જૂનું તો લાગે છે. પહેલાં જ્યાં ઘરો હતાં, ત્યાં હવે ખેતરો છે. ગામને ઓતરાદે જે કાળીમાં હતાં તે લગભગ દખણાદી શેરીઓ વચ્ચે આવી ગયાં છે. અમારું ઘર ત્યાં આવેલું છે.

દાદા ઘણી વાર આંગણું બતાવી કહેતા, ત્યાં મોટો કૂવો હતો, અને ત્યાં દૂર માઢ હતો. ગામના એક ઠાકરડાએ એક પટેલની છોડીની મશ્કરી કરેલી. પટેલો ચૂપ રહ્યા. પછી એક જમણવારમાં બધા ઠાકરડાઓને આમંત્રણ આપ્યું. જમી જમીને નીકળે કે કાપી કાપીને પેલા કૂવામાં. મેણા ભીલ બોલાવેલા, કૂવો પછી પૂરી દીધો. એક ઠાકરડા બાઈ તેના પિયેર ઝિયાણું લેવા ગયેલી, તે માત્ર બચી ગઈ ગામમાં આજે ઠાકરડાનાં બસો ઘર છે, તે પેલી એક બાઈનો વેલો. દાદા કહે, ત્યાં ખોદો તો હજીય કૂવો નીકળે... ગણો ન ગણો આટલો ઇતિહાસ. તેય ક્યાંય નોંધાયો નથી. એવું થાય કે મારા ગામમાં કોઈ પુરાણી નગરીના અવશેષો મળી આવે, એનો કોઈ ઇતિહાસ હોત. પથ્થરે પથ્થરે શોધત.

ગામની બાજુમાંય કોઈ પ્રસિદ્ધ સ્થળ નથી. બે માઈલ દૂર વગડા વચ્ચે વાસુદેવ મહાદેવ છે. એકાકી મંદિર છે. જન્માષ્ટમીએ ત્યાં મેળો ભરાય છે. મહાદેવ જૂના છે. એની કથા છે. કથા એમ છે કે ભગવાન સ્વયંભૂ મૂર્તિ રૂપે પાતાળમાંથી પ્રકટી રહ્યા હતા. એ બહાર આવવામાં જ હતા કે બાજુમાં એક રબારી ઢોર ચરાવતો હતો. એવું થયું કે આ બાજુ ભગવાનનું ઉપર ભણી આવવું અને પેલા રબારીનું હાં... હાં કહીં આગળ જતાં ઢોરને રોકવું. પણ ભગવાનને થયું આ તો મને કહ્યું... એટલે તેઓ અટકી ગયા. મૂર્તિ જમીનથી બેત્રણ હાથ નીચે જ રહી ગઈ. પણ ત્યાંથી છેક નીચે પાતાળ છે, અને એ પાતાળ આરાસુરી અંબાને ડુંગરે જઈ ફૂટે છે.

આટલું. નાનપણમાં અમારી આજુબાજુનાં બેચાર ગામ સુધી ગતિ. એ બધાંય ગામ

મારા ગામ જેવાં. વળી અમારે ત્યાં બહુ ટાઢેય નહીં, તાપ ખરો, પણ બહુ વરસાદેય નહીં. બહુ વરસાદ આવે તો રેલ જેવી ઘટનાય બને ને! ઊલટાનું, દશકે—બેદશકે કળવળિયાં આવે. હા, વરસો પહેલાંની એ ઘટના હજી લોકો યાદ કરે છે. ગામમાં કોગળિયું આવેલું તે બધાં ખેતરે મહિનો-માસ, છાપરાં બાંધીને રહેલાં. મારા વખતમાં તો એવુંય નહીં. બસ બધુંયે સપાટ સપાટ.

એટલે મન કલ્પનાઓ કરે. અને તેય કરી કરીને કેટલી કરે? સીમમાં ઉનાળાના દિવસોમાં જ્યારે ખેતરો ખાલી પડ્યાં હોય ત્યારે પોમલાં ઊતરતાં. જિપ્સી લોકો હશે. અમે પોમલાં કહેતાં. તેમના કૂતરા અને પોઠિયા હોય. માસ-બે માસ રહે, પોમલીઓ કાંસકીઓ- સોયો વેચે, પોમલા જાતજાતનાં કામ કરે, ચોમાસું આવવા થાય કે તેમનો વાસ ઊઠી જાય. એવી રીતે પાડા પર ઘંટીના પથ્થરો લાદી સરાણિયા આવતા, રહેતા અને જતા. એક વાર તો બહુ મોટી વણજારાની પોઠ આવેલી. દોડીને અમે ભાગોળે ગયેલા. પોઠ ચાલી ગયેલી. દિવસો સુધી અમે વણજારાઓની વાતો કરેલી. ઘણી વાર કચ્છી ભરવાડો આવતા, ઊંટ પર આખું ઘર હોય. આમ ભટકવાનું મળે તો! રવીન્દ્રનાથની કવિતા ‘આમિ હતે યદિ આરબ બેદુઈન...’ તો પછી મોટપણમાં વાંચેલી, પણ એવી વૃત્તિ નાનપણમાં બહુ બધી વાર થયેલી, અને વણજારાની વાતો દૂરની દૂર લઈ જતી. ડૉ. મોતીચંદ્રના ‘સાર્થવાહ’ પુસ્તકમાં પછી શાહ-સોદાગરોને જમીન અને દરિયાઈ માર્ગો પર કલ્પનાથી વિચારવાનું મળ્યું. કેટકેટલા માર્ગો! એક ચિત્ર અનેક વાર નજર સામે આવ્યા કર્યું છે. ખૈબર ઘાટથી આવતી વણજાર... દુર્લંઘ્ય એ પહાડો વચ્ચેના વાંકાચુકા સાંકડા માર્ગમાંથી લાંબી લાંબી વણજાર આવી રહી છે.

પણ એ દિવસોમાં કોઈ આબુ-અંબાજી જઈ આવ્યું હોય, ત્યાંની વાત કરે. ‘સગવડ નહોતી પણ માતાજીનો હુકમ થયો તે જાત્રા થઈ ગઈ. અંબાજી તે કંઈ અંબાજી! અને ગબ્બરનો ડુંગર તો...’ હું વિચારું, આપણને માતાજીનો હુકમ ક્યારે થશે? અમારા એક સગાને તો બદરીનાથનો હુકમ થયો. ચાર ચાર મહિના જાત્રાએ ગયેલા. પગે ચાલતા. ત્યાંથી આવી હિમાલયની ને ગંગાની વાતો કરે. એમની વાતમાં નદીઓ, ડુંગરા અને જંગલો બધુંય આવે. મન ત્યાં પહોંચી જતું. આપણનેય બદરીનાથનો હુકમ થાય...

અમારે ત્યાં એક ગૃહસ્થ બાવાજી આવ્યા. સાધુ થઈ ગયેલા, પછી ગૃહસ્થ. દેશમાં બહુ ભમેલા. જાતજાતની વાતો કરે, તેમાં એમણે ભોજ-કાલિદાસની વાતો કરી. ધારાનગરી અને ઉજેણી નગરીની વાતો. એ મારો હાથ જોઈ મારા બાપુને કહે, આ

છોકરાના ભાગ્યમાં સરસ્વતી નથી, લક્ષ્મી છે. બાપા રાજી થયેલા, પણ મને હજીયે યાદ છે, હું ઉદાસ થઈ ગયેલો. નાની હથેળી મસળી મસળીને જોઉં ક્યાં છે સરસ્વતી, ક્યાં છે? ફળિયાનાં કાશીફોઈ ઘણી બધી જૈનકથાઓ કહે. એ કથાઓમાં તો દેશદેશાવર ભમવાની વાત હોય જ. એમાં કાશીની વાત મનમાં અંકિત થઈ ગયેલી. તેવામાં વાંચી બત્રીસ પૂતળીની વાત. ઉજેણીને પરદુઃખભંજન રાજા વિક્રમ અંધારપછેડો ઓઢી નગરચર્ચા કરવા નીકળી પડે... ભયંકર રોમાંચક... મન હાથ રહે નહીં.

રામાયણમાં રામની સાથે છેક સરયૂ તટના અયોધ્યાથી લંકા સુધી પહોંચી જવાય, અને પાંડવો તો વનમાં ને વનમાં, અર્જુનની સાથે ને સાથે રહીએ.

ગજરામારૂની વાતે તો કલ્પનાને છૂટો દોર આપી દીધો. ઓરમાન રાણીના દીકરાને બાપે દેશવટો આપી દીધો. કોઈ લેખિત- મૌખિક આજ્ઞાપત્ર નહીં. કાળી ઘોડી અને કાળો દરવેસ મોકલી આપ્યો. એ કાળો દરવેસ પહેરી કાળી ઘોડી પર બેસી બાપનો દેશ છોડી નીકળી જવાનું... મન દિશાએ દિશાએ જતું રહેતું. પણ વાસ્તવમાં તો બેચાર ગાઉ પગે ચાલતાં જવાનું મળે.

પછી ગામમાં મોટરબસ, શરૂ થઈ. ચોરા પાસે બસ ઊભી રહેતી. એ ઊપડે નહીં ત્યાં સુધી ખસીએ નહીં. ઊપડે એટલે પાછળ લટકીએ, પટકાઈએ પણ, પછી ધૂળ ઉડાડતી મોટરને જતી જોયા કરી છે. એક કલાકમાં કલોલ પહોંચશે. હજીયે યાદ છે પહેલી વાર કલોલથી ગાડીમાં બેસવાનું થયેલું. ગાડીમાં ભીડ નહીં પણ બારીએ જ ઊભો રહેલો. અમદાવાદ જોઈને તો છક, ઘરમાં રહું જ નહીં, આખો દિવસ સડક ઉપર જ.

જેમ જેમ ઇતિહાસ, ભૂગોળ ભણતા ગયા તેમ તેમ કલ્પનાની કાલગત અને સ્થલગત સીમાઓ વિસ્તરતી ગઈ. ભૂગોળમાં નદીઓ અને પહાડોનાં નામ ગોખવાં પડે. ગુજરાતની – વડોદરા રાજ્યની નદીઓ, ભારતની નદીઓ. દુનિયાની લાંબામાં લાંબી નદી કઈ? મિસિસિપિમિસૂરી! મોટામાં મોટી નદી? એમેઝોન. ઊંચામાં ઊંચો પહાડ? હિમાલય. મોટામાં મોટું રણ? મોટામાં મોટું સરોવર? મોટામાં મોટું નગર? મોટામાં મોટું જંગલ? અંધારો મુલક આફ્રિકા અને એનાં જંગલ. ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવના હિમપ્રદેશ. આટલાંટિક અને પૅસિફિક, પણ મને ગમતો આપણો અરબી સમુદ્ર, હિન્દુસ્તાનનો નકશો દોરી ત્રાંસા અક્ષરે લખતા અ ર બી સ મુ દ્ર વગેરે. આંબા તળાવથી અરબી સમુદ્ર!

પછી મોટી લડાઈનાં વર્ષો આવેલાં. જાપાન અને જર્મની, ઇંગ્લૅન્ડ અને ફ્રાંસ એવાં

નામ આવ્યાં. અમે જર્મનોના પ્રશંસકો હતા. જર્મનો આપણા દેશની વિદ્યામાંથી બૉમ્બ બનાવતાં શીખ્યા છે, એવું અમે દઢપણે માનતા. ભૂગોળમાં ચિત્રવિચિત્ર નામ આવે અને રોમાંચ થાય. એવું એક નામ છે ટિમ્બક્ટુ. જાતજાતનો ઉચ્ચાર કરીને બોલીએ.

ધીમે ધીમે ગામની સીમમાંથી બહાર નીકળવા મળ્યું. નદીઓ જોવા મળી, નગરો જોવા મળ્યાં. ઉત્તર ભારતની યાત્રાએ તો જાણે બધી બંધ દિશાઓનાં દ્વાર એકાએક ખોલી દીધાં. તેષાં દિક્ષુ... નદી જોઈ તો ગંગા, પહાડ જોયો તો હિમાલય, નગર જોયું તો દિલ્હી. ચિતોડ અને ઉદેપુર, નાથદ્વારા અને એકલિંગજી, હરદ્વાર અને હૃષીકેશ, ગોકુળ અને વૃન્દાવન, દહેરાદૂન અને મસૂરી, આગ્રા અને જયપુર,

તક મળતી ગઈ, તેમ તેમ નાનાં-મોટાં ભ્રમણો થતાં ગયાં. અનેક નદીઓ જોઈ. કાશ્મીરની જેલમ અને છેક દક્ષિણની કાવેરી, ગંગા, યમુના અને બ્રહ્મપુત્ર. બ્રહ્મપુત્રને કિનારે તો સતત બાર દિવસ રહ્યો. તેમાંય ડિબ્રુગઢનો બ્રહ્મપુત્ર તો રિવરવ્યૂ હોટેલની બારી બહાર જ વહી જાય. ગુવાહાટીમાંય ઓસરીમાં બેઠાં બેઠાં તેનાં દર્શન થાય. અનેક પહાડો જોયા. ઉત્તર અને પૂર્વ હિમાલય, અરવલ્લી અને વિંધ્ય, અનેક અરણ્યો જોયાં. કેટલાંય નગરોમાં સૂર્યોદય અને સૂર્યાસ્ત જોયા. કેટલાય સમુદ્રતટોનાં મોજાંની મસ્તી જોઈ. રાંબોની ‘ડ્રંકનબોટ’ની જેમ તેમના પર ઊછળ્યો છું.

ગાડીના ડબ્બામાં બારી પાસે બેસી કલાકોના કલાકો પસાર થતાં ગામ, ખેતર, નદી, નગર જોયાં છે. બારી પાસે બેસવાનું બહુ ગમે. લાંબાં અંતરો કાપતી ગાડી દોડી જતી હોય. સવાર પડે, બપોર થાય, સાંજ આથમે અને ગહન અંધારામાં ગાડી જતી હોય. સ્ટેશન આવે, ક્યારેક ઊભરાતું પ્લૅટફૉર્મ હોય, ક્યારેક નિર્જન. બસ, ટ્રક, વિમાન બધાંયની ગતિ આકર્ષતી રહી છે. અનેક દિવસો બહાર રહીએ પછી ઘર બોલાવતું હોય. પણ ઘેર આવ્યા પછી ભમવા જવાની વૃત્તિ પાછી થયા કરે. મન ચંચલ થઈ ઊઠે. રવિ ઠાકુરની પંક્તિઓ સળવળી ઊઠે, હુંય જાણે ‘બાસાછાડા’ પંખીની જેમ બહાર જવા તડપું છું :

‘હેથા નય, અન્ય કોથા, અન્ય કોથા, અન્ય કોન ખાને,– અહીં નહીં, બીજે ક્યાંક, બીજે ક્યાંક, બીજે કોઈ ઠેકાણે.

કેવડો મોટો દેશ છે આપણો આ! આખો જનમારો ભમીએ તોય પાર ના આવે. એકલા હિમાલય માટે જાણે એક જન્મારો ઓછો પડે. પછી કેટલા પહાડ, નગર, સમુદ્રતટ! કેટલો ભવ્ય અતીત! થાય કે બધું જ બધું ભમીએ.

તે સાથે પૉમ્પી, રોમનાં પ્રાચીન ખંડિયેરોમાં અને ઍથેન્સની ટેકરીઓ પર ભટકવાની હોંશ છે. જર્મનીની રાઈન નદીને કિનારે પુરાણા દુર્ગોમાં અને આલ્ડેનવાલ્ડ – પુરાણાં જંગલોમાં ભટકવાની હોંશ છે. હોંશ છે પૅરિસ અને વિયેનાના રાજમાર્ગો પર ચાલવાની, લુવ્ર અને બ્રિટિશ મ્યુઝિયમોમાં દિવસો સુધી ગોંધાઈ રહેવાની, કાબુલ- કંદહાર અને સમરકંદ બુખારા જવાની. પણ તેથીય વધારે આકર્ષણ છે તિબેટ-ચીનનું. તિબેટ તો હવે રહ્યું નહીં. હવે નામશેષ થઈ ગયેલા ત્યાંના કોઈ પ્રાચીન મઠમાં બેસી જૂના ગ્રંથો ઉકેલવાનું જો મળ્યું હોત! મધ્ય એશિયાના ગોબીના રણમાં એકાદ રણદ્વીપમાં કોઈ બૌદ્ધ વિહારમાં જો જીવવાનું મળ્યું હોત! અને જાવા બાલિ સુમાત્રા! બોરોબુદરનું પેલું વિરાટ મંદિર! કલ્પનામાં ઘણી વાર બધે પહોંચી જવાય છે. કલ્પનાને સ્થળકાળનાં બંધનો ક્યાં નડે છે? ક્યારેક કાલિદાસના મેઘની સાથે યક્ષની અલકાનગરીમાં ગયો છું, સ્વપ્નનગરી અલકા, કૈલાસના ઉત્સંગમાં પ્રેમિકાની જેમ બેઠેલી અલકા. આ સ્વપ્નનગરીમાં આનંદનાં આંસુ વિના બીજાં આંસુ નથી. કામદેવના તાપ વિના બીજો તાપ નથી, પ્રણયનાં કલહ વિના બીજો કલહ નથી, યૌવન સિવાય બીજી કોઈ અવસ્થા નથી. ત્યાં મંદાકિનીનાં પાણીથી ઠંડકવાળા પવનો વાય છે અને મંદારની છાયામાં કન્યાઓ સુવર્ણની રેતમાં મણિ સંતાડી શોધી કાઢવાની રમત રમે છે. અહીં કલ્પવૃક્ષ માગ્યું આપે છે. અહીં કોઈ અભાવ નથી, અજંપો નથી. અહીં માત્ર સુખ છે. આ સ્વપ્નનગર છે – સ્લારાફ્નલાન્ડ, રવિ ઠાકુર કહે છે જેને 'સબ પેયેછિર દેશ.' સંસારના કલકોલાહલ વચ્ચે માણસ મનોમન ત્યાં કદા કદા રહી આવતો હોય છે. દરેકની પોતાની એક અલકાનગરી હોય છે.

પણ બધે ફરીને ઘણી વાર હું મારા પેલા ગામની ભાગોળે પહોંચું છું. જાણે આખા બ્રહ્માંડમાં ફરીને ત્યાં જઈ ઊભો રહું છું. નાના હતા અને નિશાળમાં ભણતા ત્યારે ચોપડી પર નામની સાથે આખું સરનામું લખતાં. આખું એટલે? નામ, પિતાનું નામ, દાદાનું નામ, પછી અટક; પછી શેરી, મહોલ્લો, ગામ; પછી તાલુકો, જિલ્લો, રાજ્ય. પછી લખીએ દેશ – હિન્દુસ્તાન, ખંડ – એશિયા પછી પૃથ્વી અને છેલ્લે આવે બ્રહ્માંડ. હવે ઊલટે ક્રમે બધું વટાવી ગામની ભાગોળે.

ત્યાં પેલું આંબા તળાવ છે. ચોમાસામાં એ ઊભરાઈ જાય છે અને ઉનાળામાં એ સુકાઈ જાય છે. શિયાળામાં પોતાનામાં વીંટળાઈને પડયું રહે છે. એ આંબા તળાવની ઝાંખરીમાં મારું શૈશવ ખોવાઈ ગયું છે. ત્યાં જાતે લાકડું કાપી ભમરડા ઘડ્યા છે અને ફેરવ્યા છે, લખોટીઓની રમત રમી છે, ગેડીદડો અને ગિલ્લીદંડા રમ્યા છીએ,

બાવળને છાંયડે બેસી બાવળના કાંટા પગેથી કાઢ્યા છે, નાગડા થઈને નાહ્યાં છીએ. એ જ તળાવની જરા ઇશાન ભણી ગામનું સ્મશાન છે. આંબા તળાવમાં વર્ષોથી અનેક ચિતાઓની આભા ઝિલાતી આવી છે. એ સ્મશાન પાસેથી જ મારા ખેતરનો રસ્તો. નાનપણમાં અંધારું થયે ખેતરમાંથી ઘેર આવતાં સળગતી ચિતા પાસેથી પસાર થતાં છળી મર્યો છું. ઘણી વાર ડાઘુઓ ચાલ્યા ગયા હોય, સ્મશાનમાં માત્ર તિખારા હોય. ઝાંખરાના ઓછાયામાં ભૂતની ભ્રમણાથી છાતીના ધબકારા વધી ગયા છે. એ સ્મશાનમાં મારા વડવાઓ ભસ્માવશેષ થઈ ગયા છે. એમની ભસ્મ આંબા તળાવની આજુબાજુમાં જ પથરાઈ આજુબાજુનાં વૃક્ષોમાં ઊગી આવી છે. શું હુંય છેવટે અહીં આવીશ? આ મારું ગામ. ભલે અહીં નદી નથી, પહાડ નથી, જંગલ નથી, સાગર નથી, સરોવર નથી, પણ હવે એ બધુંય મારામાં છે – બધુંય.

પણ ત્યાં ઝાઝું રહેવાનું થતું જ નથી. પેલા ગજરામારૂની જેમ બાપના ગામમાંથી નિર્વાસન પામ્યો છું. સ્વેચ્છયા. મહાનગરના માર્ગો પર ઉનાળાની કોઈ બપોરે ચાલતાં ચાલતાં એ નિર્વાસનનો બોધ તીવ્ર થઈ આવ્યો છે. પણ સંસારનું રોજબરોજનું કામ બધાં સાથે જોડી દે છે. વળી પાછો સણકો ઊપડે – હેથા નય, હેથા નય…

ત્યારે મન 'તેષાં દિક્ષુ'ની પવનપાવડી પહેરી લે છે.

*

# પરિશિષ્ટ

## થોડા પ્રતિભાવ

### નિબંધની નવી દિશા – વિદિશા

આ પુસ્તકનું નામ ધરાવતો નિબંધ પ્રવાસ નિબંધનો અપૂર્વ અને અનન્ય નમૂનો છે. લૌકિક ધરાતલ પર લેખક ઊભા છે, પણ નિબંધ તો યુધિષ્ઠિરના રથની જેમ દશાંગુલ ઊંચે ચાલે છે. ભારતીય સાહિત્ય- સૃષ્ટિમાં... કોઈ પરદેશી આ નિબંધ વાંચે તો એને ખ્યાલ આવે કે ભારતીય સાહિત્ય આટલું બધું રસપ્રદ છે. ભારતીય સૌંદર્ય-ચેતના દીપશિખા બનીને આજે પણ વ્યતીતને અજવાળી રહી છે.

– રઘુવીર ચૌધરી

ભોળાભાઈ એવાં તો અનએૅઝ્યુમિંગ અને બિનશહેરી માણસ છે કે તેમની સાહિત્યિક સિદ્ધિઓનો સાહિત્યની બહારની વ્યક્તિને જવલ્લે જ ખ્યાલ હોય. ગુજરાતીમાં અભ્યાસ અને વિદ્વત્તા સાથે રમણીયતા અને સૌંદર્યનો મેળ કરનાર જે જૂજ લેખકો છે તેમાં ભોળાભાઈ પટેલનું નામ મોખરે છે. ભોળાભાઈના અભ્યાસાત્મક ગ્રંથો સૌંદર્યથી રસેલા છે અને એમના સૌંદર્યલક્ષી ગ્રંથોને પાનેપાને એમનો ઊંડો અભ્યાસ ઊભરાય છે...

– હસમુખ ગાંધી

(સમકાલીન, મુંબઈ, ૨૮ ડિસેમ્બર ‘૯૨.)

ભોળાભાઈ કાકાસાહેબની કેડીનાં પ્રવાસી છે.

('ગુજરાતમિત્ર' : સુરત ૧લી જાન્યુઆરી, ૧૯૯૩)

'વિદિશા' દ્વારા શ્રી ભોળાભાઈ પટેલે એકીસાથે આપણાં નિબંધ-સાહિત્યને તેમ જ પ્રવાસ-સાહિત્યને વધુ રિદ્ધિવંત બનાવ્યાં છે.

('નવનીત સમર્પણ', ડિસેમ્બર – ૧૯૮૦)

## વિદિશા : કદંબિત ચેતના

'વિદિશા' વાંચી રહ્યા બાદ 'ખંડિયેરોની વચમાં સ્તવન' સાંભર્યું જે તમને પણ સંભળાવું તો ગામથી વિદિશા અને વિદિશાથી ગામનું સંવેદનાચક્ર પૂરું થાય. (પૃથ્વીનો છેડો ઘર!) અન્યના અનુભવને – અહીં તો પ્રવાસાનુભવને પોતીકો કરવા-કરાવવા ઈદમતૃતીયમનો આધાર (અત્રે સાભાર) લેવો પડે છે :

The sea mounts the coast clings between the rocks, a dazzling spider the livid wound on the mountain glistens,a handful of goats becomes a flock of stones the sun lays its gold egg upon the sea.All is God.A broken statue,Columns gnawed by the light,ruins alive in a world of death in life.

Octavio Paz

જેસલમેર, માંડુ, વિદિશા, ખજુરાહો અને પ્રવાસલેખકનું 'તેષાં દિક્ષુ' (ગામ) – આ નિબંધોનો, મારા પ્રિય લેખોનો કુલ ભાવાનુભવ પાઝની પંક્તિઓમાં ઘણોખરો તંતોતંત ઊતર્યો છે. જ્યાં વર્ણનો પિક્ચર પોસ્ટકાર્ડ્ઝની સ્પર્ધામાં નથી ઊતરતાં, જ્યાં ગદ્ય પ્રવાસનોંધોને 'કવેતાઈ' (fruity) કરવા મથતું નથી, જ્યાં આલેખન યાદે ચઢતાં સઘળા ઐતિહાસિક-ભૌગોલિક સંદર્ભોને ભેળવી સ્કૂલનિબંધ ('કાશી' નિબંધમાં આવું થોડુંક બન્યું છે તેમ)ની કક્ષાએ ઉતારી મૂકતું નથી, જ્યાં વિદગ્ધતાનાં વજનો અને સ્મૃતિનો અજુગતો સથવારો છૂટી જાય છે ત્યાં ત્યાં પ્રવાસલેખકની નિજતામાં આપણે પ્રતિષ્ઠિતથઈએ છીએ અને તેમની સૌંદર્યચેતનામાં સંચંક્રમણનો પ્રારંભ!

– રાધેશ્યામ શર્મા

ચિલિકા નિબંધમાં કવિને (હું આ નિબંધકાર માટે લેખક નહિ કવિ વિશેષણ યોજવાનું

પસંદ કરીશ.) પૂર્ણ મુક્ત ગતિ મળી છે. મારે સૂચવવાનું હોત તો હું સંગ્રહને માટે ચિલિકા નામ સૂચવત. સૌથી વધુ પ્રિય થઈ પડે એવો આ નિબંધ છે. એ નિબંધ ભોળાભાઈના સાહિત્યસંસ્કારોથી સમૃદ્ધ છે. ઉમાશંકર-રાધાનાથ રાય-બાણ-બુદ્ધદેવ બસુ કેટકેટલાને એ યાદ કરે છે. વડનું સામ્રાજ્ય, પંખીઓનો કલરવ, ચિલિકાનાં વારિનું દૃષ્ટ-અદૃષ્ટ રૂપ આ બધું આ પ્રવાસીની ચેતનાના કયા કયા સ્તરને સ્પર્શે છે તે જોવું રસપ્રદ છે. એ અનુભવમાંથી બહાર આવવું વિષાદપ્રેરક બની જાય છે. નિબંધનો અંત એથી જ સંવેદનાત્મક અને માર્મિક બની આવ્યો છે. ચિલિકાથી મુક્ત થવું મુશ્કેલ છે.

– નૂતન મહેતા

તેમની દૃષ્ટિ ખીલી તો છે ‘ખજુરાહો’માં. વાત્સ્યાયનને અનુસરતી, આ શિલ્પનગરીનું લેખકે જે મુગ્ધ-સ્વસ્થ દૃષ્ટિથી દર્શન કર્યું-કરાવ્યું છે તે અનન્ય છે. ખજુરાહોના મંદિરમાં જે નૃત્ય-મુદ્રાઓ ઝીલાઈ છે તેને વર્ણવતાં લેખક નોંધે છે : ‘અહીં ગતિ છે પણ ગમન નથી. અહીં સ્થિતિ અને ગમન વચ્ચેની ગતિ છે. શિલ્પીએ જાણે કશીક ક્રિયા પૂર્વની ક્ષણને ઝડપી લીધી છે – ન યયૌ, ન તસ્થૌની ક્ષણ! અહીં તો મનુષ્યદેહ એ જ દેવમંદિર છે.’ આ સૌંદર્ય માણ્યા પછી લેખક જાણે કે તેને એકલા માણી શકતા નથી તેથી જ મંદિરમાંના એક અપૂજ દેવતાને વિનવે છે : ‘આંખમાં સૌંદર્યનું નૈવેદ્ય લઈને આવ્યા છીએ. સ્વીકારો ચતુર્ભુજ દેવતા અમારું આ નૈવેધ.’ આ રાગનગરીના દર્શન પછી લેખક અચાનક ભાવકના ચિત્તને મોક્ષનગરી કાશીમાં લઈ જશે, જાણે કે ખજુરાહોના દર્શનથી ચંચળ બનેલા ચિત્તને ઉપરામ આપતા ન હોય તેવું જણાય છે.

– દર્શના ધોળકિયા

## ભટકવાનું મન થઈ ગયું

...ભોળાભાઈએ ભારતની ભૂમિ પર ઠીક ઠીક ભ્રમણ કર્યુ છે. એમના પ્રવાસોનું વર્ણન કરતા નિબંધોનું આ પુસ્તક (વિદિશા) છે. વાંચીને જીવ મારા પારસી મિત્રો કહે તેમ ‘બાગ બાગ’ થઈ ગયો. આ નિબંધો સ્થળોનાં ધામોનાં વર્ણન પૂરતાં સીમિત નથી. ભોળાભાઈએ પોતાના પ્રવાસોમાં જે જોયું, અનુભવ્યું એની સાથે એમની વિશાળ કાવ્યમય કલ્પનાશક્તિને ગૂંથી દીધી છે. કહો કે કલ્પનાશક્તિને છૂટો દોર આપી દીધો છે.

ભોળાભાઈની શૈલી ખૂબસૂરત છે, એમનું હૈયું એક સંવેદનશીલ કલારસિકનું છે. એમની કલ્પનાશક્તિ કવિની છે. 'વિદિશા' વાંચીને મને ભટકવાનું મન થઈ ગયું.

'પ્રવાસી', મુંબઈ, ૨૨-૮-૮૦

– હોમી દસ્તુર ('કૂપમંડૂક')

## 'વિદિશા' વાંચતાં વાંચતાં

પ્રિય ભોળાભાઈ

...ગયે અઠવાડિયે હું ત્રણ દિવસ અમદાવાદ દાંત પડાવવા રહી ગયો. ત્યારે આપણે મળાયું નહીં, પણ હું તો જાણે તમારા સાન્નિધ્યમાં જ રહેલો – 'વિદિશા' આખી વાંચતાં વાંચતાં દાંતની પીડા વિસરાઈ ગઈ. આવીને તરત તમને લખવા ધારેલું પણ થોડા દિવસ વીતી ગયા. આજે મારો પૂર્ણ આનંદ વ્યક્ત કરું છું. મારું વાચન ઓછું છે, અને થોડાંક જ પુસ્તકો હું અથેતિ વાંચી શક્યો છું...

તમારું આ પુસ્તક વાંચીને અનેક લોકોને દેશમાં ભ્રમણ કરવા નીકળી પડવાનું મન થશે. શરૂઆતમાં મને પણ થયેલું, પણ પછી આગળ વાંચતાં થયેલું કે તમે જે રસિકતાથી સૌન્દર્યદર્શન કરાવ્યું છે તેની તોલે તો આ પ્રત્યક્ષ દર્શનનો આનંદ પણ નહીં આવે... છેવટે આ મધુર પુસ્તક જેમને અર્પણ થયું છે તે વ્યક્તિનો પણ ક્યારેક પરિચય થશે એવી આશા છે.

લિ. સેવક

– મહેન્દ્ર મેઘાણી, ૨૦-૮-૮૦ ભાવનગર

ભોળાભાઈ ઊઘડે, મહોરે અને વિકસે છે એમના સૌન્દર્યધમી લેખોમાં. આ લેખોમાં પણ એક વ્યવસ્થા જડી આવે. જે-તે સ્થળ-વિશેષની વાત કરતાં લેખક ત્યાંની ભૂગોળ, ઇતિહાસ, સંસ્કૃતિ, માનવસ્વભાવ આદિને ત્યાંની કેટલીક લોકકથાઓ અને પૌરાણિક કથાસન્દર્ભો સાથે પ્રત્યક્ષ કરી આપે. કાલિદાસ, ટાગોર, રિલ્કે, બોદલેર, જીવનાનન્દ દાસ, ઉમાશંકર, પ્રહ્લાદ, પ્રિયકાન્ત જેવાની કાવ્યરચનાઓ પણ ગૂંથાતી આવે. યૌવનાઓના સૌન્દર્યની વાત કર્યા વિના તો ભોળાભાઈ રહે જ શાના? આ ભેળવણીની માત્રાઓ અને તરેહ ભિન્ન ભિન્ન હોઈ બહુધા ચિત્તાકર્ષક બને.

—સતીષ વ્યાસ

પ્રિય શ્રી ભોળાભાઈ,

...તમારા પ્રવાસ નિબંધો 'સાહિત્ય'માં આવતા હતા ત્યારે નિરંજનભાઈ મારફત મેં તમને અભિનંદન મોકલ્યા હતા, પણ ફરીથી કહી દઉં કે "વિદિશા" જેવા પ્રવાસલેખો ગુજરાતીમાં લખાયા નથી ને ક્યારે લખાશે તે ખબર નથી. ઘણું જીવો, ઘણું ફરો ને આવું જ ઘણું લખો એવી શુભેચ્છા!

અશ્વિનનાં વંદન—અશ્વિન મહેતા

૧૬-૨-૮૧

મુંબઈ

***